પ્રથમ વર્ષ

# ડી. એલ. એડ્. અભ્યાસક્રમ મૉડ્યૂલ

## કોર્સ – 4 (અ)

## ગુજરાતીમાં પ્રાવિણ્ય

## (સજ્જતા)

જીસીઈઆરટી, વિદ્યાભવન,
ઉદ્યોગભવન સામે, સેક્ટર–12,
ગાંધીનગર

આવૃત્તિ
2020

**પ્રેરક**
શ્રી બી. સી. સોલંકી
સચિવ જી સી ઈ આર ટી
ગાંધીનગર

**કન્વીનર**
ડૉ નૂતનબેન પી. રાવલ

**વિષય સલાહકાર**
ડૉ. યોગેન્દ્ર વ્યાસ
ડૉ. અરવિંદ ભાંડારી

**સહયોગ**
લેંગ્વેજ એન્ડ લર્નિંગ
ફાઉન્ડેશન (LLF)

**લેખન–સંપાદન**
ડૉ. બેલાબેન આર. શાહ
શ્રી કિરીટભાઈ એમ. પટેલ
શ્રી લાભુભાઈ એન. ચાવડા
શ્રી ભરતભાઈ કે. મેસિયા

**સમીક્ષક**
ડૉ. ગજેન્દ્રભાઈ જોષી
ડૉ. જયરામભાઇ જોષી

**નિર્માણ સંયોજન**
**શ્રી આઈ. વી. પટેલ**
(સભ્ય સચિવ)
**ડૉ. હરેશભાઈ ચૌધરી**
**ડૉ. અખિલ ઠાકર**
**ડૉ. ગૌરાંગ વ્યાસ**

## પ્રસ્તાવના:

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીનેપ્રામિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઉભી થતાં ક્રમશઃ પુનઃ રચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃ રચનાના ઇતિહાસમાં ડોકિયું કરીએ તો સનેઃ 1995 માં રાજ્ય વ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ સને 1999 અને 2002 માં અભ્યાસક્રમની પુનઃ રચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) 2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર સનેઃ 2008-09 માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-2005, RTE-2009 અને NCTE દ્વારા પસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઇને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃ ગઠન સનેઃ 2014 માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે.નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ (Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઇ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજીત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે. જેને ચાર સેમેસ્ટરમાં સુગ્રથિત કરવામાં આવેલ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મોડ્યૂલની સંરચનામાં જીસીઈઆરટી–ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજજ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મોડ્યૂલ ક્ષતિરહિત બને તે માટે જીસીઈઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે. આમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઈઆરટી સદાય આવકારે છે.

**સભ્ય સચિવ**
**ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ**
**જીસીઈઆરટી, ગાંધીનગર**

**નિયામક**
**જીસીઈઆરટી, ગાંધીનગર**

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 1 | ભાષા અને તેનાં કૌશલ્ય | 4 |
| 2 | ગુજરાતી ભાષાનો ઇતિહાસ અને સાહિત્ય સ્વરૂપો | 58 |
| 3 | ગુજરાતી માતૃભાષાનું મહત્વ | 93 |
| 4 | વ્યાવહારિક વ્યાકરણ | 102 |
| | સંદર્ભ સૂચિ | 127 |

# પ્રકરણ – ૧
# ભાષા અને તેનાં કૌશલ્ય

૧.૧ પ્રસ્તાવના
૧.૨ હેતુઓ
૧.૩ ભાષા અધ્યયન પ્રક્રિયા (અર્થગ્રહણ)
  ૧.૩.૧ શ્રવણ કૌશલ્ય
  ૧.૩.૨ શ્રવણનું મહત્વ
  ૧.૩.૩ શ્રવણક્ષમતા (૩ થી ૬ વર્ષનાં બાળકો)
  ૧.૩.૪ શ્રવણપ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકા
  ૧.૩.૫ શ્રવણદોષ થવાનાં કારણો
  ૧.૩.૬ શ્રવણ કૌશલ્ય ખીલવણી માટે ધ્યાનમાં રાખવાની બાબતો
  ૧.૩.૭ શ્રવણ કૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ
૧.૪ વાંચનકૌશલ્ય
  ૧.૪.૧ વાંચનના પ્રકાર
  ૧.૪.૨ પ્રક્રિયાગત પ્રકારો
  ૧.૪.૩ હેતુ આધારિત પ્રકારો
  ૧.૪.૪ સમજપૂર્વકના વાંચનનું શિક્ષણ
૧.૫ વાંચન આકલન
૧.૬ ગ્રહણશક્તિ (અર્થગ્રહણ અને અર્થઘટન)
૧.૭ અભિવ્યક્તિ
  ૧.૭.૧ મૌખિક અભિવ્યક્તિ (કથનક્ષમતા)
  ૧.૭.૨ મૌખિક અભિવ્યક્તિનું મહત્વ
  ૧.૭.૩ મૌખિક અભિવ્યક્તિનાં લક્ષણો
  ૧.૭.૪ મૌખિક અભિવ્યક્તિ પર અસર કરતાં પરિબળો
  ૧.૭.૫ મૌખિક અભિવ્યક્તિ(કથનપ્રક્રિયા) માં શિક્ષકની ભૂમિકા
  ૧.૭.૬ મૌખિક અભિવ્યક્તિ વિકસાવનારી પ્રવૃત્તિઓ
  ૧.૭.૭. મૌખિક ભાષા વિકાસ
૧.૮ લેખનકૌશલ્ય
  ૧.૮.૦ શબ્દ ઓળખ ડીકોડીંગ
  ૧.૮.૧ લેખિત અભિવ્યક્તિનું મહત્વ
  ૧.૮.૨ લેખિત અભિવ્યક્તિના ઉદ્દેશો
  ૧.૮.૩ લેખનના પ્રકારો
૧.૯ તાર્કિક ચિંતન
૧.૧૦ સર્જનાત્મકતા

૧.૧૧ વ્યાવહારિક ઉપયોજન

૧.૧૨ શબ્દ ભંડોળ

૧.૧૩ ભાષાવપરાશ

૧.૧૩.૧ ભાષાવપરાશનો અર્થ

૧.૧૩.૨ શિક્ષકની ભાષાકીય સજ્જતા

૧.૧૪ ભાષાપ્રાપ્તિ અને ભાષાપ્રભુત્વ

૧.૧૪.૧ ભાષાપ્રભુત્વનાં લક્ષણો

૧.૧૪.૨ બાળકની ભાષા શીખવાની પ્રક્રિયા– ભાષા પ્રાપ્તિ

૧.૧૪.3 ભાષા અધ્યયનના સિદ્ધાંતો

૧.૧૫ સારાંશ

# પ્રકરણ – ૧
# ભાષા અને તેનાં કૌશલ્ય

**૧.૧ પ્રસ્તાવના :**

ભાષા માનવીને પ્રાપ્ત થયેલ સામાજિક વારસો છે. મનુષ્ય પોતાની આજુબાજુના વાતાવરણ, પરિસ્થિતિ, માનવ સમુદાય અને વારસા દ્વારા ભાષા શીખતો આવ્યો છે. ભાષા વિના કોઈપણ સમાજ ટકી શકે નહિ. ભાષા સંસર્ગ અને સંપર્ક દ્વારા શીખાય છે. ભાષા આનુવંશિક સંસ્કાર નથી પણ સાંસ્કૃતિક ઘટના છે, વિચારો કે લાગણી વ્યક્ત કરવા માટેનું એક શ્રેષ્ઠ ઉપાદાન છે. એ માનવીના વિચાર–વિનિમયનું માત્ર સાધન નથી, પણ સામાજિક વ્યવહાર અને સંપર્કનું સાધન છે. ભાષાનાં મુખ્ય ચાર કૌશલ્યો શ્રવણ,કથન,વાચન અને લેખન છે. અને આ ક્રમમાં જ વિકાસ પામે છે આ ચાર કૌશલ્યોને બે ક્ષેત્રોમાં વહેંચી શકાય. 'અર્થગ્રહણ' અને 'અભિવ્યક્તિ'. માતૃભાષા દ્વારા પ્રાપ્ત થયેલી પાયાની ક્ષમતાઓ બીજા વિષયોની સંકલ્પના શીખવા – શીખવવામાં અને સમજવામાં મદદરૂપ બને છે. ભાષાશિક્ષણ દ્વારા અર્થગ્રહણ, અભિવ્યક્તિ, તાર્કિકચિંતન, સર્જનાત્મકતા અને વ્યાવહારિક ઉપયોજન કૌશલ્ય ખીલવવાનો હેતુ રહેલો છે. ભાષામાં અર્થગ્રહણના વિકાસાર્થે શ્રવણ અને વાંચન કૌશલ્યનો વિકાસ જ્યારે અભિવ્યક્તિના વિકાસાર્થે કથન અને લેખન કૌશલ્યોનો વિકાસ જરૂરી છે.

ભાષા અધ્યયનનાં મુખ્ય ક્ષેત્રો

- અર્થગ્રહણ
  - શ્રવણ
  - વાંચન
- અભિવ્યક્તિ
  - કથન
  - લેખન
- તાર્કિક ચિંતન
- સર્જનાત્મકતા
- વ્યાવહારિક ઉપયોજન

**૧.૨ હેતુઓ :**

- પ્રશિક્ષણાર્થીઓ અર્થગ્રહણ અને અર્થઘટનનો ભેદ સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ વિચારોને અભિવ્યકત કરતાં શીખે.
- પ્રશિક્ષણાર્થીઓમાં સર્જનાત્મકતાનું કૌશલ્ય વિકસે.
- પ્રશિક્ષણાર્થીઓ અર્થગ્રહણ અને અર્થઘટનના આધારે ભાષાનો અસરકારક વપરાશ કરતાં શીખે.

**અધ્યયન નિષ્પત્તિ :**

- પ્રશિક્ષણાર્થીઓ અર્થગ્રહણઅને અર્થઘટનનો અર્થ સમજે છે.
- પ્રશિક્ષણાર્થીઓ અર્થગ્રહણ કરે છે.
- પ્રશિક્ષણાર્થીઓ તાર્કિક ચિંતન કરે છે.

- પ્રશિક્ષણાર્થીઓ વાંચન – આકલનની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાને સમજે છે.
- પ્રશિક્ષણાર્થીઓ ભાષા કૌશલ્યના વિકાસની સમજ કેળવે છે.
- પ્રશિક્ષણાર્થીઓ અભિવ્યક્તિ કૌશલ્યને સમજે છે.
- પ્રશિક્ષણાર્થીઓ લાગણીઓ, ભાવો, વિચારો અને કલ્પનાઓને અભિવ્યક્ત કરી શકે છે.
- પ્રશિક્ષણાર્થીઓમાં સર્જનાત્મકતાનો વિકાસ થાય છે.
- પ્રશિક્ષણાર્થીઓ સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરે છે.
- પ્રશિક્ષણાર્થીઓ લેખિત સ્વરૂપે વિચારોની રજૂઆત કરવાનું કૌશલ્ય કેળવે છે.
- પ્રશિક્ષણાર્થીઓ મૌલિક વિચારોને મૌખિક સ્વરૂપે અભિવ્યક્ત કરતાં શીખે છે.
- પ્રશિક્ષણાર્થીઓ ભાષાપ્રભુત્વ સમજે છે.
- પ્રશિક્ષણાર્થીઓ જીવનવ્યવહારમાં અસરકારક પ્રત્યાયન કરી શકે છે.
- પ્રશિક્ષણાર્થીઓમાં લેખિત અને મૌખિક અભિવ્યક્તિનું કૌશલ્ય વિકસે છે.
- પ્રશિક્ષણાર્થીઓ શબ્દકોશનો ઉપયોગ કરતાં શીખે છે.
- પ્રશિક્ષણાર્થીઓ શબ્દ ભંડોળ વિકસાવવાની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ બને છે.
- પ્રશિક્ષણાર્થીઓ શબ્દ ભંડોળ વિકસાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી બને છે.
- પ્રશિક્ષણાર્થીઓ જોડણીકોશ અને ખિસ્સાકોશનો ઉપયોગ કરતાં શીખે છે.
- પ્રશિક્ષણાર્થીઓ શબ્દ અને પદનો ભેદ સમજે અને તેનું ઉપયોજન કરે છે.
- પ્રશિક્ષણાર્થીઓ ભાષામાં પ્રાવીણ્ય કેળવે છે.
- પ્રશિક્ષણાર્થીઓ વાક્ય અને પરિચ્છેદનું અર્થગ્રહણ અને અર્થઘટન કરે છે.

## ૧.૩ ભાષા અધ્યયન પ્રક્રિયા (અર્થગ્રહણ)

❖ **અર્થગ્રહણ :**

અર્થગ્રહણ એ અભિવ્યક્તિની બુનિયાદ છે. બાળકો આસપાસના વાતાવરણ, કૌટુંબિક વાતાવરણ, ઘટના, પરિસ્થિતિ વગેરેમાંથી અર્થગ્રહણ કરે છે. અર્થગ્રહણ દ્વારા જ અભિવ્યક્તિ અસરકારક બનાવી શકાય છે.

અર્થગ્રહણના વિકાસમાં શ્રવણ અને વાંચન કૌશલ્ય મહત્વનો ભાગ ભજવે છે.

### ૧.૩.૧ શ્રવણ કૌશલ્ય :

ભાષા શિક્ષણની સૌ પ્રથમ શરૂઆત કર્ણેન્દ્રિય દ્વારા થાય છે. શ્રવણ એ ભાષા શિક્ષણની બુનિયાદ છે. બાળક જેવું સાંભળે છે તેવું બોલે છે. વયકક્ષાને અનુરૂપ તેનું અર્થગ્રહણ કરે છે. બહેરું બાળક બોલી શકતું નથી, કારણ કે તેને કાન દ્વારા શ્રવણના અનુભવો જ મળતા નથી. શ્રવણ જેટલું ચોક્કસ હશે તેટલું ભાષા અર્થગ્રહણ સ્પષ્ટ થશે. ધ્યાનથી સાંભળનાર બાળકનું કથન અને લેખન પણ સારું થાય છે.

વિદ્યાર્થી પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા વ્યવહારમાંથી, પર્યાવરણમાંથી, સ્વાનુભવમાંથી શીખે છે. આંખ, કાન, નાક, જીભ, ચામડી પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે. શ્રવણ કૌશલ્યમાં બે ઇન્દ્રિયોની સક્રિય

ભૂમિકા છે. આંખ અને કાન દ્વારા મેળવેલ જ્ઞાન મગજ સુધી પહોંચે છે. કોયલના મીઠા ટહુકા, વાદળનો ગડગડાટ, ખળખળ વહેતી નદીનો અવાજ, મંદિરની ઝાલર, વિમાનનો અવાજ, વાહનોનો અવાજ, રેડિયો, ટી.વી.નો અવાજ વગેરેના મધુર, કર્કશ અવાજો કાન દ્વારા સંભળાય છે, પણ તેમાંનું કેટલુંક સમજાતું નથી. વિદ્યાર્થીઓને જે સંભળાય તે સમજાય તે જ 'શ્રવણ' થયું કહેવાય.

**શ્રવણ કૌશલ્યની સંકલ્પના :**

" ધ્વનિસંકેતો સાંભળે, સાંભળીને અર્થગ્રહણ અને અર્થઘટન કરે તે શ્રવણ કૌશલ્ય"

**'શ્રવણ એટલે ધ્વનિભેદ પારખવો, ધ્વનિને માનસિક રીતે ધારણ કરીને તેનું અર્થઘટન કરવું.'**

'શ્રવણ ગ્રહણશીલ કૌશલ્ય છે.' વિદ્યાર્થી અર્થઘટન કરે છે, સમજે છે અને પોતે ભાષા શીખે છે, વિકસાવે છે. બાળકના જન્મ પછી તે વૃદ્ધિ, વિકાસના ક્રમે જો કોઇ જન્મજાત ખામી ન હોય તો સહજતાથી વિકસતું રહે છે.

**૧.૩.૨ શ્રવણનું મહત્વ :**

શ્રવણ એ પાયાનું કૌશલ્ય છે.કેળવણીની શરૂઆત કાનથી થાય છે. ભાષાશિક્ષણની ઈમારત શ્રવણના અનુભવો પર બંધાય છે. પાયો જેટલો મજબૂત એટલી ઈમારત પણ મજબૂત બને છે. વિદ્યાર્થી જે સાંભળે છે એની અસર અર્થગ્રહણ, કથન અને લેખન પર પડતી હોય છે.

**શ્રવણપ્રક્રિયાની અસરકારકતા :**

- નાનું બાળક માના લાડભર્યા સંબોધનથી રડતું બંધ થઇ જાય છે. હાલરડાં, ભજન, ગાયન સાંભળતાં સૂઈ જાય છે.
- બાળકો વિમાનના અવાજ કે ફટાકડાના અવાજથી ગભરાય છે, ચમકે છે, ડરે છે, રડે છે.
  ગમતા કે અણગમતા શ્રવણાનુભવો માટે બાળક, વિવિધ પ્રકારની આંગિક ચેષ્ટાઓ અને હાવભાવ પણ કરે છે.
- અંગ્રેજીમાં ક્રિકેટ કોમેન્ટ્રી, ટી.વી.માં આવતી હિન્દી, ગુજરાતી સિરિયલો, કમ્પ્યૂટરની વિવિધ ગેમ્સ વગેરેની મદદથી બિલકુલ અભણ હોય તેવી વ્યક્તિને વારંવાર અનુભવો મળતાં સિરિયલનો કે રમતનો આનંદ માણી શકે છે.
- બાળકો ઘર, શાળા, સમાજની અનેક વ્યક્તિઓના સંપર્કમાં આવતાં શાળાએ ગયા વિના વ્યાકરણની દ્રષ્ટિએ સાચું બોલતાં શીખી જાય છે. 'બહેન આવી', 'ભાઇ આવ્યો', 'બા આવ્યાં', 'વરસાદ આવ્યો', 'પવન આવ્યો', 'કેરી મીઠી લાગે છે', 'મરચું તીખું લાગે છે' એમ બોલે છે. બાળક સાંભળીને જાતિ, વિશેષણ, વચન, કાળ અને ક્રિયાપદનો સાચો ઉપયોગ સહજતાથી કરે છે.
- બાળકો શાળામાં આવેછે ત્યારે પોતાના ઘરની કે શેરીની બોલીના ઉચ્ચારણો લઇને સાથે આવે છે. ઉદા : નળને બદલે નર કે નલ, ચાલ્યાને બદલે ચાલિયા, શાકને બદલે હાક કે સાક, ગયા ને બદલે ગીયા, પાણીને બદલે પૉણી, ઘરને બદલે ગર તેમજ મા–બાપના લાડકોડમાં બોલાતી કાલી–ઘેલી બોલીની અસર પણ બાળકના ઉચ્ચારણમાં જોવા મળે છે.
- બાળક જન્મથી પાંચ વર્ષનું થાય ત્યાં સુધીમાં ઘણા શ્રવણાનુભવો મેળવતો હોય છે. શ્રવણશક્તિ તો કુદરતી બક્ષિસ છે.

**૧.૩.૩ શ્રવણક્ષમતા ( ૩ થી ૬ વર્ષનાં બાળકો) :**

૧. બાળકો આસપાસના અવાજો સાંભળીને ઓળખી શકે છે.

૨. વાર્તા ધ્યાનપૂર્વક સાંભળે છે.

૩. પશુપક્ષીઓના અવાજ સાંભળીને નકલ કરે છે.

૪. ગીત સાંભળીને ગાય છે અને સંભળાવે છે.

૫. વાકય સાંભળીને તેનું પુનરાવર્તન કરે છે.

૬. બે કે ત્રણ વાકયોની સૂચના સમજીને તે અનુસાર કાર્ય કરે છે.

૭. અવાજ સાંભળીને અવાજ ઉત્પન્ન કરનારી વસ્તુઓ ઓળખી શકે છે.

૮. અવાજ સાંભળીને કોનો અવાજ છે તે પારખે  છે.

૯. અવાજ સાંભળીને આરોહ–અવરોહ સાથે અનુકરણ કરી શકે છે.

૧૦. સાંભળેલી વાર્તા કે ઘટનાઓને યાદ રાખીને બોલી શકે છે.

૧૧. નવો શબ્દ સાંભળીને તેનો વાકયમાં પ્રયોગ કરી શકે છે.

૧૨. સરળ શબ્દ સાંભળીને તેનો પ્રથમ અક્ષરનો ધ્વનિ ઓળખી શકે છે.

**૧.૩.૪ શ્રવણપ્રક્રિયામાં શિક્ષકની ભૂમિકા :**

- શ્રવણપ્રક્રિયા રસપ્રદ અને અસરકારક બને એ માટે ભાવાવરણ નિર્માણ કરવું.
- બાળકો સાથે આત્મિયતાભર્યો વ્યવહાર રાખવો.
- હાવભાવ સહિત આરોહઅવરોહ યુક્ત, કથન અને વાંચન કરવાથી બાળકોનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય.
- શિક્ષકની ભાષા બાળકો સમજી શકે તેવી સ્પષ્ટ અને સરળ હોવી જરૂરી છે.
- શિક્ષકનો અવાજ સપ્રમાણ હોવો જોઇએ.
- સમયાંતરે બાળકોને રસપ્રદ વાર્તા કહેવી.
- કાવ્યનું ભાવવાહી અભિનયસહ ગાન કરવું અને કરાવવું.
- શ્રવણ કૌશલ્યના વિકાસાર્થે વિવિધ ભાષાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- ઉત્તમ વકતાઓનું વક્તવ્ય ગોઠવવું.
- દ્રશ્યશ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો.
- શીઘ્રવકતૃત્વ સ્પર્ધા, ક્વીઝ, વકતૃત્વ સ્પર્ધા, નાટક, રોલપ્લે, જૂથચર્ચા જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- બાલભોગ્ય પુસ્તકોનું વાંચન કરાવીને પુસ્તક સમીક્ષા કરાવવી.
- સામાયિકો વર્તમાનપત્રોમાંથી ઉત્તમ લેખોનું વાંચન કરીને તેમની સાથે ચર્ચા કરવી.

**૧.૩.૫ શ્રવણદોષ થવાનાં કારણો :**

- પ્રાદેશિકતા અને સામાજિકતા( વાતાવરણ ) ની  અસરો.

- શારીરિક અને માનસિક ખામી હોય.
- વિદ્યાર્થીઓમાં એકાગ્રતાનો અભાવ.
- વિદ્યાર્થીઓમાં શબ્દભંડોળનો અભાવ.
- અર્થગ્રહણ અને અર્થઘટન ક્ષમતાનો અભાવ.
- ઘોંઘાટમય વાતાવરણ.
- વક્તા અને શ્રોતા વચ્ચેનું અંતર વધુ હોય.
- વિષયવસ્તુની રસપ્રદ રજૂઆતનો અભાવ.
- સપ્રમાણ અવાજનો અભાવ.
- સ્પષ્ટ ઉચ્ચાર, માન્યભાષા, રસપ્રદ શૈલીનો અભાવ.
- રજૂઆતની ગતિ ખૂબ ઝડપી કે ધીમી.
- વિદ્યાર્થીઓમાં રહેલી ચંચળતા.

**૧.૩.૬ શ્રવણ કૌશલ્ય ખીલવણી માટે ધ્યાનમાં રાખવાની બાબતો :**

- શ્રવણ કૌશલ્ય ખીલવણી માટે શિક્ષકે સતત જાગ્રત રહેવું જરૂરી છે.
- શિક્ષકે વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુલક્ષીને વિષયવસ્તુની પસંદગી કરવી.
- વિદ્યાર્થીઓના અનુભવ જગતમાંથી રસ પડે, એમની જિજ્ઞાસા વૃત્તિને ઉત્તેજન મળી એવી વિષયવસ્તુની પસંદગી કરવી.
- સ્પષ્ટ અને ભાવવાહી કથન સાંભળવાની ટેવ પાડવી.
- શાંત વાતાવરણ માં વિદ્યાર્થીઓ એકાગ્ર થઇ શકે. નહિ.
- વિદ્યાર્થીઓ વક્તા તરફ ધ્યાન આપે, તેમના વકતવ્યની વસ્તુને સમજીને સારગ્રહણ કરે.
- વિદ્યાર્થીઓ શિષ્ટભાષા અને લોકબોલીનાં ઉચ્ચારણો વચ્ચેનો ભેદ પારખે.
- વિદ્યાર્થીઓમાં શ્રવણેન્દ્રિયની ખામી હોય તો વાલીને જાણ કરી દાકતરની સલાહ મુજબ ઇલાજ કરાવવો. તેમજ વર્ગખંડમાં આગળની હરોળમાં બેસવાની વ્યવસ્થા કરવી.
- વક્તા અને શ્રોતા વચ્ચેનું અંતર સ્પષ્ટ રીતે સાંભળી શકાય તેવું સપ્રમાણ હોવું જોઇએ.
- વિદ્યાર્થીઓ સ્પષ્ટ રીતે સમજી શકે, સાંભળી શકે એવી રજૂઆતની ગતિ હોવી જોઇએ.
- શિક્ષકનો અવાજ બધાં જ વિદ્યાર્થીઓ સાંભળી શકે, સમજી શકે એવો પ્રમાણસર હોવો જરૂરી છે.
- અર્થભેદ, શબ્દભેદ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું. ઉદા : સાલ / શાલ, દિન /દીન, સુરત/ સૂરત વગેરે

**૧.૩.૭ શ્રવણ કૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ :**

- શ્રવણ કરો અને અનુસરો. ઉદા : ગાંધીજી કહે, મને ઓળખો, નેતા શોધ જેવી રમતો.
- શિક્ષકે વિદ્યાર્થીઓને શબ્દો, અંકો, પ્રાણી, પક્ષીઓનાં નામ સંભળાવવાં, ત્યારબાદ પુન: સ્મરણ કરો એવી સૂચના આપવી.
- પાઠ્યપુસ્તકમાં આવતા સંવાદો કે કાવ્યોનું ગાન ટેપરેકોર્ડરમાં ટેપ કરી વિદ્યાર્થીઓને અવારનવાર સંભળાવવાં જોઇએ સાથે અભિનય કરવાની તક પણ આપી શકાય.

- 'શ્રુતલેખન' માટેનો મહાવરો આપી શકાય.
- શાળામાં પ્રાર્થના સંમેલનમાં અપાતી સૂચનાઓ.
- પ્રાર્થના સંમેલનમાં ઘડિયા બોલાવવા, સમાચાર, ભજન, ધૂન વગેરેનો સમાવેશ કરી શકાય.
- ટી.વી.માં પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો, બાળફિલ્મો અને બાળકોની સિરિયલો બતાવવી.
- નાના સંવાદો અને નાટકોની ભજવણી વર્ગમાં કરાવી શકાય.
- મહાન નેતાઓના જીવનપ્રસંગો, બાળઘડતરના પ્રેરક પ્રસંગો તેમજ ધાર્મિક પુસ્તકોમાંથી પ્રસંગો પસંદ કરીને વિદ્યાર્થીઓને સંભળાવવા.
- જુદી–જુદી વસ્તુઓને જોયા વિના અવાજ સાંભળીને ભેદ સમજીને વસ્તુ ઓળખી શકે તેવી પ્રવૃત્તિ કરાવવી. ઉદા : મંજીરા, ખંજરી, ઘંટડી, લેજીમ, ચાવીનો ઝૂમખો વગેરે.
- વર્ગમાં પ્રથમ હરોળમાં બેઠેલા પ્રથમ વિદ્યાર્થીને સંદેશો કાનમાં કહેવો તે પછી સંદેશો બીજાને કહે, બીજો ત્રીજાને કહે આમ પંદરમા વિદ્યાર્થી પાસેથી સંદેશો મેળવવો અને તફાવત ચકાસવો.
- રાષ્ટ્રીય, સામાજિક, ધાર્મિક તહેવારોની ઉજવણી કરવી. વિશિષ્ટ વ્યક્તિઓને આમંત્રણ આપીને તેઓનું પ્રવચન યોજી શકાય.

**૧.૪ વાંચન કૌશલ્ય :**

વિશ્વ જ્યારે એકવીસમી સદીમાં હરણફાળ ભરી રહ્યું છે ત્યારે વિકસતા જ્ઞાન–વિજ્ઞાન અને ટેક્નોલોજીના ધસમસતા પ્રવાહની સાથે સૂર, તાલ મિલાવવા વાંચનરૂપી નાવના સથવારે પ્રગતિના પંથે ડગ માંડવા પડશે. અધ્યયનની પ્રક્રિયામાં વાંચન એ ગુરૂચાવી છે. વાંચન નવી દુનિયામાં ડોકિયું કરાવનારી બારી છે.

**વાંચન કૌશલ્યની સંકલ્પના :**

વાંચન એક કલા છે. વાંચનની કલા સાધ્ય કરવાનું પ્રથમ પગથિયું તે અક્ષરજ્ઞાન. વાંચન એટલે લિપિચિહ્નોની ઓળખ, શબ્દોની સમજણ.

ભાષાના બે ઉપયોગ છે : (૧) વિચારદર્શન (૨) વિચારસંકલન.

વિચારદર્શન બોલીને કે લખીને થઇ શકે છે, જ્યારે વિચારસંકલન વાંચન દ્વારા થાય છે.

**'વાંચન એટલે લખેલા શબ્દોમાં કે ભાષાના ધ્વનિઓના દ્રશ્ય સંકેતો ઓળખીને તેમનો અર્થ સમજવાની પ્રક્રિયા' – રોબિન્સન**


**'વાંચન એ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવવાની પ્રક્રિયા છે.' – ગુડમેન**

**'વાંચન એ અર્થ સંશોધવાની અને પ્રાપ્ત કરવાની સક્રિય પ્રક્રિયા છે.' – ડેબ્રો**

**૧.૪.૧ વાંચનના પ્રકાર :**

વાંચનકૌશલ્યના વિકાસ માટે વર્ગ શિક્ષણકાર્યમાં મુખ્ય બે પ્રકારના વાંચનનો ઉપયોગ થાય છે.

(૧) પ્રક્રિયાગત (૨) હેતુ આધારિત




**૧.૪.૨ પ્રક્રિયાગત પ્રકારો :**

વાંચન સતત ચાલતી વિકાસાત્મક પ્રક્રિયા છે, વિદ્યાર્થી જ્યારે વાંચન શરૂ કરે છે, ત્યારે આંખ, તાળવું, જિહ્વા, હોઠ, દાંત વગેરેની સાથે આંખ, નાક અને મગજ (ચિત્ત) નો ઉપયોગ થાય છે. એટલે કે ધ્વનિના ઉચ્ચારણનો સંબંધ શરીરના અવયવો સાથે વાંચનપ્રક્રિયા દરમિયાન સંવાદ સાધે છે.

**(૧) મુખવાંચન (Oral Reading) :**

વિદ્યાર્થી વ્યક્તિગત રીતે પ્રગટવાંચન, મુખ–વાંચન કરે તે મુખવાંચન. વિદ્યાર્થી જ્યારે લેખિત કે લિપિબદ્ધ સંકેતોને ઉકેલતાં શીખે છે, ત્યારથી મુખવાંચનની પ્રક્રિયા શરૂ થાય છે. વિદ્યાર્થીઓનું વ્યક્તિગત નિદાન કરીને તેને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકાય છે. ધોરણ ૧ થી ૪ માં મુખવાંચનને વિશેષ મહત્વ આપવામાં આવે છે. શિક્ષકના આદર્શ વાંચનનો હેતુ વિદ્યાર્થીઓમાં વાંચન કૌશલ્ય ખીલવવાનો છે, વિદ્યાર્થી શિક્ષકના વાંચનનું જૂથમાં અનુસરણ કરે છે. પ્રાથમિક શાળામાં જ મુખવાંચનનો પાયો દ્રઢ બને એ જરૂરી છે. મુખવાંચનને શરૂમાં જૂથવાંચન રૂપે શિખવી શકાય પછી વ્યક્તિગત મુખવાંચન કરાવી શકાય. આમ થાય તો બાળકો સંકોચ / ક્ષોભ વિના વાંચતાં થાય.

**મુખવાંચનના ઉદ્દેશ :**

- વાચક સ્વયં ગદ્ય / પદ્યનું અર્થગ્રહણ કરે.
- શ્રોતાને કૃતિનો આસ્વાદ કરાવે.

**મુખવાંચનનાં લક્ષણો :**

- વિષયવસ્તુ પ્રમાણે આરોહ–અવરોહયુક્ત ભાવવાહી વાંચન.
- માન્ય ઉચ્ચારણ.
- વાચકની યોગ્ય ગતિ.
- સુશ્રાવ્ય અવાજ.
- ક્ષોભરહિત.
- યોગ્ય વિરામચિહ્ન, સ્વરભાવ, લય અને પ્રવાહિતા.
- પુસ્તકને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ યોગ્ય અંતર જાળવી પકડવું.

### (૨) મૂકવાંચન (Silent Reading) :

મુખવાંચન પછીનું વાંચનશિક્ષણનું બીજું પગથિયું મૂકવાંચન છે. મૂકવાંચનને મૌનવાંચન કે શાંતવાંચન પણ કહી શકાય. મૂકવાંચન વિદ્યાર્થીના વાંચનવિકાસ માટે અનિવાર્ય છે. 'મુખવાંચન' એ જાહેરજીવનની જરૂરિયાત છે, જ્યારે 'મૂકવાંચન' વ્યક્તિગત જીવનની જરૂરિયાત છે. ભાષાશિક્ષણમા મુખવાંચન જેટલું જ મહત્વ 'મૂકવાંચન'નું છે. મૂકવાંચનની પ્રક્રિયામાં બાળકની આંખો અને મસ્તિષ્ક જ ક્રિયાશીલ રહે છે, એકાગ્રતા વધે છે અને અર્થગ્રહણની ક્ષમતા વિકસે છે.

બાળક ચાલતાં શીખ્યા પછી ઘૂંટણિયે ખસવાનું છોડી દે છે, તેમ વિદ્યાર્થી 'મૂકવાંચન'માં નિપુણતા પ્રાપ્ત કરી લે એટલે મુખવાંચનની ટેવ છૂટી જવી જોઇએ.

**મૂકવાંચનના ઉદ્દેશ :**

- વાચક ઝડપથી, એકાગ્રતાથી વાંચીને અર્થગ્રહણ કરે.
- ઓછા પ્રયત્નથી વાંચન દ્વારા વધુ સારાં પરિણામ પ્રાપ્ત થઇ શકે.
- ફુરસદના સમયનો સદુપયોગ કરી શકે.
- મૌલિક વિચારશક્તિ વિકસાવી શકે.
- સાહિત્યમાં રસરુચિ વિકસે.
- વાચકમાં આત્મવિશ્વાસ દ્રઢ બને.
- અર્થગ્રહણ અને અર્થઘટનનો વિકાસ થઇ શકે

**મૂકવાંચન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

- મૂક્વાંચનમાં એકાગ્રતા ખૂબ જરૂરી છે.
- વાચકે ધીરજથી સમજપૂર્વકનું વાંચન કરવું એટલે કે દરેક વાક્યમાં શું કહેવામાં આવ્યું છે તેનું અર્થગ્રહણ અને અર્થઘટન કરવું.
- યોગ્ય અંતરે પુસ્તક રાખીને વાંચવું.
- વાંચન સમયે હોઠનો ફફડાટ થવો જોઇએ નહિ.
- વાચકે યોગ્ય ગતિથી વિરામચિહ્નને ધ્યાનમાં રાખીને વાંચન કરવું.

  જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં અને વ્યવહારોમાં મૂકવાંચન ઉપયોગી છે. માનવી સ્વવિકાસ અર્થે મનમાં જ વાંચતો હોય છે.

### ૧.૪.૩ વાંચનના હેતુ આધારિત પ્રકારો :

**આદર્શવાંચન :** શિક્ષક બાળકોને સારા વાંચનનો જે નમૂનો પૂરો પાડે છે તે આદર્શવાંચન તરીકે ઓળખાય છે. આદર્શ વાંચન દ્વારા શિક્ષક બાળકોને માન્ય ઉચ્ચારણ, આરોહ–અવરોહ, યોગ્ય ઝડપ સાથે અર્થવાહી તેમજ ભાવવાહી વાંચનનો ઉત્તમ નમૂનો પૂરો પાડે છે. શિક્ષકનું આ વાંચન બાળકોને સારા વાચક બનવા પ્રેરે છે.

બાળકો સ્વભાવે જ અનુકરણશીલ હોય છે, શિક્ષકે પોતાનું વાંચન બને તેટલું પરિશુદ્ધ બનાવવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. શિક્ષકે પાઠયપુસ્તક સિવાયના અન્ય સંદર્ભગ્રંથોમાંથી પસંદ કરેલા ગદ્યાંશો, વાર્તાઓ, નિબંધો, નાટ્યખંડો વગેરેના ઉત્તમ નમૂના બાળકોને એમની કક્ષાને અનુરૂપ પૂરા પાડવા જોઇએ. વાંચનના ઉત્તમ નમૂના પૂરા પાડવા માટે ટેપરેકોર્ડર, કમ્પ્યૂટર, સીડીનો પણ ઉપયોગ થઇ શકે.

સમૂહવાંચન: પૂર્વપ્રાથમિક કે પ્રાથમિક કક્ષાએ નીચલા ધોરણોમાં બાળકો સમૂહમાં વાંચન કરે ,તેને સમૂહવાંચન કહે છે. સમૂહવાંચન વર્ગખંડ અથવા નાના જૂથમાં કરાવી શકાય.

### ૧.૪.૪ સમજ પૂર્વકના વાંચનનું શિક્ષણ

વાંચનનો મુખ્ય હેતુ છે સમજવું. વાંચવું એટ્લે લખેલા શબ્દોને ઉપર ઉપરથી સમજવા એમ નહીં. જેમકે, પાઠ કે ગદ્યને અંતે આપેલા પ્રશ્નોના જવાબ આપવા. હકીકતમાં, વાંચન એક એવી રચનાત્મક પ્રક્રિયા છે જેમાં વાચક શબ્દો સાથે પોતાનું પૂર્વ જ્ઞાન, અનુભવ વગેરે જોડીને આગવો અર્થ બનાવે છે. આ પ્રક્રિયામાં વાચક લખેલા પાઠ સાથે એક પ્રકારનો સંવાદ કરે છે અને તેના પરથી પોતાનો એક દૃષ્ટિકોણ, એક સમજ બનાવે છે. પ્રવાહી રીતે શબ્દ ઓળખ, વાચકનું પૂર્વ જ્ઞાન, તેનો અનુભવ, શબ્દભંડોળ, વાંચનનો હેતુ, લેખનની શૈલી સમજવા યોગ્ય પદ્ધતિ અપનાવવી, વગેરે બાબતો સમજ પૂર્વકના વાંચન કૌશલ પર અસર કરે છે.

વાંચન એટલે ફક્ત શબ્દો બોલવા એટલું જ નથી. કોઈ પણ લખાણ માત્ર વાંચી લેવાથી, એટલે કે શબ્દો અને વાક્યોની ઓળખ માત્ર કરી લેવાથી તે લખાણ સમજાઈ ગયું એમ કહી શકાય નહિ.વાંચન એક એવી રચનાત્મક પ્રક્રિયા છે જેમાં વાચક લેખિત શબ્દોની સાથે સાથે પોતાનું પૂર્વ જ્ઞાન અને અનુભવો જોડીને અર્થ બનાવે છે. આ પ્રક્રિયામાં વાચક લેખિત બાબત સાથે એક સંવાદ કરે છે અને પોતાની આગવી સમજ તથા દૃષ્ટિકોણ ઘડે છે. હકીકતમાં, સમજપૂર્વકનું વાંચન એક જટિલ પ્રક્રિયા છે જેમાં નીચેની બાબતો સમાહિત છે:

- શબ્દો, વાક્યોના અર્થ જાણવા
- વાર્તા, લેખના જુદા જુદા ભાગોને પરસ્પર સાંકળવા
- પોતાના જ્ઞાન અને અનુભવ સાથે લખાણને સાંકળીને અર્થ બનાવવા
- લખાણ સાથે અંગત વાર્તાલાપ કરવો
- વિચાર અથવા ભાવ વિશે માનસિક તર્ક–વિતર્ક કરવા અને લખાણ અંગે પોતાનું મંતવ્ય કેળવવું

#### ❖ વાંચીને સમજવાનો પાયો

આપણે જોયું કે વાંચન એ લખેલા શબ્દ ઉપરઉપરથી સમજવા એમ નહિ પણ જેમાં વાચક પોતાના પૂર્વજ્ઞાન અને અનુભવ જોડીને અર્થ નિર્માણ કરે તેવી રચનાત્મક પ્રક્રિયા છે. પ્રવાહી ડિકોડિંગ , વાચકનું પૂર્વજ્ઞાન, શબ્દભંડોળ, વાંચનની ઈચ્છા અને યોગ્ય પદ્ધતિનો ઉપયોગ તે બધું સમજપૂર્વકના વાંચન માટે જરૂરી છે.

જેમ કે, કમ્પ્યુટરના સંદર્ભે તમને 'એક્સેસ' શબ્દનો અર્થ ખબર નથી તો એક્સેસ આપવો અને બંધ કરવો એટલે શું તે તમે સમજી શકશો નહિ. જો તમને અંગ્રેજી આવડતું હશે તો તમે તેનો અર્થ (એક્સેસ એટલે પહોંચ હોવી) સમજતા હશો પણ કમ્પ્યુટરના સંદર્ભે આ શબ્દ તમારા માટે નવો હોવાથી તમે તે સમજી શકશો નહિ.

ભાષા વિશેષજ્ઞોનુ માનવું છે કે કોઈ પણ લખાણ સમજવા માટે તેમાં આવતા 90 ટકા શબ્દ વાચક પહેલેથી જાણતો હોવો જોઈએ. આટલું આવડે તો બાકીના અપરિચિત શબ્દોના અર્થ અનુમાન લગાવીને તારવી લેવાય.વાંચીને સમજવા માટે લખાણ/પાઠમાં આવતા શબ્દોના અર્થ જાણવા જરૂરી છે. તેનો અર્થ

એમ નથી કે શબ્દોનો ઉપર ઉપરનો અર્થ ખબર હોય તો પાઠ ઊંડાણથી સમજાઈ જશે. શબ્દ સમજવો એટલે શબ્દનો અર્થ જાણવો એટલું જ નહિ, તેમાં છે..

- શબ્દનો અર્થ જાણવો
- શબ્દના અર્થને બદલાયેલા સંદર્ભ પ્રમાણે સમજવો
- શબ્દનો સાચી રીતે ઉપયોગ કરવો
- મોટા ભાગે બાળકો શબ્દો તો સાંભળી સાંભળીને કે પાઠ્ય પુસ્તકમાં વાંચીને શીખી લે છે. પણ, કેટલાક શબ્દ એવું હોય છે કે જેમને પ્રકટ રીતે શીખવવા જરૂરી છે.
- વાંચનની ઈચ્છા–પ્રેરણા

ધારો કે, કાલે તમારે પરીક્ષા છે અને ટીવી પર તમને ગમતો કાર્યક્રમ આવે છે. તમે ઉત્સુક છો કે તે કાર્યક્રમમાં આગળ શું થશે. પણ, તમે મન મારીને ચોપડી લઇ ખુરસી પર બેઠા છો. તમે વારંવાર વાંચો છો છતાં તમને કશું સમજાતું નથી. આપણી સાથે આવું ઘણીવાર થાય છે, જયારે વાંચવાનો કંટાળો આવે કે તેમાં ખાસ રસ ના પડે ત્યારે જે વાંચી રહ્યા હોઈએ તે સમજાય નહિ.

બાળકોને પણ આવું જ થાય છે. બાળકો કેટલું સમજી રહ્યાં છે તે વાંચન વિશેના તેમના દૃષ્ટિકોણ અને વાંચન માટેની તેમની ઈચ્છા પર આધાર રાખે છે. જો વાંચવું એ બાળકો માટે યાંત્રિક, કંટાળા જનક, થોપેલું હશે, જો તેઓને વાંચનના આનંદ કે હેતુની ખબર નથી, તો તેઓ એટલું જ વાંચશે જેટલું તેઓને ડર કે જબર જસ્તી વડે વંચાવવામાં આવે.

## તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન - ૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

૧. શ્રવણ કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે જ્ઞાનેન્દ્રિયોની ભૂમિકા શી છે ?

૨. અસરકારક અર્થગ્રહણ માટેની ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

3. 'અર્થગ્રહણ ક્ષેત્ર' ના વિકાસ માટે તમે શું શું કરશો?

૪. ધોરણ – ૧,૨માં શ્રવણ કૌશલ્યના વિકાસ માટે તમે શું શું કરશો?

૫. વાંચનના પ્રકારો જણાવો.

**પ્રશ્ન - ૨ પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

આસ્તિકતા તર્કસાધ્ય નથી હોતી. શ્રદ્ધાસાધ્ય હોય છે. બૌદ્ધિકતા જેમ તત્વ છે, તેમ શ્રદ્ધા પણ તત્વ છે. જેમાં બંને તત્વો ખૂબ વિકસ્યા હોય તેનું જીવન ધન્ય બની જાય. બૌદ્ધિકતા વિનાની શ્રદ્ધા અંધશ્રદ્ધા બની જવા સંભવ છે અને શ્રદ્ધા વિનાની કોરી બૌદ્ધિકતા એ નાસ્તિકતા બની જતી હોય છે. આ બંને તત્વો બૌદ્ધિકતા અને શ્રદ્ધાનો ઉચિત સમન્વય કરવો તે કલ્યાણકારી વિવેક યોગ છે.

પ્રશ્નો :

૧ .આસ્તિકતા કેવી રીતે સિદ્ધ કરી શકાય છે?

૨. કયાં બે તત્વો વિકસાવવાથી જીવન ધન્ય બની શકે?

3. અંધશ્રદ્ધા અને નાસ્તિકતા કેવી રીતે જન્મે છે?

૪. 'કલ્યાણકારી વિવેક યોગ' ક્યારે સિદ્ધ થયો કહેવાય?

૫. પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

પ્રશ્ન - ૩ નીચેના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપો.

૧. તમારા કોઇ પણ એક પાનાના લખાણમાં ઓછામાં –ઓછી બે ભૂલ તો હોવાની જ,

ક) માત્ર બે ભૂલો હોય તેવું એક પણ પાનું તમે લખ્યું નથી.

ખ) તમે એક પાનાનું લખાણ કરો ત્યારે તેમાં બે કે વધુ ભૂલો થાય છે.

ગ) તમે ભૂલ વિનાનું લખાણ કરો એ અસંભવ છે.

ઘ) તમારા કોઇ પણ પાનાં પર લખાણની ત્રણેક ભૂલો મળે જ.

૨. બધા લેખકો લખે છે કે નવી વસ્તુ શીખવા માટે ઉંમરનો બાધ કદાપિ નડતો નથી.

ક) ગમે તે ઉંમરે નવું શીખી શકાય તેવી બધા લેખકોની માન્યતા છે.

ખ) વધતી ઉંમરે શીખવામાં અડચણરૂપ થાય, પણ બધા લેખકોને એવું લાગતું નથી.

ગ) લેખકોને મોટી ઉંમરે નવું શીખવામાં ઉંમરનો બાધ નડતો નથી.

ઘ) જો કોઇ મોટી ઉંમરની વ્યક્તિ આ લેખકોને વાંચે તો તેમને નવું શીખવાની પ્રેરણા મળે.

૩. 'અર્થગ્રહણ' ક્ષેત્રમાં કયાં કૌશલ્ય સમાવિષ્ટ છે?

(ક) વાંચન – લેખન (ખ) શ્રવણ – વાંચન (ગ) શ્રવણ – કથન (ઘ) કથન – વાંચન

૪. નીચેના શબ્દોમાંથી કયા શબ્દનો અર્થ 'આઝાદ' થાય છે?

(ક) સ્વતંત્ર (ખ)આધુનિક (ગ) સમૂહ (ઘ) શહેરી

૫. 'મેં કશું લૂટ્યું નહોતું, સાહેબ'.

ઉપરના વાક્યમાં 'લૂટ્યું'નો અર્થ______જેવો થાય છે?

(ક) સંતાડયું (ખ) લીધું (ગ) ચોર્યું (ઘ) ઝૂંટવ્યું

૬. સમુદ્રમાં સળગતો મનાતો અગ્નિ____________________

(ક) દાવાગ્નિ (ખ) વડવાગ્નિ (ગ) જઠરાગ્નિ (ઘ) જલાગ્નિ

૭. હયાતીમાં હોય છતાં કોઇ કારણથી ગુમ થયું હોય તેને ફરીથી મેળવવાની પ્રક્રિયા_______

(ક) ખોળવું (ખ) શોધવું (ગ) ફંફોળવું (ઘ) ટાળવું

૮. 'વિનાશ થવાનો હોય ત્યારે બુદ્ધિ બગડે છે' અર્થના આધારે કહેવત લખો.

(ક) ખાડો ખોદે તે પડે. (ખ) વિનાશકાળે વિપરીત બુદ્ધિ.

(ગ) વિશ્વાસે વહાણ ન ચાલે. (ઘ) શ્રમ વિના પ્રારબ્ધ પાંગળું.

૯. 'જાણ્યું ન જાણ્યું કરવું' એ માટે કયો શબ્દપ્રયોગ કરશો?

(ક) આંખ આડા કાન કરવા. (ખ) આંખમિચામણાં કરવાં.

(ગ) બેધ્યાન રહેવું. (ઘ) કાન ધરવા.

**૧.૫ વાંચન આકલન :**

એક સરખું અને એક વાક્યમાં સાથે છપાયેલું લખાણ આંખની મદદથી મગજ સુધી સરળતાથી પહોંચે છે અને મગજમાં આકલનની પ્રક્રિયા શરૂ થાય છે. વાંચન આકલનની પ્રક્રિયા આઠ તબક્કામાંથી પસાર થાય છે.

**વાંચન આકલનની પ્રક્રિયાના આઠ તબક્કા :**

૧. છાપેલી સામગ્રીને ચિત્ત પકડે છે, અથવા ગ્રહણ કરે છે.

૨. શબ્દ કે વાક્યમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થયો છે તેની ગણતરી કરે છે.

૩. શબ્દ કે વાક્યમાં સમાવિષ્ટ બાબતોની સાથે વિચારવાનું કામ (વિચારપ્રક્રિયા) પણ શરૂ થઇ જાય છે.

૪. વિચારપ્રક્રિયાની સાથે ઘટકોના અરસપરસના સબંધો, સબંધોની પ્રસ્તુતતા અને યોગ્યતા,એમાંથી થતા અર્થબોધની પ્રક્રિયા ચાલુ થાય છે.

૫. આ અર્થબોધમાં અથવા અર્થગ્રહણનો તબક્કો ભાષાના સ્તર ઉપર અને અનુભવના સ્તર ઉપર એમ એક સાથે બે સ્તર ઉપર સમાંતર ચાલે છે. ભાષાના સ્તર ઉપર શબ્દોના યોગ્ય વપરાશની તથા એ શબ્દોના અમુક અર્થ શબ્દોની સાથે આવવાથી થતા અર્થબોધની પૂર્વાનુભવની સ્મૃતિ સતેજ બને છે અને પૂર્વાનુભવની સાથે અર્થબોધમાંથી જન્મેલો અનુભવ સંક્રમણ થતાં અર્થગ્રહણનું એક વર્તુળ પૂરૂં થાય છે.

૬. ‘ચકાસણી’ અથવા ‘પૂછપરછ’નો તબક્કો શરૂ થાય છે તે સમયે ચિત્તમાં જે અર્થગ્રહણ થયું છે તે વાજબી છે કે સામગ્રી રજૂ કરનારે ધારેલા નિશાન મુજબનું જ છે તેની ખાતરી કરે છે.

૭. વાચકને ખાતરી થાય છે કે છપાયેલી અથવા રજૂ થયેલી સામગ્રી પોતે બરાબર સમજ્યો છે.

૮. અર્થઘટનનો તબક્કો આત્મલક્ષી અને વાચકકેન્દ્રી હોવા છતાં એ જેટલો વધારે તાર્કિક અને સર્વમાન્ય બની શકે એવો હોય તેટલું વાચકનું અર્થઘટન ચોકસાઇપૂર્ણ અને વ્યાપક સ્વીકૃતિ ધરાવતું બની શકે છે. સમગ્ર સામગ્રીને વાચક ચિત્તસ્થ અથવા આત્મસાત કરે છે.

કોઇપણ સામગ્રી વાંચતી વખતે આપણું ચિત્ત પૂર્વાનુભવ ઉપરાંતના બીજા કયા અનુભવ વિશ્વમાં કઇ રીતે અને કેટલી મુસાફરી કરી શકે છે, તેનું સરવૈયું કાઢવામાં આવે ત્યારે વાંચેલું સાર્થક થયું ગણાય. જ્યારે વાચક વાંચન સામગ્રીમાંથી પસાર થાય છે તે વાંચન સામગ્રીમાંથી શું-શું સંદિગ્ધ હતું? અથવા પોતાને સમજાય એવું શું ન હતું?, શું-શું વધારાનું અથવા અપ્રસ્તુત હતું?, શું- શું પુનરાવર્તિત થયું? અને શું ચોકસાઇપૂર્વક સમજવા જેવું હતું? એટલું વાચક સ્વયં તારવી શકે એ જરૂરી છે. શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને વાંચન શીખવતી વખતે આ સમગ્ર પ્રક્રિયા ઉદાહરણ સહિત શીખવવી જોઇએ. આ પ્રક્રિયા નાના પરિચ્છેદથી શરૂ કરીને નિબંધ કે લેખોને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરીને કરી શકાય છે.

કોઇપણ લખાણનો દરેક પરિચ્છેદ અને દરેક પરિચ્છેદનું વાક્ય કશાકના વિશે કશુંક કહેતું હોય છે.વાક્ય ભેગાં થઇને પરિચ્છેદ બને છે અને પરિચ્છેદ સામાન્ય રીતે કોઇ મુદ્દાને અથવા મહત્વની બાબતને ઉપસાવતી હોય છે. બધાં પરિચ્છેદોમાં રજૂ થયેલા મહત્વના મુદ્દાઓને સાંકળી લઇને એમના સુગ્રથિત ક્રમથી અને પરસ્પરના તાર્કિકસબંધથી કોઇ એક વિચારને અથવા કથયિતત્વને રજૂ કરવાનો લેખકનો પ્રયાસ હોય

છે. વાચક એ હાર્દ અથવા મર્મ પકડી શકે એ ખૂબ મહત્વનું છે, કથચિતવ્ય એ લેખકની સમગ્ર રજૂઆતનું કેન્દ્રબિંદુ(Point Of View) હોય છે. એ દ્રષ્ટિબિંદુ અથવા કેન્દ્રબિંદુ સ્પષ્ટપણે સમજાઇ જાય તો લેખકનો એને રજૂ કરવા પાછળનો હેતુ સ્પષ્ટ કરવાનું કામ સરળ બને છે. લેખકનો લખાણને પ્રસ્તુત કરવા પાછળનો આશય સ્પષ્ટ સમજાય અને તેનું દ્રષ્ટિબિંદુ સ્પષ્ટ થાય તો તેના અર્થઘટનો કરવાનાં સરળ બને.

વાંચન–આકલનને વાંચન સામગ્રીની વાચકની વિચારપ્રક્રિયા સાથે મનોમંથન કરતી પણ વર્ણવામાં આવે છે. ઉદા : 'એક બિહામણી ઘોર અંધારી શિયાળાની રાત હતી'. આ વાકયમાં 'બિહામણી' અને 'ઘોર અંધારી' એ બેમાંથી એક જ વિશેષણ પસંદ કરવાનું હોય તો કયું કરાય? શા માટે? જેવા પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓની સૂઝને કેળવવાનું કામ કરી શકાય.

વાક્યો, પરિચ્છેદો અને સમગ્ર લખાણમાં કયા કયા શબ્દો અપરિચિત છે તે તારવી તેની ચોકસાઇ પૂર્વકની સમજૂતી આપવામાં આવે તો એ વધુ ઉપયોગી થઇ શકે. ઉ.દા. તરીકે 'રેઢિયાળ છોકરો' એવા પ્રયોગમાં 'રેઢિયાળ' અપરિચિત શબ્દ છે. 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'માં તેનો અર્થ 'ધણી વિનાનું' એવો આપ્યો છે. અહીં 'રેઢિયાળ' એટલે 'નિયંત્રણ વિનાનો, મન ફાવે તેમ વર્તનારો, શિસ્ત વિનાનો' એવી સમજૂતી આપવી જોઇએ. શબ્દોની આવી સમજૂતી શબ્દગ્રહણ, ગદ્યાર્થગ્રહણ અને વાંચન આકલન માટે મહત્વની બાબત કહી શકાય.

વાંચન આકલનમાં મૂલ્યાંકન માટે આખા પરિચ્છેદની પુનર્રચના કરવાનું આપવું તથા સંક્ષેપીકરણ અથવા સારાંશલેખન, કાર્યકારણ માટેના પ્રશ્નો પણ પૂછી શકાય. ઉદા : 'મગર અને વાંદરાની વાર્તાનું આકલન કરતાં કેટલું ફાવ્યું છે.' સમજવા કે તેનું મૂલ્યાંકન કરવા માટેની કસોટી યોજવાની હોય તો નીચેના જેવા પ્રશ્નો પૂછી શકાય.

૧. મગરના સ્વભાવનાં ત્રણ મહત્વનાં લક્ષણો વર્ણવો.
૨. ધારો કે મગરીને બદલે વાંદરીએ મગરનું કાળજું ખાવા માટે મંગાવ્યું હોત તો વાંદરો શું કરત?
૩. ધારો કે વાંદરાની જગ્યાએ તમે હોત તો શું કરત?
૪. મગર જો માણસ હોત તો તમે એને તમારો મિત્ર બનાવવાનું પહેલેથી જ પસંદ કરત ખરા? કે વાંદરાની જેમ તેના વિશ્વાસઘાતી સ્વભાવની જાણ થયા પછી જ મિત્રતા છોડત?
૫. તમે વાંદરાની મિત્રતા કરવાનું પસંદ કરો? શા માટે?
૬. વાંદરાની યુક્તિ સફળ ન થઇ હોત તો? એણે પછી બીજી કઇ યુક્તિ છૂટવા માટે વિચારી હોત?
૭. પત્ની તરીકે મગરીની વિશેષતા કઇ ગણાય?

વિદ્યાર્થીઓની કલ્પના શક્તિને છૂટો દોર મળે. ઉપરાંત વિદ્યાર્થીઓએ લખાણમાં વપરાઇ હોય તેના કરતાં જુદા પ્રકારની ભાષા વાપરવી પડે. લખાણમાંનું હાર્દ કે તાત્પર્ય સમજી વિચારીને રજૂ કરવું પડે, એવા પ્રશ્નો પૂછવાથી વાંચન–આકલન બરાબર થયું છે કે કેમ તે સમજી શકાય.

ભાષા શિક્ષણની પ્રક્રિયાનો મુખ્ય આધાર વિદ્યાર્થીઓની અર્થગ્રહણ, અર્થઘટન અને આકલન ક્ષમતા ઉપર રહેલો છે, શિક્ષકે આ બાબતનો ખ્યાલ અધ્યયન અધ્યાપનપ્રક્રિયા દરમિયાન રાખવો જોઇએ.

ટૂંકમાં કહીએ તો કોઇપણ સામગ્રી વાંચતી વખતે સૌ પ્રથમ ચિત્તમાં વિચાર પ્રક્રિયા ચાલે છે. તેને વાચક કેટલી સભાનતાથી અવલોકી, તપાસી, ચકાસી શકે છે તેના ઉપર વાંચન–પ્રક્રિયાની સફળતાનો આધાર રહે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**પ્રશ્ન ૧. ધોરણ – ૫ માં પાંચ બાળકો માન્ય ભાષામાં સ્પષ્ટ વાંચન કરી શકતાં નથી. આ બાળકોના વાંચન કૌશલ્યના વિકાસ માટે તમે શું શું કરશો?**

**પ્રશ્ન ૨. નીચે આપેલ ફકરો વાંચીને જવાબ આપો.**

એક ભૂલની સજા હું આજ લગી ભોગવી રહ્યો છું. ભણતરમાં અક્ષર સારા લખવાની જરૂર નથી એવો ખોટો ખ્યાલ મારામાં ક્યાંથી આવ્યો એ હું જાણતો નથી, પણ છેક વિલાયત જતાં સુધી એ રહ્યો, પછી અને મુખ્યત્વે કરીને દક્ષિણ આફ્રિકામાં જ્યાં વકીલોના અને દક્ષિણ આફ્રિકામાં જન્મેલા અને ભણેલા નવયુવકોના મોતીના દાણા જેવા અક્ષરો જોયા ત્યારે હું લજવાયો અને પસ્તાયો. મેં જોયું કે નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણવી જોઇએ. મેં મારા અક્ષર પાછળથી સુધારવા પ્રયત્ન કર્યો, પણ 'પાકે ઘડે કાંઇ કાંઠા ચડે?' જુવાનીમાં જેની મેં અવગણના કરી તે હું આજ લગી નથી જ કરી શક્યો. દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે અને સમજે કે સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે. સારા અક્ષર શીખવાને સારું લેખનકળા આવશ્યક છે. હું તો એવા અભિપ્રાય ઉપર પહોંચ્યો છું કે બાળકોને લેખનકળા પ્રથમ શીખવવી જોઇએ.

- **ગાંધીજી**

**નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય  વિકલ્પ પસંદ કરીને આપો :**

૧. ગાંધીજીને કઇ ભૂલની સજા પોતે ભોગવી રહ્યા હોય એવું લાગે છે?

(ક) ભણવામાં સારા અક્ષર લખવાની જરૂર નથી.

(ખ) ભણતરમાં વાંચવું ને જ્ઞાન મેળવવું એ જ મહત્વનું છે.

(ગ) હ્રદ્ધયની કેળવણી એ જ ખરી કેળવણી.

(ઘ) ભણવાની સાથે રોજી રોટી મળે તેવું કામ કરવું જોઇએ.

૨. ગાંધીજી શું જોઇને લજવાયા ને પસ્તાયા?

(ક) પરદેશમાં ગુજરાતીઓની સ્થિતિ જોઇને.

(ખ) પરદેશમાં ગુજરાતીઓના ઉધ્યમ અને ખંત જોઇને.

(ગ) પરદેશમાં ગુજરાતીઓની સમૃદ્ધિ જોઇને.

(ઘ) પરદેશમાં નવયુવકોના મરોડદાર અક્ષર જોઇને.

૩. 'પાકે ઘડે કાંઇ કાંઠા ચડે' કહેવતનો શો અર્થ થાય?

(ક) અશક્ય શક્ય ન બને.

(ખ) સ્વભાવ બદલવો મુશ્કેલ છે.

(ગ) લાંબો સમય વીતી ગયા પછી પરિસ્થિતિ ન સુધરે.

(ઘ) અમુક વખત વીતી ગયા પછી પરિવર્તન આવે છે.

૪. ગાંધીજી વિદ્યાનું આવશ્યક અંગ કોને ગણે છે?

(ક) શ્રમ (ખ) સારાઅક્ષર (ગ) સેવા (ઘ) પ્રાર્થના

૫. શિક્ષણના આરંભમાં બાળકને શું શીખવવું જોઇએ?

(ક) કક્કો (ખ) આંક (ગ) લેખનકળા (ઘ) વાંચન

૬. આ ફકરાને શું શીર્ષક આપી શકાય?

(ક) લેખન કળાની જરૂરિયાત (ખ) સારા અક્ષરની જરૂરિયાત નથી

(ગ) ભૂલ અને તેની સજા (ઘ) ‘નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે’

**પ્રશ્ન ૩. આજથી એકસો દસ વરસ પહેલાં દાનાભાઇ શાળામાં દાખલ થયા. એક પણ નાપાસ થયાવિના તે એકવીસમા વરસે મેટ્રિક પાસ થયા ત્યારે પ્રથમ વિશ્વ યુદ્ધનો આરંભ થયો હતો.**

૧. દાનાભાઇનો જન્મ કઇ સાલમાં થયો હશે? ___________________

૨. દાનાભાઇ કઇ ઉંમરે શાળામાં દાખલ થયા હશે? _________________

૩. પ્રથમ વિશ્વયુદ્ધ કઇ સાલમાં શરૂ થયું હશે? ___________________

**૧.૬ ગ્રહણશક્તિ (અર્થગ્રહણ અને અર્થઘટન) :**

**અર્થઘટન :**

પદાર્થની કોઇ પરિસ્થિતિ રૂપે કે પરિસ્થિતિઓના સરવાળા રૂપે અનુભવ સ્થિર થાય છે. ‘પાંદડું’ કહેતાંની સાથે તેનું લીલાપણું, તેનો આકાર, તેનું ઝાડ ઉપર હોવું કે તેનો ઝાડ સાથેનો સંબંધ વગેરે પરિસ્થિતિઓ ચિત્તમાં ફરીથી જન્મે છે.શબ્દોનું કે વાક્યનું અર્થગ્રહણ અને અર્થઘટન દરેક વ્યક્તિ પોતાના પૂર્વાનુભવોના આધારે કરે છે. શબ્દોનો અર્થ શબ્દમાં નથી પણ વ્યક્તિના ચિત્તમાં રહેલો છે. સ્પષ્ટ, ચોક્કસ અર્થગ્રહણ અને અર્થઘટન માટે શબ્દની કે વાક્યની સ્પષ્ટતા ખૂબ જરૂરી છે.

કોઇ પણ ગદ્ય કે પદ્યની કૃતિમાં અપરિચિત શબ્દો હોય છે. જેનો અર્થ વિદ્યાર્થી કઇ રીતે સમજી શકે? શબ્દોનો અર્થ અને કૃતિના હાર્દને કેવી રીતે સમજાવી શકાય તેની યુક્તિ, પ્રયુક્તિઓથી વાકેફ થઇએ. આપણને શબ્દનો અર્થ કઇ રીતે સમજાય છે? સમાજવ્યવહારમાં તેના વપરાશના આધારે જે શબ્દ વ્યવહારમાં વપરાય છે તે બધા વ્યવહારો તેનો અર્થ બની જાય છે. ઉદા : ટિકિટ, તેનો અર્થ : બસમાં કે ટ્રેનમાં મુસાફરી કરવા ખરીદેલો છાપેલો કાગળનો નાનો ટુકડો ટિકિટ તરીકે ઓળખાય છે. સિનેમા, નાટક કે સરકસ જોવા જવું હોય ત્યારે પણ પૈસા આપી એવો એક કાગળનો નાનો છાપેલો ટુકડો ખરીદવો પડે છે. જુદા–જુદા વ્યવહારના આધારે સમજી શકાય કે ક્યાંક આવવા, જવા કે પ્રવેશ મેળવવા, મુસાફરી કરવા, કે ટપાલમાં કશુંક મોકલવા નક્કી કરેલી રકમ તેની સામે મળતો કાગળનો છાપેલો નાનો ટુકડો તે ટિકિટ. કોશમાં જોઇએ તો ‘પ્રવેશના પરવાનાની કાપલી, ચૂંટણીમાં પક્ષ તરફથી ઉભા રહેવાનો પરવાનો’ એવો અર્થ અંગ્રેજી ગુજરાતી કોશમાં ‘પ્રવેશવા, જવા તથા મોકલવા પરવાનાનો કાગળ કે પૂંઠાનો કકડો’ એવો અર્થ આપ્યો છે. સમજી શકાશે કે અંગ્રેજી કોશ રચનાર ‘ટપાલની ટિકિટ’ નો વપરાશ અને ‘સાર્થ’ ગુજરાતી જોડણીકોશ રચનાર ‘ચૂંટણીમાં પક્ષ તરફથી ઉભા રહેવાનો પરવાનો’ એવો વપરાશ આપવાનું ચૂકી ગયા છે. કદાચ એવું પણ બન્યું હોય કે ‘ચૂંટણીમાં પક્ષ તરફથી ઉભા રહેવાનો પરવાનો’ તે ટિકિટ એવો વપરાશ પાછળથી શરૂ થયો હોય. ‘પોલિસ

ટિકિટ પકડાવે' ત્યાં વળી નવો જ અર્થ થાય.

શબ્દ સાંભળીને, એ શબ્દ ક્યાં–ક્યાં વપરાય છે તેના પૂર્વાઅનુભવો યાદ કરીને, તે અનુભવો સાથે સંકળાયેલો તે શબ્દનો વપરાશ સમજીને જે સમજણ તારવીએ તે અર્થ એટલે શબ્દના સમાજવ્યવહારમાં થતા વપરાશ વિશેની સમજણનો સરવાળો એમ કહી શકાય.

આપણે શબ્દોના અર્થને આ રીતે સમજીએ છીએ ખરા? સમજીએ તો છીએ પણ એ સમજણ એ શબ્દના વ્યાપક વપરાશની સમજણના આધારે કેળવાઇ હોય છે. બધા ભાવક અને વાચક માટે આવું શક્ય ન પણ બને, એટલે કોઇ એવું વાક્ય વપરાયેલું જુએ કે સાંભળે કે એમને હાર્ટ–એટેક આવ્યો, જાણે ઇશ્વરે અંતિમ યાત્રાની ટિકિટ મોકલી આપી. અહીં 'હાર્ટ–એટેક' એટલે 'અંતિમ યાત્રાની ટિકિટ' એમ 'ટિકિટ' નો અર્થ વિસ્તાર પામ્યો એટલે કે અર્થઘટન થાય. આ 'ટિકિટ' શા માટે તેનો અર્થ સમજવો પડે. એટલે શિક્ષક તરીકે આપણે શબ્દોના વપરાશને સમજવા પડે અને તેની મદદથી શબ્દોના જુદા જુદા અર્થોને સમજવા પડે. 'સાર્થ' ગુજરાતી જોડણીકોશમાંથી થોડાં ઉદાહારણ જોઇએ.

'ખાડો' શબ્દ વિશે 'સાર્થ' ગુજરાતી જોડણીકોશમાં નીચેની માહિતી મળે છે.

ખાડો પું.ખાધરો; જમીનમાં ખોદાણ (૨) ખોટ; નુકસાન (ખાડામાં ઉતારવું/ ખાડામાં નાખવું), નુકસાનમાં ઉતારવું, (૨)પાયમાલ કરવું, ખાડામાં પડવું, ભૂલ કરવી. હવે આ માહિતીની મદદથી 'ખાડો' નો અર્થ આપણને સમજાયો ખરો? એ તો સારું છે કે આપણે અનેક 'ખાડા' જોયા અનુભવ્યા છે. તેથી આ માહિતી વિના પણ 'ખાડા' શબ્દનો અર્થ આપણને આવડે છે. ખાડો એટલે ખાધરો કહેવાથી શું સમજાયું? જમીનમાં ખોદાણ માત્ર કર્યું હોય અને માટી કાઢી ન લીધી હોય તો એને ખાડો કહેવાય એવો સવાલ અત્યાર સુધી કોઇને ન સૂઝયો એટલે લગભગ એંસી વરસથી આ અર્થ સ્વીકારાયો છે પણ કોઇ પૂછે કે 'કોદાળી, ત્રિકમ કે પાવડાથી અથવા આખરે ખૂરપીથી જમીનમાં માત્ર ખોદાણ કર્યું હોય તેને જ ખાડો કહેવાય? (સાર્થ ગુજરાતી જોડણીકોશમાં ખૂરપી એટલે ખરપડી એવો અર્થ આપ્યો છે અને ખરપડી એટલે ખરપવાનું એવો અર્થ આપ્યો છે. વળી ખડ(૨)પવું એટલે ખોતરી ઉખેડી કાઢવું સોરવું. એવો અર્થ આપ્યો છે. આ બધાં અર્થોની મદદથી 'ખૂરપી'નો અર્થ સમજાય) વળી જે બીજા બે અર્થ આપ્યા છે. ખોટ અને નુકસાન તે લાક્ષણિક અર્થ છે, જે લાક્ષણિક છે એનો ઉલ્લેખ કોશમાં નથી. વધુમાં ખાડો જમીનમાં જ હોય? એવો સવાલ કોઇના મનમાં ઉદ્દભવી શકે? ખાડો તો ભીંતમાં પણ હોય, ઝાડમાં પણ હોય, (કયારેક પેટમાં, માથામાં, ગાલમાં પણ હોય, ઘા પડવાથી શરીરના કોઇ અંગમાં પણ ખાડો પડી શકે)

આ ઉપરથી સમજાશે કે પર્યાયો કે સમાનાર્થી શબ્દો આપવાથી અર્થગ્રહણ ચોકસાઇથી સરળ રીતે થતું નથી. 'ખાડો' શબ્દ સમજાવવા 'ખાડા'નું ચિત્ર બતાવી દેવાય પણ ચિત્ર ન બતાવાય તો શબ્દચિત્ર પણ ખડું કરી શકાય. 'સપાટીનો થોડોક અંશ કે ભાગ સપાટી કરતાં કોઇ પણ કારણે થોડો અંદર હોવાથી જણાતું ઊંડાણ તે ખાડો એમ સમજૂતી આપવાથી 'ખાડો' એટલે શું તેનું અર્થગ્રહણ સરળ રીતે થઇ શકે. 'ખાડામાં ઉતરવું–નુકસાન થવું, ખાડો પૂરવો – નુકસાન સરભર કરવું, પેટનો ખાડો ભરવો કે પૂરવો – ભોજન કરવું' જેવા રૂઢિપ્રયોગો ચલણી બન્યા છે તે પણ સમજાવી શકાય.

હવે જોઇએ કે ખાડાનું ચિત્ર બતાવી શકાય કે વાસ્તવમાં હોય તે બતાવી શકાય પણ ભાઇબંધ, પ્રેમ જેવા શબ્દોના અર્થને કેવી રીતે સમજાવીશું? (પ્રેમ ભાવવાચક છે જેનો સંબંધ હેત, પ્રીતિ, સ્નેહ સાથે છે.)

'સાર્થ' ગુજરાતી જોડણીકોશમાં 'ભાઇબંધ' શબ્દની માહિતી નીચે મુજબ આપી છે.

ભાઇબંધ પું. મિત્ર. હવે મિત્ર શબ્દ જુઓ તો ત્યાં લખ્યું છે – મિત્ર પું. (સં) ભાઇબંધ (૨) સૂર્ય

આ ઉપરથી એટલું સમજાય છે કે ભાઇબંધ એટલે મિત્ર અને મિત્ર એટલે ભાઇબંધ. અંગ્રેજી માધ્યમમાં ભણતાં બાળકોને સમજાવવામાં આવે છે કે ભાઇબંધ એટલે Boyfriend પણ આથી ભાઇબંધનો જે ખરેખરો ગુજરાતી અર્થ છે તે સમજાતો નથી. 'ભાઇની જેમ બંધાયેલો તે ભાઇબંધ' – ભાઇની જેમ ખાવામાં, પીવામાં, હરવામાં, ફરવામાં, ભણવામાં, રમવામાં અને ભાતભાતનાં પરાક્રમ કરવામાં સાથે હોય, જાણે કે બંધાયેલો હોય તે ભાઇબંધ. આ અર્થગ્રહણ ઉપરાંત અર્થઘટન પણ ગણાય. હવે ગુજરાતી છોકરીઓના પણ જો ભાઇબંધ હોય તો તે Boyfriend ન હોય, ખરેખર ભાઇબંધ હોય. ગુજરાતી છોકરી તો એને દર બળેવે રાખડી પણ બાંધે અને ભાઇબીજના દિવસે જમવા પણ બોલાવે. Boyfriend કહેતાં જુદા જ સંબંધો સમજાય પણ ભાઇબંધ કહેતાં જુદા જ સબંધો સમજાય. આ ઉપરથી સમજાશે કે ભાઇબંધ એટલે મિત્ર એમ કહી દેવાથી ગુજરાતી સંસ્કાર કે ગુજરાતી સમાજની પરંપરામાં ભાઇબંધનો જે વ્યાપક અર્થ થાય છે તેની સ્પષ્ટતા જરાપણ થતી નથી.

આ ઉપરથી સમજાશે કે શબ્દનું અર્થગ્રહણ સ્પષ્ટ રીતે થાય તે માટે શબ્દોના વપરાશની સમજૂતી આપવાનો પ્રયાસ કરવો જોઇએ. નોંધી શકાય કે અર્થગ્રહણનો કલ્પના, તર્ક અને પૂર્વાનુભવને આધારે જ્યારે વિસ્તાર થાય ત્યારે અર્થઘટન થાય. આ રીતનું સ્પષ્ટ, ચોકસાઇપૂર્વકનું, સમજપૂર્વકનું અર્થગ્રહણ અને અર્થઘટન એ ભાષાપ્રભુત્વનો પાયો છે અથવા મુખ્ય આધારસ્તંભ છે.

શબ્દોના અર્થને ચોકસાઇથી સમજવામાં આવે તો જ ભાષાના વાસ્તવિક વપરાશ સમયે યોગ્ય સ્થળે યોગ્ય શબ્દ વાપરી શકાય.

**અવાજમાંથી અર્થ પકડવો :**

- ગીતની ધૂન પરથી ગીતના શબ્દો પડકવા.
- રમત અંગેની ધૂન પરથી સંકેત પકડવો.
- આક્રમક પરિસ્થિતિમાં પશુ–પ્રાણી દ્વારા થતા અવાજનું અર્થઘટન તારવવું.
- માનવના હકારાત્મક– નકારાત્મક ધ્વનિકરણનું તેમજ ધ્વનિયુક્ત આલાપ–પ્રલાપનું શાબ્દિક અર્થઘટન આપવું.
- તાલબદ્ધ થતું તબલાવાદન કે સૂરબદ્ધ થતું વાજિંત્રવાદનમાંથી શબ્દો તાલ, સૂર પકડાવી શકીએ.

કોઇપણ કૃતિના લખાણ પાછળ કાંઇક હેતુ, ઇરાદો કે આશય હોય અથવા લેખકનું દ્રષ્ટિબિન્દુ હોય. લખાણનું એ કથયિતવ્ય અથવા હાર્દને સમજવું એટલે આકલન, અર્થગ્રહણ અને અર્થઘટન.

૧. દરેક પરિચ્છેદમાં લેખકે કયા મુદ્દાને રજૂ કર્યો? કઇ કઇ માહિતી છે?

૨. આ મુદ્દાને રજૂ કરવા કેટલાક શબ્દો અને વાક્યો વાપરવામાં આવ્યા છે.

૩. એમાંથી કયા શબ્દ અથવા વાકય ન હોય તો ચાલે?

૪. કયા શબ્દ અથવા વાકયને બીજી સરળ રીતે કહી અથવા રજૂ કરી શકાય?

૫. કયા શબ્દ અથવા વાકયને પરસ્પર સાંકળી શકાય?

૬. છેલ્લે આખા પરિચ્છેદની પોતાના શબ્દોમાં કઇ રીતે પુનર્રચના કરી શકાય?

ઉદા : વણજોઇતું વાપરવું અથવા મળતી સગવડનો દુરુપયોગ એટલે હિંસા એ ગાંધીજીએ શીખવ્યું.પોતે રેલવેનાં બે ખાનાંની સગવડ ભોગવે અને બીજા મુસાફરો લટકીને મુસાફરી કરે એ હિંસા ગણાય મળતી સગવડનો સાવ ખપપૂરતો ઉપયોગ અહિંસાપાલનનો પાયો છે તે પાઠ મનુબહેનને શીખવા મળ્યો. (**એકમ** – બે ખાનાનો પરિગ્રહ)

પાઠયપુસ્તકમાંથી નાના–નાના પરિચ્છેદમાંથી સારલેખન કે સંક્ષેપીકરણ કરાવીને અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા દરમિયાન નીચે મુજબના અન્ય મહાવરા આપી શકાય.

- **પરિચ્છેદ :**

માણસમાં જ્યારે યાચનાવૃત્તિ જાગે છે ત્યારે તેનું તેજ, ખુમારી અને વ્યક્તિત્વ ઢીલુંઢસ થઇ જાય છે તેનો 'મને પ્રતિક્ષણ અનુભવ થવા લાગ્યો. લગભગ દોઢ માઇલના રસ્તા ઉપર કેટલાંય માણસો સામે મળ્યાં. મેં સૌને નિહાળ્યાં, પણ કોઇની પાસે અઢી આના માગી શક્યો નહિં. બિહારીજીનું મંદિર હવે નજીક આવી ગયું હતું. મને થઇ ગયું કે હું અઢી આના માગી શકીશ નહિ અને પુસ્તક વિના ભણી શકીશ નહિં. નિરાશા વધી ગઇ હતી. તેવામાં મારી દ્રષ્ટિ રોડ ઉપર બેસીને ટોપલામાં ફળો વેચતા એક માણસ ઉપર પડી. કોઇ અગમ્ય પ્રેરણાથી હું તેની પાસે ગયો. મારી હથેળીમાં રાખેલા આઠ આના તેને બતાવ્યા અને કહ્યું, 'મારે એક સંસ્કૃત પુસ્તક જોઇએ છે. અઢી આના ખૂટે છે. જો તમે મને આપશો તો હું તમને જ્યારે મને મળશે ત્યારે પાછા આપી દઇશ. પણ જો નહિં મળે તો નહિં આપું' (૧૨૯ શબ્દો)

- **સંક્ષેપીકરણ :**

યાચનાવૃત્તિ માણસનું તેજ ખુમારી ઢીલુંઢસ કરે. દોઢમાઇલના રસ્તે અનેક માણસો મળવા છતાં કોઇ પાસે કશું માગ્યું નહીં. બિહારીજીનું મંદિર આવતાં થયું કે અઢી આના નહીં માંગી શકું તો પુસ્તક વિના ભણાશે કેમ? તેવામાં ફળો વેચતો ફેરિયો દેખાયો. સૂઝયું કે આની પાસે માગું. આઠ આના બતાવી તેને કહ્યું, એક સંસ્કૃત પુસ્તક ખરીદવા સાડા દસ આના જોઇએ છે. તમે અઢી આના આપશો તો મળશે ત્યારે પાછા આપી દઇશ. (૬૬ શબ્દો)

**સંક્ષેપીકરણ :**

યાચનાવૃત્તિ માણસને ઢીલોઢસ બનાવે. દોઢ માઇલના રસ્તે કોઇપણ પાસે કશું મગાયું નહીં. થયું કે પુસ્તક વિના ભણાશે કેમ? તેવામાં ફળો વેચનારને જોતાં કહ્યું, 'મારે એક સંસ્કૃત પુસ્તક ખરીદવું છે આઠ આના છે પણ અઢી આના ખૂટે છે, તમે આપશો તો મળશે ત્યારે પાછા આપી દઇશ. (૪૫ શબ્દો)

પ્રથમ પરિચ્છેદમાં ૧૨૯ શબ્દોમાં પ્રસંગની વાત રજૂ થાય છે. જ્યારે બીજા અને ત્રીજા પરિચ્છેદમાં એ જ પરિચ્છેદનો સાર અનુક્રમે ૬૬ શબ્દોમાં અને ૪૫ શબ્દોમાં રજૂ કરી શકાય છે. આ ગ્રહણશક્તિ અને અર્થઘટન માટેની ઉત્તમ પ્રવૃત્તિ છે. વિદ્યાર્થીઓના અર્થગ્રહણ અને અર્થઘટન વિકાસ માટે શિક્ષકે આ પ્રકારના પરિચ્છેદ આપીને મહાવરા પૂરા પાડવા જોઇએ.

## તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન ૧ અર્થગ્રહણ અને અર્થઘટનનો ભેદ સ્પષ્ટ કરો.**

**પ્રશ્ન ૨ નીચેનો ફકરો વાંચીને પ્રશ્નના ઉત્તર આપો.**

બહુ શોરબકોર કરે એ જ કાંઇ ખરો દેશભક્ત નથી. સેવક તો મૂંગુ કાર્ય કરે ને કાર્યના પરિણામથી પોતાની સેવાજાહેરમાં લાવે. ગમે તેવો સેવક હોય છતાં તેણે જબાન બંધ રાખતાં શીખવું જોઇએ. એ જો જબાન બંધ ન રાખે તો તેનું કાર્ય નિષ્ફળ જવાનું. માત્ર બોલવાથી કશું કાર્ય થતું નથી. કામથી જ માણસે પોતાની શક્તિ પૂરવાર કરવાની છે. જો કોઇ કાર્યકર્તા મૂંગો હશે તો પણ તેનું કાર્ય તેને પ્રકાશમાં લાવશે. એ બોલે કે ના બોલે છતાં તેનું કાર્ય તરત જ પોકારી ઊઠશે. પ્રસંગે પ્રસંગે બોલી ઊઠનાર માણસની કશી કિંમત નથી. એવા માણસો કેટલીક વાર નુકસાન પણ કરી બેસે છે. પ્રસંગ વિના બોલનાર માણસો તરફ કોઇ ઝાઝું લક્ષ પણ નથી આપતું. વક્તાબાજી કરતાં રચનાત્મક કાર્ય કરનાર ખરો સેવક છે.

**નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને આપો.**

૧. દેશભક્તે બોલવાની બાબતમાં શી કાળજી રાખવી જોઇએ?

(ક) ભાષણો કરીને તેણે લોકોને તૈયાર કરવા જોઇએ. આ કાળજી એણે રાખવી જોઇએ.

(ખ) બોલવાની બાબતમાં 'બોલે એનાં બોર વેચાય' એ સૂત્ર એણે યાદ રાખવું.

(ગ) એ શોરબકોર ન કરે ને માત્ર મૂંગુ કાર્ય કરતો રહે એ કાળજી એણે રાખવી જોઇએ.

(ઘ) બોલીને નહિં પણ છાપાં દ્વારા પોતાની કામગીરી બતાવતો રહે.

૨. 'માત્ર બોલવાથી કશું કાર્ય થતું નથી' ને માટે કહેવત આપવી હોય તો કઇ આપી શકાય?

(ક) નવ બોલવામાં નવ ગુણ (ખ) વિચારીને ચાર ઉચ્ચારણ વાણી

(ગ) વણબોલાયું બોલે એ તણખલાની તોલે (ઘ) સબસે બડી ચૂપ

૩. વક્તાબાજી માટે નીચેનામાંથી કયો અર્થ વધુ બંધ બેસે?

(ક) દલીલબાજી (ખ) ભાષણખોરી (ગ) રચનાત્મક કાર્ય (ઘ) સંભાષણકળા

૪. આખા ફકરાનો મુખ્ય વિચાર શો છે?

(ક) કહેવા કરતાં કરી બતાવવું વધુ ઉત્તમ

(ખ) ન બોલાયું બોલે એ તણખલાની તોલે

(ગ) કામ કરો પણ બણગાં ન ફૂંકો

(ઘ) મૂંગા કામ કરો અને એના પરિણામને જ બોલવા દો.

૫. ફકરાને કયું શીર્ષક આપી શકાય?

(ક) ખરો દેશ ભક્ત

(ખ) આચાર વિનાની વાણી નિરર્થક છે.

(ગ) રચનાત્મક કાર્ય એ જ ખરી સેવા

(ઘ) બોલે એના બોર વેચાય

પ્રશ્ન ૩. નીચે આપેલ ટિકિટનું વાંચન કરીને પ્રશ્નોના ઉત્તર આપો.

GSRTC

AMBAJI DEPO
No : 054441 09/12/13 09:53:44
GURJARNAGRI
BARODA --- AHMEDABAD
TOT DISTANCE : 113 KMS
TOLL : 5.00 INS : 0.00 HR : 0.00
FULL : 1 X 99.00 = 99.00
RS. 99.00

૧. ટિકિટ કયા રાજ્યની છે? .............

૨. ટિકિટ કયા બસ ડેપોની છે?.....................

૩. ટિકિટ કયા સ્થળેથી કયાં જવાની છે?...................

૪. કુલ કેટલા કિ.મી. નું અંતર છે?......................

૫. કઇ તારીખે કેટલા વાગે મુસાફરી કરેલ છે?..................

૬. ટિકિટનો નંબર કયો છે?...........................

૭. કુલ કેટલી વ્યક્તિએ મુસાફરી કરેલ છે?.......................

૮. ટિકિટનું ભાડુ કેટલા રૂપિયા છે?........................

પ્રશ્ન ૪ નીચેનો ફકરો વાંચીને પ્રશ્નોના ઉત્તર આપો.

પરાગ પરીક્ષામાં નાપાસ થયો, તે ખૂબ નિરાશ થયો. તે ભારે હૈયે ઘરે ગયો. તેનું પરિણામ જોતાં તેના પપ્પા રાતાપીળા થઇ ગયા. તેમણે પરાગનો ઉધડો લીધો. આ દ્રશ્ય જોઇને તેની મમ્મીનું હૈયું ભરાઇ આવ્યું. પરાગના દાદાએ પરાગને સમજાવ્યો. દાદાની વાત પરાગના ગળે ઉતરી ગઇ. પરાગના પપ્પાને પોતાની ભૂલ સમજાઇ ગઇ. તેમણે પરાગને હૃદય સરસો ચાંપ્યો. પરાગે અભ્યાસમાં તનતોડ મહેનત કરવા માટે પાણી લીધું. બા ખુશ થઇને બોલ્યા, “આજે તારી આંખો ઉઘડી ખરી”

૧. ફકરામાં કુલ કેટલાં રૂઢિપ્રયોગનો ઉપયોગ થયો છે?........

૨. પ્રતિજ્ઞા લીધી તે માટે કયો શબ્દ વપરાયો છે?...............

૩. રાતાપીળા થઇ જવું રૂઢિપ્રયોગનો શો અર્થ થાય?...........

૪. પરાગને ધમકાવ્યો તે માટે કયો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે?........

૫. મમ્મીનું હૈયું શાથી ભરાઇ આવ્યું?................

પ્રશ્ન ૫ નીચેનો ફકરો વાંચીને પ્રશ્નોના ઉત્તર આપો.

શાળાનો ઘંટ વાગ્યો, શાળાનાં બધાં બાળકો દફતર લઇને ઘરે જવા લાગ્યાં. મીનાની મમ્મી તેને ઘેર લઇ જવા આવી હતી. જ્યારે તેઓ ઘરે પહોચ્યાં ત્યારે જોયું તો તેની બહેનપણી ગીતા તેની રાહ જોતી હતી. ગીતાએ મીનાને કહ્યું, ચાલને રમવા જઇએ.

૧. શાળાનો ઘંટ વાગ્યો પછી મીના ક્યાં ગઇ?

(ક) બગીચામાં (ખ) તેના ઘરે (ગ) તેનાં માસીના ઘરે (ઘ) ગીતાના ઘરે

૨. ગીતા કોણ હતી?

(ક) મીનાની બહેન (ખ) મીનાની શિક્ષિકા (ગ) મીનાની મમ્મી (ઘ) મીનાની બહેનપણી

==========================================================

સંકેત ક્રિએશન

ન્યૂ. માર્કેટ, બાગબાન ગલી પાસે, ઢાલગરવાડ, અમદાવાદ – ૧

પંજાબી સૂટ તથા લેડીઝ ડ્રેસ મટિરિયલ્સ તથા નાની સાઇઝમાં ફેન્સી પંજાબી સૂટ મળશે.

નં: ૬૫ તારીખ : ૨૭-૧૦-૨૦૧૩

નામ : ભારતીબેન રમણલાલ માળી

| અ.નં. | વિગત | જથ્થો | કિંમત | ચૂકવવાની રકમ | |
|---|---|---|---|---|---|
| | | | | રૂ. | પૈસા |
| ૧ | સાર્ટિન ડ્રેસ મટિરિયલ્સ | ૧ | ૮૦૦ | ૮૦૦ | ૦૦ |
| ૨ | સિફોન – ઓઢણી | ૨ | ૧૦૦ | ૨૦૦ | ૦૦ |
| ૩ | કોટન ડ્રેસ મટિરિયલ્સ | ૧ | ૪૩૫ | ૪૩૫ | ૦૦ |
| શબ્દમાં : | એક હજાર ચારસો પાત્રીસ પૂરા | | કુલ | ૧૪૩૫ | ૦૦ |

Fixed Rate(એકજ ભાવ)

વેચેલો માલ અઠવાડિયા સુધીમાં જ બદલી આપવામાં આવશે.

શુક્રવાર ૧૨.૪૫ થી ૧.૪૫ વેચાણ બંધ. રવિવારે રજા રહેશે.

સંકેત ક્રિએશન

==========================================================

બિલનો અભ્યાસ કરીને નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

૧. માલ વેચાણ આપનારનું નામ લખો ____________________

૨. માલ લેનારનું નામ લખો ________________________

૩. કુલ કેટલા રૂપિયાનો માલ ખરીદ્યો છે? ________________

૪. માલમાં કઇ કઇ વસ્તુઓની ખરીદી કરી છે? ________________

૫. બિલનંબર અને તારીખ જણાવો. __________________

૬. વેચાણ ક્યારે બંધ હોય છે?__________________

૭. કયા વારે દુકાન બંધ હોય છે? ________________

## ૧.૭ અભિવ્યક્તિ :

ભાષાવપરાશમાં અભિવ્યક્તિ દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વની ચોક્કસ છબી પ્રગટ થાય છે, વ્યક્તિ પોતાના મનમાં ઉદ્ધભવતા વિચારો, મંતવ્યો, લાગણીઓ અને સંવેદનોને અભિવ્યક્તિ દ્વારા

વ્યક્ત કરે છે. પ્રત્યાયન એ આદાન–પ્રદાનની પ્રક્રિયા છે. પ્રત્યાયન એ પોતાની વાત, વિચાર અને અનુભવને પરસ્પર પહોંચાડવાનું માધ્યમ છે. બાળકની શારીરિક જરૂરિયાતો પણ તેને બોલવાની, અભિવ્યક્ત થવાની પ્રેરણા પૂરી પાડે છે. અભિવ્યક્તિના ક્ષેત્ર સાથે મૌખિક (કથન) અને લેખન કૌશલ્ય સંકળાયેલાં છે.

વાણીમાં અદભૂત શક્તિ રહેલી છે. મધુર અને પ્રિયવાણી ચારે તરફ સુખ–શાંતિ લાવે છે, જયારે કઠોર અને કટુવાણી ચારેબાજુ અશાંતિ ફેલાવે છે. લોકશાહી સમાજરચનામાં તો અભિવ્યક્તિ કૌશલ્યનું મહત્વ અનેક ગણું છે. અબ્રાહમ લિંકને લોકશાહીની વ્યાખ્યા આ રીતે કરી છે ‘લોકશાહી એટલે લોકોની, લોકો માટે, લોકો વડે ચાલતી શાસનપ્રણાલી’ લોકશાહી સમાજવ્યવસ્થામાં દરેક નાગરિકને વાણીસ્વાતંત્ર્યનો અધિકાર છે. અભિવ્યક્તિ કૌશલ્ય ન વિકસ્યું હોય તો વ્યક્તિ આ અધિકારનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકે નહિ. આથી જ લોકશાહી સમાજરચનામાં અભિવ્યક્તિ કૌશલ્યની ખિલવણીને અગ્રિમતા આપવામાં આવી છે. વ્યક્તિના વ્યાવસાયિક વિકાસનો આધાર પણ અભિવ્યક્તિ કૌશલ્ય પર રહે છે. ભાષાશિક્ષણમાં અર્થગ્રહણ અને અભિવ્યક્તિ એકબીજાનાં પૂરક છે.

અભિવ્યક્તિનું કૌશલ્ય કેટલીક વખત ઘણું જાણનાર કરતાં ઘણું અનુભવનાર પાસે વધુ જોવા મળે છે. શિક્ષક માટે ફક્ત અભિવ્યક્તિ નહીં પણ અભિવ્યક્તિનું કૌશલ્ય હોવું અપેક્ષિત છે. બે પ્રકારની અભિવ્યક્તિ આવશ્યક છે. (૧) શિક્ષકની વ્યક્તિગત અભિવ્યક્તિ (૨) શિક્ષકની વ્યાવસાયિક અભિવ્યક્તિ. અભિવ્યક્તિ એ વ્યક્તિગત કૌશલ્ય છે. જેને વ્યક્તિના વ્યક્તિત્વને ઘડનાર અનુભવો સાથે સંબંધ છે, શિક્ષક ભાષાકીય અભિરુચિ, વાંચન દ્વારા કેળવી શકે. ઉચ્ચારથી માંડી વાકયરચનાની રજૂઆત, રજૂઆતની ઝડપ, સ્વરભાર, યોગ્ય અવાજ જેવાં ભાષાકીય અંગોની કેળવણી શિક્ષકને વ્યવસાયલક્ષી અભિવ્યક્તિ કેળવવામાં સાર્થક નીવડે છે.

### ૧.૭.૧ મૌખિક અભિવ્યક્તિ (કથનક્ષમતા) :

મૌખિક અભિવ્યક્તિ કથન કૌશલ્ય તરીકે પણ ઓળખાય છે. અસ્પષ્ટ, અર્થહીન ઉચ્ચારણોથી આરંભાતી આ પ્રકારની વાણીવિકાસની યાત્રા મહદંશે સામાજિક વાતાવરણ, શિક્ષકો તેમજ પારિવારિક માહોલના આધારે આગળ વધે છે.

**સંકલ્પના :**

“વ્યક્તિ માત્ર પોતાના વિચારો કથન દ્વારા, ગાનથી, પ્રશ્નોના જવાબ રૂપે, વર્ણન દ્વારા, સંવાદ સ્વરૂપે રજૂ કરે તે પ્રક્રિયાને કથન પ્રક્રિયા કે મૌખિક અભિવ્યક્તિ કહેવાય”

‘વ્યક્તિ જ્યારે પોતાના વિચારોને પ્રસંગોચિત રીતે યોગ્ય ગતિ, લય, માધુર્ય, સ્પષ્ટતા સાથે સ્વાભાવિક વાણીમાં રજૂ કરે તેને મૌખિક અભિવ્યક્તિ કહેવાય.’

### ૧.૭.૨ મૌખિક અભિવ્યક્તિનું મહત્વ :

મૌખિક અભિવ્યક્તિ દ્વારા વિદ્યાર્થીનું વ્યક્તિત્વ ઘડાય છે. વાણી પરથી વ્યક્તિની પરખ થાય છે. વ્યક્તિની શબ્દ પસંદગી, રજૂઆત અને પ્રભાવક જુસ્સા સાથે રજૂ થયેલું કથન એક વિશિષ્ટ છાપ પાડે છે.

વિદ્યાર્થી માન્ય ઉચ્ચારણથી બોલે, વાતચીતમાં ક્ષોભ ન અનુભવે, ભાવવાહી રીતે બોલીને પોતાના વિચારો રજૂ કરે, મુદ્દાસર બોલે, કલ્પના શક્તિનો ઉપયોગ કરીને બોલે, યોગ્ય શબ્દોમાં તેમજ વાકયોમાં સ્વાભાવિકતાથી બોલે અને પોતાની વાણીમાં ચોકસાઇના ગુણ કેળવે તે અપેક્ષિત છે. વ્યક્તિની મૌખિક અભિવ્યક્તિ પર તેના જીવનની સફળતા કે નિષ્ફળતાનો આધાર રહેલો છે. વ્યક્તિને વિકસવા માટે, ટકી રહેવા માટે પોતાની મૌખિક અભિવ્યક્તિને સમૃદ્ધ, પ્રભાવક બનાવવી પડે.

### ૧.૭.૩ મૌખિક અભિવ્યક્તિનાં લક્ષણો :

કથન અને શ્રવણ એક સિક્કાની બે બાજુ જેવાં છે. તેથી શિક્ષકોએ ઉત્તમ અને પ્રેરક વાતાવરણ સર્જવું જોઇએ. વિદ્યાર્થીના માનસપટ પર જેવા ઉચ્ચારો, હાવભાવ ઝીલાય છે તેવું જ અનુકરણ વિદ્યાર્થીઓ કરતા હોય છે. મૌખિક અભિવ્યક્તિની તાલીમ માટે શિક્ષકે ઉત્તમ ઉદાહરણો પૂરાં પાડવાં જોઇએ.

- માન્ય અને સ્પષ્ટ ઉચ્ચારણ
- યોગ્ય ઝડપ અને સુશ્રાવ્યતા
- યોગ્ય સ્વરભાર
- વિચારોની ક્રમિકતા
- માધુર્ય અને પ્રાસાદિકતા
- યોગ્ય શબ્દોની પસંદગી

**માન્ય અને સ્પષ્ટ ઉચ્ચારણ :** માન્ય સ્પષ્ટ ઉચ્ચારણ એ સંસ્કારિતાની નિશાની છે.

ઘર છોડી શાળાએ આવતો વિદ્યાર્થી મહદંશે ‘લોકબોલી’ પ્રાદેશિક ભાષાના સંસ્કારો લઇને આવે છે. ઉદા : ચ ના સ્થાને સ ; છ ના સ્થાને શ, ચકલીને બદલે સકલી કહેશે.–રહે છે– રહેસે.

સ ને સ્થાને હ → શાક – હાક, આંધીને બદલે ઓંધી → પાણી – પોણી

સાસુ – હાહુ , શાસનાધિકારી – છાશનાધિકારી

આ સંજોગોમાં લોકબોલીના આ સંસ્કારો કે ટેવ સુધારવા તેમજ શુદ્ધ ઉચ્ચારણના સંસ્કાર પાડવા શિક્ષકે ખૂબજ ધીરજ રાખી ઘણા પ્રયત્નો કરવા પડે.

**યોગ્ય ઝડપ અને સુશ્રાવ્યતા :** પરસ્પરના વાણી વ્યવહારને અસરકારક બનાવવા વિદ્યાર્થીના ઉચ્ચારણમાં યોગ્ય ઝડપ અને સુશ્રાવ્યતા હોય તે ખૂબ જરૂરી છે. વિદ્યાર્થી સારી રીતે સાંભળી શકે તે માટે શિક્ષક પોતાનું ઉચ્ચારણ સ્પષ્ટ રીતે ખૂબ ધીમું નહિ અને અતિઝડપી પણ નહિ તે મુજબ કરે તેવો મહાવરો પૂરો પાડવો જોઇએ.

**યોગ્ય સ્વરભાર :** વિચારોની મૌલિક અભિવ્યક્તિને પ્રભાવશાળી બનાવવા શબ્દોમાં રહેલ સ્વરો પર યોગ્ય ભાર મૂકાય તે જરૂરી છે. સ્વરભારયુક્ત મૌખિક અભિવ્યક્તિ અસરકારક બને છે.

**ક્રમિકતા :** કથન દરમિયાન વ્યક્ત થતી વાતમાં કે બોલાયેલ વાકયોમાં શબ્દ સહજ આવે તેનો પૂરતો ખ્યાલ રાખવો જોઇએ. ક્રમિક શબ્દથી વાકયરચના અર્થપૂર્ણ બને છે. જો ક્રમ ન જળવાય તો કથનનો સાચો અર્થ સરતો નથી. ઉદા: 'ગાયનું શુદ્ધ દૂધ બોલાય' નહિં કે 'શુદ્ધ ગાયનું દૂધ.'

**માધુર્ય અને પ્રાસાદિકતા :** મૌખિક અભિવ્યક્તિમાં વાણીની મીઠાશ, મધુરતા આવશ્યક અંગ મનાય છે. જીવનવ્યવહારમાં સરળતા, પરસ્પરનો સુમેળ ટકાવી રાખવા વાણીમાં મધુરતા અને શબ્દવિવેક ખૂબ જરૂરી છે.

**યોગ્ય શબ્દોની પસંદગી :** વિદ્યાર્થી પોતાના સ્વાનુભવ, વિચારો અન્યની સામે સરળ રીતે રજૂ કરી શકે તે માટે તેમની પાસે યોગ્ય શબ્દભંડોળ અને કયા કયા શબ્દ વપરાય તેની તાલીમ ઉદાહરણ દ્બારા પૂરી પાડી શકાય.

### ૧.૭.૪ મૌખિક અભિવ્યક્તિ પર અસર કરતાં પરિબળો :

- **બાળકની બુદ્ધિશક્તિ :** જે વિદ્યાર્થીની બૌદ્ધિક પ્રતિભા વધુ હોય છે તે વધુ સંવેદનશીલ અને ગ્રહણશીલ હોય છે. તેવા વિદ્યાર્થીઓ વહેલાં લખતાં–વાંચતા શીખે છે.

  **પરિવારના સભ્યોનો ભાષાપ્રયોગ :** મૌખિક અભિવ્યક્તિના વિકાસમાં વિદ્યાર્થીના પરિવારજનો તેને ખૂબ સહાયક બને છે, કથન પર સહુથી વિશેષ પ્રભાવ પરિવારના સભ્યોના ભાષાપ્રયોગનો હોય છે, પરિવારના સભ્યોમાં માતા–પિતા, મિત્રવર્તુળનો સમાવેશ થાય છે.
- **પ્રેરણા–પ્રોત્સાહન :** હૂંફ અને પ્રેરક શબ્દો અભિવ્યક્તિના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. પ્રેરણા–પ્રોત્સાહન કથન કૌશલ્યના વિકાસની આધારશિલા છે, વડીલો અને શિક્ષકો દ્બારા થતી પ્રશંસા–પ્રોત્સાહિત શબ્દો તેના માટે પ્રેરણાસ્ત્રોત બની રહે છે.

  **સમૂહ માધ્યમો :** બાળકની મૌખિક અભિવ્યક્તિના વિકાસ પર રેડિયો, દૂરદર્શન અને ચિત્રપટની સારી–નરસી બંને પ્રકારની અસર જોવા મળે છે. સમૂહ માધ્યમો દ્બારા રજૂ થતા કાર્યક્રમોથી તેમનું શબ્દ ભંડોળ વિકસે છે. દૂરદર્શન પર રજૂ થતા કાર્યક્રમો, કમ્પ્યૂટર, રેડિયો પરના વાર્તાલાપો, કાવ્યગાન, ગીત વગેરેનું શ્રવણ તેમની મૌખિક અભિવ્યક્તિ પર અમીટ છાપ મૂકી જાય છે. સારાં ચલચિત્રો બાળકના માતૃભાષાના અધ્યયનને પોષક બને છે.

### ૧.૭.૫ મૌખિક અભિવ્યક્તિ(કથનપ્રક્રિયા) માં શિક્ષકની ભૂમિકા :

- બાળકને પોતાની વાત કહેવાની તક આપવી અને બાળક બોલતું હોય ત્યારે વચમાં ટોકવું નહિ.
- બાળકને વિવિધ ઘટનાઓ, ક્રિયાઓ સબંધી અનુભવો અને વર્ણન રજૂ કરવાની તક આપવી.
- બાળકો સાથે વધુ વાતચીત કરવી.
- બાળકો પૂરા વાકયમાં સ્પષ્ટ ઉચ્ચારણથી બોલે તેવા મહાવરા પૂરા પાડવા.

- બાળકની વાતને ધ્યાનથી સાંભળીને પ્રશ્નોના ઉત્તર આપવા.
- બાળકોને નાના નાના જૂથમાં એકબીજાની સાથે રમતો રમવાની અને કામ કરવાની તક આપવી. જેનાથી ભાષાનો વિકાસ સારી રીતે થઇ શકે છે.

### ૧.૭.૬ મૌખિક  અભિવ્યક્તિ વિકસાવનારી પ્રવૃત્તિઓ :

શિક્ષક વય કક્ષા અનુસાર અને અનુભવો તથા આગવી સૂઝના આધારે નીચેના જેવી પ્રવૃત્તિઓ યોજી શકે.

- વિદ્યાર્થીઓ પાસે નાની–નાની વાર્તાઓનું કથન કરાવવું (વર્ગખંડ / પ્રાર્થના સંમેલનમાં)
- દરેક વિદ્યાર્થી પોતાના કુટુંબનો પરિચય, સ્વ–પરિચય, કુટુંબના સભ્યોના વ્યવસાયની વાત વર્ગખંડમાં રજૂ કરે.
- વિદ્યાર્થી નાનાં–નાનાં જોડકણાં, કવિતા, ઉખાણાં, બાળગીત, અભિનયગીત, પ્રશ્નમંચ, વર્ગસમક્ષ કે પ્રાર્થના સંમેલનમાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રજૂ કરે.
- વિદ્યાર્થીને વિવિધ પ્રાણી, પક્ષી, વાહન, યંત્રના અવાજોના અનુકરણની રમત રમાડવી. ધોરણ ૧ થી ૮ નાં પાઠ્યપુસ્તકમાંથી વિવિધ પાત્રો વચ્ચેના સંવાદો પુસ્તકમાં જોઇને વર્ગ સમક્ષ કે રંગભૂમિ પર રજૂ કરાવવાં.
- રોલપ્લે, નાટ્યીકરણ, એકપાત્રીય અભિનય કરાવવું.
- પાઠ્યપુસ્તકમાં આવતા નવા શબ્દો કે જોડાક્ષરવાળા શબ્દોનું મોટેથી વર્ગ સમક્ષ અનુકરણ કરાવીને દ્રઢીકરણ કરાવવું.
- સમાચાર વાંચન, અંત્યાક્ષરી, શહેરના, નદીઓનાં, કે વ્યક્તિઓના નામની અંત્યાક્ષરીનું આયોજન પણ કરી શકાય.
- વિવિધ શબ્દરમત, વાક્યરમત રમાડવી.
- ધોરણ ૩ થી ૮ નાં બાળકોની વક્તૃત્વ સ્પર્ધા યોજી પ્રેરકબળ પૂરું પાડી શકાય.

### ૧.૭.૭ મૌખિક ભાષા વિકાસ :

**મૌખિકભાષા વિકાસ એટલે શું?**

મૌખિક ભાષા વિકાસ એટલે પોતાની વાત સ્પષ્ટતાથી સામેવાળાને કહેવી એટલું જ નહીં, તેમાં નાના–મોટા ઘણાં કૌશલ સંમિલિત છે. જેમકે :

- સાંભળેલી વાત ફરી કહેવી
- સાંભળવા માટે વાતચીતનો ઉપયોગ
- બીજાની વાત પર પ્રતિભાવ આપવો
- અનુમાન લગાવવું, નિષ્કર્ષ પર પહોંચવું
- મુખ્ય વિચાર પકડવો
- એકબીજાની વાત અંગે સહમતિ/ અસહમતિ વ્યક્ત કરવી
- સાંભળેલી વાત પોતાના પૂર્વજ્ઞાન સાથે સાંકળવી

- પોતાની વાત સ્પષ્ટ શબ્દોમાં કહેવી
- વાતચીતમાં નવા શબ્દોનો ઉપયોગ કરવો
- પ્રશ્ન પૂછવા
- પોતાની વાત સાચી સાબિત કરવા તર્ક રજૂ કરવો

**મૌખિક ભાષા વિકાસની જરૂર**

મૌખિક ભાષા વિકાસમાં વાત સાંભળીને, સમજીને, સ્પષ્ટતાથી અભિવ્યક્ત કરવું, અને ન સમજાય તો પ્રશ્ન પૂછવા તે બધું સામેલ છે. વર્ગમાં શિક્ષક બાળકો સાથે ચર્ચા કરે તે સંદર્ભે આ ક્ષમતા ખૂબ મહત્ત્વની છે. શરૂઆતમાં, જ્યાં સુધી બાળકો સ્વતંત્ર વાંચન શીખી ના લે, તેઓ મૌખિક ભાષા દ્વારા જ તર્ક– વિતર્ક, વિશ્લેષણ વગેરે કરવાની શરૂઆત કરે છે. તે દ્વારા જ તેમનામાં વિચારની ઉચ્ચસ્તરીય ક્ષમતાનો વિકાસ થાય છે.

તે ઉપરાંત, મૌખિક ચર્ચા દ્વારા બાળકો નવા શબ્દ તો શીખે જ છે, તે શબ્દોનો યોગ્ય સંદર્ભમાં ઉપયોગ કરવો શરૂ પણ કરી દે છે. જુદા–જુદા વિષયો પર ચર્ચા કરી તેઓ દુનિયા વિશે માહિતી પણ મેળવે છે. જેમ– જેમ તેમનું શબ્દ ઓળખ કૌશલ વિકસતું જાય છે,તેમ–તેમ મૌખિક ભાષા દ્વારા કેળવાયેલી તેમની સમજ, વધેલા શબ્દ ભંડોળ અને સામાન્ય જ્ઞાનતેમજ વાંચીને સમજવાની ક્ષમતા પણ વિકસે છે.

મૌખિક ભાષા વિકાસની સીધી અસર બાળકોના લેખન પર પણ પડે છે. મૌખિક અને લેખિત ભાષા અભિવ્યક્તિના સાધન છે. બાળકો જુદા–જુદા વિષયો પર જેટલી વધારે ચર્ચા કરશે, તેમનું લખાણ તેટલું વધારે સારું થતું જશે.

જો બાળકની મૌખિક ભાષાનો વિકાસ થતો નથી તો વાંચીને સમજવાની અને લખીને અભિવ્યક્ત થવાની તે બાબતમાં કચાશ રહેવાની સંભાવના વધી જાય છે. મૌખિક ભાષાના પાયા પર જ વાંચન–લેખન કૌશલ ટકેલાં છે. આ બધાં કૌશલ પરસ્પરને સમૃદ્ધ કરે છે.

**મૌખિક ભાષાના વિકાસ માટેની પદ્ધતિઓ :**

મૌખિકભાષાના વિકાસ માટે ઘણા બધા પ્રકારની પદ્ધતિઓ છે. વાર્તા કહેવી એક એવી પદ્ધતિ છે, જે ઘરે તથા શાળા એમ બંને જગ્યાએ જોવા મળે છે. બાળકોની મૌખિક ભાષાના વિકાસમાં વાર્તા ખૂબ અગત્યની છે, વાર્તા વિશેની ચર્ચા બાળકો માટે રોચક અને અસરકારક બનાવીને મૌખિક ભાષાનો સુપેરે વિકાસ સાધી શકાય છે. વાર્તાની સાથે બીજી પદ્ધતિઓ જેમકે ચિત્ર પર ચર્ચા, રમત, બાળગીત વગેરેની શિક્ષણ પ્રક્રિયા જાણવાથી વર્ગમાં મૌખિક ભાષાવિકાસનું આયોજન કરવામાં સરળતા રહે છે. આ બધાનો આપણા સ્થાનિક સંદર્ભ મુજબ ઉપયોગ કરીને આપણી પાસે બધા પ્રકારની પ્રવૃત્તિઓનો એક સંગ્રહ બને, જે બાળકો સાથે અસરકારક કામ કરવામાં મદદરૂપ થઈ શકે.

**1. વાર્તા :**

તમને કહેવામાં આવે કે તમારી મનપસંદ ત્રણ વાર્તાનાં નામ જણાવો તો તમે તે તરત કહી શકશો. નાનપણમાં સાંભળેલી વાર્તાઓ તમને આજે પણ યાદ હશે. ખૂબજ ગમતી વાર્તા સાંભળતી વખતે તમે જે ભાવ અનુભવ્યો હશે તે પણ તમને આજે યાદ હશે. ક્યારેય વિચાર્યું ખરું, એવું તે શું છે વાર્તામાં કે તે બધાં બાળકોને ગમે છે?

વર્ગમાં શિક્ષક પોતાને યાદ હોય તે વાર્તા કહેતા હોય છે અથવા કોઈ પુસ્તકમાંથી વાંચીને. બંને સ્થિતિમાં વાર્તા સાંભળવાવાળા અને કહેવાવાળા એકસાથે હોય છે– એકબીજાને અસર કરતા, એકસાથે ખુશી, દુઃખ, ગુસ્સો, નવાઈ, ડર વગેરે અનુભવતા અને અર્થનિર્માણ કરતા હોય છે.

બાળકોને વાર્તાઓ ખૂબ ગમે છે કારણકે તેમના દ્વારા તેઓને અપરિચિત બાબતો સાંભળવા–જાણવાની તક મળે છે. સાથે સાથે, તેમની કલ્પનાને પણ નવી ઉડાન મળે છે.

**વાર્તા કહેવાના ફાયદાઓ:**

પ્રાથમિક શાળાઓમાં વાર્તા કહેવાથી બાળકોના ઔપચારિક શિક્ષણને તો ફાયદો થાય છે જ, તેનાથી વધીને તે ઘટના બાળકો માટે એક મહત્ત્વનો અનુભવ બની રહે છે.

વાર્તા સાંભળવાથી બાળકોમાં સારા શ્રોતા બનવાનું કૌશલ કેળવાય છે. સારા શ્રોતા વાત ધ્યાનથી સાંભળે છે એટલું જ નહીં, સાંભળેલી વાતને ઊંડાણથી તપાસે છે અને અનુમાન પણ લગાવે છે. સારા શ્રોતા હોવું તે માત્ર શ્રવણ– વાંચન માટે જરૂરી નથી, તે જીવનમાં ઉપયોગી થનારી આદત છે.

બાળકો માટે વાર્તા દુનિયા સમજવાનું એક માધ્યમ બને છે. તેઓ જ્યારે કાચબા– સસલાની હરિફાઈની વાર્તા સાંભળે છે ત્યારે તેઓ વાર્તાને વાસ્તવિક દુનિયા સાથે જોડીને સમજે છે અને તેના આધારે લોકો અને પરિસ્થિતિઓ વિશે પોતાનો મત કેળવે છે.

વાર્તા બાળકોને વાર્તાના માળખાનો પણ પરિચય કરાવે છે. જેમકે, વાર્તાનો ઘટનાક્રમ, વિષય, મુખ્યપાત્ર, ઘટનામાં મુશ્કેલી અને તેનો ઉકેલ વગેરે. આ બધું ઔપચારિક શિક્ષણ માટે જરૂરી છે.
વાર્તા સાંભળવાથી શબ્દ ભંડોળ વધે છે અને લેખિત ભાષાની સંકુલતા સમજવામાં મદદ મળે છે.

**વાર્તા કહેવાની કળા :**

વાર્તા કહેવી તે રસપ્રદ રીતે એક કળા છે, જે મૌખિક પરંપરાના સમયથી ચાલી આવે છે. આ સંદર્ભે, પ્રસિદ્ધ શિક્ષણવિદ કુમારના એક લેખ'વાર્તા કહેવાની કળા'નો એક અંશ વાંચીએ :

"વાર્તા કહેવાની કળા કેળવવા ઇચ્છનારે સ્મૃતિને ગંભીરતાથી લેવી. જો કહેનારને વાર્તા યાદ નથી તો તે સારામાં સારી વાર્તાનો કબાડો કરી નાખશે. યાદ રાખવાથી આત્મવિશ્વાસ વધે છે અને કહેનારને કહેતી વખતે ધરપત રહે છે. સાંભળવા શ્રોતાઓ સાથે તાદાત્મ્ય કેળવવામાં તે ધરપત ખૂબ જરૂરી છે. બીજી વાત એ કે વાર્તા જો બરાબર યાદ રહી જાય તો કહેવાય તેનો ઉપયોગ એક માળખા કે ખાલી નકશાની જેમ કરી શકે છે.

આ નકશાનો ઉપયોગ પોતાની સગવડ અથવા સાંભળવાવાળાના મિજાજ પ્રમાણે કરી શકાય છે. વાર્તાને નાની કે મોટી કરવાની આવડત ખૂબ જરૂરી છે. કોઈ વાર તમે ઈચ્છો કે જલ્દી જલ્દી સસલાને

વાઘ સમક્ષ પહોંચાડવો. કોઈ દિવસ તમને મન થાય કે વાર્તાના પહેલા ભાગમાં રંગ ભરી ફૂરસદથી કહો કે ભૂખ્યા વાઘને કેવા કેવા વિચાર આવતા હશે અને વાઘની ગુફા તરફ જઈ રહેલું સસલું બચવાના રસ્તા તરીકે કેવા ઉકેલ શોધતું, વિચારતું હશે.

**મૌખિક ભાષા વિકાસની બીજી પદ્ધતિઓ :**

આપણે મૌખિક ભાષાના મહત્ત્વ અને વર્ગમાં વાર્તા ઉપર ચર્ચા કરવા વિશે વિસ્તારથી વાત કરી. વાર્તા જ નહીં, એવી ઘણી બધી પદ્ધતિઓ છે જેમનો ઉપયોગ બાળકોને બોલવાની તક આપવા કરી શકાય. જેમકે, ચિત્રો આધારે ચર્ચા, બાળકોના અનુભવના આધારે ચર્ચા વગેરે.

**2. ચિત્રઆધારિત ચર્ચા :**

આપણા વર્ગોના મોટાભાગનાં બાળકો ચિત્ર પરથી વાર્તા બનાવવામાં મુશ્કેલી અનુભવે છે. 'લિરિલ' (લિટરસી રિસર્ચ ઈન ઈન્ડિયન લૅન્ગવેજ –૩૦૧૩–૨૮નાં સંશોધન વખતે બીજા ધોરણનાં બાળકોને એવાં બે ચિત્ર બતાવવામાં આવ્યા જેમના વડે એક વાર્તા બની શકે. મોટા ભાગનાં બાળકો એ ચિત્રમાં દેખાતા આંબા, છોકરી અને બીજી વસ્તુઓના નામ કહ્યાં પણ ચિત્રમાં ઘટના શું છે, શું થઈ રહ્યું છે, ચિત્ર પરથી કઈ વાર્તા બની શકે તે વિશે વધારે કશું બોલી શક્યા નહીં.

આ પ્રકારના સંશોધનોથી એક વાત સ્પષ્ટ છે– પોતાની વાત એકસૂત્રમાં ગોઠવી કહેવા માટે બાળકોને આયોજન બદ્ધ અને ચોક્કસ રીતનું શિક્ષણ આપવાની જરૂર છે. મૌખિક કૌશલની સીધી અસર વાંચન પર પડે છે. તેથી, મૌખિક ભાષાની પ્રવૃત્તિઓ માટે દરરોજ સમય આપવો જરૂરી છે.

**૩. કવિતા ગાવી :**

નાના ધોરણોમાં બાળકો સાથે કવિતા ગાવી ખૂબ ફાયદાકારક નીવડે છે. તેનાથી બાળકો શબ્દોનો લય અને તેમનો ઉપયોગ તો સમજે જ છે, ઉપરાંત, વાક્ય રચનાની વિવિધતાનો પણ તેમને ખ્યાલ આવે છે. કવિતાથી બાળકોમાં સામાજિક અને ભાવનાત્મક વિકાસ થાય છે. તે બાળકોને વર્ગમાં સહજ બનવા માંટે કરે છે.

પાઠ્ય પુસ્તક ઉપરાંત, ચાર્ટ પર લખીને કવિતાના પોસ્ટર બનાવી શકાય. તેનો ઉપયોગ કરી કવિતા ગાઈ– ઝીલાવી શકાય. કવિતા કોઈ કામ નહીં પણ એકમનો રંજક પ્રવૃત્તિ હોવી જોઈએ. વર્ગની શરૂઆત કોઈ રસપ્રદ કવિતાથી કરી શકાય. દરરોજ કોઈ નવા બાળકને તેની આગેવાની લેવા કહી શકાય. કવિતાના અંત્યાનુપ્રાસ શબ્દો પરથી રમત કરાવી શકાય. ક્યારેક તાલ આપવા ચાલી, ચપટી, થપાટ વગેરેનો ઉપયોગ કરી શકાય.

**4. બાળકોના અનુભવ પર ચર્ચા :**

બાળકોના અનુભવ પરથી ચર્ચા કરવાના ઘણા વિષય નીકળી આવે–તેમની દિનચર્યા, તેમને શું ગમે છે, શું નથી ગમતું? ખાન–પાનની વસ્તુઓ, કુટુંબમાં કોઈ સમારંભનું આયોજન, પ્રવાસનો અનુભવ,

કોઈ ખાસ દિવસનો અનુભવ, ભવિષ્યમાં થનારી કોઈ ઘટના વગેરે. બાળકોને તેમના અનુભવ કહેવા કહો. બાળકોને બોલતા કરવા જરૂરી છે કે વચ્ચે–વચ્ચે શિક્ષક પણ પોતાના અનુભવ કહે. તેનાથી બાળકોનો કચવાટ ઘટશે અને તેમને શિક્ષક પોતાના જેવા લાગશે. આવી ચર્ચા માટે અલગથી દસ–પંદર મિનીટનો સમય ફાળવી શકાય.

**5. રમત અને પ્રવૃત્તિઓ:**

મૌખિક ભાષા વિકાસ માટે ઘણા પ્રકારની રમતો અને પ્રવૃત્તિઓનો ઉપયોગ કરી શકાય. એકજ પ્રકારની પ્રવૃત્તિથી બાળકો કંટાળી જાય છે અને શિક્ષકને પણ રસ રહેતો નથી. અહીં કેટલીક રમતો અને પ્રવૃત્તિઓનાં ઉદાહરણ આપ્યાં છે:

**કરી બતાવો** : એવાં દસ–પંદર કામ પસંદ કરી લો જે બાળકો રોજ કરે છે. જેમકે, કચરો કાઢવો, કેળાની છાલ ઉતારવી, વાસણ ઘસવા, શાક કાપવું, બે હાથમાં ભરેલી ડોલ ઊંચકવી... દરેક બાળકના કાનમાં ધીમેથી કહો કે તેણે કયું કામ કરવાનું છે.વારાફરતી દરેક બાળક વર્ગ સમક્ષ આવી ચૂપચાપ પોતાનુ કામ કરે. બાકીના બાળકોએ ધારવું કે તે બાળકે શું કામ કર્યું. આજ પ્રવૃત્તિને સંકુલ કરી શકાય– એવા કામ લો જેમાં પાંચ–સાત બાળકોની જરૂર પડે. બાળકોનાં જૂથ બનાવી લો અને દરેક જૂથને એક કામ સોંપો. મોટા બાળકો સાથે આ પ્રવૃત્તિ કરો ત્યારે કામની ચીઠ્ઠી બનાવી લો.

**વાર્તા બનાવવી** : શિક્ષક એક પાત્ર વિચારે અને તે માટે એક વાક્ય બનાવે. જેમ કે, “તેનાલીરામ રસ્તા પર જતો હતો.”

હવે, બાળકોને કહો કે દરેકે એક એક વાક્ય ઉમેરતાં જઈ વાર્તા બનાવવાની છે. ઉદાહરણ તરીકે, પહેલું બાળક કહે, “ તેને એક ચિત્તો મળ્યો.” બીજો કહે, “ તેનાલીરામે ખિસ્સામાંથી લાડવો કાઢી તેને ખવડાવ્યો.” ત્રીજો કહે, “ચિત્તો લાડવો ખાઈ ગયો.” ...અને એમ વાર્તા આગળ વધે.

આ પ્રવૃત્તિમાં નવિનતા લાવવા બાળકોને નાના જૂથમાં વહેંચી તેમને ૪–૫ શબ્દ ( જેમકે, ઘરડી સ્ત્રી, કાકડી, તેવો,હોંશિયાર, સાંકડી સડક) જેવા શબ્દો આપી, તે શબ્દોનો ઉપયોગ કરીને વાર્તા બનાવવા કહો.

**દેખાડો, બતાવો, પૂછો :** જેના વિશે બાળકને વાત કરવી ગમે તેવી કોઈ વસ્તુ ઘરેથી લાવવા શિક્ષક કહેશે. જેમકે, અનોખું ફળ, કલાકૃતિ, મૂર્તિ, પાંદડા, છોડના ભાગ, ચોપડી, પીંછાં, જુદા પ્રકારના કાંકરા–પથ્થર વગેરે.

શિક્ષક દરેક બાળક માટે દિવસ નક્કી કરી આપશે. બાળક વર્ગ સમક્ષ પોતે લાવેલ વસ્તુ બતાવે પછી તેના વિશે એક–બે મિનીટ વાત કરે. તે પછી વર્ગના બાળકો તે બાળકને પ્રશ્ન પૂછે. પ્રશ્ન બતાવેલી વસ્તુ અને કહેલી વાત પર જ હોય.

❖ **વર્ગમાં ભાષાની સ્થિતિ**

ભારતમાં ભાષા સ્થિતિ વૈવિધ્ય પૂર્ણ અને લચીલું છે. થોડા થોડા અંતરે બોલચાલની રીત બદલાઈ જાય છે. દેશમાં આટલી વિવિધતા હોય તો શાળા અને વર્ગમાં તો હોય જ. પરંતુ, આપણે ત્યાં ૧૨૨ ભાષામાંથી શિક્ષણના માધ્યમ તરીકે ફક્ત ૨૬ ભાષાઓ વપરાય છે.

તેનો અર્થ એ થાય કે આપણા વર્ગોમાં એવાં બાળકો ઘણાં છે જેમની ઘરની– પ્રથમ ભાષા શાળાની ભાષાથી જુદી હોય છે. સ્થિતિ વધારે સંકુલ ત્યારે બને જ્યારે એક જ વર્ગમાં એક કરતાં વધારે માતૃભાષા વાળાં બાળકો હોય.

- **પ્રથમ ભાષાનું મહત્ત્વ :**

બાળકોનો આત્મવિશ્વાસ વધારવા વર્ગમાં તેમની ભાષાને સ્થાન હોવું જોઈએ. જુદા–જુદા વાતાવરણમાંથી આવતાં બાળકોના સાંસ્કૃતિક અને ભાષાકીય વૈવિધ્ય પ્રત્યે સંવેદનશીલ થવાથી તેઓ સ્વીકૃત થયાની લાગણી અનુભવી શકશે.ઉપરાંત, બાળકોની પ્રથમ ભાષાને વર્ગમાં સ્થાન આપવાથી તેમની વાંચન–લેખન શીખવાની ઝડપ વધી જાય છે.

1: પ્રથમ ભાષા વિચાર કરવાનું, સમજવાનું અને શીખવાનું સાધન છે. માતૃભાષા જ બાળકના શીખવા, સમજવા, વિચાર કરવાનું સાધન છે. જે ભાષા આપણે સારી રીતે જાણીએ છીએ તેના મારફતે જ આપણે નવી સમજ અને સંકલ્પના ગ્રહણ કરી શકીએ. આ વાત બાળકો માટે જ નહીં, વયસ્કો માટે પણ એટલીજ સાચી છે.

2: પહેલી ભાષા બીજી ભાષા શીખવાની સીડી છે. શાળાનાં શરૂઆતનાં વર્ષોમાં પ્રથમ ભાષાનો સારો વિકાસ થાય તો બીજી ભાષા શીખવામાં ટેકો મળે છે.ભાષાઓ પોતાના વિકાસમાં એક બીજાને મદદ કરે છે. એક ભાષાને સારી રીતે શીખી લેવાથી બીજી ભાષાઓ શીખવી સરળ બની જાય છે. જો પ્રથમ ભાષાનો પાયો પાકો નથી તો બાળક એક પણ ભાષામાં નિપુણતા કેળવી શકશે નહીં. ઉદાહરણ તરીકે, બાળકની પ્રથમ ભાષા અવગણી પહેલાજ ધોરણથી હિન્દી– અંગ્રેજી શીખવવું શરૂ કરી દેવાય તો બાળક બંનેમાંથી એકપણ ભાષા સરખી રીતે શીખી શકશે નહીં.

### 1.8.0 શબ્દઓળખ– ડિકોડિંગ

- **ડિકોડિંગ એટલે શું?**

આપણે જ્યારે પણ કશુંક છાપેલું વાંચીએ છીએ ત્યારે બે પ્રક્રિયાઓ એક સાથે થાય છે : શબ્દ વાંચવા અને વાંચેલી બાબતોના અર્થ સમજવા. શબ્દ વાંચતી વખતે આપણે પહેલાં ચિહ્નોને તેમના સંબંધિત ધ્વનિસ્વરૂપે ઓળખીએ છીએ અને પછી તેમને જોડીને શબ્દ ઉચ્ચારીએ છીએ. તેને જ ડિકોડિંગ કહે છે.

યોગ્ય ગતિએ શબ્દ વાંચવા માટે વર્ણ/અક્ષરના ધ્વનિ ઓળખવા અને આ ધ્વનિ એકસાથે જોડીને બોલવા – આ બંને ક્રિયાઓ એકસાથે કરવાનું કૌશલ કેળવવું પડે. આ વાત સમજવા નીચેનો શબ્દ વાંચો :

**અમદાવાદ**

જો આ શબ્દ તમે પહેલાં ક્યારેય જોયો નહીં હોય તો તે વાંચવા તમે તેના અક્ષરોની ધ્વનિ ઓળખવા પ્રયત્ન કરશો. તે પછી તમે તેમને જોડીને બોલવા કોશિશ કરશો. પહેલાં નાના ટુકડા તરીકે– **અમ–દા–વાદ** અને પછી એકસાથે– **અમદાવાદ.**

- **ડિકોડિંગનાં પાયાનાં કૌશલ :**

ડિકોડિંગ એટલે લખેલા શબ્દ વાંચવા અથવા ઓળખવા માટે તે શબ્દના વર્ણ/અક્ષરના ધ્વનિ ઓળખવા અને તે ધ્વનિઓ એકસાથે જોડી ઉચ્ચારણ કરવાની પ્રક્રિયા. મુદ્રણ સભાનતા અને ધ્વનિ જાગૃતિ એ ડિકોડિંગનાં પાયાનાં કૌશલ છે. શાળાઓમાં આ કૌશલ શીખવવાની ખાસ જરૂર છે.

પહેલા ધોરણમાં આવતાંની સાથે જ વર્ણ–અક્ષર શીખવવાથી બાળકોને નુકસાન થઈ શકે છે. સૌથી પહેલાં ધ્વનિજાગૃતિ અને મુદ્રણ સભાનતા (પ્રિંટ ચેતના) જેવા કૌશલો પર કામ કરવું જોઈએ. તેના પાયા ઉપર જ આગળ જતાં ડિકોડિંગ કરાવી શકાય.

**ધ્વનિજાગૃતિ**

બાળકો શાળામાં પ્રવેશ લે છે ત્યારે તેઓ ઘરની ભાષા બોલવામાં કુશળ હોય છે. તેઓ સ્વાભાવિક રીતે જ બોલવાનું શીખ્યાં હોય છે. બોલવા માટે તેમણે સભાન રહેવાની જરૂર પડતી નથી. જ્યારે તેઓ એકશ્વાસે વાક્યો બોલી જાય છે ત્યારે તેમનું ધ્યાન એ વાત પર નથી હોતું કે વાક્ય એ કેટલાક શબ્દોનો સમૂહ છે. ના તો બાળકોને આપમેળે એમ ખ્યાલ આવે છે કે શબ્દ પણ ધ્વનિઓનો સમૂહ છે. બોલાતાં વાક્ય અને શબ્દ એ ધ્વનિઓના જોડાણથી બનેલા છે તેમ સમજવું તે જ ધ્વનિજાગૃતિ. ધ્યાનથી જોતાં ખ્યાલ આવશે કે દરેક શબ્દ જુદી–જુદી ધ્વનિઓનો બનેલો છે. જુદા–જુદા ધ્વનિ ઓળખવા, તેમને શબ્દ તરીકે સાંકળવા અને ધ્વનિ છૂટા પાડી શકવા તે ધ્વનિજાગૃતિ.

**મુદ્રણ સભાનતા**

ડિકોડિંગ શરૂ કરતાં પહેલાં ધ્વનિજાગૃતિની સાથે સાથે બાળકોમાં પ્રિંટ ચેતના પણ કેળવાયેલી હોય તે જરૂરી છે. લખેલા શબ્દ બોલાતા શબ્દોનું લેખિત પ્રતિક છે તેમ સભાનતાથી સમજવું તે મુદ્રણ સભાનતા. તેના વગર મૌખિક તેમજ લેખિત ભાષા જોડી શકાય નહીં.

- ડિકોડિંગના વ્યવસ્થિત શિક્ષણની જરૂર

  આ મુદ્દે આગળ વધતાં પહેલાં નીચેની પ્રવૃત્તિ કરો :

**અહીં આપેલા અક્ષરોનું એકવાર મોટેથી વાંચન કરો.**

**ભાતગમલાબાસાકોરીકોબા**

હવે, ઉપરના અક્ષરો ઢાંકી દઈને તે જ ક્રમમાં તે અક્ષરો બોલો.

આ કામ થયું તમારાથી? કેમ ?

ડિકોડિંગ માટે એક વ્યવસ્થિત શિક્ષણપદ્ધતિની જરૂર છે. આ પદ્ધતિ મુખ્ય બે પગલાંમાં વિભાજિત છે. પહેલા પગલા તરીકે વર્ણપરિચય, માત્રાપરિચય, અક્ષર જોડી શબ્દ બનાવવાનું અને શબ્દ વાંચવાનું શિક્ષણ આવે છે. બીજા પગલે વર્ણ તેમજ માત્રાની સાથેસાથે તેમનો ઉપયોગ કરી બનાવેલા નાના–નાના પાઠ વાંચવાનું શિક્ષણ આવે. ડિકોડિંગના વ્યવસ્થિત શિક્ષણ દ્વારા બાળકોને જલ્દીથી શબ્દ વાંચતાં અને અર્થ નિર્માણ કરતાં શીખવી શકાય છે.

શરૂઆતનાં ધોરણોમાં ઘણો બધો સમય વર્ણ પાકા કરાવવામાં જાય છે એમ છતાં બાળકો વાંચનમાં કાચાં રહી જાય છે. મોટાભાગનાં ધોરણોમાં વાંચન શીખવવાની શરૂઆત નીચે જેવી પ્રવૃત્તિઓ દ્વારા થાય છે:

- શિક્ષક બોલાવે તેમ વારંવાર પુનરાવર્તન કરીને કક્કો ગોખવો.
- શિક્ષક બોલાવે તેમ વારંવાર પુનરાવર્તન કરીને બારાક્ષરી ગોખવી.
- જોઈ જોઈને વર્ણની નકલ ઉતારવી.

જેમાં ડિકોડિંગની બંને પ્રક્રિયાઓ–વર્ણ/અક્ષરનો ધ્વનિ ઓળખવો અને ધ્વનિઓ જોડીને એકસાથે બોલવા–પર કામ થાય તેવા ડિકોડીંગના શિક્ષણની જરૂર છે. તેના થકી બાળકો જલ્દી વાંચન શીખવાનું શરૂ કરી શકે છે અને અર્થ નિર્માણની પ્રક્રિયામાં જોડાયેલાં રહે છે.

### ૧.૮ લેખન કૌશલ્ય :

લેખન બાળકને પોતાના વિચારોની અભિવ્યક્તિ અર્થે સ્પષ્ટ અને ચોક્કસ દિશા બતાવનારું કૌશલ્ય છે. લેખન દ્વારા વિદ્યાર્થી પોતાની સંવેદના, કલ્પનાઓને લિપિબદ્ધ કરે છે. મનોવિજ્ઞાનીઓ વ્યક્તિના હસ્તાક્ષર સાથે તેના મનોવિકાસનો સબંધ દર્શાવે છે. લેખનની કલા, ઢબ, વ્યક્તિના વ્યક્તિત્વની આગવી ઓળખ આપે છે. સામાન્ય રીતે બાળક જેવું સાંભળે છે તેવું બોલે છે અને જેવું બોલે છે તેવું લખે છે. એટલે કહી શકાય કે લેખિત અભિવ્યક્તિના પાયામાં શ્રવણ કૌશલ્ય, કથન કૌશલ્ય રહેલાં છે. લેખિત અભિવ્યક્તિ દ્વારા વ્યક્તિ પોતાના વિચારો, માન્યતાઓ, લાગણીઓ અને અનુભવોને વ્યક્ત કરે છે. લેખિત અભિવ્યક્તિ એ ભાષા શિક્ષણનું અંતિમ કૌશલ્ય છે. લેખનની શરૂઆત પહેલા ધોરણથી થાય છે. 'લેખન વ્યક્તિના ચારિત્ર્યનું દર્પણ છે.' હસ્તાક્ષર વ્યક્તિની પ્રતિભાને પ્રગટ કરે છે. મહાત્મા ગાંધીજીએ સારા અક્ષરનું મહત્વ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે 'ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે.'સારા હસ્તાક્ષર બાળકના શિક્ષણમાં અગત્યનું સ્થાન ધરાવે છે.

### ૧.૮.૧ લેખિત અભિવ્યક્તિનું મહત્વ :

વિદ્યાર્થીઓ સરળ, સચોટ, પ્રવાહી, પર્યાપ્ત, શુદ્ધ અને અસરકારક રીતે પોતાના વિચારોને લેખિત સ્વરૂપે રજૂ કરે છે. નાગરિક તરીકે લેખિત સ્વરૂપમાં માતૃભાષાનો કુશળતાપૂર્વક અને ક્ષમતાપૂર્વક ઉપયોગ કરતાં આવડે એ જરૂરી છે.

શાળા છોડીને વિદ્યાર્થી સમાજમાં પગ મૂકે ત્યારે એણે જે તાલીમ મેળવી છે તેના કારણે સમાજમાં ક્ષોભ અનુભવતો નથી. પોતે જે અનુભવ્યું છે તેની રજૂઆત સારી રીતે કરી શકે છે. લઘુતાગ્રંથિથી એ પીડાતો નથી અને સમાજમાં માથું ઊંચું રાખીને જીવી શકે છે. નોકરી માટે અરજી કરવાની હોય કે અહેવાલ લખવાનો

હોય ત્યારે તે પોતાની રીતે લખી શકે છે. તદુપરાંત પોતાના વિચારો બીજાને અસર કરે એ રીતે લેખન દ્વારા રજૂ કરી શકે છે. લેખનનો પ્રભાવ લાંબા સમય સુધી સમાજ પર પડે છે.

### ૧.૮.૨ લેખિત અભિવ્યક્તિના ઉદ્દેશો :

- યોગ્ય શબ્દોની પસંદગી કરે.
- પોતાના વિચારોની સ્પષ્ટ ક્રમબદ્ધ રીતે રજૂઆત કરે.
- સુવાચ્ય અને સુરેખ હસ્તાક્ષરમાં લખતાં શીખે.
- અક્ષર, શબ્દો અને લીટી વચ્ચે યોગ્ય અંતર જાળવીને લખે.
- અક્ષરના મરોડ અને કદ જાળવીને લખતાં શીખે.
- વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરતાં શીખે.
- યોગ્ય વાકયરચનાનો ઉપયોગ કરે.
- વ્યાકરણ શુદ્ધિ તથા જોડણી શુદ્ધિ જાળવીને લખે.
- લેખનમાં કલ્પના શક્તિનો ઉપયોગ કરતાં શીખે.
- યોગ્ય ઝડપ અને ચોકસાઈથી લખતાં શીખે.
- પરિચ્છેદ દ્વારા લેખનની યોગ્ય રજૂઆત કરે.
- સ્વાનુભવ આધારિત લખાણ કરે.
- લેખનનાં વિવિધ સ્વરૂપોને સમજે.
- આત્મવિશ્વાસથી લખતાં શીખે.
- શ્રુતલેખન, અનુલેખન અને શીઘ્રલેખનની ટેવ કેળવે.

➢ **સારા હસ્તાક્ષરનાં લક્ષણો :**

**અક્ષરોની રચના :** લખાણના બધાં જ અક્ષરોના મરોડ વ્યવસ્થિત અને યોગ્ય હોવા જોઇએ.

➢ ઘ અને ધ, પ અને ય, ક અને ફ, ટ, ઠ, ડ, ઢ વગેરે...

**અક્ષરોનું કદ :** પ્રત્યેક અક્ષરોનું કદ સપ્રમાણ હોય, અક્ષરોનું કદ વાંચન માટે અનુકૂળ હોય તે પ્રકારનું હોવું જોઇએ.

➢ **બે અક્ષરો વચ્ચેનું અંતર :** બે અક્ષર વચ્ચે, બે શબ્દ વચ્ચે તેમજ બે લીટી વચ્ચે યોગ્ય સપ્રમાણ અંતર હોવું જોઇએ.

**સ્વચ્છતા :** લખાણ સ્વચ્છ, સુઘડ, ડાઘાડૂઘી વિનાનું, છેકછાક રહિત, અક્ષર ઘૂંટયા વિનાના હોવા જોઇએ.

**સીધી લીટીમાં લખાણ :** બધા જ અક્ષરો અને શબ્દો સીધી લીટીમાં લખાયા હોવા જોઇએ.

➢ **દબાણયુક્ત લખાણ :** લખાણના અક્ષરો જાડા–પાતળા કે તૂટક ના હોવા જોઇએ. લખાણ યોગ્ય દબાણથી લખાયેલું હોવું જોઇએ.

બાળકો જ્યારે જોડાક્ષર લખે ત્યારે તેમના અક્ષરોનું કદ અને અક્ષરો વચ્ચેનું અંતર યોગ્ય હોવું

જોઇએ. કયા અક્ષરોને કયા અક્ષર સાથે કેવી રીતે જોડાય તે વિદ્યાર્થીને ઉદાહરણ દ્વારા શીખવવું જોઇએ.

**૧.૮.૩ લેખનના પ્રકારો :**

વિદ્યાર્થીઓને અનુલેખન, શ્રુતલેખન, સુલેખન, ચિત્રવર્ણન અને પ્રસંગવર્ણનની તાલીમ આપવી જરૂરી છે.

- ➢ **અનુલેખન :** અનુલેખનમાં મૂળાક્ષરલેખન, શબ્દલેખન અને પછી બીજા ધોરણથી વાક્યોનું અનુલેખન કરાવી શકાય. લેખનકાર્યમાં સ્વસુધાર દ્વારા સુધારો લાવવા અનુલેખન ઉત્તમ માર્ગ છે. અનુલેખન દ્વારા વાંચન પણ સુધરે છે. કારણ કે અનુલેખન કરતી વખતે વિદ્યાર્થી સૌ પ્રથમ વાંચે છે અને પછી જ લખે છે.
- અનુલેખન માટે અપાતો પરિચ્છેદ મરોડદાર અક્ષરોમાં, શબ્દો વચ્ચે યોગ્ય અંતર સાથે, સીધી લીટીમાં અને યોગ્ય વિરામચિહ્નોના ઉપયોગવાળો હોવો જોઇએ.
- નમૂનારૂપ આપેલ પરિચ્છેદ, ગદ્યપાઠ– અંશ કે સુવિચાર વિષયવસ્તુ સંદર્ભે ઉત્તમ હોવા જોઇએ.
- સફળ અનુલેખન માટે શિક્ષકનું આયોજનબદ્ધ અવલોકન અને માર્ગદર્શન પણ જરૂરી છે.
- અનુલેખનના દ્રઢીકરણ માટે શિક્ષક તરફથી વિદ્યાર્થીઓને પ્રેરણા અને હૂંફસભર વાતાવરણ પૂરાં પાડવાં જોઇએ.
- ઉત્તમ અનુલેખન માટે લખાણમાં સ્વચ્છતા, સુઘડતા અને ક્રમબદ્ધતાનું મહત્વ શિક્ષકે શરૂઆતથી જ સમજાવવું જોઇએ.
- અનુલેખન માટેની અલગ નોટ રાખવાથી તેમજ તેના નિયમિત અને નિશ્ચિત રીતે અનુલેખન કરાવવાથી લખાણમાં સુધારો જોવા મળે છે.
- ➢ **શ્રુતલેખન :** અનુલેખન આંખની તાલીમ છે તો શ્રુતલેખન કાનની તાલીમ છે, શ્રુતલેખન દ્વારા વિદ્યાર્થીઓનું ચિત્ત લેખન–એકાગ્રતા કેળવે છે. ઉચ્ચાર સાંભળી તે અનુસાર જોડણી લખવાની ટેવનું ઘડતર થાય છે. શ્રુતલેખન એ શિક્ષાપાઠ છે, કસોટી નથી. શ્રુતલેખનમાં શિક્ષક બોલે છે. પરિણામે શિક્ષકના માન્ય ઉચ્ચારો તથા કથનનો લાભ વિદ્યાર્થીઓને મળતો હોવાથી શ્રવણ કૌશલ્યની ખિલવણી પણ થાય છે. માતૃભાષાની તાલીમમાં શ્રવણ એ કથન અને લેખન વચ્ચે અનુબંધને જોડે છે.
- શિક્ષક વારાફરતી વિદ્યાર્થીઓનું લખાણ જુએ છે. આ ઉત્તમ પદ્ધતિ છે. જેથી વિદ્યાર્થીઓને સંતોષ થાય છે. તેમને સાચા અર્થમાં માર્ગદર્શન મળી શકે છે.
- વિદ્યાર્થીઓ પરસ્પર એકબીજાનું લેખન તપાસે પણ આ પદ્ધતિ સંતોષકારક નીવડતી નથી.
- ઘણીવાર વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓનું શ્રુતલેખન આરંભમાં શિક્ષક દ્વારા થાય છે અને હોશિયાર વિદ્યાર્થીઓ દ્વારા અન્ય વિદ્યાર્થીઓનું લેખન તપાસણી થાય છે. ભૂલો શોધાય છે. નિદર્શન થાય છે અને માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવે છે.

- **સુલેખન :** સુલેખન શબ્દ જ સૂચવે છે કે સુંદર નમૂનેદાર લેખન. સુલેખનના મહાવરાથી બાળકના હાથના સ્નાયુઓ કેળવાય છે, શિક્ષક વિદ્યાર્થીને હૂંફભર્યા માર્ગદર્શન સાથે લખતી વખતે અવલોકે, તેમને યોગ્ય સૂચનો, બેઠક વ્યવસ્થા, પેન પકડવાની સાચી રીત વિશે માર્ગદર્શન આપે તો સુલેખન પ્રવૃત્તિ ઉપકારક બને છે.

  **પરિચ્છેદ લેખન :** કોઈપણ લેખમાં નવો વિચાર કે નવો ભાવ રજૂ થતાં નવો પરિચ્છેદ રચાય છે. આ સર્વસામાન્ય સ્વીકૃત નિયમ છે. પ્રત્યેક પરિચ્છેદ લેખના આગળ–પાછળના વિચારો સાથે યોગ્ય રીતે સંકળાયેલા હોય છે, તેથી પ્રત્યેક પરિચ્છેદની રચના સહેતુક બની જાય છે. વિદ્યાર્થીઓને પરિચ્છેદ રચવાની તાલીમ આરંભકાળથી મળવી જોઈએ. પરિચ્છેદ લેખનમાં પ્રાથમિક કક્ષાએ બાળક પરિચિત વિષયો ઉપર સ્વતંત્ર રીતે પાંચથી સાત વાક્યો લખે એવી અપેક્ષા રાખવામાં આવે છે.
- પરિચ્છેદ લેખન માટે શક્ય હોય ત્યાં સુધી પાઠ્યપુસ્તકના પાઠો ઉપર આધારિત હોય તેવા વિષયને પ્રથમ પસંદગી આપવી, પછી પર્યાવરણલક્ષી પરિચિત એવા લેખન વિષયોની પસંદગી કરવી. પરિચ્છેદ લેખનની શરૂઆત ત્રીજા ધોરણથી કરવી. આમાં પાઠ્યપુસ્તક આધારિત અને સ્થાનિક પર્યાવરણ પ્રમાણે પરિચિત વિષયો ઉપર બાળક પાંચથી સાત વાક્યોમાં સ્વતંત્ર રીતે પોતાની રજૂઆત કરે તે અપેક્ષિત છે.
- **ચિત્રવાર્તા લેખન :**

  ચિત્રવાર્તા લેખન સામાન્ય રીતે ત્રીજા ધોરણ પછીના ધોરણોમાં વાર્તાઓ પર આધારિત વિવિધ ચિત્રદર્શન દ્વારા લેખિત અભિવ્યક્તિ વિકસાવવાનો પ્રકાર છે. શિક્ષક શરૂઆતમાં જે વાર્તા શીખવવાની હોય, એનાં ચિત્રો એક પછી એક બાળકોને ક્રમમાં દર્શાવે છે. બાળકો તે ચિત્રોનું અવલોકન કરે, એ પછી શિક્ષક વર્ગમાંના થોડાક વિદ્યાર્થીઓને ઊભા કરી પ્રશ્નો દ્વારા ચિત્રોનું વર્ણન કરવાનું પહેલાં કહેશે.

  તેના અનુસંધાનમાં ચિત્રવાર્તાના બીજા ચિત્રનું કરેલ અવલોકન તેનું વર્ણન બાળકોને રજૂ કરવા કહે. એ જ પ્રમાણે આખી વાર્તા ચારથી પાંચ ચિત્રમાં પૂરી થાય તેવાં ચિત્રો દ્વારા બાળક પાસે મૌખિક અને લેખિત સ્વરૂપે રજૂઆત કરાવે, ચિત્રવાર્તાનાં શીર્ષક અને બોધ જરૂર જણાય ત્યાં શિક્ષક યોગ્ય માર્ગદર્શન દ્વારા બાળકોને સમજાવે એ જરૂરી છે, જ્યાં વાર્તાનું સંકલન તૂટતું જણાય ત્યાં શિક્ષક વ્યક્તિગત માર્ગદર્શન આપે એ જરૂરી છે. શબ્દભંડોળની વૃદ્ધિ માટે આ પ્રકારનું કથન અને પછી લેખન ફળદાયી બને છે. બાળકના પર્યાવરણને લક્ષમાં રાખીને આવી ચિત્રવાર્તાઓનો મહાવરો આપવો જરૂરી છે.
- **પ્રસંગ વર્ણન :**

વિદ્યાર્થીઓને સ્વાનુભવ રજૂ કરવાની તક આપવી એ ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીને પોતાના અનુભવોનું વર્ણન કરવું ખૂબ ગમે છે. શરૂઆતમાં શિક્ષક પોતાના અનુભવો, ઘટના કે પ્રસંગનું વર્ણન કરે છે અને ત્યારબાદ વિદ્યાર્થી પાસે તેમણે અનુભવેલ પ્રસંગ કે ઘટનાનું વર્ણન કરવા જણાવે છે, રેલવેસ્ટેશન, બાગ, મેળો, બસસ્ટેન્ડ, આગ જેવા જોયેલા બનાવોનું વર્ણન કરવું, સાંભળવું તેમને ખૂબ ગમે છે. ત્યારબાદ લેખિત સ્વરૂપે રજૂઆત કરવાનું કહી શકાય.

આ ઉપરાંત પાંચમા ધોરણ પછી લેખિત અભિવ્યક્તિના વિકાસાર્થે સંક્ષેપીકરણ, મુદ્દા પરથી

વાર્તાલેખન, નિબંધલેખન, અહેવાલલેખન, પત્રલેખન, આત્મકથા, પ્રવાસવર્ણન, રોજનીશી વગેરેનો મહાવરો આપી શકાય. લેખિત અભિવ્યક્તિની સાથે તાર્કિક ચિંતન અને સર્જનાત્મકતાનો પણ વિકાસ થાય છે.

લેખિત અભિવ્યક્તિની સાથે તાર્કિક ચિંતન, સર્જનાત્મકતા અને વ્યાવહારિક ઉપયોજન તાણાવાણાની જેમ વણાયેલાં છે.

**૧.૯ તાર્કિક ચિંતન :**

તાર્કિકચિંતન એ ભાષા સજ્જતાનું અભિન્ન અંગ છે. બાળક નાનું હોય ત્યારથી અનેક પ્રશ્નો કરે છે. આ શું છે ? આવું કેમ થયું ? આ કેવી રીતે વાગે છે. ? આમાંથી તાર્કિક ચિંતનનું બીજા રોપણ થાય છે. ધીમે ધીમે વિકાસ પામે છે. ક્રિયા, પ્રક્રિયા અને સમસ્યા ઉકેલની સાથે અનુમાન કરે છે. અંદાજ કરે છે અને સ્વયં સમસ્યા ઉકેલે છે. મનમાં ઉદ્ભવતી સમસ્યાઓના નિરાકરણ માટે મથામણ કરે છે. વિદ્યાર્થીઓ પૂર્વાનુભવો, પરિસ્થિતિ અને પર્યાવરણના આધારે અનુમાન કરે છે અને અંદાજ કરે છે. દરેક બાળકમાં વિચારની ક્ષમતા છે, વિચાર, ઘટના, પ્રસંગ, પરિસ્થિતિ, અનુમાન, સમીક્ષા, તુલના તથા પ્રતિક્રિયા વગેરે વિશે ચિંતન કરે છે. આમ શા માટે બન્યું? શા કારણે હોઈ શકે? જેવા પ્રશ્નો અંગે તાર્કિકચિંતન કરી સમજપૂર્વક લેખન કરી શકે.

શ્રવણ, વાંચન, લેખન અને કથન આ ચારેય કૌશલ્યની સાથે તાર્કિકચિંતન વણાયેલું છે. વિદ્યાર્થીઓ જિજ્ઞાસુ હોય છે. તેના મનમાં અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે. આ ઉદ્‌ભવતા પ્રશ્નનોના નિરાકરણ માટે મથામણ કરે છે.

- સારી નરસી બાબતો અંગે ચિંતન કરી યોગ્ય નિર્ણય લઈ શકે છે.
- મૂંઝવણભરી પરિસ્થિતિમાંથી યોગ્ય ઉકેલ શોધે છે.
- વાંચેલી કે સાંભળેલી સામગ્રીમાંથી કાર્યકારણ સબંધો તારવીને જવાબ આપે છે.

વિદ્યાર્થીઓના માનસિક અને બૌદ્ધિક વિકાસ માટે તાર્કિક ચિંતન મહત્વની ભૂમિકા ભજવે છે. ગદ્ય અને પદ્ય કૃતિનો અભ્યાસ કરીને, અર્થઘટન કરી શકે છે, રસાસ્વાદ માણી શકે છે.

**તાર્કિક ચિંતન વિકસાવવા માટેની પ્રવૃત્તિઓ :**

- ભાષામાં એક શબ્દના અનેક અર્થ શોધવા.
- રૂઢિપ્રયોગનો અર્થ સમજીને તેનો વાક્યમાં પ્રયોગ કરાવવો.
- અધૂરી વાર્તા પૂર્ણ કરો.
- વાર્તાની ઘટનાઓને ક્રમિકતામાં મૂકો.
- બહુવિકલ્પ કસોટી.
- કાવ્યપંક્તિ પૂર્ણ કરો.
- નિબંધલેખન, સંક્ષેપીકરણ, ચિત્રવાર્તા લેખન, પ્રકૃતિ વર્ણન કરાવવું.
- પાદપૂર્તિ કરાવવી, જોડણી સુધારો.
- શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

ઉપર્યુક્ત પ્રવૃત્તિઓની સાથે ભાષા શિક્ષણની પ્રવૃત્તિઓને જોડવાથી તાર્કિક ચિંતન ની પ્રક્રિયાને ગતિશીલ બનાવી શકાય છે.

**૧.૧૦ સર્જનાત્મકતા :**

પ્રત્યેક વ્યક્તિમાં સર્જનશક્તિ હોય છે, વ્યક્તિ સર્જન–શક્તિ દ્વારા જ ઉપયોગી નવસર્જન કરી શકે છે. દરેક બાળક એક સર્જક છે અને તેનામાં સુષુપ્ત રીતે સર્જન શક્તિ છૂપાયેલી છે. સર્જનાત્મકતા એ બાળકોની સર્જન શક્તિનો પરીપાક છે. ભાષા પ્રાવીણ્યની પારાશીશી છે. બાળકો સૌ પ્રથમ પોતાની માતૃભાષામાં ચિંતન કરે છે, કલ્પના કરે છે અને સ્વપ્ન જૂએ છે. તેમાંથી કઇક નવું સર્જન કરે છે. બાળકોમાં રહેલી સર્જનશક્તિને પારખીને બહાર લાવવાનું કાર્ય શિક્ષકનું છે. શિક્ષક પોતાની આગવી સૂઝ દ્વારા સર્જન શક્તિને શોધી કાઢે છે અને યોગ્ય માર્ગદર્શન આપીને વિકસાવવાની તક પૂરી પાડે છે. સર્જનાત્મકતાની સાથે પૂર્વાનુભવો, વાતાવરણ અને રસરુચિ જોડાયેલાં છે. તેની સફળતામાં વિચાર, ક્રિયા, તત્પરતા અને ઉત્સાહનો સમન્વય મહત્વ નો ભાગ ભજવે છે. બાળકો સ્વસર્જનનો આનંદ માણી શકે છે.

**સર્જનાત્મકતાના વિકાસ માટેની પ્રવૃત્તિઓ:**

- મૂળાક્ષર પરથી શબ્દ બનાવો.
- શબ્દ ઉપરથી વિવિધ વાક્ય બનાવો.
- શબ્દપરથી વાર્તા બનાવો.
- અધૂરી વાર્તા પૂર્ણ કરો.
- જોડકણાંની રચના કરો.
- પાદપૂર્તિ કરાવવી.
- અહેવાલ લેખન, પ્રકૃતિવર્ણન કરાવવું.
- વકતૃત્વ સ્પર્ધા યોજવી.
- રંગ પૂરણી કરાવવી, ચિત્ર દોરાવવા.
- પ્રોજેક્ટવર્ક કરાવવું.

બાળગીત, જોડકણાં, બાળવાર્તા, મુદ્દા પરથી વાર્તા, નિબંધલેખન, કાવ્ય વગેરેમાં વિદ્યાર્થીઓ પોતાની કલ્પનાસૃષ્ટિ અને મૌલિક વિચારોની સાથે પૂર્વાનુભવોને જોડીને નાવીન્યપૂર્ણ લેખન કરી શકે છે. સર્જનાત્મકતા એ અભિવ્યક્તિની બુનિયાદ છે.

**૧.૧૧ વ્યાવહારિક ઉપયોજન :**

બાળક શાળામાં આવે એ પહેલાં ઘર–પરિવાર અને મિત્રો પાસેથી વ્યાકરણના સંસ્કારો સાથે લઇને જ આવે છે.

ઉદા. ‘ બા તું ક્યાં ગઇ હતી?’

‘ બાપુજી તમે ક્યાં ગયા હતા?’

બાળકને લિંગ, વચન, કાળનું પદ્ધતિસરનું જ્ઞાન હોતું નથી તેમ છતાં વ્યવહારમાં બોલાતી ભાષા દ્વારા વ્યાકરણ શિક્ષણ આપોઆપ મળે છે.

ઉદા.	‘ ખુરશી તૂટી ગઈ અને ટેબલ પડી ગયું. ’

‘ ગાય આવી અને કૂતરો ગયો.’

જેવા લિંગ, વચનના પ્રત્યયો જાતે ગોઠવે છે. આ વ્યાવહારિક વ્યાકરણને ગદ્ય–પદ્યના પાઠ શીખવતાં–શીખવતાં વ્યાવહારિક વ્યાકરણ સહજતાથી જ શીખવીએ છીએ અને તે શીખે છે. જેમ જેમ બાળક ઉપલા ધોરણમાં જતું જાય છે તેમ તેમ વ્યાવહારિક વ્યાકરણ સઘન બનતું જાય છે. પ્રાથમિક શિક્ષણમાં ભાષા શિક્ષણ સાથે વ્યાકરણ શીખવાય છે; જ્યારે માધ્યમિક અને ઉચ્ચ– માધ્યમિક કક્ષાએ અલગ વ્યાકરણ શિક્ષણના એકમો શીખવવામાં આવે છે.

ભાષાનું મુખ્યકાર્ય વિચારોના આદાન–પ્રદાનનું છે. જેના દ્વારા વ્યક્તિ સામાજિક, વ્યાવસાયિક, કૌટુંબિક વ્યવહાર કરી શકે છે. જે મનુષ્યમાં અભિવ્યક્તિ કૌશલ્યનો યોગ્ય વિકાસ થયેલો હોય તે પોતાના વિચારો મૌખિક અને લેખિત સ્વરૂપે સમાજમાં યોગ્ય જગ્યાએ અને યોગ્ય રીતે રજૂ કરી શકે છે. વ્યક્તિ પોતાના વ્યક્તિત્વની આગવી ઓળખ ઊભી કરી શકે છે.

## તમારી પ્રગતિ ચકાસો

પ્રશ્ન ૧. ધોરણ - ૩ થી ૫ માં કથન કૌશલ્યના વિકાસ માટે શું શું કરશો?

પ્રશ્ન ૨. લેખનકલાનો ઉપયોગ ક્યાં કેવી રીતે કરશો તે જણાવો.

પ્રશ્ન ૩. લેખિત અભિવ્યક્તિમાં ધ્યાન રાખવાની બાબતો જણાવો.

પ્રશ્ન ૪. અભિવ્યક્તિના વિકાસ માટે તમે શું શું કરશો?

પ્રશ્ન ૫. 'તાર્કિક ચિંતન'નો ભાષા કૌશલ્ય સાથેનો સંબંધ સ્પષ્ટ કરો.

પ્રશ્ન ૬. અનુલેખન અને શ્રુતલેખન વચ્ચેનો તફાવત સમજાવો.

પ્રશ્ન ૭. ધોરણ – ૭માં સર્જનાત્મકતાના વિકાસ માટે ભાષામાં તમે કઇ કઇ પ્રવૃત્તિઓ કરાવશો?

પ્રશ્ન ૮. નીચે આપેલ રૂપરેખા પરથી આશરે ૧૫૦ શબ્દોમાં વાર્તા બનાવો.

વનરાજસિંહ વૃદ્ધ થયો – રોજ એક પ્રાણી સ્વેચ્છાએ તેમનો શિકાર બનવા જાય – એક શિયાળનો વારો આવ્યો – મરવું ન ગમ્યું – ચાલાકી કરી – મોડું પહોંચ્યું – ગુસ્સે થયેલ વનરાજ – ધ્રૂજતું શિયાળ કહે : મહારાજ રસ્તે કૂવામાં બીજા વનરાજે મને રોકી લીધો – માંડ પહોંચ્યો છું – 'ક્યાં છે તે દુષ્ટ, બતાવ મને', વનરાજે કહ્યું – કૂવામાં પ્રતિબિંબ – ત્રાડ નાંખી – ત્રાડ સંભળાઇ – કૂવામાં સિંહ કૂદી પડ્યો – પ્રાણીઓને મુક્તિ મળી.

પ્રશ્ન ૯. નીચે આપેલા શબ્દમાંથી મૂળાક્ષરોના સ્થાનફેર કરીને અર્થપૂર્ણ શબ્દ બનાવો.

(ઉદા. કામગરો : કામ, મગર, ગરમ, ગરમી, રોમ, મગ, કાગ વગેરે . . . )

ભમરડો, સૂરજમુખી, નગરપતિ, ધરમપુર, આસોપાલવ

પ્રશ્ન ૧૦. નીચે આપેલા મૂળાક્ષરના બારાક્ષરી મુજબ શબ્દો બનાવો અને તે શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો :(ઉદા. ક, કા, કિ, કી, કુ, કૂ, કે, કૈ, કો, કૌ, કં,

કમળ, કાગળ. કિસ્મત, કીર્તન, કુટેવ, કૂજન, કેળવણી, કોયડો, કૌરવો, કૈકેયી, કંચન,.

કમળ કાદવમાં ખીલે છે. )આ પ્રમાણે ન, સ મૂળાક્ષરના શબ્દ બનાવી વાક્યમાં પ્રયોગ કરો.

પ્રશ્ન ૧૧. નીચેનામાંથી દરેક શબ્દનો ઉપયોગ કરીને અલગ અલગ જોડકણાં કે કાવ્યપંક્તિ બનાવો.

ગગન, ટહુકો, માડી, ચાંદની, પાન, પુષ્પ

પ્રશ્ન ૧૨. નીચેના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપો.

૧. 'અભિવ્યક્તિ' ક્ષેત્રમાં કયાં કૌશલ્ય સમાવિષ્ટ છે?

(ક) કથન – લેખન (ખ) શ્રવણ – વાંચન (ગ) વાંચન – લેખન (ઘ) શ્રવણ – કથન

### ૧.૧૨ શબ્દભંડોળ:

વર્ણ/સ્વર: જેના ઉચ્ચારણમાં જરા પણ અવરોધ કે વિરોધ, સ્પર્શ કે સંઘર્ષ વિના હવા બહાર આવે છે તે સ્વર છે.

ઉદા. અ,આ,ઈ,ઈ,ઊ,ઊ,એ,ઐ,ઓ,ઔઅં,અને અ: કુલ બાર સ્વર છે.

અ, ગુજરાતીમાં અ થી અઃ સુધી બારાક્ષરી લખાય છે તે છતાં મુખ્ય સ્વર તો અ, આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ મળીને કુલ આઠ જ છે.

વ્યંજન : જેનું ઉચ્ચારણ સ્વતંત્ર રીતે ન થઇ શકે તે વ્યંજન.સ્વરોની મદદ થી બોલાતા વર્ણ.

ક,ખ,ગ.....જ્ઞ  સુધીના કુલ ૩૪ વર્ણ છે.

જોડાક્ષર : બે કે બે થી વધારે વર્ણ કે અક્ષર જોડાવવાથી બનતા અક્ષરો.

ઉદા.  જ્ઞ = ગ+ન+ય, ક્ષ= ક+શ+ય

❖ **શબ્દ એટલે શું?**

'શબ્દ એટલે વર્ણોની વ્યવસ્થિત અર્થપૂર્ણ ગોઠવણી.'

' અર્થપૂર્ણ વાણી વ્યવહારમાં અર્થનું વહન કરનાર શબ્દો છે.'

એક અથવા વધારે ધ્વનિ સંકેતો કે અક્ષરોના અર્થપૂર્ણ સમૂહથી શબ્દ બને છે. ઉદા : મ, ક, ળ, સ, ર આ અક્ષરો છે પરંતુ શબ્દ નથી. જ્યારે કમળ, રસ વગેરે શબ્દ છે.

ચોક્કસ (નિયત) ધ્વનિઓ ભેગા મળીને શબ્દ કે પદ બને છે. શબ્દ કે પદના ભેગા થવાથી વાકય બને છે. સ્વર કે વ્યંજનોમાં ફેરફાર થવાથી શબ્દના અર્થમાં પરિવર્તન થાય છે. વર્ણમાળાના અક્ષરોને જુદી જુદી યોગ્ય રીતે જોડવાથી અનેક શબ્દો બને છે. ઉદા : 'ક' અને 'પ' બે વ્યંજન છે. આ બે વ્યંજનોમાં સ્વરો જોડાતાં કાપ, કંપ, પાક, પોંક, કાંપ, પાકું, પાકી, કોપ, પોક વગેરે.  આ દરેક શબ્દોના અર્થ ભિન્ન થાય છે. શબ્દોમાં અક્ષરોને જોડવાની ક્રિયા ખૂબ જ મહત્વની છે. જુદા જુદા અક્ષરોને પદ્ધતિસર ગોઠવવાની પ્રક્રિયા એટલે જ જોડણી. વર્ણમાળાના અક્ષરોને ગોઠવવાથી જોડણીની સહાયથી હજારો શબ્દો બને છે.

**શબ્દ રચના :** એકાક્ષરી શબ્દો :  જા, ઘી, બી, ખા, મા, બા,ગા વગેરે...

દ્વિઅક્ષરી શબ્દો : માતા, પિતા, ભાઈ, લખ, ચઢ, વડ, પડ, લડ, વટ, ઘર  વગેરે...

ત્રિઅક્ષરી શબ્દો : રમેશ, કમળ, ગુલાબ, સૂરજ, આકાશ વગેરે....

❖ **પદ અને વાકય :**

પૂરો અર્થ કે વિચાર દર્શાવતો યોગ્ય ક્રમવાળો પદસમૂહ તે વાકય. પરંતુ વાકયમાં ન વપરાયો હોય ત્યાં સુધી શબ્દ શબ્દ જ રહે છે. ઉદા : (૧) આકાશમાં તારા ચમકે છે. 'તારા' વાકયમાં એક ઘટક તરીકે આવી અને બીજા શબ્દ સાથેનો સબંધ પ્રગટ કરે એટલે તે 'પદ' બને છે. (૨) 'વિધિએ સસલાને પંપાળ્યું' એ વાકય છે. 'વિધિ', 'સસલું','પંપાળ્યું' એ શબ્દ છે. જ્યારે 'વિધિએ, સસલાને, પંપાળ્યું' એ પદો છે.

કોઈપણ ભાષાની સમૃધ્ધિ એનું શબ્દભંડોળ  છે. ગુજરાતી ભાષામાં સંસ્કૃતભાષાના મૂળ શબ્દો તેના તે સ્વરૂપે સ્વીકારાયા  તેવા શબ્દોને 'તત્સમ' શબ્દો કહે છે.

ત્યારપછી પ્રાકૃત અને અપભ્રંશ ગુજરાતીના શબ્દો સંસ્કૃત ભાષામાંથી રૂપાંતરિત થઈને ગુજરાતી ભાષામાં આવે છે. તેને તદભવ શબ્દો કહે છે.

કેટલાક શબ્દો એવા છે જે પરંપપરાગત રીતે વપરાય છે પણ તેમનો ઉદભવ તતસમ કે તદભવ શબ્દોમાં નથી તેવા શબ્દો મૂળ વતનીઓની ભાષામાં, તેમજ સમાજમાં રૂઢ થયેલાં તળપદા શબ્દોને દેશી, દેશજ તરીકે ઓળખીએ છીએ.

ગુજરાતની આજુબાજુના પ્રાંતો કે રાજ્યોની ગુજરાત સાથે વેપારીક સંબધોને કારણે ગુજરાતી ભાષામાં પરપ્રાંતીય ભાષાના શબ્દો ગુજરાતીમાં સ્વીકાર્યા છે.

ભારત ઉપર પ્રાચીન સમયથી શક, હૂણ, પહ્લવ, કુશાણ ઉપરાંત મધ્યયુગમાં તુર્ક, ગુલામ, ખિલજી અને મોગલવંશના શાસન દરમ્યાન ફારસી, અરબી, ઉર્દુ ભાષાના શબ્દો ગુજરાતી ભાષાના શબ્દો સ્થાન પામ્યા.

તત્સમ શબ્દો – પુસ્તક, શિષ્ય, સૂર્ય, વિદ્યાપીઠ

તદભવ શબ્દો – સંસ્કૃતમાં હસ્ત હાથ/શીતકાલ–શિયાળો/શ્રુગાલ–શિયાળ/સ્વસ્તિક–સાથિયો/દેશી/દશ્ય– પૂડી, ધાગડી, રોળું, જાખરુ, ઢેખાળો.

❖ **પરપ્રાંતીય શબ્દો**

મરાઠી શબ્દો – આઈ, ચળવળ, લબાડ, મવાળ, પંતુજી.

હિન્દી શબ્દો – ન્યોછાવર, ભૈયા,બંસી, બિરાજવું .

બંગાળી શબ્દો – મહાશય, બાબુ, શ્રીમાન

કન્નડ શબ્દો – વકટ, લેણ, મૂર, નાર, એલચી, જશમાં(યશમ્મા)

❖ **વિદેશી શબ્દો**

ફારસી શબ્દો – ગરીબ, તવંગર , જાનવર , બક્ષીસ ,

અરબી શબ્દો – ઈજા ,ઉમદા , મહેલ , મિનારો ,અલવિદા .

તૂર્કી શબ્દો – જાજમ, ચમચો ,તોપ, કાબૂ,

પોર્ટુગીઝ શબ્દો – તમાકુ, બટાટા, પગાર, પિસ્ટોલ

અંગ્રેજી શબ્દો – ડોક્ટર, સ્ટુડન્ટ, કૉલેજ, બસ, સ્ટેશન

જાપાની શબ્દ – બોનસાઈ, સુમો, હાઈકુ વગેરે.

## ❖ ભાષા અધ્યયનમાં વ્યાકરણની ભૂમિકાઃ માતૃભાષાનું સર્જન

જન્મતાં પહેલાં જ જે ભાષા કાને પડે, માતાની જે ભાષા હોય તે બાળકની માતૃભાષા છે. જેમ માતાના ધાવણ દ્વારા બાળકનું પોષણ થાય છે, તેમ માતૃભાષા દ્વારા બાળકના ભાવકોષનું પોષણ થાય છે.

વ્યાકરણ એ ભાષાનું અત્યંત મહત્વપૂર્ણ પાસું છે. સંસ્કૃતના એક સુભાષિતમાં પિતા એના પુત્રને થોડુંક પણ વ્યાકરણ ભણવા આગ્રહ કરે છે. જેથી પુત્ર સકલનું શકલ, સકૃત નું શકૃત અને સ્વજનનું શ્વજન ન કરી દે. ( સકલ– બધા, શકલ– ટુકડો, સકૃત– એકવાર, શકૃત– વિષ્ટા, સ્વજન– પોતાનો માણસ, શ્વજન– કૂતરો) એ જ પ્રમાણે મૃચ્છકટિકમ્ નામના સંસ્કૃત ભાષામાં લખાયેલ નાટકમાં એક પાત્ર 'સ'ની જગ્યાએ 'શ'નો ઉચ્ચાર કરતો હોવાથી તેનું નામ જ 'શકાર' રાખવામાં આવ્યું છે. નાટકની નાયિકાને વસંતસેના ની જગ્યાએ વશંતશેના કહીને બોલાવે અને રમૂજ ઊભી કરે. આ ઉદાહરણો ભાષાની સજ્જતા અને ઉચ્ચારણની શુદ્ધિમાં વ્યાકરણની પાયાની બાબતોનું જ્ઞાન કેટલું જરૂરી છે તે દર્શાવે છે.

ભાષા શીખવી અને ભાષા વિશે શીખવું આ બંને અલગ અલગ બાબતો છે. તેમાંય સૌ પ્રથમ

ભાષા શીખવી જરૂરી છે તેમાં કોઈ બેમત હોઈ શકે જ નહીં. પણ ભાષા સમજતા થઈએ, બોલતા, વાંચતા અને લખતા થઈએ ત્યારબાદ એ જ ભાષા અંગે સમજીએ ત્યારે જ સાચા અર્થમાં ભાષાનું શિક્ષણ થતું હોય છે. આપણા ત્યાં ગણિત કે વિજ્ઞાનનો શિક્ષક ગુજરાતી ભાષા જાણતો હોય છે પણ ભાષાને જાણતો હોતો નથી તેથી તે ભાષા શીખવવામાં સફળ થઈ શકે નહીં.

એક ભાષા શીખ્યા બાદ સ્વઅધ્યયનથી બીજી ભાષા શીખવી હોય તે સમયે બંને ભાષાનું શબ્દભંડોળ તો જાણવાનું હોય છે સાથે સાથે આપણી પ્રથમ ભાષાથી આ બીજી ભાષા કઈ રીતે અલગ પડે છે તે પણ જાણવાનું હોય છે, એમ થવાથી જ બીજી ભાષા સારી રીતે શીખી શકાય છે. આપણી ભાષાના કોઈ શબ્દ કે વાક્યના અર્થઘટનનો પ્રશ્ન હોય ત્યારે પણ તેમાં વપરાયેલા પદોની વ્યુત્પત્તિ સાથે તે પદો કઈ રીતે પ્રયોજાયા છે તેની સમજ હોય તે સારી રીતે અર્થઘટન કરી શકે છે.

વિદ્યાર્થી તરીકે આપણે ઘણા નવા શબ્દોના ઉપયોગ કે સર્જનની જરૂર પડે ત્યારે પણ વ્યાકરણની સહાયતાથી એ શક્ય બનવાનો અનુભવ હશે જ. જેમકે ઉપસર્ગના ઉપયોગથી એક શબ્દના અનેકરૂપો બનતાં જોઈ શકીએ છીએ. હારના પદમાં અલગ–અલગ ઉપસર્ગનો ઉપયોગ કરવાથી વિહાર, સંહાર, પ્રહાર, અનાહાર જેવાં રૂપોનું નિર્માણ કરી વિવિધ અર્થમાં તેનો વિનિયોગ કરી શકાય છે. ગણિત, વિજ્ઞાન તેમજ સામાજિક વિજ્ઞાનમાં વપરાતાંઘણાં પદો સમજવા વ્યાકરણ ઉપયોગી થાય છે. જેમકે ઘનીભવન, બાષ્પીભવન, સમીકરણ, ઉદ્યોગીકરણ વગેરે સ્વરૂપો સમજવાથી તેમાં થતી પ્રક્રિયા સમજવામાં મદદ મળે છે. ઉપરાંત, નવીન શબ્દો– પદોના સર્જનનું કૌશલ્ય પણ કેળવાય છે.

ભાષાશાસ્ત્રની સમજ હોય ત્યારે ભાષામાં જોવા મળતા વૈવિધ્યનો ખ્યાલ આવે છે. વિવિધ ભાષાઓની તુલના કરવાથી તેમાં રહેલી સમાનતા અને વિષમતા પણ ધ્યાનમાં આવે છે. કેટલીકવાર કેટલાંક પદોનું મૂળ જાણવા મળે ત્યારે તેમાં રહેલ વૈભવની ઝાંખી થયા વિના રહેતી નથી.

આ ચર્ચાના આધારે એટલું કહી શકાય કે

– ભાષાનું વ્યાકરણ ભાષા અંગેની સમજ સ્પષ્ટ કરે છે.

– ભાષા શીખવનારે વિદ્યાર્થીઓની ભાષા સમૃદ્ધ બનાવવા માટે વ્યાકરણનું પાયાનું શિક્ષણ મેળવવું
અનિવાર્ય છે.

– ભાષા લખતાં, વાંચતા તેમજ બોલતાં શીખવાથી ભાષા આવડી ગઈ એમ કહેવાય પણ વ્યાકરણ
શીખવાથી ભાષા વિશે પણ જાણી લીધું તેમ કહી શકાય છે.

– ભાષા અર્થઘટનનો મુદ્દો આવે ત્યારે વ્યાકરણનું જ્ઞાન ખૂબ જ અગત્યનું બની જાય છે.

છેવટે એટલું નક્કી થાય છે કે ભાષાને શીખવાની જગ્યાએ શિક્ષકે તેને પામવાની હોય છે અને એના માટે વ્યાકરણની ભૂમિકા પણ ખૂબ મહત્વપૂર્ણ બની રહે છે.

## તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન ૧. શબ્દ અને પદનો તફાવત દ્રષ્ટાંત સહિત લખો.**

**પ્રશ્ન ૨. ધોરણ–૩માં બાળકો જોડાક્ષરયુક્ત શબ્દલેખનમાં ભૂલો કરે છે? આ સુધારણા માટે શિક્ષક તરીકે કઇ યુક્તિ / પ્રયુક્તિનો ઉપયોગ કરશો?**

**પ્રશ્ન ૩. શબ્દભંડોળના વિકાસ માટેની પ્રયુક્તિઓ જણાવો.**

**પ્રશ્ન ૪. નીચેના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપો.**

૧. શબ્દસમૂહ માટે કયો વિકલ્પ પસંદ કરશો?

ગામની અને જ્ઞાતિની સ્ત્રીઓ <u>અમુક અમુક સામાજિક પ્રસંગે કઇ રીતે વર્તવું</u> તેના પ્રશ્નો લઇ ધર્મલક્ષ્મી પાસે આવતી.

(ક) રીત –રિવાજના (ખ) લોકાચારના (ગ) ધર્માચારના(ઘ) આચાર – વિચારના

૨. વિરુદ્ધાર્થી શબ્દ પસંદ કરો : તેનો <u>શોક</u> સમજી શકાય એમ હતો.

(ક) ઉમંગ (ખ) આનંદ (ગ) ઉલ્લાસ (ઘ) ઉમળકો

૩. પતિ પત્ની તરફ આસક્ત હોય તો <u>પત્નીઘેલો</u> ગણાય. વાક્યમાં રેખાંકિત શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

(ક) બાયલો (ખ) પોચકો (ગ) પોચટ (ઘ) વેવલો

૪. 'બળવંત' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો

(ક) બહાદુર (ખ) બળવાન (ગ) બહારવટુ (ઘ) નિર્બળ

૫. 'કીર્તિ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.

(ક) પ્રતિષ્ઠા (ખ) મોભો (ગ) નામી (ઘ) અપકીર્તિ

૬. 'સંકેત' શબ્દનો સમાનાર્થી આપો.

(ક) ઇશારો (ખ) શાન (ગ) શાબાશ (ઘ) બાન

૭. 'સંતાન' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.

(ક) સંતાપ (ખ) સંતતિ (ગ) શયતાન (ઘ) ચિંતા

૮. પૃથ્વીનો સંપૂર્ણ વિનાશ એટલે . . . . .

(ક) ધરતીકંપ (ખ) સુનામી (ગ) પ્રલય (ઘ) ભૂકંપ

૯. હાથથી ફેંકીને મારવાનું હથિયાર

(ક) અસ્ત્ર (ખ) શસ્ત્ર (ગ) શાસ્ત્ર (ઘ) ભાલો

૧૦. સવારના નાસ્તાને શું કહેવાય?

(ક) રોંઢો (ખ) વાળું (ગ) શિરામણ (ઘ) બપોર

૧૧. 'રળનારો' એટલે શું?

(ક) કમાનારો (ખ) આપનારો (ગ) રડનારો (ઘ) દેનારો

૧૨. 'કલ્યાણ' શબ્દના અર્થની સાથે કયો શબ્દ બંધ બેસતો નથી?

(ક) શિવ (ખ) મંગલ (ગ) શુભ (ઘ) લાભ

૧૩. નીચેના શબ્દોમાં કયો શબ્દ અલગ છે?

(ક) હિમાંશુ (ખ) સુધાંશુ (ગ) મયંક (ઘ) ચંદ્રિકા

૧૪. નીચેનામાંથી કઇ જોડ સાચી નથી?

(ક)હરણ – સારંગ (ખ)ઉષા – સંધ્યા (ગ)રાત્રિ – રજની (ઘ)અસુર – દાનવ

૧૫. 'જેમાંથી વસ્તુ ખૂટે નહિ તેવું પાત્ર' _______________

(ક) અક્ષયપાત્ર (ખ) અમરપાત્ર (ગ) અખંડપાત્ર (ઘ) અભયપાત્ર

૧૬. 'પોતાનાં વખાણ પોતે કરવાં તે' ________________

(ક) આત્મશ્લાઘા (ખ) પ્રશંસા (ગ) આત્મજ્ઞાની (ઘ) ઉત્સાહી

૧૭. નીચેનામાંથી કઇ જોડ જુદી પડે છે?

(ક) સંક્ષિપ્ત – વિસ્તૃત (ખ) તત્સમ – તદ્‌ભવ (ગ) ઉન્નતિ – અવનતિ(ઘ) ભુજંગ–અહિ

૧૮. નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો.

(ક) ક્ષીતિજ (ખ) ક્ષિતીજ (ગ) ક્ષિતિજ (ઘ) ક્ષીતીજ

૧૯. સ્વયં સેવકનો સમૂહવાચક શબ્દ કયો?

(ક) દળ (ખ) ટોળું (ગ) જૂથ (ઘ) ગણ

૨૦.'સાઠ વર્ષ પૂરાં થતા ઉજવાતો મહોત્સવ......

(ક) રજત મહોત્સવ(ખ) હીરક મહોત્સવ (ગ) દશાબ્દિ મહોત્સવ(ઘ) સુવર્ણ મહોત્સવ

૨૧. કૂવો : ઊંડાણ :: શબ્દ:_______________

(ક) ભાષા (ખ) સાહિત્ય (ગ) બોલી (ઘ) અર્થ

૨૨. નીચેનામાંથી કયો શબ્દ બંધબેસતો નથી?

(ક) સારંગ (ખ) મૃગ (ગ) હરણ (ઘ) મૃદંગ

**પ્રશ્ન ૫ શબ્દભેદ લખી વાક્યમાં પ્રયોગ કરો :**

૧. પાણિ –પાણી ૨. સરકસ – સરઘસ ૩. વાગે – વાગ્યે ૪. વધુ – વધૂ

૫. સાંજ – સાજ ૬. કાપ –કાંપ ૭. બંગડી – બગડી ૮. ઝાડું –જાડું

**પ્રશ્ન ૬ નીચે આપેલા ઉદાહરણ મુજબ એક સરખા પ્રાસવાળા દસ–દસ શબ્દ લખો.**

(ઉદા. ધારદાર, કલદાર, છડીદાર, શાનદાર, પાણીદાર, થાનેદાર, નામદાર, ચોટદાર, ભારદાર, કામદાર, હવાલદાર, વજનદાર. )

૧. ચણતર , ૨. ધાર્મિક, ૩. ઝટપટ, ૪. માટલી, ૫. વાગ્યો

## ૧.૧૩ ભાષા વપરાશ

### ૧.૧૩.૧ ભાષા વપરાશનો અર્થ:

ભાષાનું મુખ્ય કાર્ય પ્રત્યાયનનું છે. જેના દ્વારા જ મનુષ્ય જીવનવ્યવહાર ચલાવે છે. સાક્ષર કે નિરક્ષર વ્યક્તિ ભાષાના ઉપયોગ દ્વારા જ વ્યાવહારિક કાર્યો કરે છે. જો વ્યક્તિ ભાષાનો વપરાશ યોગ્ય રીતે ન કરી શકે તો એના વ્યક્તિત્વની છબી પર વિપરીત અસર પડે છે. ભાષાના વપરાશ ઉપર નિયંત્રણ અથવા કાબૂ મેળવવા ભાષા વપરાશની કામગીરી અથવા પ્રવૃત્તિને સમજવી પડે.

અભિવ્યક્તિની વૈકલ્પિકતા ભાષાના વપરાશની અસરકારકતાને વધારે છે. શિક્ષક જે ભાષા વર્ગમાં બોલે – વાપરે તે ભાષા બોલવા વાપરવા વિદ્યાર્થી પ્રેરાતો હોય છે. આથી બધા વિષયના શિક્ષકોએ માન્ય ગુજરાતી ભાષા વપરાશ વર્ગમાં અને લેખનમાં કરવાનો આગ્રહ રાખવો. ખરેખર તો માનવની પ્રકૃત્તિ જ એવી છે કે એને સામાજિક બનવું ગમતું હોય છે. સમાજમાં યોગ્ય સ્થાન મેળવવા એ પ્રયત્નશીલ હોય છે. વિદ્યાર્થીના મનમાં સમજાઈ જાય કે માન્ય ભાષાનો વ્યવહાર તેને સંસ્કારી, ભણેલો–ગણેલો અને શિષ્ટ બનાવે છે, તો એ સ્વયં ભાષા વપરાશ માટે પ્રવૃત્ત  થાય છે. વિદ્યાર્થીઓનો ભાષા વ્યવહાર પણ બદલાય છે. ખાસ કરીને કિશોરાવસ્થામાં તો પોતાની જાતને પ્રસ્થાપિત કરવા તત્પર બને છે. ધીમે–ધીમે સર્વસ્વીકૃત ઉચ્ચારણો, શબ્દ પ્રયોગો અને વાક્ય પ્રયોગોનો ભાષા વપરાશમાં ઉપયોગ કરતો થાય છે. તેના કારણે તેનું વ્યક્તિત્વ અસરકારક અને પ્રભાવક બને છે. આ બાબતથી વિદ્યાર્થીને સભાન કરવામાં આવે તો શિક્ષકની અડધી મહેનત બચી જાય છે. ભાષાનો વપરાશ પછી તે આસપાસ માંથી શીખવા માંડશે, પુસ્તકોમાંથી શીખવા માંડશે, સારા વક્તાઓને સાંભળીને શીખવા માંડશે.

### ૧.૧૩.૨ **શિક્ષકની ભાષાકીય સજ્જતા**

ભાષા શિક્ષકની ભૂમિકા વિશિષ્ટ છે. તેની કામગીરીની અસર તમામ વિષયોની સિદ્ધિ ઉપર દેખાય છે. એટલેકે વિદ્યાર્થીઓ ભાષાકીય રીતે સજ્જ થાય તેનું દાયિત્વ ભાષાના શિક્ષકનું બની જાય છે. આ માટે જરૂરી છે કે શિક્ષક પોતે પણ ભાષાકીય રીતે નિપુણ બને.

સમાજના તમામ લોકોની જેમ શિક્ષક પણ આખરે સમાજમાંથી આવે છે. લોકજીવનના ધબકારની અસર વત્તાઓછા પ્રમાણમાં તેના જીવન ઉપર થાય છે. તેમાંય પોતે જે વર્ગમાંથી આવતા હોય તે વર્ગનું શબ્દભંડોળ તેમજ ભાષા ઉચ્ચારણની શૈલી સહજ રીતે એ ઝીલે છે. ઘણીવાર તેનો આ ભાષા શાળાની ભાષા અથવા વર્ગવ્યવહારની ભાષા કરતાં ભિન્ન હોવાની સંભાવના છે. શિક્ષક પોતે ભાષા શિક્ષક બનવા માટે આ ભાષા સાથે કેટલી નીકટતા કેળવી છે એ પણ મહત્વનો પ્રશ્ન છે. ભાષાને કેટલા ઉંડાણથી જાણવી, તેના ભાષા તત્વને જાણવું તેમજ ભાષાની સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે ભાષા સાહિત્યને કેટલું આત્મસાત કર્યું છે એ પણ પ્રશ્ન છે.

પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિમાં ભાષા શિક્ષણમાં વ્યાકરણના તત્વને વિશેષ સ્પર્શ કર્યા સિવાય ભાષાને આત્મસાત કરાવવા વિવિધ પ્રવૃત્તિઓ કરાવવાની બાબત ઉપર ભાર મૂકવામાં આવે છે. તેનો અર્થ એ નથી કે શિક્ષકને પણ વ્યાકરણની જાણકારી ન હોય તો ચાલી શકે.

ઉપરની ચર્ચાના આધારે ભાષા શિક્ષકની સજ્જતા માટે આટલી વિગતો સ્પષ્ટ થાય છે.

- ભાષા શિક્ષકની શાળા અને વર્ગવ્યવહારની ભાષા માન્ય ભાષા હોય તેવો પ્રયત્ન થવો જોઇએ.
- વિદ્યાર્થીઓની સ્થાનિક ભાષા ઉચ્ચારણ શૈલીના સ્વીકાર સાથે તેમની સાથે સંવાદ સાધવામાં કુશળતા હોવી જોઇએ.

- શિક્ષકે વિદ્યાર્થીઓની સ્થાનિક ભાષા ભિન્ન હોય તો તેની જાણકારી પણ મેળવવી જોઇએ. જેમકે, કચ્છ કે ડાંગ વિસ્તારમાં કામ કરતા શિક્ષકે આત્મિયભાવ ઉભો કરવા ત્યાંની ભાષા તેમજ બોલીથી પરિચિત થવું જોઇએ.
- શિક્ષકે વિદ્યાર્થીઓ માટે જરૂરી વ્યાકરણના મુદ્દાઓની તલસ્પર્શી જાણકારી રાખવી જોઇએ. ભલે વ્યાકરણનું શિક્ષણ ન આપવાનું હોય તો પણ બાળકોની ભાષા પરિષ્કૃત કરવા શિક્ષક પાસે એ જ્ઞાન અનિવાર્ય છે.
- ગીત, અભિનય ગીત, વાર્તા, પ્રસંગ કથા, બોધકથા જેવું સાહિત્ય ભાષા શિક્ષકની સજ્જતામાં અગત્યનાં પીંછાં છે, તેમાં પ્રાવીણ્ય કેળવવું જરૂરી છે.
- ભાષાના પ્રશિષ્ટ સાહિત્યનું બહોળું વાંચન પણ શિક્ષક માટે જરૂરી છે.
- અન્ય વિષયોમાં જે પ્રકારની ભાષાની જાણકારીની અપેક્ષા હોય તેમાં શિક્ષક પાવરધા હોય તો જ વિદ્યાર્થીઓને તેનાથી સજ્જ કરી શકે.

ટૂંકમાં શિક્ષકની ભાષાકીય સજ્જતા તેના પોશાક તેમજ વ્યક્તિત્વ જેટલી જ અગત્યની બની રહે છે.

## તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન – ૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. ‘ભાષા વપરાશ’ એટલે શું?

૨. ‘ભાષા વપરાશ’ની સફળતાનો આધાર શાના ઉપર રહેલો છે?

૩. વ્યક્તિ વ્યવહારમાં ભાષાનો ઉપયોગ કરે છે? તેમાં કેવી વિશિષ્ટતાઓ જોવા મળે છે?

૪. ‘ભાષા વપરાશ’માં ભિન્નતા જોવા મળે છે, શા માટે?

૫. ‘ભાષા વપરાશ’માં શબ્દભંડોળનું શું મહત્વ છે?

૬. ‘ભાષા વપરાશ’માં પૂર્વાનુભવોની ભૂમિકા સ્પષ્ટ કરો.

૭. ‘ભાષા વપરાશ’ના ઉપયોગ જણાવો.

**પ્રશ્ન – ૨ નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ આપો.**

૧. ‘કુટુંબમાં કોઇનું અવસાન થયું છે’ તેનો સંદેશો મોકલવાનો પત્ર _______________

(ક) કંકોત્રી (ખ) કાળોતરી (ગ) શોકસંદેશ(ઘ) શ્રદ્ધાંજલિ

૨. વડીલોપાર્જિત મિલકતની વહેંચણીનો કરાર / લખાણ _____________

(ક) તહોમતનામું (ખ) વસિયતનામું (ગ) મુખ્ત્યારનામું (ઘ) કબૂલાતનામું

૩. કયો શબ્દ સાચો અર્થ ધરાવતા નથી?

(ક) સ્નેહ – આપણાથી નાનાઓ તરફથી લાગણી(ખ) વાત્સલ્ય – મોટાની નાના માટેની લાગણી

(ગ) પ્રેમ – બધા માટેના હેતની લાગણી(ઘ) હૂંફ – વ્યક્તિની સમાજ પ્રત્યેની લાગણી

૪. મયૂર રૂપલ કરતાં_______________ છે.

(ક) નાનું (ખ) નાનો (ગ) નાની (ઘ) નાના

૫. 'સુખદાયી' શબ્દનો અર્થ શું થાય?

(ક) સુખ આપવાવાળું (ખ) સુખ લેવાવાળું(ગ) સુખમાં હોવું(ઘ) સુખમાં રહેવું

૬. શિયાળામાં નદીનું પાણી થીજે છે. પરંતુ ઉનાળામાં તે____________________છે.

(ક) ઉકળે (ખ) પીગળે (ગ) ઠરે (ઘ) પડે

૭. જો મૃત્યુ એટલે અંત તો, શરૂઆત એટલે___________________

(ક) બાળપણ (ખ) જન્મ (ગ) પહેલું (ઘ) પ્રથમ

૮. 'કૃપા કરી તમે આવતીકાલની મારી રજા …….. કરશો'.

(ક) માન્ય (ખ) પરત (ગ) રદ (ઘ) જમા

૯. ઘરમાં ખૂબ જ અંધારું હતું તેથી મેં બારીનો પડદો ઊંચો કર્યો પણ નીરજે અંદર આવી તેને ફરીથી______________________

(ક) નીચો કર્યો (ખ) પાડ્યો (ગ) ઓછો કર્યો (ઘ) બંધ કર્યો

### ૧.૧૪ ભાષા–પ્રાપ્તિ અને ભાષા–પ્રભુત્વ :

ભાષા–પ્રભુત્વ શીખવાની ગતિને ઝડપી અને સરળ બનાવે છે. વિદ્યાર્થીઓને કયા શબ્દનો, કયા સમયે, કયા વાકયમાં કેવી રીતે ઉપયોગ કરવો તે શીખવા અને શીખવાની કળા એટલે 'ભાષા–પ્રભુત્વ'મનુષ્ય પાસે મૂળભૂત રીતે અલૌકિક સર્જનશક્તિ છે, એ શક્તિ જન્મજાત છે. મોંમાંથી ધ્વનિનો ઉચ્ચાર કરવાની શક્તિ અન્ય પ્રાણીઓની જેમ મનુષ્ય પાસે છે. મનુષ્ય પોતાની વિશિષ્ટ એવી સર્જનશક્તિની મદદથી ધ્વનિઓના ઉચ્ચારણની સાથે, પોતાના જીવનના અનેક અનુભવો, સંવેદનાઓ, લાગણીઓ, વિચારો વગેરેને જોડીને અભિવ્યક્ત કરે છે અને વ્યવહારમાં ઉપયોજન કરે છે.

### ૧.૧૪.૧ ભાષા પ્રભુત્વનાં લક્ષણો:

૧. ઇન્દ્રિયોથી થતા અનુભવોને શાબ્દિક પ્રક્રિયાઓને ભાષામાં ઢાળવાની / રૂપાંતરિત કરવાની શક્તિતે ભાષા પ્રભુત્વ.

૨. પદાર્થો, પદાર્થોના પરસ્પર સબંધો અને તેમની વિવિધ પરિસ્થિતિઓ અનુભવરૂપે જોડાય છે.

૩. બાળક કર્મેન્દ્રિયોથી થતા અનુભવોને (સ્થૂળ અનુભવોને) કઇ રીતે મન, બુદ્ધિ, ચિત્તથી થતા સૂક્ષ્મ અથવા અમૂર્ત અનુભવોના રૂપમાં ઢાળે છે, તેનો આધાર ભાષા પ્રભુત્વ પર રહે છે.

૪. સ્થૂળ પદાર્થોના અનુભવો વિવિધ ક્રિયાઓ, પ્રક્રિયાઓ, પ્રવૃત્તિઓ, પરિસ્થિતિઓ રૂપે થતા હોય છે; તેમની વચ્ચેનો સંબંધ ભાષાની મદદથી સમજાય છે. ટૂંકમાં અનુભવપિંડ ભાષાપિંડ રૂપે ચિત્તમાં આકારાય છે અને બુદ્ધિથી સમજાય છે.

૫. અનુભવો – આકસ્મિક, પૂર્વ આયોજિત, સહજ, ઇરાદાપૂર્વકના, વેરવિખેર ગોઠવાયેલા અથવા વ્યવસ્થિત, અણધાર્યા તેમજ ધારણા મુજબ થતાં હોય છે, પછી તેને વ્યવસ્થિત કરવા, મથામણ કરવા,

સંપાદિત કરવા, વિચાર, લાગણી અને તર્કની શક્તિ ભાષાની મદદથી કાર્યાન્વિત થાય છે.

ભાષા પ્રભુત્વને સમજવા, કેળવવા થોડાંક ઉદાહરણો જોઇએ.

૧. નાકથી સુગંધનો અનુભવ થયો. જુદી જુદી વ્યક્તિઓ તેને જુદી જુદી રીતે ભાષામાં ઢાળવાનો પ્રયત્ન કરે છે.

(ક) સરસ સુગંધ ! (સરસ એટલે કેવી? સુગંધ સરસ હોય?)

(ખ) મજાની સુગંધ ! (મજાની એટલે કેવી? સુગંધ મજાની હોય? હોય તો એને વધુ સ્પષ્ટ કઇ રીતે કરાય? ઘણાને પદાર્થોને આ રીતે 'સરસ' કે 'મજાની' કહેવાની આદત હોય છે. 'મજાની ચોપડી', 'મજાનું વ્યાખ્યાન', 'સરસ મજાની વાત', 'સરસ મજાનો દાખલો ગણી કાઢયો' વગેરે....

(ગ) ગુલાબની સુગંધ (મોગરા, ચંપા, જૂઇ વગેરેની નહીં). અહીં સ્પષ્ટતા થઇ

(ઘ) ગુલાબના અત્તરની સુગંધ (વધુ સ્પષ્ટતા થઇ)

(ચ) ગુલાબના અત્તરની આછી / તીવ્ર સુગંધ (વધુ સ્પષ્ટતા થઇ) સુગંધ અંગેની

૨. દૃશ્યનો અનુભવ, દૃશ્યના અનુભવમાં એક સાથે અનેક પદાર્થો જોડાયેલા હોય છે. 'ગુલાબ' નો અનુભવ – કાંતો ગુલદસ્તામાં, છોડ પર, કોઇકના માથામાં એમ થતો હોય છે. ઉપરાંત તેના વિવિધ આકાર, રંગ, રૂપ અને સુગંધ પણ હોય. કળીરૂપે રહેલું / ખીલું ખીલું થતું / પૂર્ણ વિકસિત, લાલ / પીળું / સફેદ, આછી / તીવ્ર સુગંધવાળું, છોડ પર / ગુલદસ્તામાં શોભતું ગુલાબ.

૩. બાળકે 'મા'ને પાંચ હજારવાર જુદા જુદા રૂપમાં/ પરિસ્થિતિમાં જોઇ છે. તેના ઉપરથી સામાન્યીકરણ કરીને પોતાની 'મા'નો એક બેજોડ અનુભવ એના ચિત્તમાં સ્થિર થયો છે. મોટા થતાં વાસ્તવ અને કલ્પના જગતની અનેક 'મા'ના પરિચયમાં આવતાં તે બધા અનુભવોની મદદથી 'મા'નો એક અમૂર્ત ખ્યાલ કે વિભાવના તેના ચિત્તમાં સ્થિર થાય છે. તેમાં સુધારા વધારા થતા રહે છે.

૪. સૌ પ્રથમ ચિત્તમાં અનુભવ પદાર્થની કોઇ પરિસ્થિતિરૂપે કે પરિસ્થિતિઓના સરવાળા રૂપે સ્થિર થાય છે.'પાંદડું' કહેતાંની સાથે તેનું લીલાપણું, તેનો આકાર, તેનું ઝાડ ઉપર હોવું કે તેનો ઝાડ સાથેનો સબંધ વગેરે પરિસ્થિતિઓ ચિત્તમાં ફરીથી જન્મે છે.

૫. અચાનક 'પક્ષી' દેખાયું. તેની આંખ, ચાંચ,પાંખ, પગ, રંગ અને તેનો આકાર વગેરે આ બધા અનુભવોને તેમજ તેના પૂર્વના અનુભવોને એકઠા કરીને તેનો વિચાર કરીને અનુભવો સાથે સાંકળીને તે કયું પક્ષી છે તે સ્વયં નક્કી કરે છે.

### ૧.૧૪.૨ બાળકની ભાષા શીખવાની પ્રક્રિયા– ભાષાપ્રાપ્તિ

બાળક જન્મે છે ત્યારથી એના મગજમાં ભાષા શીખવા માટે તંત્ર હોય છે, જેના વડે સ્વયં ભાષા શીખી શકે છે.

- બાળક સ્વયં ચાલતાં શીખે છે તેવી જ રીતે અનુકરણ દ્વારા બોલતાં શીખે છે.
- નાનાં બાળકો પોતાની કાલીઘેલી ભાષામાં બોલે છે.

- બાળક ભાષા શીખે તે પહેલાં જ તે આપણી સાથે સંદેશ–વ્યવહાર શાબ્દિક, અશાબ્દિક રીતે કરે છે. ચહેરા ઉપર જુદા–જુદા ભાવો દેખાય છે, અવાજો કાઢે છે. પોતાની જરૂરિયાતો માટે જુદી–જુદી રીતે રડે છે, કે સંકેત કરે છે.
- બાળક બાર મહિના પછી તે મા, બા, દાદા, મમ, ભૂ, પપ્પા જેવા શબ્દો બોલે છે.
- બે વર્ષની ઉંમરથી બાળક રોજ ૧૦ નવા શબ્દો શીખે છે.
- બે કે ત્રણ વર્ષનું બાળક આખાં વાક્ય બોલવા લાગે છે.
- દરેક બાળકની ભાષા શીખવાની ઝડપ અલગ–અલગ હોય છે.
- માતા–પિતાના શબ્દભંડોળની અસર બાળક ઉપર પડે છે.
- બાળકો બહુ ઝડપથી શબ્દોના અર્થ સમજી શકે છે.
- ભાષાવિકાસમાં મદદરૂપ થવા બાળકો સાથે ખૂબ વાતો કરવી જોઇએ, વાર્તા કહેવી જોઇએ, બાળગીતોનું ગાન કરાવવું જોઇએ.
- બાળકો સ્વયં પોતાના જ્ઞાનનું સર્જન કરે છે.
- બાળકો ઇન્દ્રિયો દ્વારા, કુટુંબના સભ્યો, આસપાસના વાતાવરણમાંથી, અનુભવથી, મિત્રો પાસેથી તેમજ વાંચન કરીને ભાષા સ્વયં શીખે છે.

ભાષા વ્યવહાર જેટલો સ્પષ્ટ,પારદર્શક તેટલી સમજ અને વિચારપ્રક્રિયા પારદર્શક બને છે. વ્યક્તિવિકાસ અને તેની પ્રગતિ ભાષા સાથે જોડાયેલી છે.

**૧.૧૪.૩ ભાષા અધ્યયનના સિદ્ધાંતો**

બાળક કેટલીક ક્ષમતાઓ સાથે જ જન્મે છે. આ ક્ષમતાઓ શીખવા માટેની એક જરૂરી શરત તરીકે કામ કરે છે. પરંતુ, આ ક્ષમતાઓના હોવા માત્રથી શીખવું શક્ય બનતું નથી. આ જન્મજાત ક્ષમતાઓની સાથે શીખવા માટે સામાજિક પરિવેશનું હોવું અત્યંત જરૂરી છે. "શીખવું એક એવી પ્રક્રિયા છે જેમાં આપણે નવો અનુભવ થતાં તેના વિશે મગજ વડે વિચાર કરીએ છીએ અને એ રીતે પોતાના માટે નવી સમજ બનાવીએ છીએ. આપણે પ્રતિક્ષણ કોઈને કોઈ અનુભવ કરતા જ હોઈએ છીએ, આપણે પ્રતિક્ષણ શીખી રહ્યા હોઈએ છીએ."

ભાષા શીખવી એ બાળકો માટે એક સ્વાભાવિક પ્રક્રિયા છે, જેમાં તેની આસપાસનું વાતાવરણ મહત્વની ભૂમિકા ભજવે છે. ભાષાની સમજ અને ભાષાકીય અનુભવો સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ સાથે સંકળાયેલાં હોય છે. ખરું જોઈએ તો બાળકો ભાષાના માધ્યમથી જ બધું શીખે છે. ભાષા અધ્યયનના સર્વસ્વીકૃત સિદ્ધાંતો નીચે મુજબ છે :

1. બધાં બાળક શીખી શકે છે અને બધાં બાળકોમાં પાયાનાં ભાષાકીય કૌશલ્યો વિકસાવવાં જોઈએ.

2. આપમેળે શીખવાની પ્રક્રિયામાં ઢળતાં નાનાં બાળકોને વાર લાગે છે – શીખવું એક સામાજિક પ્રવૃત્તિ છે.

3. શરૂઆતનાં ધોરણોમાં પાયાનાં કૌશલ્યોની સાથે ઉચ્ચ કક્ષાનો વિચાર કરવો, તર્ક કરવો , સર્જન કરવું અને કૌશલ્યો પર પણ ભાર મૂકવો જોઈએ.

4. શીખવાની જવાબદારી ધીમેધીમે બાળકોને સોંપવી.

5. યોગ્ય સ્તરનું શીખવવું જ્યાં મોટાભાગનાં બાળકો શીખી શકે.

6. શીખવા માટે જરૂરી છે કે શીખવા–શીખવવાની પ્રક્રિયામાં બાળકો સક્રિય રીતે જોડાય.

7. બાળકો માટે – ખાસ કરીને નાનાં બાળકો માટે વાતચીત એ શીખવાનું સૌથી અસરકારક માધ્યમ છે.

8. બાળકોના ઘરની ભાષાને શિક્ષણમાં સ્થાન મળવું જોઈએ.

9. મૌખિક ભાષા વિકાસ વાચન અને લેખન શિક્ષણનો પાયો છે.

10. ભાષા શિક્ષણમાં ભાષાની સમજ અને ડિકોડિંગ એમ બંને કૌશલ્યો વિકસિત કરવા માટેની સંતુલિત પદ્ધતિ અપનાવવી જોઈએ.

11. ડિકોડિંગ શીખવવા માટે વ્યવસ્થિત ક્રમ અને જુદી જુદી પ્રવૃત્તિઓ જરૂરી છે.

12. વાચન કૌશલ્ય વિકસિત કરવા બાળકોને ઘણો બધો મહાવરો આપવો જોઈએ.

13. પાયાના લેખન સાથે બાળકોને પોતાના શબ્દોમાં સર્જન કરવાની તક મળવી જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો**

**પ્રશ્ન ૧. 'ભાષા વપરાશ' એટલે શું? તેનું મહત્વ સમજાવો.**

**પ્રશ્ન ૨. 'ભાષા પ્રભુત્વ' કેળવવા માટે શાનો વિકાસ જરૂરી છે?**

**પ્રશ્ન ૩. અહીં 'કાન' ઉપર બે રૂઢિપ્રયોગ આપ્યા છે.**

**ઉદા. કાનમાં ડૂચા મારવા, કાન ઘરેણે મૂકવા. એ મુજબ માથું / હાથ / પગ / જીભ જેવાં અંગો સાથે જોડાયેલા પાંચ – પાંચ રૂઢિપ્રયોગ લખો.**

**પ્રશ્ન ૪. નીચે આપેલ શબ્દનો વાક્યમાં પ્રયોગ કરો. ઉદા. અદ્ભુત : તાજમહેલ ખરેખર અદ્ભૂત છે.**

**પ્રખ્યાત, આજીવન, અપૂર્વ, પ્રવીણ, સમષ્ટિ.**

**પ્રશ્ન ૫. યૌગિક શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.**

ઉ.દા. બૂમાબૂમ – પરાગે મગર જોઇને બૂમાબૂમ કરી.

લીલુંછમ – આસપાસ –

ખીચોખીચ – રગે રગ –

હર્યુંભર્યું –

**પ્રશ્ન – ૬ 'આકાશ' શબ્દ ઉચ્ચારતાં તમારા ચિત્તમાં કેવું ચિત્ર અંકાય છે?**

**પ્રશ્ન – ૭ જન્મદિન, લગ્નતિથિની ઉજવણી નિમિત્તે શુભેચ્છા પાઠવવા માટેનાં પાંચ વાક્યો લખો.**

**પ્રશ્ન ૮.'ક' વિભાગની કહેવતોના ભાવ વ્યક્ત કરતી કહેવત 'ખ' વિભાગમાંથી શોધી ક્રમ લખો.**

| અ.નં | ક | જવાબ | ખ |
|---|---|---|---|
| ૧ | સાપ ગયાને લિસોટા રહ્યા | | સહારા કે સંબંધ વિના વિકાસ કે ઉન્નતિ થતી નથી. |
| ૨ | જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ | | રિવાજોની પરંપરા ચાલુ રાખવી. |
| ૩ | એક પંથ દો કાજ | | જેની આંખમાં કમળો થયો હોય તેને બધું પીળું દેખાય. |
| ૪ | સંગ તેવો રંગ | | એક જ ઉપાયથી બે પ્રકારનો લાભ થાય. |
| ૫ | વાડ વિના વેલો ન ચડે | | જેની જેવી સોબત તેવી તેની અસર |
| ૬ | નવરો બેઠો નખ્ખોદ વાળે | | કામ વિનાનો માણસ સૌનું નુકસાન કરે. |

**પ્રશ્ન ૯. નીચેના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપો.**

૧. 'ભાષા પ્રભુત્વ કેળવવા માટે શાનો વિકાસ જરૂરી છે?

(ક) અર્થગ્રહણ – અર્થઘટન (ખ) અભિવ્યક્તિ

(ગ) તાર્કિક ચિંતન (ઘ) ઉપરના ત્રણેય

૨. 'કૂવામાંનો દેડકો' રૂઢિપ્રયોગનો અર્થ શોધો. ____________

(ક) ખૂબ જ ધીમી ગતિ (ખ) સંકુચિત વિચારનું

(ગ) નુકસાન થવું (ઘ)બીજાની નિંદા કરવી

૩. 'અશક્ય વસ્તુ' માટે વ્યવહારમાં કયા રૂઢિપ્રયોગનો વપરાશ થાય છે?

(ક) ધાડ મારવી (ખ) દેડકાની પાંચ શેરી

(ગ) દમ મારવો (ઘ) ડિંગ હાંકવી

૪. ઘોડો હણ હણે છે એમ કહેવાય તો, સિંહના અવાજને શું કહેવાય ?

(ક) બરાડે (ખ) ભસે (ગ) ડણકે (ઘ) ઘૂરકે

૫. નીચેનામાંથી કયું વાક્ય અર્થપૂર્ણ છે તે શોધો.

(ક) દરેક વિદ્યાર્થીને ઇનામ મળ્યાં. (ખ) દરેક વિદ્યાર્થીઓને ઇનામ મળ્યાં.

(ગ) વિદ્યાર્થીને ઇનામ મળ્યું દરેકને. (ઘ) ઇનામ વિદ્યાર્થીઓને મળ્યાં દરેકને.

૬. 'પડદો ખોલવો' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(ક) ઉઘાડું પાડવું (ખ) અવાજ સંભળાયો (ગ) નાટક શરૂ થયું (ઘ) કાન ફૂટી જવા

**પ્રશ્ન :૧૦ નીચે આપેલા વિષયોને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટ કાર્ય પૂર્ણ કરો.**

(૧) ધો. ૩ થી ૮ ના ગુજરાતી પાઠ્યપુસ્તકોમાંથી તમારો મનપસંદ એકમ પસંદ કરી સંક્ષેપીકરણ કરો.

(૨) ૧૦ શબ્દો પસંદ કરી ટૂંકીવાર્તા બનાવો.

(૩) ધો. ૪ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાંથી એક એકમ પસંદ કરી તેનું સાર લેખન કરો.

**પ્રશ્ન : ૧૧ નીચે આપેલા વિષયોનાં અસાઇનમેન્ટ તૈયાર કરો :**

(૧) ભાષા અધ્યયનપ્રક્રિયા અને વર્ગવ્યવહાર

(૨) શબ્દકોશનો ઉપયોગ કરી ૨૫ શબ્દોના અર્થ લખો.

(૩) સર્જનાત્મકતાના વિકાસ માટેની પ્રવૃત્તિઓની નોંધ કરો.

(૪) શબ્દભંડોળ વિકસાવવાની વિવિધ પ્રયુક્તિઓ જણાવો.

**પ્રશ્ન : ૧૨  ક્ષેત્રીયકાર્ય :**

(૧) ઇન્ટર્નશીપ કાર્યક્રમ અહેવાલ પ્રવૃત્તિઓનું સંક્ષેપીકરણ

(૨) ગ્રહણશક્તિ તથા શ્રવણ કૌશલ્ય વિકાસ માટે વાર્તાલાપનું આયોજન

(૩) પાઠ્યપુસ્તકની વાર્તાઓનું નાટ્યીકરણ કરો.

**ઇન્ટરનેટના માધ્યમથી તમે શું મેળવશો ?**

૧. શબ્દભંડોળ વિકસાવવા માટે

૨. શબ્દાર્થ સમજવા માટે

૩. સર્જનાત્મકતા માટે

૪. કાવ્યના રસાસ્વાદ માટે

૫. કાવ્યગાન માટે

**૧.૧૫ સારાંશ**

ભાષાપ્રાપ્તિ અને ભાષા ઉપર પ્રભુત્વ મેળવવા માટે અર્થગ્રહણ અને અભિવ્યક્તિ બંને ક્ષેત્રનો વિકાસ જરૂરી છે. અર્થગ્રહણ અને અભિવ્યક્તિના વિકાસાર્થે ભાષાનાં ચાર કૌશલ્યો શ્રવણ, કથન, વાંચન અને લેખનનો વિકાસ આવશ્યક છે. આ કૌશલ્યો પરસ્પર પૂરક અને પોષક છે.

# પ્રકરણ – ૨

# ગુજરાતી ભાષાનો ઈતિહાસઅને સાહિત્ય સ્વરૂપો


૨.૧ પ્રસ્તાવના

૨.૨ હેતુઓ

૨.૩ ભાષાનો વિકાસ

- ૨.૩.૧ ગુજરાતી અને સંસ્કૃતનો સંબંધ
- ૨.૩.૨ જૂની ગુજરાતીથી અર્વાચીન ગુજરાતી સુધીની વિકાસયાત્રા
- ૨.૩.૩ પ્રાચીન સાહિત્ય, તેની વિશેષતાઓ અને અસરો
- ૨.૩.૪ મધ્યકાલીન સાહિત્ય, તેની વિશેષતાઓ અને અસરો
- ૨.૩.૫ અર્વાચીન સાહિત્ય, તેની વિશેષતાઓ અને અસરો
- ૨.૩.૬. સાંપ્રત સાહિત્યકારો
- ૨.૩.૭ ગુજરાતી સાહિત્ય સ્વરૂપો
- ૨.૩.૮ ગુજરાતી સાહિત્યનાં પદ્ય સ્વરૂપો
- ૨.૩.૯ ગુજરાતી સાહિત્યના ગદ્ય સ્વરૂપો

૨.૪ સારાંશ

# પ્રકરણ – ૨

# ગુજરાતી ભાષાનો ઈતિહાસઅને સાહિત્ય સ્વરૂપો

### ૨.૧ પ્રસ્તાવના :

નવા અભ્યાસક્રમમાં પ્રશિક્ષણાર્થીઓ અને અધ્યાપકો માટે ગુજરાતી ભાષાનો અભ્યાસક્રમ ઘનિષ્ટ બને, વિષયવસ્તુના જ્ઞાનમાં વધારો થાય તેમજ પ્રાથમિક શાળાઓના પાઠ્યપુસ્તકોમાં આવતા એકમોમાં માતૃભાષાના સાહિત્ય સ્વરૂપો તથા સાહિત્યકારોનો પરિચય વધે તે માટે અંહી પ્રયાસ કરેલ છે.

અહીં ગુજરાતી ભાષાના ઉદ્દગમથી તેના વિકાસની ગાથા પ્રાચીન ગુજરાતી, મધ્યકાલીન ગુજરાતી અને અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ તેની સમાજજીવન પર અસર વિશે જાણકારી આપવા પ્રયત્ન કર્યો છે.

ગુજરાતી સાહિત્યની વિકાસયાત્રામાં સંસ્કૃત – પ્રાકૃત – અપભ્રંશ અને પ્રાદેશિક ગુજરાતી ભાષા તથા તેની શબ્દ વ્યુત્પત્તિ જાણે અને એ દ્વારા ગુજરાતી ભાષાના વિકાસની પ્રશિક્ષણાર્થીઓને જાણકારી પ્રાપ્ત થાય એ હેતુ રહેલો છે.

### ૨.૨ હેતુઓ :

પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતીનું ઉદ્‌ભવ સ્થાન જાણે અને સમજે.

- પ્રશિક્ષણાર્થીઓ સાહિત્ય સ્વરૂપોને સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ ગદ્ય અને પદ્યસાહિત્ય સ્વરૂપોની સંકલ્પના સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ ગદ્ય અને પદ્યસાહિત્ય સ્વરૂપોની વિશેષતાઓ સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ ગદ્ય અને પદ્યસાહિત્ય સ્વરૂપોના લક્ષણોથી વાકેફ બને,

### અધ્યયન નિષ્પતિ :

- પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતી અને સંસ્કૃત ભાષા વચ્ચેનો સંબંધ સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ વર્તમાન પરિપ્રેક્ષ્યમાં ગુજરાતી અને સંસ્કૃત વચ્ચેના સંબંધ વિશે જાણે.
- પ્રશિક્ષણાર્થીઓ પ્રાચીન સાહિત્યને સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ મધ્યકાલીન્ સાહિત્યને સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ અર્વાચીન સાહિત્યને સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ જૂની ગુજરાતીથી અર્વાચીન ગુજરાતી સુધીની વિકાસ યાત્રાને જાણે.
- પ્રશિક્ષણાર્થીઓ ગદ્ય અને પદ્યસાહિત્ય સ્વરૂપોની સંકલ્પના સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ ગદ્ય, પદ્ય અને મિશ્રસાહિત્ય સ્વરૂપોની વિશેષતાઓ જાણે.
- પ્રશિક્ષણાર્થીઓ ગદ્ય અને પદ્યસાહિત્ય સ્વરૂપો વચ્ચેના તફાવતો સમજે.

**૨.૩ ભાષાનો વિકાસ :** ભાષા મનુષ્યને ઈશ્વર તરફથી મળેલ અણમોલ ભેટ છે. અન્ય પ્રાણીઓની તુલનામાં માણસે કુદરત તરફથી મળેલી આ બક્ષિસને સારી રીતે વિકસાવી અને એનો ઉત્તરોત્તર વિકાસ કર્યો.

માનવના પ્રારંભિક કાળમાં માનવ અન્ય પ્રાણીઓની જેમ પોતાના ભાવો, લાગણીઓ અને ઈચ્છાઓને વિવિધ પ્રકારના ધ્વનિઓ દ્વારા વ્યકત કરતો. અન્ય પ્રાણીઓ પણ આજે જે સીમિત ધ્વનિ વ્યવહારો કરી શકે, તેમ માનવ પણ ગુસ્સો, ભૂખ, પીડા, આનંદ અને જાતીય આવેગો માટે સીમિત ધ્વનિ વ્યવહારો દ્વારા વ્યક્ત થતો. કાળક્રમે આ ધ્વનિ સંકેતોમાં સુધારો થતાં ધ્વનિ વ્યવહારો વિકસતા ગયા. આજે વિશ્વમાં બધા જ ભૂમિખંડો પર એણે આધિપત્ય જમાવ્યું. ભાષાના આ વિકાસમાં તેનું મૂળ શોધવું મુશ્કેલ છે. ધ્વનિ સંકેતોમાં શરૂમાં અસ્પષ્ટ ઉદ્ગારો માનવીની ઉર્મિઓ કે ભાવો ને વ્યકત કરતા હશે. આ ધ્વનિ ઉદ્ગારોમાં અન્ય પ્રાણી, પક્ષીઓના અવાજનું અનુકરણ કરતાં મૂળભૂત વૃત્તિઓને વશ થઇ વાણીનો ઉચ્ચાર થયો. અભિવ્યક્તિ માટે ઈશારા, હાવભાવ, ચેષ્ટાઓ જેવાં માધ્યમો મર્યાદિત હશે અને એટલે જ શબ્દમાં સંકેત મૂકીને વ્યવહારને સરળ બનાવાયો હશે. શબ્દપ્રયોગ પછી એકાક્ષરી ટૂંકા વાક્યોના પ્રયોગો વિકસ્યા અને દરેક ભાષાએ જરૂરિયાત મુજબ પોતાની આગવી ધ્વનિ વ્યવસ્થા ઉભી કરી.

માનવની આ ભાષા વિકસિત બની, શિષ્ટ બની તેમ છતાં કેટલાક ધ્વનિ–સંકેતો આદિકાળથી આજે પણ વપરાય છે. જેમ કે પશુઓ હંકારવા થતા ડચકારાના ઉદ્ગાર, દર્દથી કણસતા માણસનો ઉંહકારો, લજ્જા કે ભય પામતા નીકળતો સિસકારો, વિશ્વની કેટલીક ભાષાઓમાં તે ધ્વનિ સંકેતોને સ્થાન છે. સહરાના રણ પ્રદેશમાં વસતી પ્રજા કે ટુંડ્રપ્રદેશમાં રહેતી એસ્કિમો પ્રજા પાસે સીમિત ધ્વનિ સંકેતો અને ભાષાવ્યવહારો છે. તેના પ્રમાણમાં નગરોમાં રહેતી માનવ વસાહતો ઘણા ધ્વનિ વ્યવહારો, શબ્દો, વાક્યોનો ઉપયોગ કરે છે.

અથાક શ્રમ, સમૂહમાં શિકાર કે અન્ય ટોળી પર મેળવેલ વિજય માટે ટોળાબંધ ભેગા થયેલા માનવ સમુદાયે આનંદની અભિવ્યક્તિ કિકિયારીઓ દ્વારા અને પછી ગીત–નૃત્યાદિનો આશ્રય લીધો અને કંઠસ્થ સાહિત્ય મુખોપમુખ પરંપરા બંધાઈ હશે.

આજથી ચાર કે પાંચ હજાર વર્ષ પૂર્વે આર્યાવર્તના ઋષિઓ, મંત્રદ્રષ્ટાઓએ પ્રકૃતિના તત્વોની પૂજા કે સ્તવન કરતા ઉદ્ગારો કાઢ્યા. આ પ્રારંભિક સાહિત્ય વૈદિક સાહિત્ય બન્યું. વેદો રચાયા. વેદોના શ્રુતિવચનો, સ્તવનો કે પ્રાર્થનાએ વૈદિકસાહિત્યનું રૂપ લીધું.

કાળક્રમે આ ધ્વનિ સંકેતોને પથ્થર પર, વૃક્ષના થડ પર કે ગુફાઓની દીવાલો પર ચિત્રો દ્વારા ભાવો, ઈચ્છાઓ કે વ્યવહારોને વ્યક્ત કરતાં કરતાં ચિત્રલિપિમાંથી મૂળાક્ષરો, શબ્દો અને વાક્યોને અક્ષરદેહ મળ્યો. ધ્વનિ સંકેતોનું લિપિ સંકેતોમાં આલેખન થવા લાગ્યું અને કંઠસ્થ સાહિત્ય લિપિબદ્ધ થયું. ભોજપત્રો, માટીની તકતીઓ, ચામડા કે ઝાડની છાલ પર ફલક બનાવી લિપિ લખતાં શીખ્યો. કાળક્રમે પેપીરસની છાલમાંથી પેપર (કાગળ) અને મુદ્રણયંત્રો શોધાયાં.

### ૨.૩.૧ ગુજરાતી અને સંસ્કૃતનો સંબંધ :

ભારતીય ઉપખંડમાં (INDO ARYAN)એટલે કે વૈદિક સંસ્કૃત ભાષા પ્રચલિત બની. વેદો, ઉપનિષદો અને રામાયણ મહાભારત જેવાં મહાકાવ્યો રચાયાં. આ વૈદિક સંસ્કૃત ભાષા કાળક્રમે સ્થાનિક લોકો દ્વારા

પ્રાકૃત અને અપભ્રંશ બની. પ્રાદેશિક ભાષા–બોલીઓએ વ્યવહારમાં સ્થાન લીધું અને એ રીતે ગુર્જર પ્રાંતમાં બોલાતી ભાષા– 'ગુર્જર', 'મારુ ગુર્જર' કે 'ગુજરાતી' ભાષા બની.

જેનો વિકાસક્રમ સંસ્કૃત →પ્રાકૃત → અપભ્રંશ →પ્રાદેશિક ગુજરાતી.

આ વિકાસક્રમ ગુજરાતી ભાષાના શબ્દોની વ્યુત્પત્તિ જોતાં જણાશે કે સંસ્કૃત શબ્દો પ્રાકૃત અને અપભ્રંશમાં ફેરફાર થઇ ગુજરાતી ભાષામાં સ્થાન પામ્યા.

| સંસ્કૃત | પ્રાકૃત | અપભ્રંશ | ગુજરાતી |
|---|---|---|---|
| હસ્ત | હથ્થઅઉ | હથ્થઉ | હાથ |
| સ્વસ્તિક | સથ્થિઅઉ | સથ્થિઉ | સાથિયો |
| શીતકાલ | શીયાલઅઉ | શીયાલઉ | શિયાળો |

## ૨.૩.૨ જૂની ગુજરાતીથી અર્વાચીન ગુજરાતી સુધીની વિકાસયાત્રા:

### ગુજરાતી ભાષા

ઉત્તરે કચ્છ અને મારવાડ (રાજસ્થાન), દક્ષિણે થાણા જિલ્લો (મહારાષ્ટ્ર), પૂર્વમાં ખાનદેશ – માળવા (મધ્યપ્રદેશ) અને પશ્ચિમમાં અરબી સમુદ્રની વચ્ચેના પ્રદેશમાં બોલાતી ભાષા ગુજરાતી.

કવિ પ્રેમાનંદ પોતાની કૃતિ દશમસ્કંદ – અધ્યાય–૧૬, કડવું ૫૪માં 'ગુજરાતી' એવો શબ્દ પ્રયોગ ભાષાના સંદર્ભમાં સૌ પ્રથમ કરેલો જોવા મળે છે.

"હૃદય ઉપની માહરે અભિલાષા, બાંધુ નાગદમણ ગુજરાતી ભાષા "

ગુજરાત એ "ગુર્જર રાષ્ટ્ર" ગુર્જરોનો પ્રદેશ એ રીતે ઇ.સ.ના આઠમા સૈકાથી ચૌદમા સૈકા સુધી ઓળખાતો રહ્યો છે. ગુર્જરોથી રક્ષાયેલ કે ગુર્જરોને આશ્રય આપનારી ભૂમિ – ગુર્જરભૂમિનો પ્રાદેશિક સીમા વિસ્તાર વારંવાર શાસકો બદલાતાં બદલાતો રહયો છે. આ પ્રદેશમાં વસતા લોકોની બોલાતી ભાષા એટલે ગુજરાતી.

'ગુજરાતી' તરીકે ઓળખાતી ભાષા અગાઉ પ્રાકૃત, અપભ્રંશ અને ગુર્જરભાષા તરીકે ઓળખાતી રહી છે.

સંસ્કૃત એ ભારતીય આર્ય (INDO ARYAN) કુળની ભાષા છે. કાળક્રમે સમગ્ર ભારતમાં પ્રાકૃત સ્વરૂપે પ્રાદેશિક ભાષા સ્વરૂપો ઉદ્ભવ્યા. ગુજરાતી ભાષા જે પ્રાદેશિક પ્રાકૃત ભાષામાંથી ઉતરી આવી તેનું કેન્દ્ર મથુરા (ઉત્તર ભારત) હતું આથી તે પ્રાકૃત કે "શૌરસેની પ્રાકૃત" અને એમાંથી કાળક્રમે બદલાયેલું ભાષાનું સ્વરૂપ "અપભ્રંશ" તરીકે ઓળખાયું. ગુજરાતી ભાષા જે અપભ્રંશ સ્વરૂપમાંથી ઉતરી આવી તે "ગુર્જર અપભ્રંશ" કે ગુજરાતી અપભ્રંશ તરીકે ઓળખવામાં આવે છે. આમ, વૈદિક સંસ્કૃત – સંસ્કૃત – શૌરસેની પ્રાકૃત – ગુર્જર અપભ્રંશ – ગુજરાતી વિકાસ જોવા મળે છે.

ગુજરાતી ભાષાનો અપભ્રંશ સાથે સીધો સંબંધ છેક સિદ્ધરાજ સોલંકીના રાજ્યશાસન સુધી પ્રયોજાતો જોવા મળે છે, કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યએ રચેલા પ્રાકૃત વ્યાકરણ ગ્રંથ " સિદ્ધહેમ શબ્દાનુશાસન" માં અપભ્રંશ દુહાની (કાવ્ય કંડિકાઓ) આપી છે, તે સંસ્કૃત અને પ્રાકૃતથી અલગ એવી અપભ્રંશ ભાષામાં છે, અહીં કેવળ નમૂનારૂપે દ્રષ્ટાંત જોઇએ

૧.	‘ ભલ્લા હુઆ જુ મારિઆ બહિણિ મહારા કન્તુ ;
લજ્જેજ્જં તુ વયસિઅહુ જઇ ભગ્ગા ઘરૂ એન્તુ.’
(ભલુ થયું, બહેન કે મારા કંથ(પતિ) મરી ગયા (રણમેદાનમાં ખપી ગયા.) જો એ ભાગીને ઘેર આવ્યા હોત તો સખીઓ આગળ હું લાજી મરત.)

## ૨.૩.૩ પ્રાચીનસાહિત્ય, તેની વિશેષતાઓ અને અસરો

**પ્રાચીનસાહિત્ય :**

ગુજરાતી ભાષામાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પૂર્વે એટલે કે (ઇ.સ.૧૦૮૮) નું જે સાહિત્ય તેને પ્રાચીન ગુજરાતી સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે.

ટૂંકમાં ઇ.સ. ૬૦૦ ની આસપાસ સંસ્કૃત, પ્રાકૃતની સાથે સાથે અપભ્રંશ સાહિત્યરચનાઓ થઇ. ઇ.સ. ૧૨૫૦ સુધીની જૂની ગુજરાતી (ગુર્જરભાષા) કહેવાઇ. તેને આપણે પ્રાચીનગુજરાતી કે જૂનીગુજરાતી કહી શકીએ.

જૂની ગુજરાતી કે પ્રાચીન ગુજરાતી ભાષાને ડૉ.તેસ્સિતોરીએ “પ્રાચીન પશ્ચિમી રાજસ્થાની”તરીકે ઓળખાવી છે. જ્યારે શ્રી ઉમાશંકર જોષી એને “મારુ – ગુર્જર” ભાષા તરીકે ઓળખાવે છે.

### પ્રાચીનસાહિત્યની વિશેષતાઓ

- પ્રાચીનસાહિત્ય મોટાભાગે હસ્તલિખિત પ્રતોમાં હોવાથી અપ્રાપ્ય હોઇ શકે.
- તેના પર સંસ્કૃત – પ્રાકૃત અને અપભ્રંશ ગુજરાતી ભાષાની અસર દેખાઇ આવે છે.
- પ્રાચીનગુજરાતી સાહિત્યની એકમાત્ર કૃતિ ઇ.સ. ૧૧૮૫માં રચાયેલી જૈન મુનિ શાલિભદ્રસૂરિની “ભરતેસર બાહુબલિરાસ” નામની કૃતિ છે.
- જૈન ધર્મની અસર તળે આ સાહિત્યકૃતિની રચના થઇ છે.

### પ્રાચીનસાહિત્યની અસર

- ગુજરાતી પ્રાચીનસાહિત્યની પ્રજાજીવન અને સમાજ ઉપર ખાસ અસર જોવા મળતી નથી.
- તે હસ્તલિખિત પ્રતોમાં જૈન મુનિઓ દ્વારા સચવાતો ગ્રંથ છે.
- સામાન્ય પ્રજા અશિક્ષિત હોવાથી આ કૃતિની સમાજ ઉપર ખાસ અસર જોવા ન મળે એ સ્વાભાવિક છે.
- આ રચનાઓ સાહિત્યના અભ્યાસુઓ અને વિદ્યાર્થીઓ માટે ઉપયોગી છે.

## ૨.૩.૪ મધ્યકાલીન સાહિત્ય, તેની વિશેષતાઓ અને અસરો:

**મધ્યકાલીન સાહિત્ય :**

ઇ.સ. ૧૪૦૭માં ગુજરાતની સલ્તનત સ્વતંત્ર બને છે, દિલ્હી સાથેનો એનો સંબંધ કપાઇ જાય છે. ઇ.સ.૧૪૧૧માં રાજધાની પાટણથી ખસીને અમદાવાદ આવે છે. ગુજરાત એ રીતે રાજસ્થાનથી

અલગ પડવા લાગે છે. રાજપૂત રાજ્યો દિલ્હીની નિકટ આવતાં જાય છે અને એના પર એ પ્રાંતનો ભાષાકીય પ્રભાવ જોવા મળે છે.

ઈ.સ.૧૪૫૬માં રચાયેલા "કાન્હડદે પ્રબંધ" માં ગુજરાતી – રાજસ્થાની ભાષાની મિશ્ર અસરો જોવા મળે છે. નરસિંહ – મીરાંબાઈ અને ભાલણ જેવા સંત કવિઓની રચનાઓ પણ આ સમયમાં પ્રાપ્ત થાય છે. તેમાં ક્યાંક ક્યાંક રાજસ્થાની – ગુજરાતી અસર જોવા મળે છે. સત્તરમા સૈકાથી પ્રયોજાતી ગુજરાતી ભાષા મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તરીકે ઓળખાય છે. તેમાં નરસિંહ મહેતાની આદ્યકવિ તરીકે ગણના થાય છે.

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય**

ઐતિહાસિક દ્રષ્ટિએ ગુજરાતી સાહિત્યનો મધ્યકાલ હેમચન્દ્રાચાર્યના જન્મ ઈ.સ. ૧૦૮૮ થી દયારામના અવસાન સુધી ઈ.સ. ૧૮૫૨ સુધીનો કાળ ગણી શકાય. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને નીચે મુજબ ત્રણ ભાગમાં વહેંચી શકાય.

૧. હેમયુગ : ઈ.સ.ની બારમી સદીથી ચૌદમી સદીના અંત સુધી.
૨. નરસિંહયુગ : ઈ.સ.ની પંદરમી સદીથી સોળમી સદીના અંત સુધી.
૩. પ્રેમાનંદયુગ: ઈ.સ.ની સત્તરમી સદીથી ઈ.સ.૧૮૫૨ સુધી.

**મધ્યકાલીન સાહિત્યની વિશેષતાઓ**

- મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય મોટાભાગે પદ્ય સ્વરૂપમાં ખેડાયું છે.
- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ભક્તિરસ અને પ્રકૃતિવર્ણનો જોવા મળે છે.
- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ્યમાં વિવિધતા સભર સાહિત્ય રચાયું છે. જેમકે – રાસ, ફાગ, બારમાસા, છંદ, પદ, પ્રભાતિયાં, છપ્પા, પદ્યવાર્તા, આખ્યાન, કાફી, ધોળ, ચાબખા અને ગરબી, ગરબા જેવા વિવિધ પદ્ય પ્રકારો લખાયા.
- સાહિત્યગુણવાળું ગદ્ય સૌ પ્રથમ જૈનસાધુ તરુણપ્રભુસૂરિની ઈ.સ. ૧૩૫૫માં લખાયેલા ઉપદેશ કથાઓમાં જોવા મળે છે.
- મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપમાં " પૃથ્વીચંદ્ર ચરિત્ર" ગદ્ય સ્વરૂપોમાં સંતો દ્વારા લખાયેલ. " ગુરૂ – શિષ્ય સંવાદો" અને સહજાનંદ સ્વામીનાં વચનામૃતો એ ગદ્ય સ્વરૂપનાં દ્રષ્ટાંતો છે.
- મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપમાં નરસિંહ–ભાલણથી, દયારામ સુધીના સાહિત્યકારોનો સમાવેશ થાય છે.

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અસરો**

- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પદ્યરચનાઓ મોટેભાગે જ્ઞાન–વૈરાગ્ય અને ભક્તિના રંગે રંગાયેલી જોવા મળે છે.
- કૃષ્ણ પ્રેમ–વિરહનાં કાવ્યો, કૃષ્ણ અને ગોપી કે રાધાને કેન્દ્રમાં રાખી રચાયાં છે.
- આખ્યાન કાવ્યો દીર્ઘ સ્વરૂપે "અધર્મનો નાશ અને ધર્મનો જય" દ્વારા પ્રજામાં નીતિ, ધર્મ અને સેવાના ગુણો પ્રતિબિંબિત કરે છે.

- વિદેશી હુમલાખોરો અને આક્રમણો સામે અંધાધૂંધીમાં પ્રજાને ધર્મ જાળવવા અને ટકાવી રાખવા માટે વીરરસનાં કાવ્યો, આખ્યાનો નવજાગૃતિનું કામ કરે છે.
- ગામડામાં વસતા અશિક્ષિત અને શ્રમપ્રધાન સમાજમાં આખ્યાનકથાઓ, પદ્યવાર્તાઓ જ્ઞાન સાથે મનોરંજનનું કામ કરે છે.

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકારો અને તેમની કૃતિઓ**

| ક્રમ | સમયગાળો | સાહિત્યકાર | સાહિત્યકૃતિ |
|---|---|---|---|
| ૧ | ઈ.સ. ૧૨મી થી ૧૪મી સદી હેમયુગ | **હેમચંદ્રાચાર્ય** | **સિદ્ધહેમ શબ્દાનુંશાસન (અપભ્રંશ કાવ્ય કંડિકાઓ)** |
| | | | |
| | | વિનયચંદ્રસૂરિ | નેમિનાથ –ચતુષ્પાદિકા(બારહમાસા) |
| | | જિનપદ્મસૂરિ | સિરિથુલિભદ્ર ફાગુ. (ફાગ) |
| | | **જૈનેતર કવિઓ** | |
| | | અજ્ઞાત કવિ | વસંત વિલાસ (ફાગુ) |
| | | અસાઇત | "હંસા ઉલી" |
| | | ભીમ | "સદ્યવત્સ ચરિત" |
| | | અબ્દુર રહેમાન | "સંદેશક રાસ" |
| | | શ્રીધર વ્યાસ | "રણમલ્લ છંદ" |
| ૨ | **ઈ.સ. ૧૫મીથી ૧૬મી સદી નરસિંહયુગ** | **નરસિંહ મહેતા** | **પદ, પ્રભાતિયાં, સુદામાચરિત્ર, ગોવિંદગમન, સુરતસંગ્રામ જેવા આખ્યાન પ્રકારની કૃતિઓ આત્મચરિત્રાત્મક પદો વિશેષ છે.** |
| ૩ | ઈ.સ.૧૪૫૯ થી ઈ.સ.૧૫૧૪ | ભાલણ | કાદંબરીનો અનુવાદ, નળાખ્યાન, દશમસ્કંદ જાલંધારખ્યાન, ધ્રુવાખ્યાન રુકમણિહરણ, સત્યભામા વિવાહ, કૃષ્ણવિષ્ટિ, કૃષ્ણબાલચરિત્ર. |
| ૪ | ઈ.સ.૧૪૯૯ થી ઈ.સ.૧૫૪૭ | મીરાંબાઇ | મીરાંના પદો વ્રજ, રાજસ્થાની અને ગુજરાતી ભાષામાં |
| ૫ | ઈ.સ.૧૫૯૧ થી ઈ.સ.૧૬૫૬ | અખો | અખેગીતા, અનુભવબિંદુ, પંચીકરણ, ચિત્ત–વિચાર સંવાદ, ગુરુ–શિષ્ય સંવાદ, અને છપ્પા કાવ્યપ્રકાર |
| ૬ | ઈ.સ.૧૬૩૬ થી ઈ.સ.૧૭૩૪ | પ્રેમાનંદ | ઓખાહરણ, સુદામાચરિત્ર,□અભિમન્યુ આખ્યાન, નળાખ્યાન, હુંડી, મામેરું અને |

| | | | |
|---|---|---|---|
| | (પ્રેમાનંદ યુગ) | | શ્રાદ્ધ (નરસિંહના જીવન પર આધારિત) |
| **૭** | ઈ.સ.૧૭૦૦ થી ઈ.સ.૧૭૪૦ | શામળ (પદ્ય વાર્તા) | નંદબત્રીસી,સૂડાબહોતેરી, ભદ્રાભામિની, વિદ્યાવિલાસિની, 'મદનમોહના' પદ્યવાર્તાઓ દ્રૌપદી વસ્ત્રાહરણ, રાવણ – મંદોદરી સંવાદ જેવાઆખ્યાનો |
| **૮** | ઈ.સ.૧૬૮૦ થી ઈ.સ.૧૭૮૦ | વલ્લભ મેવાડો | ગરબા / ગરબો, આનંદનો ગરબો, આરાસુરનો ગરબો, મહાકાળીનો ગરબો |
| **૯** | ઈ.સ.૧૭૨૫ થી ઈ.સ.૧૭૯૮ | પ્રીતમ | ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનને લગતાં પદ, કક્કો, તિથિ, મહિના, જ્ઞાનગીતા, ગરબીઓ, ધોળ, પ્રેમલક્ષણા ભક્તિનાં પદ |
| **૧૦** | ઈ.સ.૧૭૮૭ થી ઈ.સ.૧૮૫૨ | ગિરધર | આખ્યાન કવિ, રામાયણ, ગિરિધરકૃત, બારમાસ, રાજસૂય યજ્ઞ, તુલસી વિવાહ, જેવાં આખ્યાનો |
| **૧૧** | ઈ.સ.૧૭૭૨ થી ઈ.સ.૧૮૫૯ | સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ બ્રહમાનંદ, મુક્તાનંદ,પ્રેમાનંદ,નિષ્કુળાનંદ | સ્વામિનારાયણ સંપ્રદાયનાં કૃષ્ણભક્તિનાં પદો |
| **૧૨** | ઈ.સ.૧૭૭૭ થી ઈ.સ.૧૮૫૨ | દયારામ | મધ્યકાલીન સાહિત્યના છેલ્લા અને પ્રતિભાવંત કવિ દયારામ ગરબી – "શ્યામ રંગ સમીપે ન જાઉં" |

- **મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી કવિઓ**

  મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં એક વિશેષતા જોવા મળે છે કે, સાહિત્ય સર્જનમાં સ્ત્રી કવિઓએ પ્રદાન આપ્યું છે. મીરાંબાઇ એમાં ઉચ્ચ સ્થાને છે. જો કે મીરાં પછીના લગભગ બસો વર્ષ સુધીના સાહિત્યસર્જનમાં મુખ્ય સ્ત્રીકવિઓમાં દિવાળીબાઇ (ઈ.સ.૧૭૮૯), ગૌરીબાઇ (ઈ.સ.૧૭૫૯), કૃષ્ણાબાઇ, રાધાબાઇ (ઈ.સ. ૧૮૩૪) અને ગંગાસતી જેવી કવયિત્રીઓનો સમાવેશ થાય છે.
- દિવાળીબાઇ ઈ.સ ૧૭૮૯માં રામજન્મ, રામવિવાહ, રામરાજ્યાભિષેક, જેવા પ્રસંગો પર પદ રચ્યાં છે. આ પદમાં સ્ત્રી સ્વભાવની સૂક્ષ્મ ખાસિયતોનું ખૂબ બારીકાઇથી વર્ણન કરેલ છે.
- ગૌરીબાઇ (ઈ.સ.૧૭૫૯): તેમણે ૬૬૨ પદ લખેલાં છે. તે ગુજરાતની એકમાત્ર વેદાન્તી સ્ત્રીકવિ છે.
- કૃષ્ણાબાઇ (ઈ.સ. ૧૮૩૪): કૃષ્ણનાં હાલરડાં, સીતાજીની કાંચળી વિશેષ જાણીતી છે. જેમાં સુવર્ણ મૃગવાળો પ્રસંગ વર્ણવ્યો છે.
- રાધાબાઇ (ઈ.સ.૧૮૩૪) કૃષ્ણભક્ત મીરાં, જ્ઞાનેશ્વર, તુકારામ આદિ સંતોનાં સંક્ષિપ્ત ચરિત્રો લખ્યાં છે.

* ગંગાસતી (ઇ.સ.૧૮૪૩) 'મેરુ તો ડગે પણ જેનાં મન ના ડગે.' 'વીજળીને ચમકારે મોતીડાં પરોવો' જેવાં પાનબાઇને ઉદ્દેશીને લખેલાં પદ લોકમુખે ગવાય છે.

**મધ્યકાલીન ગુજરાતી લોકસાહિત્ય**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં લોકસાહિત્ય પ્રકારનો મોટો વૈભવ અને વૈવિધ્ય જોવા મળે છે. દરેક સમાજને પોતાની આગવી જીવનશૈલી અને સંસ્કૃતિ હોય છે. લોકસમુદાયમાં લોકો માટે અને લોકો દ્વારા રચાયેલું સાહિત્ય છે. તેનો કોઇ એક રચનાકાર હોતો નથી. સમાજ કે પ્રાંતના લોકજીવનનું પ્રતિબિંબ ઝિલાય એવું આ સાહિત્ય આપણા સમૃદ્ધ સંસ્કાર વારસાનો ભંડાર છે. જે મુદ્રણયંત્રના વિકાસ પૂર્વે લોકકંઠે અને લોકહૃદયે સંગ્રાહેલું અને સચવાયેલું સાહિત્ય છે. તે જનમાનસની તળપદી ભાષામાં રચાયેલું છે. જીવાતા જીવનના વિવિધ રંગો અને ભાવોને વ્યક્ત કરતું આ સાહિત્ય માનવને કંટાળજનક અને એક જ ઘરેડના જીવનચક્રમાં નિરસતા ટાળવા વ્રતો, પર્વો, ઉત્સવો, મેળાઓ, દ્વારા જીવંત બનાવવામાં આવ્યું. લોકમાનસને હલબલાવી મૂકે એવા પ્રસંગો, ઘટનાઓ, વ્યક્તિઓને ધ્યાને રાખી રચાયેલું છે. વિવિધ પ્રસંગોએ પોતાના ભાવો કે ઊર્મિઓને વ્યક્ત કરે છે. દરેક દેશની પ્રજાને પોતાનું આગવું લોકસાહિત્ય હોય છે.

લોકસાહિત્ય અલંકૃતવાણી, વીર, શૃંગાર, કરૂણ, અદ્ભૂત, હાસ્ય આદિ રસોની નિષ્પત્તિથી સમૃદ્ધ છે.

લોકસાહિત્યમાં – કહેવતો, દૂહા, છંદ, ભડલીવાક્યો, ઉખાણાં, હાલરડાં, જોડકણાં, વ્રતકથાઓ, લગ્નગીતો, પ્રણયગીતો, વીરકાવ્યો, શ્રમિકોનાં ગીતો (કોશ ખેંચતી વખતે ખેડૂતો ગાતા) સંતોની ભજનવાણી, રાસડા, ગરબા, રાજિયા અને મરસિયા જેવાં વિલાપ ગીતો, શૌર્યકથાઓ, લોકવાર્તા કે લોકકથાઓ જેવા વિવિધ પ્રકારો પ્રચલિત છે.

આ ઉપરાંત લોકનાટ્ય કે ભવાઇને પણ સ્થાન મળ્યું છે.

લોકસાહિત્યને અક્ષરબદ્ધ કરવામાં રાષ્ટ્રીયશાયર ઝવેરચંદ મેઘાણી, દુલાભાયા કાગ, ખોડીદાસ પરમાર, જોરાવરસિંહ જાદવ ઉપરાંત ગુજરાતના વનવાસી (ભીલીસાહિત્ય) માટે ભગવાનદાસ પટેલનો ફાળો પ્રશંસનીય રહ્યો છે.

**૨.૩.૫ અર્વાચીન સાહિત્ય, તેની વિશેષતાઓ અને અસરો:**

**અર્વાચીન ગુજરાતી સાહિત્ય**

(ઇ.સ. ૧૮૫૨ થી આજ સુધી)

ગુજરાતી સાહિત્યનો અર્વાચીન યુગ એટલે ઇ.સ. ૧૮૫૨ થી આજસુધીના સમય ગાળાને અર્વાચીન ગુજરાતી સાહિત્યનો યુગ કહીશું.

સાહિત્યનો અર્વાચીન યુગ એટલે ભારતની ક્રાંતિકારી પરિવર્તનની ૧૯મી સદી. અંગ્રેજી કેળવણીની અસર નીચે અંગ્રેજી સાહિત્યના સંપર્કમાં આવ્યા અને ગુજરાતીના અર્વાચીન સાહિત્યમાં અંગ્રેજી સાહિત્ય સ્વરૂપોને સ્થાન મળ્યું.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં છેલ્લા સર્જક દયારામ પછી એટલે કે ઇ.સ. ૧૮૫૨ થી આજ દિન સુધીના સર્જકોની સાહિત્ય પ્રક્રિયાને આ સમયગાળામાં સમાવિષ્ટ કરવામાં આવે છે.

**અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ**

- આ યુગમાં વિષય વૈવિધ્ય પ્રચૂરમાત્રામાં જોવા મળે છે.
- અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ગદ્ય, પદ્ય અને અછાંદસ રચનાઓ જોવા મળે છે.
- મોગલશાસનનો અંત અને યુરોપિયન પ્રજાઓનું આગમન અંગ્રેજી શાસનના અત્યાચારો, રાષ્ટ્રીય ચળવળોની અસરો જોવા મળે છે.
- અંગ્રેજી શિક્ષણની અસર નીચે નવલકથા, નવલિકા, ઊર્મિગીત (લિરિક), એકાંકી, રેડિયોનાટકો, નિબંધ – જેવા સાહિત્ય સ્વરૂપો ખેડાયા.
- આઝાદીની ચળવળ અને પૂ.ગાંધીબાપુના સત્યાગ્રહો અને વિચારો સાથે બુનિયાદી શિક્ષણનું પ્રતિબિંબ આ સમયગાળામાં ઝીલાયું.
- સુધારાયુગમાં સમાજની અનેક કુરૂઢિઓ, સ્ત્રીઓની દયનીય સ્થિતિ, ધર્મમાં ચાલતા પાખંડો, બાળલગ્નપ્રથા, સતીપ્રથા, ગુલામી મનોદશા, પરદેશગમનનો વિરોધ, જ્ઞાતિબંધનો, જેવા અનેક વિઘ્નો વચ્ચે આ સાહિત્યકારોએ નવા ખેડાણ કર્યાં.
- આ યુગના સાહિત્યકારોના સાહિત્યસર્જનમાં પ્રયોગશીલતા જોવા મળે છે.

**અર્વાચીન ગુજરાતી સાહિત્યની અસરો**

- અર્વાચીન ગુજરાતી સાહિત્ય શરૂઆતના સુધારાયુગના સાહિત્યકારોનો રીતસરનો ઉગ્ર પ્રકોપ એમના સર્જનમાં જોવા મળે છે.
- સમાજમાં ચાલતી બદીઓ, કુરૂઢિઓ અને અંધશ્રદ્ધામાંથી સમાજને નવા યુગ તરફ લઇ જવાના પ્રયાસો છે.
- આ સમયના સર્જકોએ પોતાના જીવનમાં પણ આ સંઘર્ષો સહન કરવા પડ્યા અને તેનું પ્રતિબિંબ એમના સાહિત્ય સર્જનમાં જોવા મળે છે.
- પંડિતયુગમાં તેના નામ પ્રમાણે પ્રભાવશાળી વિદ્વાન અને ઉચ્ચજીવન મૂલ્યોવાળા સર્જકો ગોવર્ધનરામ, મણિલાલ અને નરસિંહરાવ જેવા સમર્થ સાહિત્યકારો મળ્યા. આ સાહિત્યકારો યુનિવર્સિટી શિક્ષણ મેળવેલ અને અંગ્રેજી શિક્ષણના તેમજ દુનિયામાં ચાલતી શાસન પ્રણાલિઓના અભ્યાસુ હોવાથી તેમના સર્જનમાં તેની અસર દેખાઇ આવે છે.
- આ સાહિત્ય માનવજીવનને કેન્દ્રમાં રાખી સર્જાયેલ કરે છે.
- કોંગ્રસની સ્થાપના, સ્થાનિક ચળવળો, રાજકીય પ્રવૃત્તિઓ, રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદનો નૂતન હિંદુધર્મ પ્રબોધ, શ્રી અરવિંદ, માતાજી અને ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરની અસરો આ સાહિત્યકારોના સર્જનમાં જોવા મળે છે.
- ગાંધીવિચારો અને ગાંધીયુગની ઉદાત્ત ભાવનાઓની અસર જોવા મળે છે.
- ગાંધીજીના વ્યક્તિત્વની અસરતળે કિશોરલાલ મશરૂવાલા, કાકાસાહેબ કાલેલકર, વાડીલાલ ડગલી, ગિજુભાઇ, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોષી, સુંદરમ, સ્નેહરશ્મિ, ઉશનસ્, દર્શક, મહાદેવભાઇ દેસાઇ જેવા સાહિત્યકારોના સર્જનમાં ગાંધી મૂલ્યોને પ્રસ્તુત કર્યાં છે.

- આ સમયગાળામાં વર્તમાનપત્રો, સામાયિકો, જેવાં માધ્યમો દ્વારા સાહિત્યનાં વિવિધ સાહિત્ય સ્વરૂપોને સ્થાન મળ્યું. નવો વાચક વર્ગ મળ્યો.
- રેડિયો, દૂરદર્શન દ્વારા સાહિત્યકારો અને કૃતિઓને એક નવો જ ભાવકવર્ગ (શ્રોતાઓ અને દ્રષ્ટાઓ) મળ્યો.

**અર્વાચીન યુગ**

અર્વાચીન ગુજરાતી સાહિત્યને તેના કેટલાંક પ્રભાવક પરિબળોને ઓળખીને નીચેના જેવા ચાર વિભાગોમાં વહેંચી શકાય.

૧. સુધારાયુગ: નર્મદ – દલપતયુગ પણ કહી શકાય. ઈ.સ. ૧૮૫૧ થી ઈ.સ. ૧૮૮૭ સુધીનો.

૨. પંડિતયુગ: ગોવર્ધનરામયુગ પણ કહી શકાય. ઈ.સ. ૧૮૮૭ થી ઈ.સ. ૧૯૨૦ સુધીનો.

૩. ગાંધીયુગ: ઈ.સ. ૧૯૨૧ થી ઈ.સ. ૧૯૮૮ સુધીનો.

૪. સાંપ્રત સાહિત્યકારો: ઈ.સ. ૧૯૮૮ થી આજ સુધીનો.

**૧. સુધારાયુગ : નર્મદ – દલપતયુગ (ઈ.સ.૧૮૫૧ થી ઈ.સ. ૧૮૮૭)**

અર્વાચીનયુગના પ્રભાતની છડી પોકારનાર બે મુખ્ય કવિઓ નર્મદ અને દલપત. દલપતરામનો જન્મ થયો ત્યારે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના છેલ્લા કવિ દયારામનો મધ્યાહ્ન તપતો હતો. દલપતરામે પ્રથમકૃતિ "બાપાની પીંપર" (ઈ.સ.૧૮૪૫) લખી, નવયુગનો સંદેશો લઈને 'હુન્નરખાનની ચઢાઈ'નું પદ્યવ્યાખ્યાન (ઈ.સ. ૧૮૫૧) અપાઈ ગયું હતું.

આ યુગના સમાજજીવનની અસરો તેમના સાહિત્ય સર્જનમાં જોવા મળે છે. સમાજમાં અનેક કુરૂઢિઓ અને અંધશ્રદ્ધા તથા સ્ત્રીઓની દયનીય સ્થિતિ હતી. ધર્મમાં પાખંડો, ભાંગતી જતી કુંટુંબવ્યવસ્થા, બાળલગ્નો, શિક્ષણપ્રથા, વેપાર–ઉદ્યોગ, શ્રમનું આથમતું ગૌરવ, ગુલામી માનસ, પરદેશગમનનો વિરોધ, જ્ઞાતિબંધનો, જેવા અનેક પ્રશ્નો સામે નવતર જીવન તરફ આકર્ષાતી અંગ્રેજી કેળવણી, પરિણામે સર્જકોમાં આ પરિબળોનો સર્જનમાં પડઘો પડ્યો અને આદ્ય પ્રવર્તકો આ યુગને મળ્યા.

**સુધારાયુગ ગુજરાતી સાહિત્યકારો અને તેમની કૃતિઓ**

| ક્રમ | સમયગાળો | સાહિત્યકારનુંનામ | સાહિત્યકૃતિ |
|---|---|---|---|
| ૧ | ઈ.સ. ૧૮૨૦ – ઈ.સ.૧૮૮૮ | દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી | **પદ્ય :** દલપતપિંગળ, હરિલીલામૃત, વેનચરિત્ર, શ્રવણાખ્યાન, ફાર્બસવિરહ, શેરસટ્ટાનીગરબી, હંસ કાવ્યશતક<br>**ગદ્ય :**ભૂત નિબંધ, જ્ઞાતિ નિબંધ, બાળવિવાહ નિબંધ, 'લક્ષ્મી' અને 'મિથ્યાભિમાન' બે નાટકો |

| ક્રમ | સમયગાળો | સાહિત્યકારનુંનામ | સાહિત્યકૃતિ |
|---|---|---|---|
| | ઈ.સ. ૧૮૩૩ – ઈ.સ.૧૮૮૬ | નર્મદાશંકર લાલશંકર દવે | **નર્મપદ્ય** –"જયજય ગરવી ગુજરાત" "સુરત સોનાની મૂરત" "નવ કરશો કોઈ શોક રસિકડાં" "સહુ ચાલો જંગ જીતવા" "ડગલું ભર્યું કે ના હટવું"<br>**નર્મગદ્ય**–મારી હકીકત (આત્મકથા)<br>'મંડળી મળવાથી થતા લાભ' (પ્રથમ ગુજરાતી નિબંધ)<br>'રાજ્ય રંગ, રામજાનકી દર્શન, કૃષ્ણકુમારી, સીતાહરણ, શ્રીસાર શાકુન્તલ, શ્રી બાળકૃષ્ણ વિજય અને દ્રૌપદી દર્શન' જેવાં નાટકો<br>દાંડિયો – પાક્ષિક, નર્મકોશ – શબ્દકોશ |
| ૩ | ઈ.સ.૧૮૩૬ – ઈ.સ.૧૮૮૮ | નવલરામ લક્ષ્મીરામ પંડ્યા | 'ભટ્ટનું ભોપાળું' અને 'વીરમતી' બે નાટકો.<br>'મેઘદૂત'નું ભાષાંતર.<br>બાળલગ્નની બત્રીસી અને બાળગરબાવલી બે કાવ્યસંગ્રહો |
| ૪ | ઈ.સ.૧૮૨૯ – ઈ.સ.૧૮૯૧ | મહીપતરામ રૂપરામ નીલકંઠ | 'સાસુ વહુની લડાઈ' પ્રથમ સામાજિક વાર્તા.<br>'વનરાજ ચાવડો', 'સધરા જેસંગ' બે પ્રથમ ઐતિહાસિક વાર્તાઓ.<br>'ઉત્તમ કપોળ કરસનદાસ મૂળજી' દુર્ગારામ ચરિત્ર, પાર્વતીકુંવર આખ્યાન – એ એમનાં ગુજરાતી ભાષાનાં પ્રથમ જીવન ચરિત્રો. |
| ૫ | ઈ.સ.૧૮૩૫– ઈ.સ.૧૯૧૫ | નંદશંકર તુળજાશંકર મહેતા | 'કરણ ઘેલો' પ્રથમ ગુજરાતી નવલકથા |

## ૨. પંડિતયુગ : ગોવર્ધનયુગ (ઈ.સ. ૧૮૭૭ થી ઈ.સ.૧૯૨૦)

ગુજરાતી સાહિત્યમાં નર્મદયુગ પછીની પેઢી એટલે પંડિતયુગથી જાણીતી સાહિત્યકારોની શ્રેણી. જેમાં પ્રતિનિધિઓ – ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી અને નરસિંહરાવ દિવેટિયા મોટાભાગના સાહિત્યકારો પ્રભાવશાળી, ઉચ્ચ જીવનમંત્ર અને આગવી સાહિત્યછટાથી ઉદય પામતી આ પેઢી યુનિવર્સિટી શિક્ષણ મેળવેલી સર્જકોની પેઢી. રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના, સ્થાનિક સ્વરાજની ચળવળો, ટિળક અને ફિરોજશા મહેતાની રાજકીય પ્રવૃત્તિઓ તથા રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદનો નૂતન હિંદુધર્મ – પ્રબોધ વગેરે સાક્ષરયુગના સર્જકોનાં પ્રેરકબળો હતાં.

## પંડિતયુગના ગુજરાતી સાહિત્યકારો અને તેમની કૃતિઓ

| ક્રમ | સમય ગાળો | સાહિત્યકારનુંનામ | સાહિત્યકૃતિ |
|---|---|---|---|
| ૧ | ઈ.સ. ૧૮૫૫ થી ઈ.સ.૧૯૦૬ | ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી | સરસ્વતીચંદ્ર – મહાનવલકથા.<br>સ્નેહમુદ્રા – સુદીર્ઘ કાવ્યકૃતિ.લીલાવતી જીવનકલા.' નવલગ્રંથાવલિનું સંપાદન.<br>દયારામનો અક્ષરદેહ અને ક્લાસિક પોએટ્સ ઓફ ગુજરાત.– વિવેચન પુસ્તકો |
| ૨ | ઈ.સ. ૧૮૫૮ થી ઈ.સ.૧૯૨૭ | નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા | 'કુસુમમાળા' ઉપરાંત 'હૃદયવીણા', 'નૂપુરઝંકાર' અને 'બુદ્ધચરિત' એમના કાવ્યસંગ્રહો.<br>ઉપરાંત વિવેચન, નિંબધકાર. |
| 3 | ઈ.સ.૧૮૬૮ થી ઈ.સ.૧૯૨૮ | રમણભાઈ મ. નીલકંઠ | 'ભદ્રંભદ્ર' ગુજરાતી ભાષાની સળંગ હાસ્યરસિક વાર્તા.<br>'રાઈનો પર્વત' નાટક આપ્યું. |
| ૪ | ઈ.સ.૧૮૬૭ થી ઈ.સ.૧૯૨૩ | મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત) | અતિજ્ઞાન, વસંતવિજય, ચક્રવાક મિથુન, દેવયાની' જેવાં ખંડકાવ્યો.□વસંતપ્રાર્થના, મત્તમયૂર, પૂર્વાલાપ કાવ્ય સંગ્રહ, અંતિમપ્રાર્થના મારીકિશ્તી – ઊર્મિકાવ્યો. |
| ૫ | ઈ.સ.૧૮૭૪ થી ઈ.સ.૧૯૦૦ | સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ (કલાપી) | 'કલાપીનો કેકારવ' માં એમનાં ઊર્મિગીતો– ગઝલો સંગ્રહાયેલ છે.□'માલા અને મુદ્રિકા' તેમજ 'નારીહૃદય' જેવી નવલકથાઓ ' કાશ્મીરનો પ્રવાસ' પ્રવાસ લેખ. 'કલાપી પત્રધારા' તેમની નોંધપાત્ર કૃતિ 'ગ્રામમાતા','આપની યાદી', શિકારીને','જન્મદિવસ'. |
| ૬ | ઈ.સ.૧૮૭૭ થી ઈ.સ.૧૯૪૬ | નાનાલાલ દલપતરામ કવિ.(પ્રેમભક્તિ) | 'દામ્પત્ય સ્ત્રોતો', 'કુરૂક્ષેત્ર', 'હરિદર્શન', 'વેણુવિહાર', 'રાજ્યસૂત્રોની કાવ્યત્રિપૂટી',□'વસંતોત્સવ', 'ન્હાનાલાલ– રાસ– ભાગ– ૧–૨–૩', 'પ્રેમભક્તિ ભજનમાળા',– મહાકાવ્યો, રાસ, ભજન, પદ, છંદોબદ્ધ અને અછાંદસ રચનાઓ. ઉર્મિકાવ્યો, નાટકો – 'જયા– જયંત' ઈન્દુકુમાર, સંઘમિત્રા, શાહનશાહ અકબરશાહ, જહાંગીર–નૂરજહાન, શ્રી હર્ષદેવ, રાજર્ષિ ભરત, વિશ્વગીતા, – ડોલનશૈલીની છટાદાર રચનાઓ. |

| ક્રમ | સમય ગાળો | સાહિત્યકારનુંનામ | સાહિત્યકૃતિ |
|---|---|---|---|
| ૭ | ઇ.સ.૧૮૬૯ થી ઇ.સ.૧૯૫૨ | બળવંતરાય ક. ઠાકોર (સેહેની) | ‘ભણકારા, ધારા: ૧–૨–૩ અને મ્હારાં સોનેટના કાવ્યગ્રંથો આપ્યા. ‘પ્રેમનો દિવસ’, કાવ્યમાલા છે. ‘મોગરો’, ‘વધામણી’, ‘જૂનું પિયર ઘર’, અને ‘વર્ષાની સુંદર સાંજ’ ઉત્તમ સોનેટ કાવ્યો છે. |
| ૮ | ઇ.સ.૧૮૮૧ થી ઇ.સ.૧૯૫૧ | અરદેશર ખબરદાર (અદલ) | કાવ્યસંગ્રહ– ‘કાવ્યરસિકા’‘વિલાસિકા’, ‘કલ્યાણિકા’, ‘પ્રકાશિકા’, ‘ભારતરત્નો ટંકાર’, ‘સંદેશિકા’, ‘કલિકા’, ‘ભજનિકા’, ‘દર્શનિકા’, ‘કલ્યાણિકા’. |
| ૯ | ઇ.સ.૧૮૭૦ થી ઇ.સ.૧૯૨૪ | દામોદર ખુશાલદાસ બોટાદકર | ‘કિલ્લોલિની’, ‘સ્ત્રોતસ્વિની’, ‘નિર્ઝરિણી’, રાસતરંગિણી’ અને ‘શૈવલિની’ કાવ્યસંગ્રહ તેમજ માતૃવાત્સલ્યનાં કાવ્યો. |

**ગાંધીયુગ :**

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં ગાંધીયુગના સાહિત્યકારો એટલે ગાંધી – વિચારો અને ગાંધીયુગની ઉદ્દાત ભાવના લઇને સાહિત્યસર્જન કરનાર સાહિત્યકારોનો યુગ જેમાં મોટા પ્રમાણમાં નાટકો, નવલકથાઓ, મુખ્ય હતા. પ્રકૃતિનાં વર્ણન, પ્રણય, વિરહ, વિપ્રલંભ શૃંગાર, પ્રભુભક્તિ, દામ્પત્યભાવ, સ્વદેશભક્તિ અને સમાજસુધાર જેવા વિષયો પર પદ્ય રચનાઓ થઇ.

ગાંધીજીના પ્રભાવતળે દલિત, પતિત, ગ્રામિણ, શ્રમજીવી અને અસ્પૃશ્ય ગણાતા વર્ગની શિષ્ટસમાજ તરીકે પ્રતિષ્ઠા કરી સાહિત્યમાં તેમના જીવનપ્રશ્નો, પ્રસંગો નિરૂપવા લાગ્યા. સ્વદેશી અને ગ્રામોદ્ધારની ભાવનાઓ અનેક કવિઓ, વાર્તાકારો, નાટ્યકારોના સર્જનમાં જોવા મળે છે.

આ યુગનું મંડાણ ઉમાશંકર જોષીના ‘વિશ્વશાંતિ’ કાવ્યથી થયું. મુનશીની ‘સ્વપ્નદ્રષ્ટા’, ધૂમકેતુની ‘પોસ્ટઓફિસ’ અને ‘ભૈયાદાદા’ જેવી વાર્તાઓ, ઝવેરચંદ મેઘાણીનાં કેટલાક કાવ્યોમાં નવાયુગના આગમનનાં એંધાણ જોવા મળે છે. ‘સિંધુડો’, ‘ગંગોત્રી’, ‘કાવ્યમંગલા’, ‘કોડિયાં’, ‘વસુધા’, ‘અર્ધ્ય’, ‘યુગવંદના’ વગેરે કાવ્યસંગ્રહો તથા રમણલાલ દેસાઇની ‘કોકિલા’, ‘દિવ્યચક્ષુ’, ‘ગ્રામલક્ષ્મી’ અને ‘ભારેલોઅગ્નિ’ જેવી નવલકથાઓ ઉમાશંકર જોષીના ‘સાપના ભારા’ એકાંકી સંગ્રહ ગાંધીયુગની આગવી દેન છે. અર્વાચીનયુગના આ વિભાગને ‘ગાંધીયુગ’ તરીકે ઓળખીએ છીએ.

**ગાંધીજીના પ્રભાવ હેઠળના સર્જકો :**

કાકાકાલેલકર, કિશોરલાલ મશરૂવાલા, મહાદેવભાઇ દેસાઇ, નરહરિ પરીખ, પંડિત સુખલાલજી, નાનાભાઇ ભટ્ટ, ક.મા.મુનશી, રમણલાલ દેસાઇ, ગૌરીશંકર જોશી(ધૂમકેતુ), રા.વિ.પાઠક, ઝવેરચંદ

મેઘાણી, ગુણવંતરાય આચાર્ય, ચુનીલાલ વર્ધમાન શાહ, ધનસુખલાલ મહેતા, જયભિખ્ખુ, મનુભાઇ જોધાણી, સુન્દરમ, ઉમાશંકર જોષી, સ્નેહરશ્મિ, કૃષ્ણલાલ શ્રીધરાણી, સુંદરજી બેટાઇ, બાદરાયણ, મનસુખલાલ ઝવેરી, દેશળજી પરમાર, કરસનદાસ માણેક પૂજાલાલ, પ્રજારામ રાવળ, પતીલ, ઈન્દુલાલ ગાંધી, દુર્ગેશ શુક્લ. ચંદ્રવદન મેહતા, પન્નાલાલ પટેલ, જ્યોતિન્દ્ર દવે, ઉમરવાડિયા, ચુનીલાલ મડિયા, ઈશ્વરપેટલીકર, પીતાંબર પટેલ, જયંતી દલાલ, બ્રોકર, મનુભાઇ પંચોળી, શિવકુમાર જોષી. વગેરે.

## ગાંધીયુગના ગુજરાતી સાહિત્યકારો અને તેમની કૃતિઓ

| ક્રમ | સમયગાળો | સાહિત્યકાર | સાહિત્યસર્જન |
|---|---|---|---|
| ૧ | ઈ.સ. ૧૮૬૯ થી ઈ.સ. ૧૯૪૮ | મોહનદાસ કરમચંદ ગાંધી | ‘સત્યના પ્રયોગો’ આત્મકથા ઉપરાંત – કેળવણી, રાજકારણ, ધર્મમીમાસા, પત્રલેખન, આરોગ્ય, રોજનીશી, ‘દક્ષિણ આફ્રિકાનો સ્વતંત્રતાનો ઈતિહાસ’ સર્વોદય, હિન્દ સ્વરાજ્ય, ગીતાબોધ, ખરી કેળવણી, આશ્રમજીવન, વ્યાપક ધર્મભાવના, મંગળપ્રભાત. |
| ૨ | ઈ.સ.૧૮૮૫ થી ઈ.સ.૧૯૮૧ | કાકાસાહેબ કાલેલકર | પૂર્વરંગ (ઈતિહાસ), જીવનસંસ્કૃતિ (સંસ્કૃતિ)<br>કાલેલકરના લેખો – ભાગ –૧–૨–૩.<br>જીવનભારતી (સાહિત્ય), જીવતા તહેવારો<br>ધર્મોદય, જીવનપ્રદીપ, ગીતાધર્મ(ધર્મ)<br>ઓતરાતી દીવાલો, મીઠાને પ્રતાપે (જેલજીવન)□<br>હિમાલયનો પ્રવાસ, ઉત્તરાખંડની યાત્રા, બ્રહ્મદેશનો પ્રવાસ, પૂર્વ આફ્રિકામાં, ઉગમણો દેશ જાપાન–પ્રવાસ |
| ૩ | ઈ.સ.૧૮૯૩ થી ઈ.સ.૧૯૪૨ | મહાદેવભાઇ દેસાઇ | ”મહાદેવભાઈની ડાયરી’ ભાગ: ૧ થી ૧૫ ઉપરાંત ટાગોરકૃત ‘પ્રાચીન સાહિત્ય’નો, શરદચંદ્રની વિરાજવહુ વાર્તાનો, માર્લેના’ ઓન કોમ્પ્રોમાઇઝ’ નામના અંગ્રેજી ગ્રંથનો, ‘સત્યાગ્રહની મર્યાદા’ વગેરેના અનુવાદ કર્યા. ‘વીરવલ્લભભાઇ’ બેખુદાઇ ખિદમતગારો – ચરિત્રપુસ્તકો |
| ૪ | ઈ.સ.૧૮૮૩ થી ઈ.સ.૧૯૬૦ | નાનાભાઇ ભટ્ટ | ‘કોડિયું’ માસિક,હિંદુ ધર્મની આખ્યાયિકાઓ□‘ઘડતર અને ચણતર’ ભાગ – ૧–૨–૩.□‘પથારીમાં પડ્યા પડ્યા’ |
| ૫ | ઈ.સ.૧૮૮૭ થી ઈ.સ.૧૯૭૧ | કનૈયાલાલ મુનશી (ઘનશ્યામ) | **શ્રેષ્ઠ ઐતિહાસિક નવલકથાઓ**<br>–ગુજરાતનો નાથ, રાજાધિરાજ, પાટણનીપ્રભુતા, કોના વાંકે?, જય સોમનાથ, પૃથ્વીવલ્લભ, લોહહર્ષિણી, ભગ્નપાદુકા, ભગવાન પરશુરામ, તપસ્વિની, કૃષ્ણાવતાર : ભાગ – ૧– |

| ક્રમ | સમયગાળો | સાહિત્યકાર | સાહિત્યસર્જન |
|---|---|---|---|
| | | | ૨–૩–૪.<br>નાટકો– અવિભક્ત આત્મા, કાકાની શશી, લોપામુદ્રા, બ્રહ્મચર્યાશ્રમ, પુરંદર પરાજય, પીડાગ્રસ્ત પ્રોફેસર, ધ્રુવસ્વામિની દેવી, છીએ તે જ ઠીક,<br>વાહ રે મૈ વાહ, ડૉ. મધુરિકા.<br>**જીવનચરિત્રો**– ગુજરાતના જ્યોતિર્ધરો, નર્મદ, અર્વાચીનોમાં આદ્ય અને 'નરસૈયો ભક્તહરિનો'<br>**આત્મકથા** – અડધે રસ્તે, સીધાં ચઢાણ, સ્વપ્નપ્રસિદ્ધિની શોધમાં.□'પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ.' |
| ૬ | ઈ.સ.૧૮૯૨ થી ઈ.સ.૧૯૫૪ | રમણલાલ વસંતલાલ દેસાઇ | નવલકથાઓ –'જયંત, શિરીષ, કોકિલા અને હૃદયનાથ, ગાંધી વિચારે રંગાયા પછી તેમણે 'દિવ્યચક્ષું',<br>' ભારેલો અગ્નિ',' ગ્રામલક્ષ્મી','ઝંઝાવાત',પ્રલય.<br>એકાંકી– 'પરી અને રાજકુમાર''તપ અને રૂપ', 'ઉશ્કેરાયેલોઆત્મા', 'બૈજુ બાવરો',<br>કાવ્યસંગ્રહ– નિહારિકા,<br>નવલિકાસંગ્રહ– ઝાકળ, કાંચન અને ગેરુ,<br>નવલિકાસંગ્રહ– પહાડના પુષ્પો, |
| **૭** | ઈ.સ.૧૮૯૨ થી ઈ.સ.૧૯૬૫ | ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી (ધૂમકેતુ) | **નવલિકાઓ**<br>તણખા મંડળ ભાગ : ૧–૨–૩–૪,<br>પ્રદીપ,અવશેષ,પરિશેષ, ત્રિભેટો, મલ્લિકા,આકાશદીપ, વનકુંજ, જલદીપ, ચંદ્રરેખા જેવા વાર્તાસંગ્રહો.<br>**નવલકથાઓ**–રાજમુગુટ, પૃથ્વીશ, અજિતા, પરાજય, વાચિનીદેવી, ચૌલાદેવી, રાજસંન્યાસી, કર્ણાવતી, રાજકન્યા, સિદ્ધરાજ જયસિંહ, રાય કરણઘેલો, આમ્રપાલી, વૈશાલી, મહાઅમાત્ય, ચાણક્ય, ચન્દ્રગુપ્ત મૌર્ય, રુદ્રશરણ, પ્રિયદર્શી અશોક.<br>**નિબંધ**–સર્જન અને ચિંતન, રજકણ, પદ્મરેણું, વાતાયન, પગદંડી, પાનગોષ્ઠિ<br>**નાટકો**– ઠંડી ક્રૂરતા અને બીજા નાટકો, પડઘા, એકલવ્ય અને બીજાં નાટકો<br>**જીવન ચરિત્ર**–હેમચંદ્રાચાર્ય, વીર વનરાજ, હ્યુ–એન–સંગ, |

| ક્રમ | સમયગાળો | સાહિત્યકાર | સાહિત્યસર્જન |
|---|---|---|---|
| | | | નરવીર નેપોલિયન, જિબ્રાનની જીવન વાટિકા |
| ૮ | ઈ.સ.૧૮૮૭ થી ઈ.સ.૧૯૫૮ | રામનારાયણ વિશ્વનાથપાઠક (શેષ, દ્વિરેફ, સ્વૈરવિહારી) | 'શેષકાવ્યો' – વિશેષ કાવ્યો<br>દ્વિરેફની વાતો – ભાગ : ૧–૨–૩<br>સ્વૈરવિહાર નિબંધો : ભાગ : ૧–૨<br>મુકુંદરાય, ખેમી, જક્ષણી, કપિલરાય, નવો જન્મ, બુદ્ધિવિજય, – તેમની શ્રેષ્ઠ વાર્તાઓ છે. |
| ૯ | ઈ.સ.૧૮૯૬ થી ઈ.સ.૧૯૪૭ | ઝવેરચંદ મેઘાણી (રાષ્ટ્રીય શાયર) | 'શિવાજીનું હાલરડું, તલવારનો વારસદાર, કોઈનો લાડકવાયો, સૂના સમંદરની પાળે, 'છેલ્લી પ્રાર્થના' જેવાં પ્રેરક કાવ્યોએ રાષ્ટ્રીયશાયરનું બિરૂદ અપાવ્યું.<br>'છેલ્લો કટોરો' અને 'માતા તારો બેટડો આવે'<br>યુગ વંદના, સિંધુડો કાવ્ય સંગ્રહ<br>રવીન્દ્ર વીણા – ટાગોરના કાવ્યોનો અનુવાદ<br>"વેણીનાં ફૂલ" અને 'કિલ્લોલ' બાળકાવ્ય સંગ્રહો.<br>**નવલકથા–** સમરાંગણ, સોરઠતારાં વહેતાં પાણી, રા'ગંગાજળિયો, ગુજરાતનો જય, તુલસીક્યારો, વેવિશાળ, નિરંજન,<br>**લોકસાહિત્ય–**'ડોશીમાની વાતો' 'દાદાજીની વાતો', સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૧–૫, સોરઠી બહારવટિયા ભાગ ૧–૩, કંકાવટી ભાગ ૧–૨, સોરઠી ગીતકથાઓ, રંગ છે બારોટ, રઢિયાળી રાત ભાગ ૧–૪, સોરઠી સંતવાણી, સોરઠિયા દુહા, પુરાતન જ્યોતનું સંપાદન.<br>**નવલિકા–**કુરબાનીની કથાઓ (અનુવાદ), મેઘાણીની નવલિકાઓ,'જેલ ઓફિસની બારી', 'વિલોપન', અને માણસાઈના દીવા – રવિશંકર મહારાજના મુખે સાંભળેલી કથા.<br>**નાટકો–** વંઠેલા, રાણાપ્રતાપ – રાજા – રાણી અને શાહજહાં ત્રણેય અનુવાદ છે.<br>**જીવન ચરિત્ર–** બે દેશી દીપકો, ઠક્કરબાપા, મરેલાનાં રુધિર, અકબરની યાદમાં, દયાનંદ સરસ્વતી,<br>પરકમ્મા, છેલ્લુપ્રયાણ અને લિ. સ્નેહાધીન મેઘાણી–આત્મકથન<br>'વેરાનમાં', 'પરિભ્રમણ' ભાગ:૧–૨–૩ સાહિત્ય અને |

| ક્રમ | સમયગાળો | સાહિત્યકાર | સાહિત્યસર્જન |
|---|---|---|---|
| | | | ઈત્તર લેખો.જન્મભૂમિમાં 'કલમ અને કિતાબ'નું સંપાદન.– 'ફૂલછાબ' પત્રના સંપાદક. |
| ૧૦ | ઈ.સ.૧૯૦૮<br>થી<br>ઈ.સ.૧૯૯૧ | ત્રિભુવનદાસ પુરસોત્તમદાસ લુહાર. ('સુંદરમ'), ('ત્રિશૂળ') | કાવ્યસંગ્રહો –'કોયા ભગતની કડવી વાણી', અને 'ગરીબોનાં ગીતો', 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા' 'અભયદાન','રંગરંગ વાદળિયા' (બાળકાવ્ય સંગ્રહ)<br>નવલિકા – ખોલકી અને નાગરિક', 'પિયાસી', ' હીરાકણી અને બીજીવાતો', 'ઉન્યન'.<br>'દક્ષિણાયન' પ્રવાસવર્ણન.□'મૃચ્છકટિકમ' અને 'ભગવજ્જુકીયમ' જેવાં સંસ્કૃત નાટકોનો ગુજરાતી અનુવાદ આપેલ છે. 'કાયા પલટ' નામે જર્મન કવિ – નાટ્યકારના એક નાટકનો અનુવાદ કર્યો છે. |
| ૧૧ | ઈ.સ.૧૯૧૧<br>થી<br>ઈ.સ.૧૯૮૮ | ઉમાશંકર જેઠાલાલ જોશી 'વાસુકિ' | **કાવ્યસંગ્રહો:**<br>'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', નિશીથ', 'પ્રાચીના', ' આતિથ્ય', ''વસંતવર્ષા', 'મહાપ્રસ્થાન' .('નિશીથ' કાવ્યસંગ્રહને ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક)<br>**એકાંકી :** 'સાપના ભારા', 'શહીદ' અને 'હવેલી'.<br>**ટૂંકીવાર્તાના સંગ્રહો :** 'શ્રાવણી મેળો' અને 'વિસામો'<br>**નવલકથા :** 'પારકાં જણ્યાં'<br>**નિબંધસંગ્રહો :** 'ગોષ્ઠિ' અને 'ઉઘાડી બારી' |
| ૧૨ | ઈ.સ.૧૯૦૩<br>થી<br>ઈ.સ.૧૯૯૦ | ઝીણાભાઇ રતનજી દેસાઇ 'સ્નેહરશ્મિ' | **કાવ્યસંગ્રહો :** 'અર્ઘ્ય', 'પનઘટ',<br>'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ'(૩૬૫ હાઈકુનો સંગ્રહ) ' જાપાની કાવ્ય પ્રકાર હાઈકુના પ્રણેતા<br>**વાર્તાસંગ્રહો :** 'તૂટેલા તાર', 'ગાતા આસોપાલવ', 'હીરાનાં લટકણિયાં', સ્વર્ગ અને પૃથ્વી<br>**નવલકથા :** 'અંતર પટ'<br>**આત્મકથા :** 'મારી દુનિયા', 'સાફલ્ય ટાણું', ' ઊઘડે નવી ક્ષિતિજો' તથા 'વળી ફરી નવાં શૃંગ' જેવી સાહિત્યકૃતિઓ આપી છે. |
| ૧૩ | ઈ.સ.૧૯૧૨<br>થી<br>ઈ.સ.૧૯૭૮ | કરસનદાસ નરસિંહ માણેક (વૈશંપાયન) | કાવ્યસંગ્રહો:– 'આલબેલ'' વૈશંપાયનની વાણી', મહોબતને માંડવે', 'પ્રેમશનુષ્ય','મધ્યાહ્ન','હરિના લોચનિયાં'**નિબંધ – 'કળીઓ અને** કુસુમો','ગીતા વિચાર', |

| ક્રમ | સમયગાળો | સાહિત્યકાર | સાહિત્યસર્જન |
|---|---|---|---|
| **૧૪** | ઈ.સ.૧૯૦૧ થી ઈ.સ. ૧૯૯૧ | ચંદ્રવદન ચીમનલાલ મહેતા | 'ઇલાકાવ્યો' અને 'રતન' કાવ્યસંગ્રહોમાં ભાઇ–બહેનના સ્નેહને સુંદર રીતે રજૂ કર્યો છે. |
| **૧૫** | ઈ.સ.૧૯૧૨ થી ઈ.સ.૧૯૮૯ | પન્નાલાલ નાનાલાલ પટેલ | **નવલકથા**:– 'વળામણાં','મળેલાજીવ','માનવીની ભવાઇ' ,'ભાગ્યાનાભેરુ', 'ઘમ્મરવલોણું ભાગ–૧,૨', 'નવુંલોહી', 'કંકુ'.<br>**ટૂંકીવાર્તા:–**'સુ:ખદુ:ખ ના સાથી','વાત્રકને કાંઠે','ઓરતા','તિલોતમા''સુરભિ','પાછલે બારણે','જીવો દાંડ','ભીરુ સાથી','આંધી અષાઢની'.<br>૧૯૫૦માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને ૧૯૮૫માં ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર |
| **૧૬** | ઈ.સ.૧૯૦૧ થી ઈ.સ.૧૯૮૦ | જ્યોતિન્દ્ર હ. દવે (હાસ્ય લેખક) | 'અમે બધાં' – ધનસુખલાલ મહેતાના સહયોગમાં સળંગ હાસ્યરસની નવલકથા આપી છે.<br>'હાસ્યતરંગ','પાનનાં બીડા',' મારી નોંધપોથી', રંગતરંગ ભાગ :૧ થી ૬', રોગ, યોગ અને પ્રયોગ,'અલ્પાત્માનું આત્મપુરાણ','રેતીનીરોટલી','બીરબલ અને બીજા' તેમના હાસ્ય લેખના સંગ્રહો છે. |
| **૧૭** | ઈ.સ.૧૯૨૨ થી ઈ.સ.૧૯૬૮ | ચુનીલાલ કાળીદાસ મડિયા | **નાટકસંગ્રહો** : 'રંગદા' અને 'રક્તતિલક'<br>**નવલકથાઓ** : 'વ્યાજનો વારસ', **'**પાવક જ્વાળા**'**, 'વેળાવેળાની છાંયડી','લીલુડી ધરતી ભાગ–૧–૨','કુમકુમ અને આશંકા','સધરા જેસંગનો સાળો'.<br>**વાર્તાસંગ્રહો** : 'ઘૂઘવતાં પૂર', **'**પદ્મિની" 'ચંપોને કેળ','શરણાઇના સૂર',' અંત:સ્ત્રોતો','ક્ષત–વિક્ષત'<br>**નિબંધ**:– 'ચોપાટીને બાંકડેથી'. |
| **૧૮** | ઈ.સ.૧૯૧૬ થી ઈ.સ.૧૯૮૩ | ઈશ્વર મોતીભાઈપેટલીકર | **નવલકથાઓ**:–'જનમટીપ','ધરતીનો અવતાર','કળિયુગ','મારી હૈયા સગડી','ભવસાગર','તરણા ઓથે ડુંગર','યુગનાં એંધાણ','લાક્ષાગૃહ .<br>**વાર્તાસંગ્રહો**: 'તાણાવાણા','કાશીનું કરવત','લોહીની સગાઈ','અભિસારિકા'. |
| **૧૯** | ઈ.સ.૧૯૧૪ થી ૨૦૦૧ | મનુભાઈ રાજારામ પંચોળી (દર્શક) | **નવલકથા** : 'બંધન અને મુક્તિ','પ્રેમ અને પૂજા',' બંદિઘર',' દીપનિર્વાણ','ઝેર તો પીધાં છે જાણી જાણી' (ભાગ–૧,૨) અને 'સોક્રેટીસ','કુરુક્ષેત્ર' . |

| ક્રમ | સમયગાળો | સાહિત્યકાર | સાહિત્યસર્જન |
|---|---|---|---|
| | | | **નાટકો:**'જલિયાંવાલા' અને '૧૮૫૭' 'પરિત્રાણ' (૧૯૮૫ના વર્ષનો મૂર્તિદેવી સાહિત્ય પુરસ્કાર 'ઝેરતો પીધાં છે જાણી જાણી' નવલકથા માટે મળ્યો છે.) |

**૨.૩.૬. સાંપ્રત સાહિત્યકારો**

**૧. રાજેન્દ્ર શાહ (ઈ.સ.૧૯૧૩ થી ઈ.સ.૨૦૧૦)**

કાવ્યસંગ્રહો **:** ધ્વનિ, આંદોલન, શ્રુતિ, શાંત કોલાહલ, મધ્યમા, ઉદ્ધગતિ, ઈક્ષિણા, પત્રલેખા, પ્રસંગ સપ્તક, કિંજલ્કિની, વિભાવન, દ્વાસુપર્ણા, નિલાગ્જના, આરણ્યક, હા.....હું સાક્ષી છું વગેરે ૨૬ જેટલા કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. ચૂંટાયેલા કાવ્યોનો એક સંચય 'નિરુદ્દેશે' નામે પ્રસિદ્ધ થયો છે. નરસિંહ મહેતા એવોર્ડ ૧૯૯૭માં મળેલ છે. ભારતીય જ્ઞાનપીઠનો ૨૦૦૧નો રાષ્ટ્રીય પુરસ્કાર તેમને મળેલ છે.

**૨. બાલમુકુંદ દવે (ઈ.સ. ૧૯૧૬ થી ઈ.સ.૧૯૯૩)**

કાવ્યસંગ્રહો: પરિક્રમા, સોનચંપો, ઝરમરિયાં અને કુંતલ – એમના કાવ્યસંગ્રહો છે. 'જૂનું ઘર ખાલી કરતાં, નર્મદા તટે પૂર્ણિમા, તીર્થોત્તમ, ખંડેરપરનો પીંપળો, પરોઢ, હિના, ભીના વાયરા, હરિનો હંસલો, ઉત્તમ કાવ્યો છે

**૩. શ્રી ફકીર મહમ્મદ ગુલામનબી મન્સૂરી. 'આદિલ' (ઈ.સ. ૧૯૩૬ થી ૨૦૦૮ )**

કાવ્યસંગ્રહો: 'વળાંક', 'પગરવ' અને 'સતત' તથા 'ગઝલના આયના ઘરમાં' એમના કાવ્યસંગ્રહો છે.'નદીની રેતીમાં રમતું નગર મળે ન મળે' તેમની પ્રખ્યાત ગઝલ છે.

**૪. અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ 'ઘાયલ' (ઈ.સ.૧૯૧૬ થી ૨૦૦૨)**

તેઓ અમૃત 'ઘાયલ'ના ટૂંકા તખલ્લુસથી જાણીતા બનેલા ગઝલકાર છે.

ગુજરાતી ગઝલને નવો વળાંક આપ્યો.'શૂળ અને શમણાં', ' રંગ, રૂપ, ઝાંય, અગ્નિ – વગેરે તેમના ગઝલ સંગ્રહો છે.ઉર્દૂ કાવ્ય પ્રકારો જેવા કે નઝમ, ખમાસા, કતઆ, રૂબાયત વગેરેને ગુજરાતી ભાષામાં લાવ્યા. ઉર્દૂ ગઝલોના અનુવાદ આપ્યા છે. 'કાયર', 'અજાણ્યાં બે જણ', 'અશ્વદોડ' એમની જાણીતી નવલકથાઓ છે.

**૫. રઘુવીરભાઈ દલસિંહ ચૌધરી (ઈ.સ.૧૯૩૮)**

રઘુવીર ચૌધરીની ગણના વર્તમાન પેઢીના સાહિત્યકારોમાં અગ્રસ્થાને ગણી શકાય. 'તમસા' કાવ્યસંગ્રહ. 'પૂર્વરાગ', 'ઉપરવાસ, સહવાસ, અંતરવાસ, અમૃતા, વેણુ વત્સલા, લાગણી, કંડકટર, રુદ્રમહાલય'. જેવી નવલકથાઓ. નવલિકા, નાટક, વિવેચન, નિબંધ વગેરે ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન છે.

**૬. ચીનુ મોદી (ઇ.સ.૧૯૩૯)**

–'વાતાયાન', 'ઊર્ણનાભ', 'ક્ષણોના મહેલમાં', 'શાપિત વનમાં', 'ઈર્શાદાબાદ', 'ઈર્શાદગઢ', 'દેશવટો' જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે.

– 'કોલબેલ', 'ડાયલનાં પંખી', 'જી હુકમ માલિક' જેવા એકાંકી સંગ્રહો.

– શૈલા મજમુદાર, ભાવ – અભાવ, 'ભાવચક્ર' અને 'લીલાનાગ' નવલકથાઓ.

–'મારા સમકાલીનોની શ્રેણીમાં તેમણે મણિલાલ દેસાઇ, રાવજી પટેલ, લાભશંકર ઠાકર અને મનહર મોદી વિશે પરિચયાત્મક પુસ્તકો લખ્યાં છે.

**૭. રતિલાલ મોહનલાલ બોરીસાગર (ઇ.સ.૧૯૩૮)**

જાણીતા હાસ્યલેખક છે. 'મરક મરક', 'એંજયોગ્રાફી', 'આનંદલોક' જેવી હાસ્યકૃતિઓ પ્રસિદ્ધ છે.

**૮. અબ્દુલગની અબ્દુલકરીમ દહીંવાલા (ગની દહીંવાલા) (ઇ.સ.૧૯૦૮ થી ૧૯૮૭)**

'ગની દહીંવાલા' નામથી ગઝલ અને કવિતા લખે છે. 'ગાતાં ઝરણાં', 'મહેક', 'મધુરપ' અને 'નિરાંત' કાવ્યસંગ્રહો છે.'ગની મત' નામે મુક્તક સંગ્રહ આપ્યો છે.

**૯. કુન્દનિકા કાપડિયા (૧૧ જાન્યુઆરી ઇ.સ.૧૯૨૭)**

ટૂંકીવાર્તા, અનુવાદો અને નવલકથાક્ષેત્રે પ્રદાન આપ્યું છે.'પ્રેમના આંસુ', 'વધુને વધુ સુંદર', 'કાગળની હોડી', 'જવા દઇશું તમને' – મુખ્ય વાર્તા સંગ્રહો છે.'વસંત આવશે', 'દિલભર મૈત્રી', 'પૂર્ણકુંભ' – અનુવાદો છે.'દ્વાર અને દિવાલ' પ્રકીર્ણ લેખોનો સંગ્રહ છે.પરોઢ થતા પહેલા, 'અગન પિપાસા' અને 'સાત પગલાં આકાશમાં' મહત્વનું પ્રદાન આપનારી નવલકથાઓ છે.ઉપરાંત 'પરમ સમીપે' પ્રાર્થના સંગ્રહનું સંકલન કર્યું છે.

**૧૦. વિનોદ જશવંતલાલ ભટ્ટ (ઇ.સ.૧૯૩૮)**

–વિનોદભટ્ટના નામે જાણીતા હાસ્ય લેખક છે. 'ઈદમ્ તૃતીયમ', 'ઇદમ્ ચતુર્થમ', શ્લીલ અને અશ્લીલ 'વિનોદની નજરે', 'આંખ આડા કાન' અને 'ગ્રંથની ગડબડ' એમના મૌલિક હાસ્યલેખોના સંગ્રહો છે.'ગુજરાતીની હાસ્યધારા', ટૂંકી વાર્તાઓનું સંપાદન કરેલ છે.વર્તમાનપત્રોમાં કટાર લેખક હતા.

**ગુજરાતી સાહિત્ય સ્વરૂપો**

**૨.૩.૭ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પદ્યસ્વરૂપો.**

**પ્રસ્તાવના:** પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું મોટાભાગે પદ્ય સ્વરૂપમાં ખેડાણ થયું છે. જેમાં રાસ, રાસો, પ્રબંધ, આખ્યાન, પદ્યવાર્તા, છંદ, ફાગ, બારમાસા, કોયડો, પહેલિકા, છપ્પા, ગરબી–ગરબો, પદ–ભજન, પ્રભાતિયાં, ધોળ, કાફી, ચાબખા, મુક્તક, સુભાષિત, ઉખાણાં વગેરે કાવ્ય સ્વરૂપો લખાયાં છે. એમાંથી કેટલાંક સાહિત્ય સ્વરૂપોનો પરિચય મેળવીશું.

**૧. પદ:**

'પદ' શબ્દનો ઉલ્લેખ આપણને સંસ્કૃત કવિ જયદેવનાં 'ગીત–ગોવિંદ'માં મળે છે. જેમાં પદનો અર્થ પંક્તિ કરવામાં આવે છે, મધ્યકાળમાં પદ કાવ્યના સ્વરૂપમાં મળે છે. પદ એટલે કે ટૂંકું, સાદું ગેય, ઊર્મિકાવ્ય. પદનું ઉત્પત્તિ સ્થાન ઊર્મિ છે. પદને અર્વાચીન કાવ્ય સંજ્ઞા આપવી હોય તો પદને ઊર્મિકાવ્ય (લિરિક) કહી શકાય.

ઉદા. 'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે'

'જીવને શ્વાસ તણી સગાઇ , ઘરમાં ઘડી ન રાખે ભાઇ'

'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને'.

નરસિંહ, મીરાં, ધીરો, ભોજા ઉપરાંત નાકર, પ્રેમાનંદ, ભાલણે અને દયારામે પણ પદ રચ્યા છે.

**૨. પ્રભાતિયાં :**

'પ્રભાતે ગવાતાં ગીતો એટલે પ્રભાતિયાં, સવારનાં ઊઠતાં જ પ્રભુસ્મરણથી રોજનું દૈનિકકાર્ય શરૂ કરતાં ગવાતાં ગીત તે પ્રભાતિયાં.'

'નરસિંહ મહેતાના ઝૂલણા બંધમાં લખાયેલાં પ્રભાતમાં ગાવાનાં પદ એટલે પ્રભાતિયાં.'

પ્રભાતિયું આમ તો 'પદ' નો જ એક પ્રકાર છે. તેના ઢાળ અને ગાવાના સમયને કારણે અલગ પ્રકારમાં સ્થાન પામે છે.

ઉદા. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ધેનમાં કોણ જાશે? .........'

* નિદ્રાને પરહરી સમરવા શ્રી હરિ, એક તું એક તું એમ કહેવું'

* 'રાત રહે જાહરે પાછલી ખટ ઘડી , સાધુ પુરૂષોએ સૂઈ ન રહેવું– નરસિંહ

* 'સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણસે કે વહાણેરાં ભલે વાયાં રે' – લગ્નગીતનું પ્રભાતિયું.

**૩. ભજન:**

ભજનનો પ્રકાર મધ્યયુગમાં અતિ પ્રચલિત અને વ્યાપક છે.ઈશ્વરસ્તુતિના, જગતના મિથ્યાભાવના, પરબ્રહ્મની મહત્તાના તથા ભવ્યતાના, આત્મા–પરમાત્મા ઐક્યના, ઇશ્વરસાથેની એકાકાર ભાવથી અનુભવાતી આનંદ મૂર્છાના અને અપ્રિતમ શ્રદ્ધા ભાવોને ભજનમાં આલેખ્યા છે.

- ઉદા. જેમકે, * 'અખિલ બ્રહ્માંડમાં એક તુ શ્રી હરિ'. – ઈશ્વરનું એક જ સ્વરૂપ.

  * 'જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું' – જગતનું મિથ્યાપણું

  * 'રામ રાખે તેમ રહીએ' – ઇશ્વર પ્રત્યેની અપ્રતિમ શ્રદ્ધા

  * 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના, કરો કોટિ ઉપાયજી' – વૈરાગ્ય

` ભજનમાં સંગીત તત્વ ઉમેરાય છે. તેથી જીવંત લાગેછે.

**૪. સુભાષિત :**

સુભાષિતનો અર્થ થાય સુષ્ઠુભાષિત – સુંદર રીતે બોલાયેલ વિચાર.

સુભાષિતમાં સચોટ અને ધારી અસર પહોંચાડવાની અજબ શક્તિ હોય છે.

સંસ્કૃતમાંથી ઉતરી આવેલો પ્રકાર છે.

ઉદા :પાન પદારથ સુઘડ નર, વણતોલ્યાં વેચાય :જેમ જેમ ભૂમિ પાલટે, તેમ મૂલ મોંઘેરા થાય.

**૫. મુક્તક :**

મુક્તક એટલે કાવ્યનું પાણીદાર મોતી. જે નાનકડું કાવ્ય, રસ, વેગ, ચોટ અને ચમત્કારથી રસિકને પાણીદાર લાગે તે મુક્તક. બહુ જ અલ્પક્ષણોમાં તે કાવ્યનો રસાસ્વાદ કરાવી શકે એ એની વિશિષ્ટતા છે.મુક્તક દ્વારા લોકો પોતાના અનુભવો ટાંકતા, ઉપદેશ આપતા, પ્રબળ ઊર્મિ કે સુંદર વિચાર નિરુપતા, ઋજુ શબ્દચિત્રો કે અર્થચિત્રો આલેખતા અને રાજા કે પોતાના આશ્રયદાતાની પ્રશસ્તિ કરતા.ચાર ચરણ અને ચમત્કાર વિચાર એ મુક્તકનું મુખ્ય લક્ષણ છે.મુક્તક મુખ્યત્વે દુહા કેસોરઠામાં જોવા મળે છે.

ઉદાહરણ : સૂકાં પર્ણો વનગજવતાં,શાંત લીલાં સદાયે...

**૬. ઉખાણું :**

લોક અનુભવમાંથી ઉખાણાંનો જન્મ થયો છે. અનુભવમાંથી કાળક્રમે રૂઢ થયેલાં લોક વચનો છે. તેનો સર્જક લોકસમૂહ છે. તેથી ઉખાણાને 'લોકોકિત' પણ કહે છે.

ઉદાહરણ : ૧. 'વન વગડામાં ડોસો, કેડ બાંધી સૂતો'. (પૂળો)

૨. 'રાતા રાતા રતનજી, ઉપર લીલા પાન,
મૂળાના તો સગાભાઇ, અથાણાંમાં માન'. (ગાજર)

**૭. છપ્પા :**

છપ્પા માત્રામેળ છંદનો પ્રકાર છે. તેમાં છ પદ (પંક્તિ) રહેલ છે. તેથી તે છપ્પય છંદ નામથી ઓળખાય છે. ચાર પદ રોળા છંદના અને બે પદ ઉલ્લાસ છંદના હોય છે. નીતિ અને વ્યવહારના બોધને છપ્પામાં રજૂ કરવામાં આવે છે. પહેલાં ચાર પદમાં એક વિચાર રજૂ કરવામાં આવે છે અને બાકીના બે પદમાં ઉપસંહાર કરાય છે.

અખાના છપ્પા છ કે આઠ પંક્તિઓમાંનો ચોપાઇ સમૂહ. અખા એ છપ્પામાં કટાક્ષનો ઠીક ઉપયોગ કર્યો છે. તો ધીરાની 'અવળવાણી' છપ્પામાં રજૂ થઇ છે.

ઉદા.

'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ'.

'તિલક કરતાં ત્રેપન થયાં, જપમાળાનાં નાકાં ગયાં'.

'ગુરુ કીધા મેં ગોકુલનાથ, ઘરડા બળદને ઘાલી નાથ'.

'ઊંડો કૂવો ને ફાટી બોખ, શિખવ્યું, સાંભળ્યું સર્વે ફોક'.

**૮. આખ્યાન :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો સૌથી મહત્વનો કાવ્યપ્રકાર આખ્યાન છે. 'આખ્યાન' શબ્દ સંસ્કૃત આ + ખ્યૈ (ખ્યા) પરથી આવ્યો છે. જેનો અર્થ થાય 'માંડીને કથા કહેવી' મૂળ તો આખ્યાન એટલે પૌરાણિક પ્રસંગનું સાભિનય કથાગાન.આખ્યાન વર્ણનાત્મક કાવ્ય છે તેનું કદ મધ્યમ હોય છે ઊર્મિ કાવ્ય જેટલું નહિ અને મહાકાવ્ય જેટલું વિસ્તૃત પણ નહી એવું આખ્યાનનું કદ હોય છે આખ્યાન કડવાબદ્ધ કાવ્ય છે.

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મુખ્ય આખ્યાન કવિઓ તરીકે ભાલણ, પ્રેમાનંદ,ગિરધર અને શામળની કૃતિઓ પ્રસિદ્ધ છે.**

'છે વીરક્ષેત્રે વડોદરું ગુજરાત મધ્યે ગામ;
ચતુર્વંશી ન્યાત બ્રાહ્મણ, કવિ પ્રેમાનંદ નામ,
ઉદર નિમિત્તે પરદેશ કીધો સેવ્યું નંદ દરબાર. **–પ્રેમાનંદ**

**૯. ગરબી – ગરબો :**

– 'ગરબો' શબ્દ વલ્લભ મેવાડાએ રચેલા માતાજીના ગરબા પરથી પ્રચલિત થયો.
– ગરબો શબ્દ સંસ્કૃત 'ગર્ભદીપ' ઉપરથી ઊતરી આવ્યો જેનો અર્થ માટીના ઘડાની અંદર મૂકેલ દીવો. આ છિદ્રોવાળા ઘડાને ગુજરાતમાં 'ગરબો' કહે છે.

'મા પાવાગઢથી ઉતર્યા મહાકાળી રે....' ગરબો

મોટાભાગે દેવી ભક્તિ સાથી સબંધ ધરાવે છે. જેમ કે 'મહાકાળીનો ગરબો', 'શણગારનો ગરબો', 'આનંદનો ગરબો' વલ્લભ મેવાડાના ગરબા પ્રસિદ્ધ છે.

ગરબીમાં એક જ વિષય આલેખાયેલો હોય એવાં દ્રષ્ટાંતો પણ છે. કૃષ્ણની બાળલીલા

દયારામે ગરબી તેમજ ગરબામાં કૃષ્ણની બાળલીલા વર્ણવી છે. ગરબી વૈષ્ણવ સંપ્રદાયના કૃષ્ણલીલા સાથે જોડાયેલ છે.

જેમ કે : ' શ્યામ રંગ સમીપે ના જાઉ'

'ઝઘડો લોચન મનનો, રસિયા તે જનનો' દયારામની ગરબી છે.

**૨.૩.૮ અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં પદ્ય સ્વરૂપો :**

ઈ.સ.૧૮૫૦ પછી એટલે કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના છેલ્લા કવિ દયારામ પછીના ગુજરાતી સાહિત્ય સમયને અર્વાચીન ગુજરાતી સાહિત્યનો કાળ કહે છે. આ સમયગાળામાં મોગલોનું પતન અને યુરોપીયન પ્રજા એમાંય 'અંગ્રેજો'નું આધિપત્ય અને એ સામેના રોષે તેમજ સ્વતંત્રતા પ્રાપ્તિ માટેનાં આંદોલનો, જગતની નવી ક્રાંતિઓના વિચારોની અસર આ સાહિત્યકારો પર જોવા મળે છે. મહાત્મા ગાંધીની વિચારસરણી લઈને આવતા સાહિત્યકારોની એક આખી પેઢી મળે છે. આ સમયગાળામાં ગુજરાતી પદ્ય સવરૂપોમાં – સોનેટ, ખંડકાવ્ય, ઊર્મિકાવ્ય, ગઝલ, હાઈકુ, મુક્તક જેવા વિવિધ કાવ્ય સ્વરૂપોમાં સર્જન થયું છે.

આપણે તેમાંથી કેટલાક પદ્ય સ્વરૂપો વિશે માહિતી મેળવીએ.

**૧. સોનેટ :**

સોનેટ એ અંગ્રેજી પદ્યનો એક પ્રકાર છે. વર્તમાન ગુજરાતીમાં આ કાવ્યપ્રકારમાં સારું એવું ખેડાણ થયું છે.

સોનેટ શબ્દ ઈટાલિયન 'Suono' (અવાજ)ના લઘુતાવાચક શબ્દ 'Sonneto' (સોનેટો) પરથી આવ્યો છે. ઈટાલીમાં સોનેટ વાદ્ય સાથે ગવાતી એક પ્રકારની ટૂંકી કાવ્યરચના હતી. કેટલાંકના મતે એનું મૂળ

ગ્રીક 'એપિગ્રામ' જેમાં એક જ વસ્તુ, વિચારને કે ઊર્મિને આલેખવાનો ઉદ્દેશ હતો. ટૂંકમાં 'ચૌદ પંક્તિના અને એક વિચાર ધરાવતા ચિંતન પ્રધાન કાવ્યને સોનેટ કહે છે'.

ઉદા. :

'બેસી ખાટે પિયર ઘરમાં, જિંદગી જોઇ સારી'

*

'રજાઓ દિવાળી તણી પૂરી થઇને, ઘર મહીં'

*

'પ્રિયે તુજ લટે ધરું ધવલ સ્વચ્છ આ મોગરો'

શ્રી બ.ક.ઠાકોર ભાવચમત્કૃતિ સાથે શબ્દસર્જનની કલાને નવું નોંખુ રૂપ આપી સોનેટની પ્રાણપ્રતિષ્ઠા કરી છે. આ ઉપરાંત ઉમાશંકર, સુંદરમ, સ્નેહરશ્મિ, રાજેન્દ્ર શાહ, રાવજી પટેલ, બાલમુકુંદ દવે અને ઉશનસ્ નું પ્રદાન આ કાવ્ય સ્વરૂપ વિકસાવવામાં મહત્વનો ફાળો છે.

**૨. ખંડકાવ્ય :**

ખંડકાવ્ય એટલે કાવ્યનો એક ખંડ નહિ, પણ જેમાં વસ્તુનો એક ખંડ માત્ર સ્પર્શવામાં આવ્યો હોય તેવી રચના અને જેમાં જીવનનું અખંડદર્શન નહી પણ ખંડદર્શન રજૂ થાય તેવી કથાનું કાવ્ય.

ખંડકાવ્ય એ ટૂંકી વાર્તાને મળતો આવતો આખ્યાન કરતાં નાનો, પણ પદ કરતાં મોટો એવો કાવ્ય પ્રકાર છે. રામાયણ, મહાભારત અને પુરાણો ઉપરથી ખંડકાવ્યનું વિષયવસ્તુ લેવામાં આવે છે. ઈતિહાસ, માનવજીવન કે પશુ–પક્ષી જીવન પણ એનો વિષય બને છે.

ખંડ કાવ્યનો આરંભ કવિકાન્તના 'વસંતવિજય' થી થયો. ત્યારપછી તેમણે 'અતિજ્ઞાન', 'ચક્રવાક મિથુન', 'દેવયાની' આપ્યાં છે.

કવિકલાપીનું 'ભરત' લલિતનું 'બાહુક', નરસિંહરાવનું 'મહાભિનિષ્ક્રમણ' તથા 'ઉત્તરા અને અભિમન્યું' બોટાદકરનું 'ઊર્મિલા', 'બુદ્ધનું ગૃહાગમન' વગેરે પુરાણ પ્રસિદ્ધ વિષયોવાળાં ખંડકાવ્યો છે.

આ ઉપરાંત કવિ ખબરદાર, નરસિંહરાવ, સુંદરજી બેટાઇ, શ્રી બાદરાયણ, મનસુખ ઝવેરી, સુંદરમ્, ઉમાશંકર વગેરેએ અનેક ભાવોનાં ખંડકાવ્યો લખ્યાં છે. સ્નેહરશ્મિ અને પૂજાલાલે પણ ખંડકાવ્યો આપ્યાં છે. પ્રહલાદ પારેખનું 'બારી બહાર' પણ ઉલ્લેખનીય છે.

ઉદા. 'નહીં નાથ, નહીં નાથ, જાણો કે સવાર છે' વસંત વિજય – 'કાન્ત'

'ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં' ગ્રામ માતા – 'કલાપી'

**૩. ઊર્મિકાવ્ય :**

મધ્યકાળમાં પદ,પ્રભાતિયાં અને ગરબી જેવા પ્રકારો ઉત્તમ ઊર્મિકાવ્યો જ છે. આધુનિક યુગમાં અંગ્રેજી કેળવણીના સંપર્કના પરિણામે ગુજરાતીમાં ઊર્મિકવિતા તેના સ્વરૂપ, વિષય અને અભિવ્યક્તિ સર્વ રીતે વિવિધતા અને વિપુલતા લઇને આવે છે. છંદોબદ્ધ કવિતા, સોનેટ, ગઝલ, ખંડકાવ્ય ઇત્યાદિ સ્વરૂપોમાં ઊર્મિકાવ્યના દર્શન થાય છે.

'ઊર્મિકાવ્ય' એ પદ્ય સ્વરૂપોમાં એક અર્વાચીન પ્રકાર છે. અંગ્રેજીમાં 'Lyric' એ ગુજરાતીમાં ઊર્મિકાવ્ય તરીકે ઓળખાય છે. ગ્રીક શબ્દ 'Lyric' એટલે લાયર નામના પક્ષીના પીંછાની આકારની વીણા સાથે ગવાતા ગીત

માટે આ શબ્દ પ્રયોજાતો અને એ પછી ઊર્મિગીત માટે રૂઢ બન્યો.

નરસિંહથી માંડી રાજેન્દ્ર શાહ સુધી મોટાભાગના કવિઓએ આ કાવ્યપ્રકાર અજમાવ્યો છે.

ઉદા. 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા' – હરીન્દ્ર દવે.

**૪. ગઝલ :**

ગઝલ એ ફારસી સાહિત્ય સ્વરૂપ છે. ગઝલ એ ગુજરાતી ભાષાની ભૂમિમાં પરદેશી રોપો છે. પણ આ પરદેશી સાહિત્ય રોપાને ગુજરાતી ભૂમિ બહુ જ પસંદ પડી હોવાથી તે ખૂબ જ ફૂલ્યો ફાલ્યો છે.

ફારસીમાં ગઝલનો અર્થ 'પ્રેમનું બયાન' અથવા 'પ્રેમયુક્ત' ભાષામાં એટલે 'કાવ્યરૂપે બોલવું' એવો થાય છે. 'કલમથી ટપકતાં આંસુ એટલે ગઝલ' એમ પણ કહેવાયું છે.

ગઝલમાં પ્યાર, સૌંદર્ય, મનની વેદના, વિયોગ, સંયોગ, રૂદન, મિલનની તીવ્રઇચ્છા, જેવા વિષયો લઇ રચના થાય છે. ગઝલનો કવિ આત્મલક્ષી બની આંતરમન ઠાલવે છે. જેમાં પ્રભુ પ્રેમનું વર્ણન થયું હોય (પ્રભુને માશૂક ગણીને) ભક્તિ કરવામાં આવે તેને 'ઇશ્કે હકીકી' અથવા 'ઇશ્કે ઇલાહી' તરીકે અને માનવ – પ્રણયનું દુન્વયી પ્રેમનું વર્ણન હોય તેવી ગઝલ "ઇશ્કે મિજાજી' તરીકે ઓળખાય છે.

ઉદા. * 'મને આ જોઇને હસવું હજારો વાર આવે છે;
પ્રભુ ! તારા બનાવેલા, જે તને આજે બનાવે છે ! –શયદા.

* 'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે'. – આદિલમન્સુરી

* 'ઓ હૃદય ભલા કેવો ફસાવ્યો છે મને,
જે નથી બન્યાં મારાં એનો બનાવ્યો છે મને. – બેફામ.

આપણે ત્યાં બાલાશંકર કંથારિયા, શયદા, લલિત, કલાપી, ગની દહીંવાલા, હેમંત દેસાઇ ઉપરાંત આધુનિક ગઝલકારમાં પતીલ, વેણીભાઇ પુરોહિત, આદિલ મન્સુરી, જવાહર બક્ષી, રમેશ પારેખ, શૂન્ય પાલનપૂરી, બરકત વીરાણી, શેખાદમ આબુવાલા, જલન માતરી, મરીઝ વગેરે એ પ્રતીકો પ્રયોજી ગઝલો લખી છે.

**૫. હાઇકુ :**

'હાઇકુ' એ જાપાની સાહિત્ય સ્વરૂપ છે. આપણે ત્યાં ગુજરાતી હાઇકુમાં શ્રી ઝીણાભાઇ રતનજી દેસાઇ 'સ્નેહરશ્મિ' જેવા કવિઓથી આ પ્રકાર પુરસ્કૃત થયો છે.

ઉદા. ૧) ઝાકળ જેવું,
જીવી ગઇ તું હવે,
સ્મરણો ભીનાં.

૨) નવાં ફૂલોએ,
ગયા ઢંકાઇ કાંટા
જૂની વાડના.

સ્નેહરશ્મિ એ આ સાહિત્ય સ્વરૂપ માટે 'સોનેરી સૂરજ રૂપેરી ચાંદ' હાઇકુ સંગ્રહ ગુજરાતી સાહિત્યને આપ્યો છે. અન્ય ગુજરાતી કવિઓએ પણ આ કાવ્ય સ્વરૂપને ખેડ્યો છે.

## ૨.૩.૯ ગુજરાતી સાહિત્યનાં ગદ્ય સ્વરૂપો

### ૧. નવલિકા:

કથાનાં બે મુખ્ય સ્વરૂપો તે નવલકથા અને નવલિકા, આ બે સ્વરૂપો આપણને ઓગણીસમી અને વીસમી સદીના સંધિકાળમાં પ્રાપ્ત થયાં. અંગ્રેજી કેળવણીની શરૂઆત અને વિશ્વના અન્ય દેશોમાં થયેલ વિચારોની ક્રાંતિ એ આપણા ગુજરાતી સાહિત્યમાં તેની અસર તળે ગદ્ય સ્વરૂપો લખાયાં. તેમાં નવલિકા એ ખૂબ જ ખેડાયેલું સાહિત્ય સ્વરૂપ છે.

નવલિકા (ટૂંકીવાર્તા) થોડા સમય ઉપર જ વિશિષ્ટ સ્વરૂપ લઇને જન્મેલી છે. નવલિકાનો ઉદ્ભવ અને તેની લોકપ્રિયતા વર્તમાનયુગની ઝડપને આભારી હોવાનું વિવેચકો માને છે. પણ ટૂંકીવાર્તા તો 'હિતોપદેશ' અને 'પંચતંત્ર'માં પણ મળે છે. આમ છતાં વીસમી સદીના આરંભમાં જે નવલિકા નવા સ્વરૂપે આવી તે યંત્રયુગ અને માનવીના દોડ–ધામ અને હાડમારીભર્યા જીવનને આભારી છે.

નવલિકામાં જીવનનો એક નાનકડો ભાગ જ આવે છે. નવલકથામાં કોઇ વ્યક્તિનું આખું જીવન કે જીવનનો મોટો ભાગ આલેખવામાં આવે છે. નવલકથામાં જીવનની અખિલાઇ હોય છે. જ્યારે નવલિકામાં આમ નથી. નવલિકાકાર માટે વસ્તુની પસંદગી, બિનજરૂરી વસ્તુનો ત્યાગ અને સુબદ્ધતાએ મહત્વનાં બને છે. ટૂંકીવાર્તા કે નવલિકા નવલકથાની જેમ સંપૂર્ણ જીવનનો ખ્યાલ કદાપિ આપી નહિ શકે.

'જે વીજળીના ચમકારા પેઠે એક દ્રષ્ટિબિંદુ રજૂ કરતાં સોંસરવી નીકળી જાય અને બીજી ઝાઝી લપછપ વિના અંગુલિનિર્દેશ કરી સૂતેલી લાગણીઓને જગાડીને વાચકની આસ–પાસ એક નવીન કલ્પનાસૃષ્ટિ ઘડી કાઢે તે ટૂંકીવાર્તા'. – ધૂમકેતુ.

ગુજરાતી પ્રથમ ટૂંકીવાર્તાનો આરંભ ૧૯૧૩માં 'મલયાનિલ'ની 'ગોવાલણી' થી થયો. ટૂંકીવાર્તાના લેખકોમાં ક.મા.મુનશી, ધનસુખલાલ, ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ', પન્નાલાલ, ઈશ્વર પેટલીકર, ગુલાબદાસ બ્રોકર, ચુનીલાલ મડિયા, સુરેશ જોશી, મધુરાય, ચંદ્રકાંત બક્ષી, રાવજી પટેલ, ધીરુ ઠાકર વગેરે મુખ્ય છે.

### ૨. નવલકથા :

નવલકથા નાના–મોટા સૌને આનંદ આપનાર ગદ્ય છે. એટલે જ એ સૌથી વધુ લોકપ્રિય છે. વિષય વૈવિધ્ય હોવાથી દરેકને રુચિ પ્રમાણેનું વાંચન સાહિત્ય મળી રહે છે.

નવલકથાનું આયોજન આનંદ આપવાનું છે. આમ, છતાં, સાચી કલા એથી વિશેષ છે. નવલકથા મુખ્યત્વે જીવનદર્શન કરાવે છે.

'નવલકથા' એટલે 'ગદ્યમાં લખેલ અમુક વ્યથાઓ અને વિસ્તારવાળો વાર્તારૂપ વૃતાંત'

'કરણઘેલો' ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા નંદશંકર તુળજાશંકર મહેતાએ આપી. આ ઐતિહાસિક નવલકથા છે.

મહીપતરામ નીલકંઠે 'સધરા જેસંગ' જેવી ઐતિહાસિક અને 'સાસુ વહુની લડાઇ' સામાજિક નવલકથાઓ આપી. હરગોવિંદદાસ કાંટાવાળાએ 'અંધેરી નગરીનો ગંધર્વસેન' નવલકથા આપી.

પંડિતયુગમાં ગુજરાતી સાહિત્યની સફળ મહાનવલકથા 'સરસ્વતીચંદ્ર' ગોવર્ધનરામ ત્રિપાઠીએ આપી.

ક.મા.મુનશીએ ઐતિહાસિક નવલકથાઓ – 'પાટણની પ્રભુતા', 'રાજાધિરાજ' અને 'જય સોમનાથ' તેમજ પૌરાણિક અને સામાજિક નવલકથાઓ આપી.

અર્વાચીનયુગના નવલકથાકારોમાં રમણલાલ વ.દેસાઇ, ઝવેરચંદ મેઘાણી, ધૂમકેતુ, ચૂનીલાલ વ. શાહ, ગુણવંતરાય આચાર્ય, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, ચૂનીલાલ મડિયા, મનુભાઇ પંચોળી 'દર્શક' આ ઉપરાંત સારંગ બારોટ, વિઠ્ઠલ પંડ્યા, રઘુવીર ચૌધરી, રાવજી પટેલ, રાધેશ્યામ શર્મા, ધીરુબહેન પટેલ, કુંદનિકા કાપડિયા જેવા સાહિત્યકારોએ નવલકથાઓ આપી છે.

### ૩. નિબંધ :

નવલકથા અને નવલિકાની જેમ પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કને કારણે ગુજરાતી સાહિત્યમાં 'નિબંધ' સાહિત્યના ગદ્ય પ્રકારને સ્વીકારાયો છે.

સાહિત્યના ભારેખમપણામાંથી ચિત્ત જ્યારે મુક્ત હોય ત્યારે અને કંઇક સ્મરણોમાં રાચી પોતાને થયેલા અનુભવો વિશે વિચાર કરતું હોય ત્યારે નિબંધ સર્જાય છે. આવા સ્મરણો જ્યારે લખવાની પ્રેરણા થાય છે. ત્યારે નિબંધ સર્જન થાય છે.

'જે સાહિત્ય રચનામાં સંગઠન હોય, બુદ્ધિતત્વ હોય, અનાવશ્યક વિસ્તાર ન હોય અને જેમાં વિષય દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વનું પ્રકાશન થતું રહેતું હોય તેવી પૂર્ણ. સંક્ષિપ્ત અને વ્યક્તિત્વ નિષ્ઠ સાહિત્યરચના એટલે નિબંધ'.

– ઈ.સ. ૧૮૫૧માં ગુજરાતી સાહિત્યનો પ્રથમ નિબંધ 'મંડળી મળવાથી થતા લાભ' નર્મદે આપ્યો.

નિબંધને કલાત્મકઘાટ આપનાર નવલરામ છે. ત્યારપછી રણજીતરામ, ચંદ્રશેખર પંડ્યા, ઉત્તમલાલ ત્રિવેદીએ ગુજરાતી નિબંધો આપ્યા. મણિલાલ દ્વિવેદી, રમણલાલ નીલકંઠ અને આનંદશંકર ધ્રુવે સામાયિકોમાં નિબંધ આપ્યા. કાકાકાલેલકર, કિશોરલાલ મશરુવાળા, રા.વિ.પાઠક, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, જ્યોતિન્દ્ર દવે(હાસ્ય નિબંધ), ગગનવિહારી મહેતા, વિનોદિની નીલકંઠ, ઉમાશંકર જોશી, બકુલ ત્રિપાઠી, ગુણવંત શાહ, પ્રવીણ દરજી, મણિલાલ હ. પટેલ, ડૉ.ભોળાભાઇ પટેલના નિબંધોએ ગુજરાતી નિબંધસાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.

### ૪. જીવનચરિત્ર :

જીવનચરિત્ર એક એવો સાહિત્ય પ્રકાર છે કે જે એકી વખતે ઇતિહાસ કે વિજ્ઞાન અને કલાનાં તત્ત્વોનું સામંજસ્ય સાંધી જ્ઞાનનિષ્ઠ, કલાનિષ્ઠ આસ્વાદની અનુકૂળતા કરી આપે છે. અમુક ચોક્કસ સ્થળ–કાળમાં જીવી ગયેલી ચોક્કસ વ્યક્તિઓના જીવનનું ઇતિહાસનિષ્ઠ નિરૂપણ કરતો ગદ્ય પ્રકાર છે.

### ૫. આત્મકથા કે આત્મચરિત્ર :

આત્મચરિત્ર પણ ગદ્ય સ્વરૂપનું એવું વૃતાંત છે જેનો કર્તા જ કથાનો પ્રધાન નાયક છે.ગંભીર અને સત્યપ્રતિષ્ઠા આત્મસમીક્ષા જ આત્મકથા અભિધાનને યોગ્ય ગણાય.સત્યસૂત્રથી જોડાયેલો વ્યક્તિનો ચિતાર એટલે આત્મચરિત્ર કે આત્મકથા. આત્મકથામાં પોતાના જીવનની સામગ્રી સત્યને વફાદાર રહી આલેખવાની હોય છે.

"સત્યના પ્રયોગો"–ગાંધીજી, 'મારી હકીકત" – નર્મદ, "સ્મરણયાત્રા" – કાકા કાલેલકર જેવી ગુજરાતી સાહિત્યની પ્રસિદ્ધ આત્મકથાઓ છે.

**૬. નાટક :**

નાટક એ સાહિત્યનાં બધાં સ્વરૂપોમાં વિશિષ્ટ પ્રકારનું ગદ્ય સ્વરૂપ છે. અન્ય ગદ્ય સ્વરૂપોની જેમ નાટક કેવળ લખાયેલા શબ્દો ઉપર એની અસર પર આધાર રાખતું નથી. નાટકની સંપૂર્ણ અસર અનુભવવા માટે સર્જક, અભિનેતા અને અભિનેત્રીઓ, પ્રેક્ષકો એમ ત્રણેયની અપેક્ષા રહે છે. એટલે આ સ્વરૂપ લોકભોગ્ય અને લોકપ્રિય સ્વરૂપ છે.
નાટકનો લેખક વિષયવસ્તુની પસંદગીમાં બહુ સ્વતંત્ર નથી. મર્યાદિત હદમાં રહીને એક જ બેઠકે બે કે ત્રણ કલાકમાં પૂર્ણ કરી ભાવક તેને માણી શકે છે. નવલકથા કે નવલિકાનો સર્જક લાંબા વર્ણનો દ્વારા રસનિષ્પન કરે છે, જ્યારે નાટક લેખકે તખ્તા પર એ દ્રશ્યો તાદ્રશ્ય કરવાં પડે છે.

**નાટકનાં અંગો :**

૧. વસ્તુસંકલન ૨.પાત્રાલેખન, ૩.સંવાદ, ૪.દેશકાલ–વાતાવરણ, ૫. સંઘર્ષ, ૬.શૈલી, ૭. જીવનદર્શન, ૮.તખ્તાલાયકી, ૯.રસનિષ્પતિ ૧૦ ત્રિવિધ ઐક્ય.

**ગુજરાતી સાહિત્યમાં નાટકનો વિકાસ :**

ગુજરાતી સાહિત્યમાં પ્રથમ 'રાઇનો પર્વત' રમણભાઈ નીલકંઠનું પ્રસિદ્ધ નાટક છે.
નાનાલાલ, ચંદ્રવદન મહેતા, મુનશી શિવકુમાર, ચુનિલાલ મડિયા, પુષ્કર ચંદરવાકર, જયંતી દલાલ, દામુ સાંઘાણી, પ્રાગજી ડોસા, ફિરોજ આંટિયા અને પન્નાલાલ પટેલનો ફાળો નોંધપાત્ર છે.

**એકાંકી :**

ત્રિઅંકી લાંબા નાટકોની જગ્યાએ આધુનિક ગુજરાતી સાહિત્યમાં નાટકના એક અંકવાળા આજની દોડધામવાળી જીવન પ્રણાલીને માફક આવી ગયું. ૧૯૨૨માં બટુભાઇ ઉમરવાડિયાએ 'લોમહર્ષણી' લખીને ગુજરાતી એકાંકીના શ્રી ગણેશ કર્યા. એકાંકીની સફળતાનો આધાર અનુભવની ઉત્કટતા પર, લાગણીની તીવ્રતા પર રહે છે.

**તમારી પ્રગતિ ચકાસો..........**

**નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરીને યોગ્ય જવાબ આપો.**

(૧) અન્ય પ્રાણીઓની તુલનામાં મનુષ્યને ઈશ્વરે કઈ અણમોલ ભેટ આપી છે?

(ક) હાથ – પગ (ખ) ભાષા (ગ) ધન – દોલત (ઘ) હથિયારો

(૨) માનવના ભાષા વિકાસનો પ્રથમ તબક્કો કયો છે?

(ક) મૂળાક્ષર (ખ) બારાક્ષરી (ગ) ધ્વનિ (ઘ) લિપિ

(૩) ગુજરાતી ભાષા વિકાસને યોગ્ય ક્રમમાં ગોઠવો.

(ક) પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, અપભ્રંશ

(ખ) અપભ્રંશ, પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી

(ગ) ગુજરાતી, પ્રાકૃત, સંસ્કૃત, પ્રાકૃત

(ઘ) સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી

(૪) 'ગુજરાતી ભાષા' શબ્દ પ્રયોગ સૌથી પ્રથમ કોણે કર્યો ?

(ક) નરસિંહ (ખ) પ્રેમાનંદ (ગ) મીરાંબાઇ (ઘ) ભાલણ

(૫) ગુજરાતી સાહિત્યના આદ્યકવિ તરીકે કોને ઓળખવામાં આવે છે?

(ક) અખો (ખ) શામળ (ગ) નરસિંહ મહેતા (ઘ) પ્રેમાનંદ

(૬) પ્રેમાનંદે કયા સાહિત્ય સ્વરૂપમાં પ્રદાન આપ્યું છે?

(ક) ગરબી (ખ) આખ્યાન (ગ) ખંડકાવ્ય (ઘ) પદ

(૭) 'મુજ અબળાને મોટી મિરાત' પદના રચિયતા કોણ છે?

(ક) નરસિંહ (ખ) પ્રેમાંનંદ (ગ) મીરાંબાઇ (ઘ) ગંગાસતી

(૮) ગંગાસતીએ નીચેમાંથી કયું પદ રચ્યું છે?

(ક) રામ રાખે તેમ રહીએ.....

(ખ) વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઇ,

(ગ) પાપ તારું પરકાશ જાડેજા....

(ઘ) અખિલ બ્રહમાંડમાં એક તુ શ્રી હરિ.....

(૯) 'છપ્પા' કાવ્ય સ્વરૂપ કોણે ખેડ્યું છે?

(ક) પ્રેમાનંદ (ખ) નરસિંહમહેતા (ગ) અખો (ઘ) મીરાંબાઇ

(૧૦) 'ગરબો' કાવ્યપ્રકાર માટે કયા કવિ જાણીતા છે?

(ક) વલ્લભ મેવાડો (ખ) પ્રેમાનંદ (ગ) નરસિંહ (ઘ) દયારામ

(૧૧) 'લોકસાહિત્ય' માટે કયું વિધાન સાચું છે?

(ક) બધુ જ લોકસાહિત્ય પદમાં લખાયું છે.

(ખ) બધુ જ લોકસાહિત્ય ગદ્યમાં લખાયું છે.

(ગ) લોકસાહિત્યનો કોઇ એક કવિ નથી હોતો.

(ઘ) લોકસાહિત્ય અંગ્રેજી સાહિત્ય સ્વરૂપ છે.

(૧૨) 'મેરુ તો ડગે પણ જેના........પદના રચનાકાર કોણ છે?

(ક) પાનબાઇ (ખ) મીરાંબાઇ (ગ) કૃષ્ણાબાઇ (ઘ) ગંગાસતી

(૧૩) 'સરસ્વતીચંદ્ર' નવલકથા કયા યુગમાં રચાયેલી છે?

(ક) પંડિતયુગ (ખ) નર્મદયુગ (ગ) ગાંધીયુગ ((ઘ)સાંપ્રતયુગ

(૧૪) ‘જય જય ગરવી ગુજરાત’ કાવ્યના કવિ કોણ છે?

(ક) દલપતરામ (ખ) નર્મદ (ગ) દયારામ (ઘ) ખબરદાર

(૧૫) ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા કઇ છે?

(ક) પાટણની પ્રભુતા (ખ) કરણઘેલો

(ગ) ઝેરતો પીધાં જાણી જાણી (ઘ) સરસ્વતીચંદ્ર

(૧૬) ‘મંડળી મળવાથી થતા લાભ’ સાહિત્યનો કયો પ્રકાર છે?

(ક) નાટક (ખ) નિબંધ (ગ) એકાંકી (ઘ) નવલિકા

(૧૭) નાટક સાહિત્ય સ્વરૂપ અન્ય ગદ્ય સ્વરૂપોથી કઇ રીતે જુદું પડે છે?

(ક) વિષયવસ્તુ (ખ) પાત્રાલેખન (ગ) વાતાવરણ (ઘ) તખ્તાલાયકી

(૧૮) પંડિતયુગની પ્રખ્યાત મહાનવલકથા કઇ છે?

(ક) સરસ્વતીચંદ્ર (ખ) ભદ્રંભદ્ર (ગ) જય સોમનાથ(ઘ) કંકુ

(૧૯) ‘કાળુ’નું પાત્ર પન્નાલાલની કઇ નવલકથામાં છે?

(ક) મળેલાજીવ (ખ) માનવીની ભવાઇ(ગ) કંકુ(ઘ) ના છૂટકે

(૨૦) કૃતિ અને કર્તાનું કયું જોડકુ સાચું નથી.

(ક) ઝેર તો પીધાં જાણી જાણી –દર્શક (ખ) મળેલા જીવ – પન્નાલાલ

(ગ) કલાપીનો કેકારવ – કલાપી (ઘ) સત્યના પ્રયોગો – મહાદેવભાઇ દેસાઇ

(૨૧) ‘નિશીથ’ નીચેનામાંથી કોનો કાવ્યસંગ્રહ છે?

(ક) પન્નાલાલ પટેલ (ખ) ઝવેરચંદ મેઘાણી(ગ) ઉમાશંકર જોશી(ઘ) સુન્દરમ

(૨૨) ‘તણખામંડળ’ કોનો વાર્તાસંગ્રહ છે?

(ક) શેષ (ખ) ધૂમકેતુ (ગ) સ્નેહરશ્મિ(ઘ) ઉશનસ્

(૨૩) ‘રાષ્ટ્રીય શાયર’ તરીકે કયા કવિ ઓળખાય છે?

(ક) ઉમાશંકર જોશી (ખ) પન્નાલાલ પટેલ

(ગ) ગોવર્ધન ત્રિપાઠી (ઘ) ઝવેરચંદમેઘાણી

(૨૪) ‘રાવણનું મિથ્યાભિમાન’ કાવ્યનો પ્રકાર જણાવો.

(ક) ખંડકાવ્ય (ખ) આખ્યાન (ગ) પદ (ઘ) ગરબો

(૨૫) ‘સરસ્વતીચંદ્ર’ કૃતિનો સાહિત્યપ્રકાર કયો છે.

(ક) નવલિકા (ખ) નવલકથા (ગ) આત્મચરિત્ર (ઘ) નિબંધ

(૨૬) ‘પ્રભાતિયા’નું ખેડાણ કયા કવિએ કર્યુ છે?

(ક) મીરાંબાઇ (ખ) નરસિંહ (ગ) ધીરો (ઘ) અખો

(૨૭) ‘એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ’ આ પદ્ય સાહિત્યનો પ્રકાર ઓળખો.

(ક) છપ્પા (ખ) કાફી (ગ) પદ (ઘ) દુહા

(૨૮) નીચેનામાંથી કઇ પંક્તિ મીરાંના પદની છે?

(ક) અખિલ બ્રહમાંડમાં એક તું શ્રી હરિ.

(ખ) જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા.

(ગ) શ્યામ રંગ સમીપે ન જાવું, મારે આજ સખી શ્યામ રંગ સમીપે ન જાવું.

(ઘ) 'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઇ'

(૨૯) 'સોનેટ' કાવ્યમાં કેટલી પંક્તિઓ હોય છે?

(ક) ૧૪ (ખ) ૧૭ (ગ) ૧૯ (ઘ) ૧૫

(૩૦) 'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની' કાવ્યના કવિ કોણ છે?

(ક) રાવજી પટેલ(ખ) ઝવેરચંદ મેઘાણી (ગ) કલાપી(ઘ) ઉશનસ્

(૩૧) નીચે આપેલ વિકલ્પોમાંથી કયું કાવ્ય કવિ કાન્તનું નથી.

(ક) અતિજ્ઞાન (ખ) વસંતવિજય (ગ) ઉર્મિલા (ઘ) ચક્રવાક મિથુન

(૩૨) આપેલા જોડકામાંથી કયું સાચું નથી.

(ક) ઝવેરચંદમેઘાણી – રાષ્ટ્રીય શાયર(ખ) મનુભાઇ પંચોળી – દર્શક

(ગ) મણિશંકર રત્નજી ભટ્ટ – ધૂમકેતુ(ઘ) ત્રિભોવન લુહાર – સુદંરમ

(૩૩) 'એક જ દે ચિનગારી'ના કવિ કોણ છે?

(ક) રાજેન્દ્ર શાહ (ખ) હરિહર ભટ્ટ (ગ) સ્નેહરશ્મિ(ઘ) કલાપી

(૩૪) આપેલાં જોડકામાંથી કયું જોડકું યોગ્ય નથી?

(ક) 'અખિલ બ્રહમાંડમાં એક તું શ્રી હરિ' – મીરાબાંઇ

(ખ) 'વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઇ' – ગંગાસતી

(ગ) 'એક મૂરખને એવી ટેવ' – અખો

(ઘ) 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા' – નરસિંહ મહેતા

(૩૫) 'હિંદમાતાને સંબોધન' કાવ્યના કવિ કોણ છે?

(ક) કાન્ત (ખ) નાથાલાલ દવે (ગ) સંતબાલ ((ઘ)ખબરદાર

(૩૬) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ સાચો નથી?

(ક) જ્યોતીન્દ્ર દવે – 'અમે બધાં'

(ખ) ગોવર્ધનરામ ત્રિપાઠી – 'સરસ્વતીચંદ્ર'

(ગ) પન્નાલાલ પટેલ – 'જનમટીપ'

(ઘ) રઘુવીર ચૌધરી – 'અમૃતા'

(૩૭) મધ્યકાલીન સાહિત્યના છેલ્લા કવિ તરીકે કોણ જાણીતા છે?

(ક) દલપતરામ (ખ) દયારામ (ગ) નાનાલાલ (ઘ) પ્રેમાનંદ

(૩૮) અર્વાચીન સાહિત્યના 'સુધારાયુગ'ની કઇ જોડી સાચી છે?

(ક) દલપતરામ – નર્મદ (ખ) કાન્ત – કલાપી

(ગ) દર્શક – ઉશનસ્ (ઘ) મીરાં – નરસિંહ

(૩૯) ‘ભદ્રંભદ્ર’ હાસ્ય રસિક વાર્તાના લેખક કોણ છે?

(ક) વિનોદીની નીલકંઠ (ખ) રમણલાલ નીલકંઠ

(૨૯) ‘સોનેટ’ કાવ્યમાં કેટલી પંક્તિઓ હોય છે?

(ક) ૧૪ (ખ) ૧૭ (ગ) ૧૯ (ઘ) ૧૫

(૩૦) ‘જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની’ કાવ્યના કવિ કોણ છે?

(ક) રાવજી પટેલ(ખ) ઝવેરચંદ મેઘાણી (ગ) કલાપી(ઘ) ઉશનસ્

(૩૧) નીચે આપેલ વિકલ્પોમાંથી કયું કાવ્ય કવિ કાન્તનું નથી.

(ક) અતિજ્ઞાન (ખ) વસંતવિજય (ગ) ઉર્મિલા (ઘ) ચક્રવાક મિથુન

(૩૨) આપેલા જોડકામાંથી કયું સાચું નથી.

(ક) ઝવેરચંદમેઘાણી – રાષ્ટ્રીય શાયર(ખ) મનુભાઇ પંચોળી – દર્શક

(ગ) મણિશંકર રત્નજી ભટ્ટ – ધૂમકેતુ(ઘ) ત્રિભોવન લુહાર – સુદંરમ

(૩૩) ‘એક જ દે ચિનગારી’ના કવિ કોણ છે?

(ક) રાજેન્દ્ર શાહ (ખ) હરિહર ભટ્ટ (ગ) સ્નેહરશ્મિ(ઘ) કલાપી

(૩૪) આપેલાં જોડકામાંથી કયું જોડકું યોગ્ય નથી?

(ક) ‘અખિલ બ્રહમાંડમાં એક તું શ્રી હરિ’ – મીરાબાંઇ

(ખ) ‘વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઇ’ – ગંગાસતી

(ગ) ‘એક મૂરખને એવી ટેવ’ – અખો

(ઘ) ‘જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા’ – નરસિંહ મહેતા

(૩૫) ‘હિંદમાતાને સંબોધન’ કાવ્યના કવિ કોણ છે?

(ક) કાન્ત (ખ) નાથાલાલ દવે (ગ) સંતબાલ ((ઘ)ખબરદાર

(૩૬) નીચે આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ સાચો નથી?

(ક) જ્યોતીન્દ્ર દવે – ‘અમે બધાં’

(ખ) ગોવર્ધનરામ ત્રિપાઠી – ‘સરસ્વતીચંદ્ર’

(ગ) પન્નાલાલ પટેલ – ‘જનમટીપ’

(ઘ) રઘુવીર ચૌધરી – ‘અમૃતા’

(૩૭) મધ્યકાલીન સાહિત્યના છેલ્લા કવિ તરીકે કોણ જાણીતા છે?

(ક) દલપતરામ (ખ) દયારામ (ગ) નાનાલાલ (ઘ) પ્રેમાનંદ

(૩૮) અર્વાચીન સાહિત્યના ‘સુધારાયુગ’ની કઇ જોડી સાચી છે?

(ક) દલપતરામ – નર્મદ (ખ) કાન્ત – કલાપી

(ગ) દર્શક – ઉશનસ્ (ઘ) મીરાં – નરસિંહ

(૩૯) ‘ભદ્રંભદ્ર’ હાસ્ય રસિક વાર્તાના લેખક કોણ છે?

(ક) વિનોદીની નીલકંઠ (ખ) રમણલાલ નીલકંઠ

(ગ) રમણલાલ વ. દેસાઇ (ઘ) રમણલાલ સોની

(૭૦) 'સોનેટ' કાવ્ય પ્રકારના વિકાસમાં કોનો મહત્વનો ફાળો છે ?

(ક) કલાપી (ખ) બ.ક.ઠાકોર (ગ) ઝવેરચંદમેઘાણી (ઘ) સ્નેહરશ્મિ

(૭૧) 'જય સોમનાથ' ઐતિહાસિક નવલકથાના લેખક કોણ છે?

(ક) પન્નાલાલ (ખ) ઉમાશંકર (ગ) રઘુવીરચૌધરી (ઘ) ક.મા.મુનશી

(૭૨) 'ધૂમકેતુ' રચિત 'તણખા મંડળ' સાહિત્યનું કયું સ્વરૂપ છે?

(ક) વાર્તાસંગ્રહ (ખ) કાવ્યસંગ્રહ (ગ) નાટ્યસંગ્રહ (ઘ) નિબંધસંગ્રહ

**પ્રશ્ન – ૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(૧) ગુજરાતી ભાષાનો ક્રમિક વિકાસ સમજાવો.

(૨) પ્રાચીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ જણાવો.

(૩) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અસરો જણાવો.

૪) અર્વાચીન ગુજરાતી સાહિત્યના કયા ચાર તબક્કા છે?

(૫) ગાધીયુગના સાહિત્યકારોની યાદી બનાવો

**પ્રશ્ન – ૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(૧) નરસિંહ મહેતાની સાહિત્ય સેવાઓ જણાવો.

(૨) મીરાબાંઇનું સાહિત્ય પ્રદાન જણાવો.

(૩) પ્રેમાનંદની સાહિત્યકૃતિની યાદી બનાવો.

(૪) 'આખ્યાન' કાવ્ય સ્વરૂપની સમજ આપો.

(૫) ગુજરાતીનું મનપસંદ કાવ્ય પસંદ કરી તેની વિશેષતાઓ તારવો.

(૬) અર્વાચીન ગુજરાતીના કોઇ એક ગદ્ય સ્વરૂપની કૃતિ પસંદ કરી તેની વિશેષતાઓ તારવો.

(૭) સંસ્કૃતમાંથી અપભ્રંશ થઇ ગુજરાતીમાં આવેલ શબ્દોની યાદી બનાવો.

(૮) સંસ્કૃતભાષાના તત્સમ (મૂળસ્વરૂપે) ગુજરાતીમાં ઉતરી આવેલા શબ્દોની યાદી બનાવો.

(૯) નરસિંહયુગના સાહિત્યકારોના નામ જણાવો.

(૧૦) જ્ઞાનપીઠ એવોર્ડ ક્યા ક્યા ગુજરાતી સાહિત્યકારોને મળ્યો છે?

(૧૧) 'જુમો ભિસ્તી' વાર્તાની સાહિત્યકૃતિ તરીકે મૂલવણી કરો.

(૧૨) 'નાટક' અને 'એકાંકી'ના તફાવતો સ્પષ્ટ કરો.

(૧૩) આત્મચરિત્ર (આત્મકથા) અને જીવનચરિત્ર વચ્ચેનો ભેદ તારવો.

**પ્રશ્ન :૪ નીચે આપેલા વિષયોને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટ વર્ક કરો:**

(૧) ધોરણ ૩ થી ૮ માં આવતા સાહિત્યકારોના ટૂંકા પરિચય સહિત ફોટોસંગ્રહ બનાવો.

(૨) પાઠ્યપુસ્તકમાં અપાયેલ ગદ્યસામગ્રીના આધારે ગદ્ય સ્વરૂપની વિશેષતાઓ જણાવો.

(૩) નરસિંહ મહેતા અને મીરાંના પદસંગ્રહનો હસ્તલિખિત અંક બનાવો.

**પ્રશ્ન : ૫ નીચે આપેલા વિષયો માટે અસાઇનમેન્ટ તૈયાર કરો :**

(૧) મધ્યકાલીન સાહિત્યની કોઇ એક કૃતિ પસંદ કરી તેની વિશેષતાઓ જણાવો.

(૨) અર્વાચીન સાહિત્યના કોઇ એક સાહિત્યકારનું જીવન–કવન આલેખો.

(૩) મધ્યકાલીનસાહિત્ય સ્વરૂપોમાંથી કોઇ બે ની માહિતી આપો.

(૪) મધ્યકાલીન પદ્ય સાહિત્યમાંથી કોઇ બે કવિઓની સાહિત્યકૃતિનો પરિચય કરાવો.

**પ્રશ્ન : ૬ ક્ષેત્રકાર્ય :**

(૧) કવિસંમેલન, લોકડાયરો, ભજનસંધ્યા, સુગમ – સંગીત, વર્ષાગીતો કાર્યક્રમ વગેરેમાં ભાગ લો.

(૨) શ્રોતા તરીકે ગુજરાતી સાહિત્ય સ્વરૂપ વિશે તેના આધારે નોંધ તૈયાર કરો.

**ઇન્ટરનેટના માધ્યમથી તમે શું મેળવશો ?**

૧. સાહિત્યકૃતિઓની માહિતી

૨. લેખકના પરિચય

૩. કવિ અને તેના કાવ્યનો પરિચય

૪. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

૫. કાવ્યને આનુષાંગિક અન્ય કાવ્યોની યાદી

૬. બાળવાર્તાઓ / ચિત્રવાર્તાઓ / કાર્ટૂન ફિલ્મો

**૨.૪ સારાંશ :**

અભ્યાસક્રમમાં પ્રાદેશિક ભાષાના મહત્વને સ્વીકારાયું છે. આ માટે માતૃભાષા ગુજરાતીના મહત્વને વિદ્યાર્થીઓ / પ્રશિક્ષણાર્થીઓ / અધ્યાપકો સમજે અને તેમાં પ્રાવીણ્યતા પ્રાપ્ત કરે એ માટે માતૃભાષાના ઉદ્ભવ અને વિકાસની પ્રક્રિયા સમજવી જોઇએ.

માતૃભાષાના ઉદ્ભવ અને વિકાસ પ્રક્રિયામાં પ્રાચીન ગુજરાતી, મધ્યકાલીન ગુજરાતી અને અર્વાચીન ગુજરાતીના વિકાસક્રમને સમજાવવા માટે આ ત્રણેય તબક્કાના સાહિત્યસર્જન અને સર્જકોમાંથી કેટલીક સાહિત્ય કૃતિઓ અને જાણીતા કેટલાંક સાહિત્યકારો વિશેની માહિતી આપવામાં આવી છે.

માતૃભાષા ગુજરાતી જે પ્રદેશ કે પ્રાંતમાં બોલાય છે. તે પ્રદેશ કે પ્રાંતની ભૌગોલિક અને રાજકીય સમજ આપવામાં આવી છે. વળી, ગુજરાતી ભાષા સંસ્કૃત – પ્રાકૃત – અપભ્રંશ અને ગુજરાતી એમ ક્રમિક વિકાસ પામી તેના વિકાસનો ક્રમ સમજાવવામાં આવ્યો છે.

ગુજરાતી ભાષાના કાળ વિકાસને પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન એમ ત્રણ વિભાગોમાં વહેંચી દરેક સમયગાળાના સાહિત્યની વિશેષતાઓ અને તેની જે તે સમયે સમાજ પર અસરો જણાવી છે.

પ્રાચીન –મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી સાહિત્યના સાહિત્ય પ્રકારોની રચના અને વિકાસ પર જે તે સમયની રાજ્યવ્યવસ્થા અને સામાજિક પરિસ્થિતિની અસર પ્રતિબિંબિત થાય છે. મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપો અને તેના સર્જકોની સાહિત્ય સેવાઓ વિશે માહિતી આપેલ છે. અર્વાચીન સાહિત્ય સ્વરૂપો અને તેના સર્જકોમાં વિષયની વિશાળતા અને વૈવિધ્યનાં દર્શન થાય છે. અર્વાચીન ગુજરાતી સાહિત્ય સર્જનમાં આઝાદીની ચળવળ, ગાંધીજી, વિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિંદ તથા માતાજીના આધ્યાત્મ વિષયક વિચારોનું લેખન થયું છે. ઉપરાંત અંગ્રેજી શિક્ષણની અસરતળે નવા સાહિત્ય સ્વરૂપોનું સર્જન થયું તેની જાણકારી આપવા પ્રયત્ન કર્યો છે.

# પ્રકરણ – ૩
# ગુજરાતી માતૃભાષાનું મહત્વ

૩.૧ પ્રસ્તાવના

૩.૨ હેતુઓ

૩.૩ અધ્યયનના મુદ્દાઓ

- ૩.૩.૧ **NCF** –2005માં ભાષાનું મહત્વ
- ૩.૩.૨ વૈશ્વિક કક્ષાએ માતૃભાષા
- ૩.૩.૩ માતૃભાષાનું મહત્વ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ
- ૩.૩.૪ અન્ય વિષયોના અધ્યયનમાં માતૃભાષાનો અનુબંધ
- ૩.૩.૫ માતૃભાષા ગૌરવ અને માતૃભાષા ગૌરવદિનની ઉજવણી

૩.૪ સારાંશ

# પ્રકરણ – ૩
# ગુજરાતી માતૃભાષાનું મહત્વ

**3.૧ પ્રસ્તાવના:**

માતૃભાષાના માધ્યમથી શિક્ષણમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરી શકાય છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF-2005)માં પણ માતૃભાષાના મહત્વને સ્વીકારવામાં આવ્યું છે. માતૃભાષા સમૃદ્ધ હશે તો અન્ય વિષયોના શિક્ષણમાં પણ તેનો અનુબંધ ફળદાયી બને. આપણી માતૃભાષા માટે આપણે ગૌરવ અનુભવીએ. માતૃભાષાના માધ્યમ માટેના વૈજ્ઞાનિક આધારો પણ સમજીએ.

શ્રેષ્ઠ, ઉત્કૃષ્ઠ શિક્ષણ પ્રક્રિયા માટે માતૃભાષા એ જ સબળ, સાર્થક માધ્યમ છે તેમ સમજીએ અને સ્વીકારીએ.

**૩.૨ હેતુઓ :**

- પ્રશિક્ષણાર્થીઓ NCF -2005 મુજબ ભાષાનું મહત્વ સમજે અને તેનું ગૌરવ જાળવે.
- પ્રશિક્ષણાર્થીઓ માતૃભાષા તરીકે ગુજરાતીનું મહત્વ સમજી અન્ય વિષયોના સંદર્ભમાં તેની અગત્ય સમજે.

**અધ્યયન નિષ્પતિ :**

- પ્રશિક્ષણાર્થીઓ NCF -2005 મુજબ ભાષાનું મહત્વ સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ માતૃભાષાનું મહત્વ સમજીને તેનું ગૌરવ જાળવે.
- પ્રશિક્ષણાર્થીઓ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણની અગત્યતા સમજે.
- પ્રશિક્ષણાર્થીઓ બહુભાષિતા અને ત્રિભાષા સૂત્રને સમજે.

**૩.૩ અધ્યયનના મુદ્દાઓ :**

**૩.૩.૧ NCF – 2005માં ભાષાનું મહત્વ:**

શાળાના સાક્ષરી વિષયોમાં ભાષા કૌશલ્ય પર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાથમિક કક્ષાએથી માંડીને છેક ઉચ્ચતર માધ્યમિક કક્ષા દરમિયાન બાળકોના જ્ઞાનનિર્માણ કાર્યમાં ભાષાકૌશલ્યની પાયાગત ભૂમિકા છે, તેનો સ્વીકાર કરવો રહ્યો. આ બાબતે ભાષાના મહત્વ અને નીતિ વિષયક વિગતોની ચર્ચા NCF -2005 માં કરવામાં આવેલ છે.

- શિક્ષણના માધ્યમ તરીકે બાળકોની માતૃભાષા (આદિવાસી બોલીઓ કે પોતાની બોલી સહિત) ના સ્વીકાર પર ભાર મૂકવો. તે સાથે ત્રિભાષાસૂત્રનો અમલ કરવા નવેસરથી પ્રયત્ન કરવો.
- ભારતીય સમાજના બહુભાષી સ્વરૂપને એ રીતે જોવું જોઇએ કે જેથી દરેક બાળકમાં બહુભાષી નૈપુણ્ય વિકસાવવાનું તે સંસાધન બને. આમાં અંગ્રેજી ભાષામાં નૈપુણ્યનો સમાવેશ થાય છે.

- ધોરણ ૬– ૭– ૮ માં પ્રાદેશિક ભાષા અને અંગ્રેજી ભાષાનો અભ્યાસ બાળકો કરે. અહિન્દી ભાષી રાજ્યોમાં બાળકો હિન્દીનો અભ્યાસ કરે. આ ભાષાઓ ઉપરાંત આધુનિક ભારતીય ભાષા તરીકે સંસ્કૃત ભાષાનો અભ્યાસ પણ કરી શકે.
- માતૃભાષામાં સંગીન ભાષા અધ્યાપનશાસ્ત્રના આધારે જ અંગ્રેજીના અધ્યયનમાં સફળતા શક્ય છે.
- વાંચન અને લેખન, શ્રવણ અને કથન, વાણી(Speech) એ બધા કૌશલ્ય બાળકની પ્રગતિમાં પ્રદાન કરે છે.
- પ્રત્યેક બાળકના શાળાકીય અધ્યયન માટે ઘનિષ્ઠ પાયો નાખવા માટે બધાજ પ્રાથમિક વર્ગોમાં વાંચન ઉપર ભાર મૂકવો આવશ્યક છે.

શિક્ષણને પ્રવર્તમાન પરિસ્થિતિ સાથે સુસંગત બનાવવા તથા ભાવિ જરૂરિયાતોને અનુરૂપ બનાવવા તેમજ આજે બાળકો જે ભાર કે દબાણનો સામનો કરી રહ્યા છે, તેને દૂર કરવા શાળાકીય અભ્યાસક્રમનાં ચાર ક્ષેત્રો ભાષા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનમાં મહત્વના ફેરફારોની ભલામણ કરવામાં આવી છે.

### ૩.૩.૨ વૈશ્વિક કક્ષાએ માતૃભાષા :

સમગ્ર વિશ્વમાં શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાનો સ્વીકાર થયો છે. કેળવણીકારો અને મનોવૈજ્ઞાનિકોએ પણ તેને સમર્થન આપ્યું છે.

ગુજરાતી પ્રજા આજે દેશ અને પરદેશમાં બધે જ ફેલાઇ છે. ગુજરાતીઓ જ્યાં જ્યાં વસ્યા છે. ત્યાં–ત્યાં ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કૃતિને લઇ ગયા છે. તેમ છતાં આપણે સ્વીકરવું પડશે કે ગુજરાતી ભાષા પ્રાંતિય ભાષા છે.

આજે વિશ્વ સીમિત બન્યું છે. લોકો પરસ્પર એકબીજાના સંપર્કમાં આવે છે અને એક ભાષા બીજી ભાષામાંથી શબ્દો સ્વીકારે છે. શબ્દોના સ્વીકારથી ભાષા સમૃદ્ધ બને છે.

જેમે કે, : ‘જો બેટા, સ્કાયમાં ડવ ઊડે છે’ અથવા ‘હવે તું મિલ્કી નહીં પી લે તો પેલી બીગ કીટીને આપી દઇશ’ – જેવાં અનેક વાક્યો આપણી આસપાસની મમ્મીઓ પાસે સાંભળવા મળે છે. ‘મને પેલી ગેમ ઢૂંઢી આપજે ને !’, ‘ કાલે સોચીને કહીશ.’ જેવાં વાક્યો રમતાં બાળકોના જૂથમાં સાંભળવા મળે છે.

ગુજરાતી ભાષામાં ‘અણીશુદ્ધ’ ગુજરાતીપણું હોય છે ? આપણા રોજબરોજના વ્યવહારમાં ગુજરાતી ભાષા ‘ગુજરાતીપણું’ ધીરે–ધીરે ગુમાવતી રહી છે. દા.ત. આઇસ્ક્રીમ, એંજિનિયર, નોટિસ, પેન્શન વગેરે . . . આ બધા શબ્દોનો સાર્વત્રિક ઉપયોગ – વ્યાપ વધી રહ્યો છે.

આપણી ગુજરાતી ભાષાનું ‘ગુજરાતીપણું’ અકબંધ જાળવવા પ્રતિબદ્ધ છીએ? ગુજરાતી ભાષા અત્યારે વિદ્યાના અનેક ક્ષેત્રો માટે પૂર્ણપણે વિકસિત હોવાનો દાવો આપણે અવશ્ય કરી શકીએ તેમ છીએ. જો કે કેટલીક માનવવિદ્યાઓની અભિવ્યક્તિ માટે આપણી ભાષાની ધાર સજવાનું કામ આપણે માટે ઘણું બાકી છે. સર્જનાત્મકતાની દ્રષ્ટિએ આટલી સુવિકસિત, ‘ભાષાની જ્ઞાનભાષા બનવાની ક્ષમતા અંગે શંકા રાખવાનું કોઇ જ કારણ નથી.’ છતાં એટલું યાદ રાખીએ કે,‘ભાષા બોલનાર ભાષાને ગૌરવ અપાવે છે.’ અને બીજું કે ‘કોઇપણ ભાષા ચડિયાતી પણ નથી કે, ઊતરતી પણ નથી.’

વૈશ્વિક કક્ષાએ માતૃભાષાનું અસ્તિત્વ અને ગૌરવ જળવાઈ રહે તે માટે શિક્ષક સજ્જ હોય, નિષ્ઠાવાન હોય, વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમભાવવાળો હોય અને માતૃભાષાના ગૌરવ માટે જાગૃત હોય તે પ્રથમ આવશ્યકતા છે. શિક્ષક સજ્જ અને તત્પર હશે તો સાધનો, પદ્ધતિઓ અને પ્રયુક્તિઓની કિંમત અનેકગણી વધી જશે, એ સઘળું અસરકારક અને ફળદાયી બનશે.

આમ, વર્તમાન સમયમાં વિવિધ ભાષાઓમાં અન્ય ભાષાઓનો પ્રયોગ જોવા મળે છે. માત્ર ગુજરાતીમાં જ નહી. પરંતુ અન્ય ભાષાઓમાં પણ અન્ય ભાષાઓના ઉપયોગનું પ્રમાણ વધ્યું છે.

**૩.૩.૩ માતૃભાષાનું મહત્વ:**

જૂના સમયમાં કહેવાતું કે માણસ ડહાપણ ધરાવી શકે છે એ એની વિશેષતા છે, કેમકે બીજા પ્રાણીઓ વિચાર કરી શકતાં નથી અને સિદ્ધાંતો બાંધી શકતાં નથી, પરંતુ માણસ એવું કરી શકે છે. વાસ્તવિક રીતે આજે હવે એમ પણ કહી શકાય કે માણસ બોલી શકે છે એ એની વિશેષતા છે, કેમકે માણસની બૌદ્ધિક, સાંસ્કૃતિક તેમજ સામાજિક બધી પ્રગતિમાં ભાષાનો ફાળો ઘણો મોટો છે.

ભાષા અન્ય માનવસંસ્થાઓની જેમ સર્વવ્યાપક છે છતાં પ્રજાએ – પ્રજાએ એનું સ્વરૂપ અને નામ જુદાં છે, જે પરિવર્તનીય પણ છે, બાળક સૌ પ્રથમ પોતાની માતાના દૂધમાંથી જે ભાષા મેળવે છે એ એની માતૃભાષા ગણાય છે. કોઈપણ માનવ – બાળક પોતાની માની અથવા કુંટુંબની ભાષાના તંત્રને જેટલી ઝડપથી આત્મસાત કરી લે છે તેટલી તેના પછીના જીવનકાળ દરમિયાન કોઈપણ ભાષા શીખી શકતો નથી, અગર શીખે તો પણ તેનું જીવન કે જીવનમૂલ્યો માતૃભાષા દ્વારા જ ઘડાય છે. વિશ્વની કોઈપણ સર્જકપ્રતિભા એવી નહી હોય જેનું પ્રથમ સર્જન માતૃભાષામાં ન થયું હોય; કવિવર ટાગોર લખે છે કે, " શિક્ષણ તો આહાર જેવું છે. પહેલા જ કોળિયે સ્વાદનો આનંદ મળવો જોઈએ." માતૃભાષામાં એ બને છે. અન્ય ભાષાના શિક્ષણમાં એવું બનવાનો સંભવ નથી. આ દ્રષ્ટિએ દરેક વ્યક્તિને પોતાની માતૃભાષા માટે ગૌરવ હોવું જ જોઈએ. હું જે ભાષામાં સ્વપ્ન જોઉં છું, મેં જે ભાષામાં સૌ પ્રથમ હાલરડું સાંભળ્યું છે, તે ભાષા મારી માતાના ખોળા જેવી પવિત્ર છે. માતૃભાષામાં બોલવું, લખવું અને તેમાં શિક્ષણ મેળવવું એ વ્યક્તિના લાભમાં છે.

ગુજરાતીમાં એક કહેવત છે કે,"સો શિક્ષક બરાબર એક માતા" માતાના ધાવણમાંથી જે સંસ્કાર અને ભાષા સિંચાય છે તે બાળકનો વારસો બની જાય છે અને પેઢીઓ સુધી તે ચાલે છે. ગુજરાતી માતા – પિતાનું બાળક ભલે ઇંગ્લેન્ડમાં જન્મે પણ ગળથૂથીમાં તો ગુજરાતી ભાષા જ આવવાની.

ટૂંકમાં......

- માતૃભાષા દ્વારા બાળક પોતાની લાગણીઓ કે સંવેદનાઓની અભિવ્યક્તિ સરળતાથી કરી શકે છે.
- સમાજમાં પારસ્પારિક આદાન – પ્રદાન અને પ્રત્યાયન માતૃભાષા દ્વારા સરળતાથી કરી શકાય છે.
- માતૃભાષા દ્વારા વિદ્યાર્થીનું અર્થગ્રહણ ઝડપી અને સ્પષ્ટ બને છે.
- બાળક શિક્ષણની સમસ્યાઓને માતૃભાષા દ્વારા સારી રીતે વ્યક્ત કરી શકે છે.
- બાળક માતૃભાષા દ્વારા મૌખિક અને લેખિત સ્વરૂપે પોતાનો વિચાર સ્પષ્ટ રીતે રજૂ કરી શકે છે.
- બાળકની અધ્યયન પ્રક્રિયામાં કાર્યશક્તિ અને સમયનો બચાવ થાય છે.
- બાળકમાં રહેલી સર્જનાત્મકતા ખીલવવા માટેનું માતૃભાષા એક અસરકારક માધ્યમ છે.

**વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણના સંદર્ભમાં માતૃભાષાનું મહત્વ:**

**સંવેદનાની સમજ– પ્રગટીકરણ :**

સૂક્ષ્મ સંવેદનાઓને વાચા આપવાનું કાર્ય માતૃભાષા દ્વારા જ શક્ય બને છે. શારીરિક મનોવિજ્ઞાન અનુસાર સમગ્ર ચેતાતંત્ર, લાગણીતંત્ર માતૃભાષાના શબ્દો થકી જાગૃત ક્રિયાશીલ બને છે. જે પ્રેમ – ક્રોધ વગેરે સંવેદના પ્રગટીકરણ માટેનું માધ્યમ બને છે. (Effect express only your Mother Tung).

**સ્મૃતિતંત્રની સજ્જતા :**

સમજણપૂર્વકનું અર્થઘટન સ્મૃતિતંત્રને સજ્જ કરે છે. અર્થવિહીન બાબતો એ ફક્ત ગોખણપટ્ટીનું જ કાર્ય કરે છે. અન્ય ભાષાઓના શ્રવણ વખતે પ્રથમ તો આપણે તેનું સંકેતાંકન (D-coding) માતૃભાષામાં જ કરીએ છીએ. આથી માતૃભાષા દ્વારા અસરકારક શ્રવણ – કથન થઇ શકે છે અને તે લાંબાગાળા સુધી સ્મૃતિમાં સ્થાયી રહે છે. અસમજણનો ભાર ઘટે છે.

**જનીનતત્ત્વોનું મનોવિજ્ઞાન : (Genetic Psychology)**

ગર્ભાધાનથી જ માતાના ઉદરમાં શિશુનું પૂર્વશિક્ષણ (Prenatal Learning) શરૂ થઇ જાય છે. માતા પોતાની માતૃભાષામાં જે કંઇ વિચારે છે, સંવેદનાઓ અનુભવે છે, તે સાથે શિશુનું ગર્ભાધાન શિક્ષણ શરૂ થઇ જાય છે. જનીનતત્ત્વોના પ્રભાવથી શિશુનો ગર્ભમાં વિકાસ થાય છે. પ્રભાવી અને પ્રચ્છન જનીનતત્ત્વો (વારસાનાગુણો)ના ગુણો તે આ ગર્ભાવસ્થા દરમિયાન જ પ્રાપ્ત કરી લે છે.

જન્મ બાદ શિશુનો ઉછેર અને માતા – પિતા સાથેની તેની આંતરક્રિયા દરમિયાન જનીનતત્ત્વોનો પ્રભાવ જળવાઇ રહે છે.

આમ, મૂળભૂત રીતે જ માતૃભાષા તેને વારસામાં જ પ્રાપ્ત થયેલી હોય છે. જે માતૃભાષા દ્વારા શિક્ષણના વિચારોને બળવત્તર બનાવે છે.

**મનોવલણ :**

જન્મથી જ પ્રાપ્ત થયેલ માતૃભાષાના વાતાવરણના પરિણામે તેના તમામ મનોવ્યાપારો, આંતરક્રિયાઓ, માનવીય સંબંધોનો વિકાસ માતૃભાષાના માધ્યમથી થાય છે. જન્મથી જ પ્રાપ્ત થયેલ ભાષાપ્રભાવ તેના મનોવલણને માતૃભાષા તરફ દ્રઢ કરે છે. વિકાસના ક્રમમાં આ મનોવલણને સાથે રાખી માતૃભાષા દ્વારા શિક્ષણ વધુ પરિણામદાયી બને છે.

**૩.૩.૪ અન્ય વિષયોના અધ્યયનમાં માતૃભાષાનો અનુબંધ (માધ્યમ તરીકે) :**

ભાષા એ વિષયનું માધ્યમ હોવાથી દરેક વિષય સાથે એનો અનુબંધ હોય એ સ્વાભાવિક છે. ગણિત, વિજ્ઞાન, પર્યાવરણની વિવિધ સંકલ્પનાઓ સ્પષ્ટ થાય એ માટે અનુરૂપ ભાષાનું ઘડતર થવું જોઇએ. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે એમાં ભાષા સહાયરૂપ બને છે. અન્ય ભાષાઓનું શિક્ષણ પણ એની માતૃભાષા સાથે સંલગ્ન હોય છે. અન્ય ભાષાઓને બાળક પોતાની માતૃભાષાની સાથે તુલના કરી શીખે છે. જેમની માતૃભાષા સહજ હોય એના માટે અન્ય ભાષા અને અન્ય વિષયો સરળ હોય છે.

**ગણિત :**

ગુજરાતીભાષા ગણિતના કોયડા/સમસ્યા ઉકેલ માટે ચિંતન કરવા માટે પ્રેરે છે. ગણિત વિષયની સંકલ્પના સ્પષ્ટ કરવા માટે, સમજૂતી મેળવવા ભાષાનું શિક્ષણ અનિવાર્ય છે. ગણિતના મૂળભૂત હેતુઓની સિદ્ધિઓ માતૃભાષાના શિક્ષણ દ્વારા વધારે સારી રીતે થાય છે. ભાષા શિક્ષણના માધ્યમથી જ ગણિત શિક્ષણ વધારે સફળ બને છે.

**વિજ્ઞાન અને ટેક્નોલૉજી :**

વિજ્ઞાન વિષયના મુખ્ય ઉદ્દેશ્યો જેવા કે જિજ્ઞાસાવૃત્તિ, અવલોકન, ચોક્કસાઇ, વિવેચનાત્મક ચિંતન, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, નિર્ણયશક્તિ, તેમજ સર્જનાત્મકતાના વિકાસ માટે માતૃભાષા ગુજરાતી વિષયનું શિક્ષણ પાયારૂપ છે. વિજ્ઞાન વિષયના તમામ નિર્ણયો, નિષ્કર્ષો, તારણો માતૃભાષા દ્વારા જ વ્યક્ત થઇ શકે છે.

**પર્યાવરણ:**

પર્યાવરણ વિષયનું શિક્ષણ ભાષા દ્વારા જ થાય છે. ભાષા અને પર્યાવરણ એકબીજાને પૂરક છે. બાળક પોતાની આસપાસના પર્યાવરણનું શિક્ષણ પણ ભાષા દ્વારા જ મેળવે છે. કાવ્યવર્ણન, ચિત્રવર્ણન, તેમજ કેટલાક સંવાદોમાં સહજ રીતે જ પર્યાવરણ સંકળાયેલુ છે. દા.ત. પ્રકૃતિગીતો, ઉત્સવગીતો, ક્ષેત્રીય મુલાકાતો, મેળાઓ વગેરે. ભાષાના સ્વતંત્રલેખનમાં પણ પર્યાવરણ શિક્ષણ સંકળાયેલું હોય છે.

**૩.૩.૫ માતૃભાષાનું ગૌરવ અને માતૃભાષા ગૌરવદિનની ઊજવણી:**

જે સમાજ માતા, માતૃભૂમિ અને માતૃભાષાનું યોગ્ય રીતે જતન નથી કરતો તે અધોગતિને પામે છે.

૨૧મી સદી જ્ઞાનની સદી માતૃભાષાના માધ્યમથી જ સંભવી શકે. માત્ર 'જ્ઞાનની સદી' નહીં આપણે તો 'પ્રજ્ઞાનમયી સદી' બનાવવાની છે. માતૃભાષાના મહાત્મયને સમજી યુ.એન. વિશ્વસંસ્થા ૨૧મી ફેબ્રુઆરીને વિશ્વ માતૃભાષાદિન તરીકે ઉજવે છે. યુનેસ્કોએ ૧૭મી નવેમ્બર ૧૯૯૯ના રોજ વિશ્વકક્ષાએ તેની જાહેરાત કરી હતી.

૨૧મી ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ બાંગ્લાદેશમાં, જ્યારે તે પૂર્વ પાકિસ્તાન હતો ત્યારે પશ્ચિમ પાકિસ્તાનના વર્ચસ્વવાળા પાકિસ્તાને ઉર્દૂભાષા ફરજિયાત કરેલી. માતૃભાષા બંગાળી ભાષાનો અનાદર સહન ન થતાં દેશમાં તોફાન ફાટી નીકળેલા અને ચાર બાંગ્લાદેશવાસી શહીદ થયેલા. ઢાકામાં ૨૧મી ફેબ્રુઆરીના રોજ શહીદ થયેલાઓનું સ્મારક છે. આ માતૃભાષા માટે થયેલા શહીદોની યાદમાં વિશ્વમાં ૨૦૦૦ ની સાલથી ૨૧મી ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિન ઉજવાય છે.

યુનેસ્કોની સામાન્ય સભામાં નવેમ્બર ૧૯૯૯ માં 'માતૃભાષાદિન' ની ઉજવણી ૨૧મી ફેબ્રુઆરીના રોજ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. યુનેસ્કો ૨૦૦૦ ના વર્ષથી આ દિવસ ઉજવતી આવી છે. સમગ્ર વિશ્વના બધા દેશો પોતપોતાની માતૃભાષાનું ગૌરવગાન કરે અને તેના વિકાસ તેમજ જાળવણીના કાર્યક્રમ યોજે તેવો સંદેશ વિશ્વસંસ્થા પાઠવે છે. વિશ્વમાં રહેલા ભાષાકીય વૈવિધ્ય અને સાંસ્કૃતિક ભાતીગળ જુદાઇઓને

ઓળખી, ઉત્કૃષ્ટતાની સ્થિતિએ પહોંચાડવાનો સંદેશ રહેલો છે. વિશ્વની બહુભાષીય શોભાને વધારે શણગારવાનો પ્રેરક સંદેશ તેમાં રહેલો છે.

આપણે માતૃભાષા ગુજરાતીના ગૌરવગાન અને સંવર્ધન માટે, તેની ઉત્તમોત્તમ ઉજવણી ઠેર ઠેર કરીએ. માતૃભાષા ગુજરાતીનું સંગોપન કવિવર 'ઉમાશંકર જોષી' ના શબ્દોને ઉજાગર કરતા હોય તે રીતે 'હું છું ગુર્જર ભારતવાસી' ની રીતે કરીએ. સંકુચિત ગુજરાતીપણું આપણને ના ગમે, આપણને તો વિશ્વનાગરિક્ત્વ જ ઝિંદાબાદ ! પણ ગુજરાતી ઉત્તમોત્તમ !!

આજે વિશ્વમાં લગભગ ૭૦૦૦ ભાષાઓ બોલાય છે. દરેક ભાષાનું એક ભાષાકુળ તેના ઉદ્ધભવ– સ્થાનના આધારે હોય છે. આ ભાષાકુળની કુલ સંખ્યા ૯૪ છે. જેમાંના ૧૦ ભાષાકુળ એવાં છે જેમાં વિશ્વની ૯૬ ટકા વસ્તી આવી જાય છે. બાકીના ૮૪ ભાષાકુળોમાં વિશ્વવસ્તીના ૪ ટકા લોકો આવે છે. ભારતમાં કુલ ૪૨૭ ભાષા બોલીનો ઉપયોગ કરે છે. ભારતના રાજ્યોનું નિર્માણ ભાષા આધારિત થયેલું છે. અત્યારે ૨૨ ભાષા બંધારણીય રાજભાષા તરીક માન્ય છે. ભારતનું દર્શન જ 'વસુધૈવ કુટુમ્બકમ' છે. આવા જીવનદર્શનથી સિંચાયેલી દરેક ભાષાને તેની આગવી સંસ્કૃતિ છે. આવી સંસ્કૃતિઓની શોભાથી જ માનવ જીવન રચાય છે– કસાય છે. વિશ્વની સૌથી વધારે માતૃભાષકો ધરાવતી ૩૦ ભાષાઓમાં ગુજરાતી ભાષાનું ૨૩મું સ્થાન છે. વિશ્વ માતૃભાષા દિનની ઉજવણીના આ દિવસને આપણે આપણી માતૃભાષા ગુજરાતીના ગૌરવદિન તરીકે ઉજવીએ. છેલ્લા દશકાના ગાળામાં અંગ્રેજી માધ્યમના વ્યાપક પ્રવેશથી પ્રજાકીય માનસમાં ઊભા થયેલા ગુંચવાડામાંથી મુક્તિ અપાવવાનો, યોગ્ય સમજણ કેળવવા માટેનો આ દિવસ અથવા તો સપ્તાહનો ગાળો છે.

વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી એ આપણી વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવાના સંદેશ ઝીલવાનું નિમિત્ત બની રહેશે. તેમાં વિશ્વવ્યાપક બનતી પ્રજાકીય જીવનની ભાષાકીય અને સાંસ્કૃતિક વિશેષતાઓની જાળવણીનો સંદેશ રહેલો છે.

૨૧ ફેબ્રુઆરીના એક દિવસને અથવા સપ્તાહને સાપ્તાહિક પ્રવૃત્તિઓના આધારે માતૃભાષાના સશક્તિકરણ અને સંવર્ધન માટેના વિવિધ કાર્યક્રમો હાથ ધરી શાળા અને સમાજમાં ઉજવીએ –
માતૃભાષાદિનની ઉજવણી માટે આટલું કરીએ:

- 'પહેલાં માતૃભાષા ગુજરાતી પછી ઉત્તમ અંગ્રેજી' વિષય આધારિત વ્યાખ્યાન કે ચર્ચા યોજી શકાય.
- પ્રજાને ગુજરાતી સાહિત્યનો પરિચય કરાવીએ.
- 'માધ્યમ માતૃભાષા' ઉત્તમ અંગ્રેજીને કેન્દ્રમાં રાખી વાલી સંમેલન યોજી શકાય.
- ૨૧મી ફેબ્રુઆરી પહેલાં ગુજરાતી સાહિત્ય પરિચય પ્રદર્શન યોજવામાં આવે.
- 'ભીંતપત્રો ગુજરાતીમાં' (સાઇન બોર્ડ) અભિયાન ચલાવી શકાય.
- વેપાર ધંધાના સાઇનબોર્ડ ગુજરાતી ભાષામાં લખાય.

## તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન – ૧ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) NCF -2005ના સંદર્ભે ભાષાનું મહત્વ સ્પષ્ટ કરો.

(૨) અભ્યાસક્રમના કયા ચાર ક્ષેત્રોમાં ફેરફારની ભલામણ કરેલ છે?

(૩) માતૃભાષામાં અન્ય ભાષાના કયા કયા શબ્દપ્રયોગો થાય છે? ઉદા. આપો.

(૪) તમારા મતે કયા માધ્યમનું શિક્ષણ અસરકારક બને? શા માટે?

(૫) પ્રાણીઓ અને માનવ કઇ રીતે અલગ પડે છે?

(૬) માતાના દૂધ સાથે મળતી ભાષાને માતૃભાષા શા માટે કહે છે?

(૭) તમે માતૃભાષા વિશે ગૌરવ અનુભવો છો ? શા માટે?

(૮) માતૃભાષાનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સમજાવો.

(૯) ગણિત શીખવવામાં માતૃભાષાનું સ્થાન શું હોઈ શકે?

(૧૦) પર્યાવરણ અને માતૃભાષાનો સંબંધ જણાવો.

(૧૧) યુ.એન. વિશ્વ માતૃભાષા દિવસ ક્યારે ઉજવે છે?

(૧૨) વિશ્વના તમામ દેશો કઇ સાલથી માતૃભાષા દિવસ ઉજવે છે?

(૧૩) માતૃભાષાનું ગૌરવ જાળવવા તમે શું શું કરશો?

(૧૪) માતૃભાષા દિન ૨૧ ફેબ્રુઆરીના રોજ શા માટે જ ઉજવાય છે?

**પ્રશ્ન – ૨ નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(૧) NCF –2005 મુજબ ભાષાકૌશલ્યની પાયાગત ભૂમિકા શી છે?

(ક) જ્ઞાનનિર્માણ (ખ) જ્ઞાન ચિંતન (ગ) જ્ઞાનમીંમાસા(ઘ) જ્ઞાનરીતિ

(૨) માતૃભાષામાં અન્ય ભાષાના શબ્દોનો ઉમેરો ભાષાની કઇ બાબત દર્શાવે છે?

(ક) વૈવિધ્યતા(ખ) વૈશ્વિકતા (ગ) વિશેષતા (ઘ) વિશાળતા

(૩) બાળક માતૃભાષાનું શિક્ષણ કઇ અવસ્થામાં પ્રાપ્ત કરવાની શરૂઆત કરે છે?

(ક) ગર્ભાવસ્થા (ખ) શિશુવસ્થા (ગ) કિશોરાવસ્થા (ઘ) તરુણાવસ્થા

(૪) માતૃભાષા દ્વારા બાળક શાની અભિવ્યકતિ સૌથી પહેલા કરી શકે છે?

(ક) જ્ઞાન (ખ) સ્મૃતિ (ગ) વિચાર (ઘ) સંવેદના

(૫) માતૃભાષા ગૌરવદિન કઇ તારીખે ઉજવવામાં આવે છે?

(ક) ૨૧ ફેબ્રુઆરી (ખ) ૧૨ ફેબ્રુઆરી (ગ) ૧૧ જુલાઇ (ઘ) ૧ ડિસેમ્બર

(૬) NCF – 2005 માં કઇ ભાષા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે?

(ક) રાષ્ટ્રભાષા (ખ) માતૃભાષા (ગ) વૈશ્વિકભાષા (ઘ) રાજભાષા

(૭) યુનેસ્કોએ કઇ તારીખે માતૃભાષાદિન ઉજવણીની જાહેરાત વિશ્વ કક્ષાએ કરી હતી?

(ક) ૧૭મી જાન્યુઆરી ૧૯૯૯ (ખ) ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૯

(ગ) ૧૭મી નવેમ્બર ૧૯૯૯ (ઘ) ૧૭મી ડિસેમ્બર ૧૯૯૯

(૮) વિશ્વમાં વિવિધ માતૃભાષાઓમાં ગુજરાતી ભાષાનું સ્થાન કેટલામું છે?

(ક) ૨૧ મું (ખ) ૨૩ મું (ગ) ૧૩ મું (ઘ) ૧૭ મું

(૯) વિશ્વમાં અંદાજીત કેટલી ભાષાઓ બોલાય છે?

(ક) ૭૦૦૦ (ખ) ૩૦૦૦ (ગ) ૯૦૦૦ (ઘ) ૬૦૦૦

(૧૦) પૂર્વશિક્ષણની શરૂઆત ક્યારથી થાય છે?

ક) શિશુઅવસ્થા (બ) ગર્ભાવસ્થા (ગ) બાલ્યાવસ્થા (ઘ) ત્રણેય

**પ્રશ્ન – 3 નીચે આપેલા વિષયો પર પ્રોજેક્ટ કાર્ય તૈયાર કરો:**

(૧) માતૃભાષા માધ્યમ સાથે અભ્યાસ કર્યો હોય તેવા વિવિધ વ્યવસાયક્ષેત્રના સફળ વ્યક્તિની મુલાકાત લઈ માહિતીનું એકત્રીકરણ કરો.

(૨) માતૃભાષામાં અન્ય ભાષાના શબ્દોનો પ્રયોગ થતો હોય તેવા ૧૫–૨૦ વાક્યો લખો.

**પ્રશ્ન – ૪ નીચે આપેલા વિષયો પર અસાઇનમેન્ટ તૈયાર કરો :**

(૧) 'માતૃભાષા મહિમાગાન' પર લેખ તૈયાર કરો.

(૨) વૈશ્વિક કક્ષાએ ગુજરાતીનું મહત્વ.

**પ્રશ્ન – ૫ ક્ષેત્રકાર્ય**

માતૃભાષા વંદના યાત્રાનું આયોજન કરો

**ઇન્ટરનેટના માધ્યમથી તમે શું મેળવશો ?**

'ટહુકો' અને 'રીડ ગુજરાત' જેવી ગુજરાતી વેબસાઇટ પરથી માતૃભાષા મહિમા જાણો .

**3.૪ સારાંશ**

NCF-2005માં ભાષાકૌશલ્ય તથા શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા પર ભાર મુકવામાં આવ્યો છે. ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ પ્રાદેશિક ભાષાને મહત્વ અપાયું છે. અભ્યાસક્રમ ના ક્ષેત્ર તરીકે કથન – વાંચન – લેખન – ગણનની અનિવાર્યતા પર ભાર મુકાયો છે.

વૈશ્વિક કક્ષાએ માતૃભાષાનું અસ્તિત્વ ટકી શકે તેમજ તે વિનિયોગનું માધ્યમ બની રહે તે જરૂરી છે.

સર્જન – સંવેદના – અભિવ્યક્તિ તથા કૌશલ્ય જેવાં લક્ષણો માતૃભાષા માધ્યમ તરીકે સ્વીકારવાથી જ હસ્તગત કરી શકાય છે. માતૃભાષા માધ્યમથી પ્રાપ્ત થયેલું શિક્ષણ ચિરંજીવી બને છે. માધ્યમ તરીકે માતૃભાષાને સ્થાન આપવાની તરફેણ વિજ્ઞાન અને સંશોધન પણ કરી રહ્યા છે.

ગણિત – વિજ્ઞાન – સામાજિક વિજ્ઞાન – પર્યાવરણ જેવા વિષયોની સંકલ્પના સમજવા માટે માતૃભાષા સાથે તે વિષયોનો અનુબંધ આવશ્યક છે.

માતૃભાષા વૈશ્વિક સ્તરે આદરપાત્ર બને તેવા ગૌરવપૂર્ણ ભાવનું પ્રગટીકરણ આવશ્યક છે. માતૃભાષાનું મહત્વ જ નહીં પરંતુ તેના તરફ મમત્વ જળવાય રહે તે ઉદ્દેશ્યથી માતૃભાષા વૈશ્વિક સ્તરે આદરપાત્ર બને તેવા ગૌરવપૂર્ણ ભાવનું પ્રગટીકરણ આવશ્યક છે.

# પ્રકરણ – ૪

# વ્યાવહારિક વ્યાકરણ

૪.૧ પ્રસ્તાવના

૪.૨ હેતુઓ

૪.૩ અધ્યયનના મુદ્દાઓ

૪.૩.૧. સંજ્ઞા, વિશેષણ, વિભક્તિ, ક્રિયાપદ, કાળ, ક્રિયા–વિશષણ

૪.૩.૨. વાકયરચના અને પ્રકાર

૪.૩.૩ જોડણી અને તેના સર્વ સામાન્ય નિયમો

૪.૩.૪ વિરામચિહ્નો

૪.૪ સારાંશ

# પ્રકરણ – ૪
# વ્યાવહારિક વ્યાકરણ

### ૪.૧ પ્રસ્તાવના :

વ્યાવહારિક વ્યાકરણને પણ ભાષાશિક્ષણના ઉદ્દેશ્ય સાથે સંબંધ હોય છે. ખાસ કરીને માતૃભાષાના શિક્ષણમાં એનું મહત્વ વધારે છે. શાળામાં આવતું બાળકએની માતૃભાષા શીખીને જ આવે છે. એટલે ભાષા શીખવા માટે વ્યાકરણ શીખવવાનું હોતું નથી. માતૃભાષાનાં જુદાં–જુદાં કૌશલ્યો શીખવવાનાં હોય છે. એ કૌશલ્ય શીખવવામાં જેટલું ઉપયોગી હોય તેટલું જ વ્યાકરણ શીખવવું એ વ્યાવહારિક વ્યાકરણનો ઉદ્દેશ છે.

આપણે એવું અને એટલું વ્યાકરણ ભણાવવા માંગીએ છીએ જેને આપણા વ્યવહાર સાથે સંબંધ છે. એનો અર્થ એ નથી કે શિક્ષકે વ્યાકરણનું ઊંડું જ્ઞાન મેળવવાની જરૂર નથી. શિક્ષક ભાષાની વપરાશ અને વ્યાકરણને જેટલું સારું જાણશે એટલું એને માટે સારું રહેશે કારણ કે તો જ એ વ્યવહારને સમજીને સરળતાથી જરૂરી વ્યાકરણ ભણાવી શકશે.

વ્યાવહારિક વ્યાકરણ એની ઉપયોગિતા પર ભાર મૂકે છે અને જે બાબતો ભાષાનાં કૌશલ્યો શીખવવામાં મદદરૂપ થાય છે એમનો જ સમાવેશ કરે છે. રોજિંદા વ્યવહારના ખ્યાલોનો ઉપયોગ કરીને વ્યાકરણના મુદ્દાઓને સ્પષ્ટ કરે છે. પરિભાષાનો જૂજ ઉપયોગ કરે છે, જરૂર પડે ત્યાં સાર્થક પરિભાષા વાપરે છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને જ સ્વાધ્યાય ઘડે છે. વ્યાવહારિક વ્યાકરણ જ્યારે કસોટી કરે છે ત્યારે એ કદી વ્યાખ્યાઓ પૂછતું નથી પણ વપરાશ આવડે છે કે કેમ એ જાણવા માગે છે. પાઠ્યપુસ્તકોમાં આવતા વ્યાવહારિક વ્યાકરણના પાઠ અને સ્વાધ્યાય આ બાબતોને ધ્યાનમાં રાખીને રચવા જોઈએ. શિક્ષકે પણ એને અનુરૂપ વધારાના સ્વાધ્યાય રચવા જોઈએ. આ રીતે ઉપયોગી વ્યાકરણ વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે છે, તેના આધારે ભાષાનો ઉપયોગ અને કૌશલ્યનો વિકાસ કરી શકે છે.

### ૪.૨ હેતુઓ :

પ્રશિક્ષણાર્થીઓ સંજ્ઞા, વિશેષણ, વિભક્તિ, ક્રિયાવિશેષણ, ક્રિયાપદ, પ્રકાર, કાળ વિશે સમજે.

- પ્રશિક્ષણાર્થીઓ વાક્યરચનાના પ્રકાર જાણે અને તેનો વ્યવહારમાં ઉપયોગ કરે.
- પ્રશિક્ષણાર્થીઓ જોડણી અને જોડણીના નિયમોથી વાકેફ બને.
- પ્રશિક્ષણાર્થીઓ વિરામચિહ્નથી વાકેફ બની તેનો વ્યવહારમાં યોગ્ય ઉપયોગ કરે.

**અધ્યયન નિષ્પતિ :**

- પ્રશિક્ષણાર્થીઓ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા દરમિયાન સંજ્ઞા, વિશેષણ, વિભક્તિ, ક્રિયા વિશેષણ, ક્રિયાપદ, પ્રકાર, કાળ વિવિધ પ્રવૃત્તિઓ અને વ્યાવહારિક દ્રષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવે છે.
- પ્રશિક્ષણાર્થીઓ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વાક્ય અને વાક્યરચનાના પ્રકાર વિવિધ પ્રવૃત્તિઓ અને વ્યાવહારિક દ્રષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવે છે.
- પ્રશિક્ષણાર્થીઓ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા દરમિયાન જોડણીના નિયમો વિવિધ પ્રવૃત્તિઓ અને વ્યાવહારિક દ્રષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવે છે.
- પ્રશિક્ષણાર્થીઓ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિરામચિહ્નના નિયમો વિવિધ પ્રવૃત્તિઓ અને વ્યાવહારિક દ્રષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવે છે.
- પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતી ભાષાના વ્યાકરણને સમજીને વ્યવહારમાં ઉપયોગ કરે છે.

**૪.૩ અધ્યયનના મુદ્દાઓ :**

**૪.૩.૧ નામ – સંજ્ઞા**

રોજિંદી ભાષામાં 'નામ' શબ્દ પ્રચલિત છે. દુનિયામાં દરેક વ્યક્તિને નામ હોય છે. વાતચીત કરવા માટે એની જરૂર છે. દસ માણસ બેઠા હોય એમાંથી કોઈ એકને બોલાવવો હોય તો કેવી રીતે બોલાવવો? આંગળી બતાવવાથી કામ ચાલતું નથી એવો આપણો અનુભવ કહે છે. પણ નામ દઈને બોલાવીએ તો તરત કામ પતી જાય છે.

**જે શબ્દ વ્યક્તિ, વસ્તુ, ગુણ, ભાવ કે ક્રિયાનો નિર્દેશ કરતો હોય અને વાક્યમાં કર્તા કે કર્મની જગ્યાએ આવી શકતો હોય તે 'નામ' કહેવાય.** 'નામ' ને બદલે 'સંજ્ઞા' શબ્દ પણ વપરાય છે. નામ કેવા પ્રકારના પદાર્થને દર્શાવે છે એના આધારે નામના પ્રકાર પાડવામાં આવે છે.

(૧) વ્યક્તિવાચક (૨) જાતિવાચક (૩) દ્રવ્યવાચક

(૪) સમૂહવાચક (૫) ભાવવાચક (૬) ક્રિયાવાચક.

આ બધા પ્રકારોનાં ભેદલક્ષણ અને ઉદાહરણો નીચે આપ્યાં છે.

**(૧) વ્યક્તિવાચક :** કોઈ ચોક્કસ પદાર્થને દર્શાવવા માટે અપાયેલું નામ એ વ્યક્તિવાચક નામ હોય છે. આપણાં સૌનાં નામ વ્યક્તિવાચક છે એ આપણી વિશિષ્ટ ઓળખ છે. દા.ત. : સીતા, મોતી, હિમાલય, ભારત, ગુજરાત, નર્મદા, વગેરે...

**(૨) જાતિવાચક :** કોઈ ચોક્કસ પદાર્થને બદલે અનેક પદાર્થોમાંથી તારવેલ સામાન્ય લક્ષણોનો ખ્યાલ આખા વર્ગને દર્શાવે છે. જેમ કે, 'બારી' કહીએ એટલે કોઈ ચોક્કસ બારી નહીં પણ અનેક પ્રકારની બારીઓમાંથી તારવેલ સામાન્ય લક્ષણોનો બનેલો એક ખ્યાલ – 'ભીંતમાં રાખેલ ચોકઠામાં ગોઠવેલ સામાન્ય રીતે લંબચોરસ આકારની ખોલી કે બંધ કરી શકાય તેવી હવા ઉજાસ માટેની વ્યવસ્થા.' એના અર્થને વિશેષણ દ્વારા મર્યાદિત કરી શકાય છે. દા.ત. : 'કાચની બારી', 'પેલી બારી', 'નાની બારી'.

**(3) દ્રવ્યવાચક :** પાણી, દૂધ, લોખંડ, માટી જેવા નામોને દ્રવ્યવાચક નામો કહેવામાં આવે છે. એમનો વર્ગ જાતિવાચકથી એટલા માટે અલગ કરવામાં આવ્યો કે એમને સંખ્યાવાચક વિશેષણો લાગતા નથી. એમને બહુવચનનો પ્રત્યય પણ લાગતો નથી. દા.ત. આપણે 'બે દૂધ કે દૂધો' એવું કહી શકતા નથી.

**(૪) સમૂહવાચક :** કેટલાક નામો કોઈ એક પદાર્થને નહિ પણ પદાર્થના સમૂહને દર્શાવતા હોય છે. દા.ત. : ટોળું, જૂથ, વર્ગ, સમાજ, સરઘસ, ફોજ, સૈન્ય, ટુકડી વગેરે....

**(૫) ભાવવાચક :** નામ જ્યારે અમૂર્ત પદાર્થને દર્શાવે ત્યારે તેને ભાવવાચક નામ કહેવામાં આવે છે. દા.ત. : સમાનતા, ગુસ્સો, ધર્મ, ફરજ, વગેરે....

**(૬) ક્રિયાવાચક :** જે નામ ક્રિયાને દર્શાવે તેમને ક્રિયાવાચક નામ કહેવામાં આવે છે. આપણે જાણીએ છીએ કે ક્રિયા દર્શાવવા માટે ક્રિયાપદનો ઉપયોગ કરવામાં આવે છે. પણ જો ક્રિયા વિશે વાત કરવી હોય તો ક્રિયાવાચી નામ બનાવીને કરવામાં આવે છે. ભાષામાં ક્રિયાવાચી નામો ધાતુ પરથી બને છે. દા.ત. રમત, આવડત, જમણ, દોડ, ગોઠવણ, મથામણ વગેરે...

**વિશેષણ :**

જે શબ્દ નામના અર્થમાં વધારાના ગુણને કે સંખ્યા દર્શાવી તેના અર્થમાં વધારો કરે તે વિશેષણ. ટૂંકમાં, 'જે નામના અર્થમાં વધારો કરે એ વિશેષણ' વાક્યમાં વિશેષણ નામ પહેલાં આવે છે. એનો અન્વય નામ સાથે જ કરવામાં આવે છે. દા.ત. : 'ઝાડ પરથી અમે ત્રણ નાની કેરી પાડી' આ વાક્યમાં 'ત્રણ નાની કેરી' એવું નામપદ છે. નામપદ એટલે નામ અને એની સાથે આવતા વિશેષણો. વાક્ય બોલાય ત્યારે પણ આખું નામપદ એક સાથે બોલાય છે. 'કેરી' નામ સાથે બે વિશેષણો આવ્યા છે. 'ત્રણ' અને 'નાની'. આપણે નામના અર્થ વિશે જોતી વખતે એમ કહ્યું હતું કે નામ મુખ્યત્વે પદાર્થને દર્શાવે છે. કેરી એ પદાર્થ છે. આ પદાર્થને એના કદ, આકાર, સ્વાદ વગેરે... લક્ષણોથી ઓળખીએ છીએ. કેરી એક ફળ છે અને અન્ય ફળો કરતા એ કદ, આકાર, સ્વાદને કારણે અલગ પડે છે. પદાર્થને ઓળખવા માટે અને એને બીજા પદાર્થથી અલગ સમજવા માટે એના ભેદક લક્ષણોનો ઉપયોગ કરીએ છીએ. ભેદક સિવાયના વધારાના લક્ષણો વિશેષણથી દર્શાવાય છે. દા.ત. : ગળી રોટલી, કોરી રોટલી

વાક્યરચનામાં વિશેષણ નામની નજીક ડાબી તરફ હોય છે. નામપદની ડાબી તરફ આવે ત્યારે એ નામના અર્થમાં વધારો કરે છે. અને એ જ્યારે ક્રિયાપદની સાથે વિધેયના ભાગરૂપે આવે ત્યારે નામ વિશે વિધાન કરે છે. વિશેષણ જે નામ પૂર્વે આવે છે તે સંદર્ભમાં નામ દ્વારા દર્શાવેલ વ્યક્તિ કે પદાર્થને અલગ ઓળખવામાં મદદ કરે છે. એ જ વિશેષણ વિધિવાચક બને છે ત્યારે નામનું લક્ષણ દર્શાવે છે.

દા.ત. : 'રોટલી ઘઉંની હોય છે'. 'માણસ બે પગું પ્રાણી છે'. 'રોટલી વાસી હતી. (વિધિવાચ(ક)'.

વધારાનાં લક્ષણો દર્શાવતાં વિશેષણો નામની ડાબી તરફ તેમજ વિધેયના ભાગ તરીકે જમણી તરફ આવી શકે છે. વિધેયના ભાગ તરીકે આવતા વિશેષણોને વિધિ વિશેષણો કહેવાય છે. વિશેષણના વિવિધ પ્રકારો વિવિધ પ્રકારના અર્થ ઉમેરે છે. વિવિધ અર્થોને આધારે એમના પ્રકાર પાડવામાં આવે છે.

**(૧) ગુણવાચક વિશેષણ :** નામપદાર્થના વિવિધ ગુણ હોય છે. દા.ત. એનો આકાર, કદ, રંગ, દ્રવ્ય, સ્વભાવ, ગુણ, કાર્ય, સ્વાદ, વગેરે... આ બધા ગુણધર્મો દર્શાવવા માટે જે શબ્દો વપરાય તે ગુણવાચક

વિશેષણ. આ વિશેષણો બે પ્રકારના હોય છે. (અ) વિકારી (બ) અવિકારી

**(અ) વિકારી વિશેષણ** : વિશેષ્ય–નામ મુજબ પ્રત્યયો લાગે છે. દા.ત. ભોળું, મોટું, નાનું, લીલું, તીખું, ગળ્યું

**(બ) અવિકારી વિશેષણ** : લિંગ વચનના પ્રત્યયો લાગતા નથી, તે અવિકારી વિશેષણ કહેવાય. દા.ત. ચોરસ, સફેદ, ગુલાબી, સુંદર, જંગલી

અંગસાધક પ્રત્યયોથી બનતા વિશેષણો :

'વ્યવહાર' નામ પરથી બનતું 'વ્યાવહારિક', 'પ્રસંગ' પરથી 'પ્રાસંગિક', 'ઉપયોગ' પરથી 'ઉપયોગી', 'લોખંડ' પરથી 'લોખંડી' વગેરે. ભાષામાં નામ કે ધાતુ પરથી બનતાં કેટલાંક વિશેષણો આ પ્રમાણે છે.– ભોગી, ધની, જંગલી, સામાજિક, આર્થિક, માયાવી, દયાળુ, કૃપાળુ, સ્નેહાળ, વાચાળ, ભારતીય, રંગીન, વાચક, લેખક, વગેરે...

**(૨) સંખ્યાવાચક વિશેષણ :** નામના અર્થમાં એ સંખ્યાનો અર્થ ઉમેરે છે. નામ જે પદાર્થને સૂચવે છે, તે પદાર્થની સંખ્યા સંખ્યાવાચક વિશેષણ સૂચવે છે. ભાષામાંના બધા સંખ્યાવાચક શબ્દો વિશેષણો હોય છે. સંખ્યા બે પ્રકારની હોય છે. મૂળ અને ક્રમિક. મૂળ સંખ્યાવાચક વિશેષણો પરથી ક્રમિક સંખ્યાવાચક વિશેષણો બને છે. દા.ત. 'બે' પરથી 'બીજો' એક થી દસ સુંધીની સંખ્યાના ક્રમિક વિશેષણો – પહેલું, બીજું, ત્રીજું, ચોથું, ... , દસમું.

ગુણવાચક અને સંખ્યાવાચક વિશેષણોને પોતાના વિશેષણો પણ લાગી શકે છે. ગુણવાચક વિશેષણને લાગનાર વિશેષણ એમાં 'માત્રા' નો અર્થ ઉમેરે છે. દા.ત. 'અત્યંત ખંતીલા', 'તમે તદ્દન સાચી વાત કહી', 'થોડી કાચી કેરીઓ', વગેરે...

**(૩) સંબંધવાચક વિશેષણ :** આ વિશેષણ નામને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગીને રચાય છે. સંબંધવાચક હંમેશા વિકારી હોય છે. છઠ્ઠી વિભક્તિના નામને લાગતો પ્રત્યય છે 'ન' એમાં નામ મુજબ લિંગ–વચનનો પ્રત્યય ઉમેરાતા વિશેષણ તૈયાર થાય છે. દા.ત. 'રવિવારનો દિવસ', 'બુદ્ધિની કસોટી', 'દસ રૂપિયાનું પુસ્તક', 'વાલની દાળ'.

છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય અમુક સર્વનામો સાથે અલગ હોય છે. દા.ત. મારું, તારું, અમારું, તમારું, આપણું, બાકીના સર્વનામોને 'ન' પ્રત્યય જ લાગે છે. દા.ત. આનું, કોનું, એનું, જેનું, પોતાનું, સૌનું સંબંધવાચક વિશેષણ સંખ્યાવાચક વિશેષણની પહેલા આવતું હોય છે. સંખ્યાવાચક ન હોય અને ગુણવાચક હોય તો એની પહેલાં સંબંધવાચક આવે છે. અને જો બંને હોય તો એની પહેલાં આવતું હોય છે. દા.ત. 'પાડોશીની બે દીકરીઓ', 'મારી બે તદ્દન નવી નોટ'

**(૪) સાર્વનામિક વિશેષણ :** ગુજરાતી ભાષામાં આ, એ, તે, પેલું, આ દર્શક સર્વનામો નિશ્ચિતતાવાચક છે. જ્યારે કોઇ, કોઇક, કશુંક અનિશ્ચિતતાવાચક છે. દર્શક સર્વનામો પણ નામ સાથે જોડાઇને નામને નિશ્ચિત કરે છે. વક્તા દ્વારા 'ઇશારાથી જે દર્શાવવામાં આવે છે તે' એવી વ્યાખ્યા આપી શકાય છે. દા.ત. 'કોઇ જાડો સરખો માણસ' – અનિશ્ચિતતાવાચક

'પેલું ત્રણ માળનું મકાન' – નિશ્ચિતતાવાચક (દર્શક સર્વનામ)

**સંજ્ઞા રૂપ પરથી બનતાં વિશેષણો :**

| | |
|---|---|
| ઇક–પ્રત્યય | સામાજિક, આર્થિક, ધાર્મિક, ધનિક, અઠવાડિક |
| ઇય–પ્રત્યય | રાષ્ટ્રીય, માનવીય, માનનીય, ભારતીય |
| ઈ–પ્રત્યય | વિવેકી, ભોગી, વાસી, તરંગી |
| ળુ–પ્રત્યય | દયાળુ, કૃપાળુ, માયાળુ |
| આળ–પ્રત્યય | રેતાળ, હેતાળ, પ્રેમાળ |
| ઉ–પ્રત્યય | આળસુ, જડસુ |
| માન–પ્રત્યય | શક્તિમાન, બુદ્ધિમાન |
| વાળ–પ્રત્યય | અક્કલવાળું, ભેજવાળું |

**ધાતુ રૂપ પરથી બનતાં વિશેષણો :**

| | |
|---|---|
| અક–પ્રત્યય | પાલક, વાચક, લેખક |
| ટ–પ્રત્યય | ઈષ્ટ, નષ્ટ, પુષ્ટ |
| ય–પ્રત્યય | પૂજ્ય, વર્જ્ય, સહ્ય |

ધાતુ પરથી બનતા વિશેષણોમાં કૃદંત રૂપોનો પણ સમાવેશ કરવો પડે. વર્તમાનકૃદંત અને ભૂતકૃદંત

વર્તમાનકૃદંત : દોડતું, ફરતું, રમતું, ઉપડતું, ખેંચતું, બોલતું

ભૂતકૃદંત : પીધેલું, તૂટેલું, વાપરેલું, ફેંકેલું, સાંધેલું, ફાટેલું

**વિભક્તિ:**

વિભક્તિનું કાર્ય સમજવા આપણે આખા દિવસમાં શું શું કરીએ છીએ તેનો વિચાર કરીએ. કેટલીક ઘટનામાં આપણે મૂક સાક્ષી હોઇએ છીએ, ક્યાંક આપણે આપનાર હોઇએ, ક્યાંક મેળવનાર હોઇએ, ક્યાંક આપણને કશુંક અનુભવાય છે. આપણે એટલે કે કોઇ ચેતન વ્યકિત અથવા અચેતન વસ્તુ બધા પદાર્થો વિવિધ પ્રકારની ઘટનામાં વિવિધ ભૂમિકા ભજવતા હોય છે. એ સંબંધોને વિભકિત સંબંધો કહેવાય છે. આ સંબંધો જેમના દ્વારા વ્યક્ત થાય છે એ પ્રત્યયો અથવા અવ્યયો હોય છે, અથવા એક સાથે બંને હોય છે.

નીચેનાં વાક્યોમાં કઇ ઘટના છે અને કયા પદાર્થો છે તેમજ જે–તે ઘટનામાં એ પદાર્થોની શી ભૂમિકા છે? તે સમજીએ.

૧. 'મમ્મી ચપ્પુથી સફરજન સમારતી હતી'.

વ્યકિત પદાર્થ પદાર્થ ઘટના

સમારનાર – સમારવાનુ સાધન – સમારાતો પદાર્થ

૨. 'દાદા   મંદિરે   ગયા છે'.
વ્યકિત   સ્થળ     ઘટના
જનાર    સ્થાન

આવા અનેક ઉદાહરણો મળી શકે છે. વ્યાકરણમાં અનેક ભૂમિકાઓનું વર્ગીકરણ કરી એમના વર્ગ કરવામાં આવ્યા છે. અને એમને વિભકિત સંબંધો કહેવાય છે. દા.ત.

- સમારનાર ,જનાર   – – કર્તા (સંબંધ) કહેવાય છે.
- સમારતી   – – કર્મ (સંબંધ ) કહેવાય છે.
- સમારવાનું સાધન   – – કરણ (સંબંધ) કહેવાય છે.
- જવાનું સ્થાન   – – અધિકરણ/અપાદાન (સંબંધ)

| **અર્થ** | **પ્રત્યય/અવ્યય** | **વિભકિતનું નામ** |
|---|---|---|
| કર્તા | /શૂન્ય/પ્રત્યય<br>/એ/પ્રત્યય | પ્રથમા |
| કર્મ | /શૂન્ય/પ્રત્યય<br>/ને/પ્રત્યય | દ્વિતીયા |
| કરણ્ | /થી/ પ્રત્યય<br>વડે' અવ્યય | તૃતીયા |
| સંપ્રદાન | /ને/ પ્રત્યય | ચતુર્થી |
| અપાદાન | /થી/ પ્રત્યય | પંચમી |
| અધિકરણ | /માં/પ્રત્યય<br>પર' અવ્યય | સપ્તમી |

ઉપરના પ્રત્યયોની યાદી જોતાં ખબર પડશે કે જેટલી વિભકિતઓ છે એટલા પ્રત્યય નથી. અમુક પ્રત્યય એકથી વધારે વિભકિતમાં આવે છે.

**કર્મ** : સામાન્ય રીતે કર્તા પોતાના પ્રયત્નો જેને ધ્યાનમાં રાખીને કરે. એટલે કે, જે પદાર્થમાં ફેરફાર લાવવા ક્રિયાના પ્રયત્નો કરે તે પદાર્થ (વ્યકિત અથવા વસ્તુ) કર્મ કહેવાય છે. કર્મના અનેક પ્રકાર પડે છે એટલે એની વ્યાખ્યા આપવી સહેલી નથી.

ઉદા.   'છોકરી ચોકલેટ ખાય છે'.
'છોકરાઓ ક્રિકેટ રમે છે'.

પહેલા વાક્યમાં 'ચોકલેટ' એ વસ્તુ  છે જેના પર ક્રિયા કરવામાં આવી છે અને જેમાં ફેરફાર થાય છે. બીજા વાક્યમાં 'ક્રિકેટ' નામની વસ્તુ નથી. એ અમૂર્ત વસ્તુ છે. રમવાની એક રીતને ક્રિકેટ કહેવાય છે. પણ કર્તાનું 'લક્ષ્ય' એ હોવાથી એને કર્મ કહેવાય છે.

'દાદા છાપું વાંચે છે'.

આ વાક્યમાં 'છાપું' વસ્તુ છે. પણ એમાં વાંચવાથી કોઇ ફેરફાર થશે નહીં. વાંચવાની ક્રિયામાં 'છાપું' એ લક્ષ્ય છે. તેથી 'કર્મ' છે. ક્રિયા જેને અનુલક્ષીને કરવામાં આવે તે કર્મ હોય છે.

**સંપ્રદાન** (મેળવનાર) કર્તા અને કર્મની ભૂમિકાઓ વાક્યની અત્યંત મહત્વની અને આવશ્યક ભૂમિકાઓ છે. એમના વિનાના વાક્યો સંભવતાં નથી.બીજી ભૂમિકાઓ એમના જેટલી મહત્વની નથી હોતી અને કેટલેક અંશે વૈકલ્પિક પણ હોય છે. કર્તા અને કર્મ ભૂમિકાઓ જેટલો જેનો વપરાશ ન હોય પણ અમુક પ્રકારનાં વાક્યોમાં એ ભૂમિકા આવશ્યક હોય એવી ભૂમિકા મળે છે. સૌથી પ્રચલિત ધાતુ છે – 'આપવું', 'પૂછવું', 'કહેવું'.

દા.ત. 'ડૉક્ટરે દરદીને દવા આપી'.

'ડૉક્ટરે દરદીને સવાલ પૂછ્યો'.

'ડૉક્ટરે દરદીને સમયસર દવા લેવાનું કહ્યું'.

આ ત્રણે વાક્યોમાં 'ડૉક્ટર' કર્તા છે. દરેકમાં કર્મ અલગ અલગ છે. 'દવા', 'સવાર', 'સમયસર દવા લેવાનું' આ ત્રણે વાક્યમાં 'દરદી'ની ભૂમિકા એક સરખી છે. ક્રિયામાં એની ભૂમિકા છે. 'મેળવનાર' ની ઘણીવાર આ ભૂમિકાને 'ગૌણકર્મ'ની ભૂમિકા પણ કહેવાય છે. ક્રિયામાં કર્તા સિવાયની વ્યક્તિ ઘણીવાર 'સંપ્રદાન' (મેળવનાર) હોય છે.

ઉદા. 'હું વિચારું છું' (કર્તા)

'મને વિચાર આવે છે' (સંપ્રદાન)

'હું સાંભળું છું' (કર્તા)

'મને સંભળાય છે' (સંપ્રદાન)

**સાધન :**

જ્યારે કોઇ ક્રિયા કરનાર માટે કર્તા કોઇ વસ્તુનો ઉપયોગ સાધન તરીકે કરતો હોય ત્યારે એ વસ્તુની ભૂમિકા સાધનની ગણાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| દા.ત. | 'માળી | ઝારીથી | છોડને | પાણી | પાય છે' |
| | કર્તા | સાધન | સંપ્રદાન | કર્મ | ક્રિયા |

સાધન હંમેશા વસ્તુ હોય છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિનો સાધન તરીકે ઉપયોગ કરે ત્યારે એને 'માધ્યમ' કહેવાય છે.

દા.ત. 'શેઠે નોકર પાસે સંદેશો મોકલ્યો'

**અપાદાન (ઉદ્ગમસ્થાન) :**

જ્યારે કોઇ ક્રિયા / ઘટના બને અને એનાં પરિણામે વસ્તુ એક સ્થાનેથી બીજા સ્થાને પહોંચે ત્યારે એ બંને સ્થાનોને અલગ ભૂમિકાએ મૂકાય છે. જ્યાંથી પદાર્થ છૂટો થાય એ સ્થાન અપાદાન કહેવાય છે. 'નીકળવું', 'પડવું', 'છૂટવું' જેવા ધાતુઓ.

દા.ત. 'મહેમાન અમારા ઘેરથી નીકળી ગયા છે'

'હું ભાવનગરથી હમણાં જ આવ્યો'

જ્યારે બે બિંદુઓ વચ્ચેનું અંતર માપવાનું થાય ત્યારે જ્યાંથી શરૂઆત થાય તે બિંદુની ભૂમિકા પણ અપાદાન ગણાય.

દા.ત. 'ભાવનગરથી અમદાવાદ ૨૦૦ કિ.મી. છે'

**ક્રિયાપદ :**

ગુજરાતી વ્યાકરણમાં 'ક્રિયાપદ' શબ્દ થોડી સંદિગ્ધતા સાથે વપરાય છે. રચનાનો કેન્દ્રસ્થ ઘટક અને એની સાથે જોડાતા ઘટકોથી બનતી રચના એમ બંને માટે ક્રિયાપદ શબ્દ વપરાય છે. ક્રિયાપદ એ રચના માટે વાપરીશું અને તે રચનાના કેન્દ્રસ્થ ઘટક માટે 'ધાતુ' એવો શબ્દ વાપરીશું. એવી જ રીતે 'આખ્યાત' એવો શબ્દ પણ ક્રિયાપદના પર્યાય તરીકે વાપરીશું. દા.ત. 'ઉપાડશે', 'ઉપાડતો હતો' એવી રચનાઓને ક્રિયાપદ કહીશું અને 'ઉપાડ' એવા રૂપને ધાતુ કહીશું. ગુજરાતીની કોશ પરંપરા એને 'ઉપાડવું' એમ દર્શાવે છે. ગુજરાતીનું ક્રિયાપદ બે પ્રકારનું મળે છે: સાદું અને મિશ્ર. સાદા ક્રિયાપદમાં અંગ + પ્રત્યય એવી રચના મળે છે. આ રચનાનું કેન્દ્ર અંગ હોય છે જે કોશગત અર્થ દર્શાવે છે અને પ્રત્યયરૂપ વ્યાકરણિક અર્થ (કાળ, અવસ્થા, અર્થ અને પદ સંવાદ) દર્શાવે છે. સાદા ક્રિયાપદમાં એક અંગ અને પ્રત્યય એકથી વધુ હોઇ શકે છે. દા.ત. 'લખ' એવા ધાતુ પરથી 'લખશે, લખે, લખાય, લખતો, લખ'.એવા સાદા ક્રિયાપદ બનશે. સાદા ક્રિયાપદમાં આવતો પહેલો પ્રત્યય કાળ – અર્થને સૂચવનાર હોય છે અને બીજો પ્રત્યય લિંગવચન / પુરૂષવચનનો પદસંવાદ દર્શાવનાર હોય છે. મિશ્ર ક્રિયાપદમાં એકથી વધુ ધાતુ વપરાય છે. જેમાંથી એક ધાતુ કોશગત અર્થ દર્શાવે છે અને અન્ય ધાતુ કાળ અર્થ દર્શાવનાર તરીકે કામ કરે છે. કોશગત અર્થ દર્શાવનાર ધાતુને મુખ્ય ધાતુ અને અન્ય ધાતુઓને સહાયકારી કહેવામાં આવે છે.

ક્રિયાપદ ધાતુના પેટા પ્રકારો ત્રણ છે. (૧) અકર્મક(૨) સકર્મક (૩) દ્વિકર્મક

**(૧) અકર્મક :** ક્રિયાના અર્થમાં 'ફેરફાર કરનાર વ્યક્તિ' મહત્વનો છે. જો એના પ્રયત્નને કારણે ફેરફાર એ વ્યક્તિમાં જ થાય તો તે અકર્મક ક્રિયાપદ કહેવાય. દા.ત. ઉતરવું, ચઢવું, હસવું, ફરવું, જવું, વગેરે....

**(૨) સકર્મક :** અન્ય પદાર્થ કે વ્યક્તિમાં ફેરફાર થાય તો તેને સકર્મક ક્રિયાપદ કહેવાય. દા.ત. ઉકળવું એવી ક્રિયાને કારણે 'ઉકાળનાર' વ્યક્તિમાં કોઇક ફેરફાર નહિ થાય પરંતુ પાણી, દૂધ જેવા પદાર્થમાં થશે. અર્થાત્ આવી ક્રિયામાં પ્રયત્ન કરનાર વ્યક્તિ (કર્તા) અને ફેરફાર ભોગવનાર પદાર્થ / વ્યક્તિ (કર્મ) બન્નેની આવશ્યકતા હોય છે. વાક્યમાં કર્તા અને કર્મ બન્નેનો નિર્દેશ આવશ્યક બની જાય છે. આવા ધાતુઓને સકર્મક ધાતુ કહેવામાં આવે છે. દા.ત. તોડવું, ખાવું, વાંચવું, ફેંકવું, લખવું, ખાંડવું, રાંધવું, કાઢવું, લેવું, તળવું, ઉતારવું, ખેંચવું, સાંધવું

અકર્મક ધાતુ અને સકર્મક ધાતુ વચ્ચેનો ભેદ જોઇએ; જ્યારે સકર્મક ધાતુના વાક્યો ભૂતકાળમાં આવે ત્યારે અકર્મક ધાતુના વાક્યમાં ક્રિયાપદ કર્તા પ્રમાણે ચાલે જ્યારે સકર્મક ધાતુ વાળા વાક્યમાં ક્રિયાપદ કર્મ પ્રમાણે ચાલે.

**(૩) દ્વિકર્મક :** ધાતુઓમાં બે કર્મ હોય તેવા ધાતુઓને દ્વિકર્મક ધાતુ કહેવામાં આવે છે. કર્તાની ક્રિયાને કારણે એક નહિ પણ બે પદાર્થમાં ફેરફાર થઇ શકે છે. દા.ત. આપવું, કહેવું, મોકલવું

વાક્યમાં ક્રિયાપદનું સ્થાન સૌથી નિશ્ચિત છે. કોઇપણ પદનું સંદર્ભ મહત્વ વધે તો એ પોતાનો સ્વાભાવિક ક્રમ છોડી ક્રિયાપદની નજીક જાય છે.

**ધાતુના પ્રકાર**

| | |
|---|---|
| (૧) ક્રિયાવાચી | સકર્મક – (કાપવું, ખાવું, લખવું)<br>અકર્મક – (દોડવું, જવું, બેસવું)<br>દ્વિકર્મક – (આપવું, કહેવું, સમજાવું) |
| (૨) પ્રક્રિયાવાચી | એકકર્મક – (પડવું, તૂટવું, સડવું)<br>દ્વિકર્મક – (વાગવું, ભાવવું, ફાવવું) |
| (૩) સહાયકારી | કાળ – અર્થ દર્શક (હોવું)<br>વિશિષ્ટ અવસ્થા દર્શક(કાઢવું, આવવું, પડવું) |

**ક્રિયાપદની રચના**

| | |
|---|---|
| (૧) સાદું ક્રિયાપદ | ધાતુ + કાળ = અર્થના પ્રત્યય |
| (૨) સંયુક્ત ક્રિયાપદ | મુખ્ય + સહાયકારી ધાતુ |
| (૩) સંકુલ ક્રિયાપદ | પૂરક (નામ / વિશે) + સહાયકારી |

**કાળ :**

કાળ એટલે 'સમય' એમ તમે જાણો છો સમયને આપણે શેની મદદથી સમજીએ છીએ? તમે કહેશો કે ઘડિયાળની મદદથી પણ આપણી પાસે ઘડિયાળ ન હોય તો? અડધી રાતે ઊંઘમાંથી જાગીએ ત્યારે શું સમય થયો એની આપણને ખબર પડતી નથી. કારણ કે ત્યારે અંધારું હોય છે. આખો વખત અંધારું હોય અથવા આખો વખત અજવાળું હોય તો સમયનું ભાન ન થાય. અંધારુ હોય અને સૂરજ ઉગે તો અજવાળું થાય તો આપણે એને 'સવારનો સમય' કહીએ છીએ. સૂરજ માથે આવે અને તાપ આકરો લાગે એને 'બપોરનો સમય' કહીએ છીએ. સૂરજ ધીરે ધીરે આથમવા લાગે અને અજવાળું ઘટવા માંડે એટલે 'સાંજનો સમય' કહીએ છીએ અને સાવ અંધારું થાય તો ' રાતનો સમય' કહીએ છીએ.

સમયની ગતિના ખ્યાલને વ્યાકરણમાં કાળ કહે છે. કાળ એ ઘટના ક્રમ બતાવે છે જે ઉદાહરણ દ્વારા જોઇએ.

| ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|
| જે ઘટના વાતચીતના સમય પહેલાની હોય તે,<br>દા.ત. તે કાલે ભાવનગર હતો. | જે ઘટના વાતચીતના સમયની સાથે હોય તે,□દા.ત. તે આજે અહીં છે | જે ઘટના વાતચીતના સમય બાદની હોય તે,<br>દા.ત.એ આવતીકાલે અમદાવાદ હશે. |

ભૂતકાળ અને ભવિષ્યકાળમાં નિર્દેશાર્થમાં તે તે કાળમાં ક્રિયા થવી અને ક્રિયા ચાલુ હોવી એવો ભેદ વ્યક્ત થઇ શકે છે.

કાળની સાથે અવસ્થાની વાત પણ અહીં જોઇએ. મુખ્ય ધાતુને લાગતો /–ત–/ પ્રત્યય ક્રિયા / પ્રક્રિયાની અપૂર્ણાવસ્થા દર્શાવે છે. /–ય–/ પ્રત્યય પૂર્ણાવસ્થા અને /–વાન–/ પ્રત્યય અપેક્ષિત અવસ્થા દર્શાવે છે.

દા.ત. એ જમતો હતો. જમવાની ક્રિયાની ભૂતકાળની અપૂર્ણાવસ્થા દર્શાવે છે.

અપૂર્ણ ભૂતકાળ

એ જમ્યો હતો. - જમવાની ક્રિયાની ભૂતકાળની પૂર્ણાવસ્થા દર્શાવે છે.

એ જમ્યો છે. - જમવાની ક્રિયાની વર્તમાન પૂર્ણાવસ્થા દર્શાવે છે.

એ જમતો હશે.- જમવાની ક્રિયાની સંભવિત અપૂર્ણાવસ્થા દર્શાવે છે.

**ક્રિયાવિશેષણ :**

ક્રિયાપદમાં જે ધાતુ હોય છે એ ક્રિયા અથવા પ્રક્રિયા દર્શાવે છે. ધાતુના અર્થમાં વધારો કરે તેને ક્રિયાવિશેષણ કહેવાય. ક્રિયા અથવા ઘટના એટલે પદાર્થોમાં થતાં પરિવર્તનનો ખ્યાલ. પદાર્થનો ખ્યાલ સ્થિરતાનો હોય છે. પદાર્થનો ખ્યાલ આપણા મગજમાં એના વિવિધ લક્ષણોની મદદથી રચાય છે. એવી જ રીતે ક્રિયા અથવા ઘટના દર્શાવનાર ધાતુનો ખ્યાલ એની સાથે સંકળાયેલા પદાર્થો અને એમનામાં થતા ફેરફારોને આધારે રચાય છે.

વિશેષણ નામને ઓળખવામાં, મર્યાદિત કરવામાં ઉપયોગમાં લેવાય છે જ્યારે ક્રિયા વિશેષણ ક્રિયાપદના વધારાની માહિતી ઉમેરવા માટે ઉપયોગમાં લેવાય છે. ધાતુ સાથે સંકળાયેલ કર્તા, કર્મ, ગૌણકર્મ, દર્શાવતા નામો સિવાયના નામો ક્રિયા વિશેષણ તરીકે આવે છે. વિશેષણ અને ક્રિયાવિશેષણ વચ્ચે એ રીતે રચનાગત ભેદ છે.

**ક્રિયાવિશેષણના પ્રકારો :**

(૧) સાદાં ક્રિયાવિશેષણો : આ ક્રિયાવિશેષણો કોઇ અન્ય અંગ પરથી બનતા નથી પણ સ્વતંત્ર હોય છે. દા.ત. પછી, ચોક્કસ, એટલે, ફક્ત, આગળ, પાછળ, કદાચ, લગભગ વગેરે...

(૨) સાધિત ક્રિયાવિશેષણો : આ ક્રિયાવિશેષણોની સંખ્યા વધારે છે.

નામ પરથી સધાતાં – આજે, કાલે, સરળતાથી, ભૂલથી, નિયમસરવિશેષણ પરથી સધાતાં – આડે, ધીમે, વહેલાં, પહેલાં, ધાતુ પરથી સધાતાં – અજાણતાં, અડીને

દ્વિરુક્ત કે સામાસિક – વખતો વખત, દરરોજ, આસપાસ, ફટાફટ

નામ પરથી સધાતા વિશેષણો વિભક્તિ પ્રત્યયો લે છે અથવા ક્રિયાવિશેષણ સાધક અલગ પ્રત્યય લે છે. નામ પરથી બનતા ક્રિયા વિશેષણોમાં બનતા એમના અર્થકાર્યને આધારે રીતવાચક, સ્થાનવાચક, સમયવાચક, માધ્યમવાચક, સાધનવાચક, કારણવાચક, હેતુવાચક, ક્રિયાવિશેષણો બને છે. કયા વિભક્તિ પ્રત્યયો કયા વિશેષણને બનાવે છે તે નીચેના કોષ્ટક પરથી સ્પષ્ટ થશે.

| વિભક્તિ પ્રત્યય / નામયોગી | ક્રિયા વિશેષણના પ્રકાર / કાર્ય |
|---|---|
| એ/ પ્રત્યય | સમયવાચક (આજે, સાંજે, દસ વાગ્યે)<br>વિષયવાચક (અંગે, વિશે, સંદર્ભે)<br>રીતવાચક (રીતે, સુપેરે)<br>સ્થાનવાચક (છેડે, આંગળીને વેઢે) |
| માં/ પ્રત્યય | સ્થાનવાચક (આકાશમાં, ખિસ્સામાં)<br>કારણવાચક (ઉતાવળમાં, ભૂલમાં)<br>વિષયવાચક (બાબતમાં, રમતમાં) |
| થી/ પ્રત્યય | સાધનવાચક (દવાથી, કુહાડીથી) , રીતવાચક (શાંતિથી, ધીરેથી)<br>ઉદ્ભગમવાચક (અહિંથી, પાછળથી)<br>નિમિત્તવાચક (સરકારથી, માણસથી) |
| ને / લીધે / નામયોગી | કારણવાચક (ભેજને લીધે, ગરમીને લીધે) |
| ને / માટે / નામયોગી | હેતુવાચક (ભવિષ્યને માટે, ધોવા માટે) |
| પર / નામયોગી | સ્થાનવાચક (ટેબલ પર, ઝાડ પર) |
| વડે / નામયોગી | સાધનવાચક (ચંદન વડે, આંગળી વડે) |
| દ્વારા / નામયોગી | માધ્યમવાચક (ટપાલ દ્વારા, નોકર દ્વારા મોકલીશું) |
| પાસે / નામયોગી | ધારકવાચક (દાદા પાસે, મારી પાસે)<br>સ્થાનવાચક (મંદિર પાસે, થાંભલા પાસે)<br>માધ્યમવાચક (નર્સ પાસે ઇન્જેક્ષન અપાવ્યું) |

**તમારી પ્રગતિ ચકાસો**

**પ્રશ્ન : ૧ સૂચના મુજબ કરો**

(૧) નર્મદા નદી ગુજરાતની લોકમાતા ગણાય છે. (સંજ્ઞાનો પ્રકાર જણાવો નર્મદા, નદી, ગુજરાત)

(૨) આપણો દેશ ........... છે. (વ્યક્તિવાચક સંજ્ઞાનો ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો)

(૩) મારી પાસે ઘણી બધી ચાવીઓનો ............. છે. (સમૂહવાચક સંજ્ઞા મૂકી વાક્ય લખો)

(૪) મહેનત કરનારને સફળતા મળે છે. (નામને સ્થાને વિશેષણ મૂકો)

(૫) વહેમી માણસો દુ:ખી થાય છે. ('વહેમી' વિશેષણને બદલે નામ સંજ્ઞાનો ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો.)

(૬) કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો (વિશેષણ – વિશેષ્ય બતાવો)

(૭) બુદ્ધની ભવ્ય મૂર્તિ તૈયાર થઇ. (વિશેષણ – વિશેષ્ય બતાવો)

(૮) રાજા...... રીંગણા ભાવે છે. (વિભક્તિનો ઉપયોગ કરી વાક્ય લખો)

(૯) મમ્મી સફરજન ચપ્પુ ........ સુધારે છે. (વિભક્તિનો ઉપયોગ કરી વાક્ય લખો)

(૧૦) અરવિંદભાઇ લખે છે. (ભવિષ્યકાળમાં વાક્ય લખો)

(૧૧) નેહા જમતી હતી. (વાક્ય પૂર્ણ ભૂતકાળમાં લખો)

(૧૨) કૂમળો તડકો આખા આંગણામાં પથરાય છે. (‘ધીરે ધીરે’ શબ્દ ઉમેરી વાક્ય ફરીથી લખો)

(૧૩) વિવિધ પ્રકારનાં શિયાળામાં શાકભાજી મળે છે. ( ‘શિયાળામાં’ શબ્દને ઉચિત જગ્યાએ મૂકી વાક્ય લખો)

(૧૪) આજે બસ ........ આવી. (ક્રિયાવિશેષણનો ઉપયોગ કરી વાક્ય લખો)

(૧૫) બાળક ........ રડે છે. (માત્રા સૂચક ક્રિયાવિશેષણનો ઉપયોગ કરી વાક્ય લખો)

**પ્રશ્ન : ૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.**

(૧) વ્યક્તિવાચક સંજ્ઞાઓનો ઉપયોગ કરી બે વાક્યો લખો.

(૨) વિશેષણ દર્શાવતાં હોય તેવાં પાંચ વાક્યો લખો.

(૩) કોઇ પણ બે વાક્ય લખી તેમાં રહેલી વિભક્તિઓ દર્શાવો.

(૪) વિશેષણ, ક્રિયાવિશેષણનો ઉદાહરણ દ્બારા ભેદ સ્પષ્ટ કરો.

## ૪.૩.૨ વાક્યરચના :

એક કે વધારે પદ મળીને એક સમગ્ર  અર્થ સ્પષ્ટ કરે તેવા પદસમૂહને આપણે વાક્ય કહીએ છીએ. વાક્યની રચના કરતી વખતે આપણે વાક્યનાં પદને ચોક્કસ ક્રમમાં ગોઠવીએ છીએ.

દા.ત. (૧) સંકેત પુસ્તક વાંચે છે. (૨) અરૂણ ફળ ખાય છે.

ઉપરના વાક્યોમાં પ્રથમ કર્તા છે પછી કર્મ છે અને છેલ્લે ક્રિયાપદ છે. સાદાં વાક્યોમાં પદનો ક્રમ આ પ્રમાણે હોય છે. કર્તા, કર્મ અને ક્રિયાપદ. દા.ત. (૧) ધોળી ગાય ઘાસ ખાય છે. (૨) લાલ ઘોડો દોડે છે. ઉપરનાં વાક્યોમાં ‘ધોળી’ અને ‘લાલ’ વિશેષણ પદ છે. વિશેષણો તેમના વિશેષ્યની પહેલા આવે છે. દા.ત. (૧) તે માણસ સુખી છે. અહીં ‘સુખી’ વિધેય વિશેષણ છે. ‘માણસ’ વિશેષ્ય પદ છે.

દા.ત. ‘શિક્ષક વિદ્યાર્થીને અંગ્રેજી સારી રીતે શીખવે છે’. આ વાક્યમાં પાંચ પદ છે. આ પદની ગોઠવણી જુઓ જે પદની વચ્ચે નિકટનો સંબંધ  હોય છે. તેનીપાસે ગોઠવાય છે. વાક્યોમાં આપણે ઘણીવાર નીચેના પદનો ઉપયોગ કરીએ છીએ. દા.ત. જે–તે, જેવું–તેવું, જેમ–તેમ, જેટલું–તેટલું આ જોડકાનો સાથે જ ઉપયોગ થાય છે. ‘જે’ ની સાથે ‘તે’ વાપરવું જ જોઇએ. ‘જેવું’ ની સાથે ‘તેવું’ વાપરવું જોઇએ. દા.ત. (૧) જે કરશે તે ભરશે.  (૨) જેવું વાવીએ તેવું લણીએ. વાક્યોમાં પદનો ક્રમ ગોઠવવા નીચેના નિયમો દયાનમાં રાખવા.

- વાક્યમાં કર્તા શરૂઆતમાં અને ક્રિયાપદ છેલ્લે આવે છે.
- જ્યાં બે કર્મ હોય ત્યાં ‘ને’ પ્રત્યયવાળું કર્મ પહેલું અને પ્રત્યય વિનાનું કર્મ એની પછી મૂકાય છે. દા.ત. શિક્ષકવિદ્યાર્થીઓને વાર્તા કહે છે.
- અન્ય વિભક્તિવાળાં નામપદ કર્તા અને કર્મની વચ્ચે મૂકાય છે.
- ક્રિયાવિશેષણ ક્રિયાપદની પહેલાં વાક્યની વચ્ચે મૂકાય છે. દા.ત. તું અહીં જ ઊભો રહેજે. હું ઝટ પાછો આવું છું. હાલ મારે આવવાની જરૂર નથી.

**વાકયના પ્રકાર :**

**(1) વિધાનવાક્ય :** જે વાકયમાં કંઇક હકીકત નિશ્ચયાત્મક રીતે કહેવામાં આવી હોય તેવા વાક્યને વિધાન વાક્ય કહે છે વિધાન વાક્યના છેડે પૂર્ણવિરામ આવે છે.

**(2) પ્રશ્નાર્થકવાક્ય :** પ્રશ્નાર્થક રચના માહિતી માગે છે. માહિતી માગવાની બે રીતે છે. પ્રશ્નવાચક સર્વનામોનો ઉપયોગ કરીને અને નિર્દેશાર્થક વાક્યોનો લય બદલીને. દા.ત. 'ભારતના પહેલા રાષ્ટ્રપતિ કોણ હતા?', 'આ ઘર છે કે ધોબીની દુકાન?'

**(3) આજ્ઞાર્થકવાક્ય :** આજ્ઞાર્થકવાક્ય ટૂંકામાં ટૂંકું હોઇ શકે છે, કારણકે એમાં ઉદ્દેશ્યનો લોપ થઇ શકે છે, ઉદ્દેશ્ય કર્તા હોય છે અને એ હંમેશાં સાંભળનાર વ્યક્તિ હોવાને કારણે એનો લોપ થઇ શકે છે. કેવળ વિધેય ધરાવતું વાક્ય આજ્ઞાર્થક હોઇ શકે છે. દા.ત. **'જા'**, 'દોડ','આવજો', 'જલદી આવ',

આમ,નિર્દેશાર્થકવાક્ય અને આજ્ઞાર્થકવાક્યમાં લયમાં કોઇ ફેરફાર હોતો નથી. વક્તાને જરૂર પડે તો આજ્ઞાર્થક વાક્યમાં કર્તા રાખી શકે છે. તું જલદી આવ, તમે જરૂર આવજો.

**(4) વિધ્યર્થકવાક્ય :** આજ્ઞામાં જેમ વાક્યનું પ્રયોજન શ્રોતા પાસે કશુંક કરાવવાનું હોય છે એમ વિધ્યર્થકનું કાર્ય પણ એ જ છે. આજ્ઞા બધાને આપી શકાતી નથી. એવા સંજોગોમાં વિધ્યર્થકની રચના વપરાય છે. વિધ્યર્થકવાક્ય સીધી આજ્ઞાને બદલે સલાહ કે નિયમ દર્શાવીને કામ કરાવવાની રીત છે. કરનાર વ્યક્તિ પાસે શું અપેક્ષિત છે એ દર્શાવીને એની પાસે કામ કરાવવાની તરકીબ એટલે વિધ્યર્થવાક્ય. દા.ત. 'અહીં ગંદકી કરવી નહીં','શાંતિ જાળવવી જોઇએ' સહાયકાર્યનો ઉપયોગ પણ આ રચનામાં થાય છે. દા.ત. **'**તમારે ખાંડ બંધ કરવી જોઇએ**'**.

**(5) ઉદ્ગારવાક્ય :** ઉદ્ગારવાચક એના નામ મુજબ ઉદ્ગાર હોય છે. એનું કાર્ય ભાવોની અભિવ્યક્તિ હોય છે. ભાવોની અભિવ્યક્તિ અર્થે ભાષામાં ખાસ શબ્દો પણ હોય છે. જેમ કે, અરેરે, ઓહો, વાહ, ઉફ, ઓ.

ઉદ્ગારવાચક વાક્યોમાં શબ્દોની રચના અને એમનો લય અગત્યનો હોય છે. ઘણીવાર વાક્ય નિર્દેશાર્થક છે કે પ્રશ્નવાચક છે કે ઉદ્ગારવાચક છે એ કેવળ લય પરથી જ નક્કી થઇ શકે છે. દા.ત. 'કેવો ગાંડો છે મારો દીકરો!'

ઉદ્ગારવાચક વાક્યોને અન્ય વાક્યોથી અલગ સમજવા માટે એમનું કાર્ય, એમાંના ઉદ્ગારવાચક શબ્દો, એમની સામાન્ય વાક્ય કરતાં અલગ રચના અને લય એમ બધી બાબતોનો ખ્યાલ રાખવો પડે છે.

**રચનાની દ્રષ્ટિએ વાક્યના પ્રકાર :**

કર્તરિ–કર્મણિ, ભાવે અને પ્રેરક વાક્યરચના

**<u>કર્તરિ વાક્ય</u> :** જ્યારે કર્તાનું મહત્વ હોય ત્યારે કર્તરિ વાક્ય વપરાય છે. કર્તરિ વાક્યમાં કર્તાને 'એ' પ્રત્યય લાગે છે. કર્તરિ વાક્યમાં ક્રિયાપદમાં ફેરફાર થાય છે. કર્તરિ વાક્યમાં ક્રિયા હોય છે અને કર્તાનું સ્વાભાવિક મહત્વ હોય છે. દા.ત. 'હું બે જ ભાખરી ખાઇ શકીશ.''નેહા લખે છે.'

**<u>કર્મણિ વાક્ય</u> :** કોઇ કારણસર કર્તાનું મહત્વ ઘટે તો કર્મનું મહત્વ ઊભું થાય છે. ત્યારે એ વાક્ય કર્મણિ થાય છે. કર્તરિ પરથી કર્મણિ વાક્ય બનાવતી વખતે ફેરફાર કર્તા નામમાં અને ક્રિયાપદમાં થાય છે. કર્મનામમાં કોઇ

ફેરફાર થતો નથી. એનો અર્થ એ થાય કે ફેરફાર કર્તાના મોભામાં થાય છે અને કર્તાનું મહત્વ ઘટે છે અને એના કારણે કર્મનું મહત્વ દેખાય છે. દા.ત. 'મારાથી બે જ ભાખરી ખવાશે.','નેહાથી વધું મરચું નંખાઇ ગયું'.

**ભાવેવાક્ય :** જો ધાતુ અકર્મક હોય (અર્થાત્ જેમાં કર્મની શક્યતા ન હોય) ત્યારે કર્તાનું મહત્વ ઘટે છે. પણ કર્મ ન હોવાને કારણે ક્રિયાપદ કર્મ મુજબ પદસંવાદ દર્શાવી શકતું નથી. આવા વાક્યને ભાવેવાક્ય કહેવામાં આવે છે. દા.ત. 'નેહાથી હવે ચલાતુ નથી'.

**પ્રેરકવાક્ય (પ્રયોજકવાક્ય) :** નવો કર્તા ઉમેરાય અને મૂળકર્તા ગૌણ કર્મ કે માધ્યમ બને અને એના કારણે વિભક્તિ બદલાય ત્યારે તેને પ્રેરક કે પ્રયોજક વાક્ય કહેવાય. દા.ત. 'તેમણે નેહા પાસે લખાવડાવ્યું'.

**સાદાં, સંયુક્ત અને મિશ્રવાક્યો :** વાક્યોના વિવિધ પ્રકારોમાં સાદાં, સંયુક્ત અને સંકુલ (મિશ્ર) વાક્યો હોય છે. એક વાક્યમાં એક ક્રિયાપદ હોય તો એ સાદું વાક્ય હોય છે. બે સાદાંવાક્યો જોડીને એક વાક્ય બનાવી શકાય છે.

**સાદુંવાક્ય :** એક વાક્યમાં એક ક્રિયાપદ હોય તો એ સાદું વાક્ય કહેવાય છે. દા.ત. 'અમે અમદાવાદ ગયાં હતાં'

**સંયુક્તવાક્ય :** એક વાક્યમાં બે વાક્યો હોય અને બંનેનો મોભો સરખો હોય, બંને વાક્યો અને, અથવા, પણ, ઉપરાંત, તેમજ, તથા, પછી, ત્યારબાદ જેવાં સંયોજકોથી જોડાયેલા હોય તેને સંયુક્તવાક્ય કહેવામાં આવે છે. દા.ત. ' અમે લગ્નમાં અમદાવાદ ગયા હતા અને ત્યારબાદ ગાંધીનગર ગયાં હતાં..'

**મિશ્રવાક્ય :** બંને વાક્યના મોભામાં ફેર પડે એટલે કે એક વાક્ય મુખ્ય હોય અને બીજું વાક્ય ગૌણ હોય તેને મિશ્ર વાક્ય કહેવાય. મિશ્ર વાક્યના સંયોજક – એથી, તેથી, લીધે, એટલે, માટે, જે, તે, થે, તો, જ્યાંથી, જ્યારથી, ત્યારથી, જ્યારે, ત્યારે, જ્યાં, ત્યાં, જેને, તેને, જેમાં, તેમાં, છતાં, પણ, તેમ છતાં, જેવું, તેવું, એટલે કે, એમ કે, જેમ કે... દા.ત. 'નાણાંની થોડી બચત થઈ' (ગૌણવાક્ય) એટલે એણે મકાન બનાવવાનું નક્કી કર્યું' (મુખ્યવાક્ય). 'જે ભણે છે'(ગૌણવાક્ય) 'તે આગળ આવે છે'(મુખ્યવાક્ય).

**સંકુલવાક્ય :** જ્યારે કોઈ વાક્ય સંયોજકના ઉપયોગ વિના ગૌણ બને અને મુખ્યવાક્યમાં વિશેષણ, ક્રિર્યાવિશેષણ નામ તરીકે આવે ત્યારે જે પ્રકારની વાક્યરચના થાય છે એને સંકુલ વાક્ય કહેવાય છે. દા.ત. પ્રજાનો વિસામો બનનાર આ યુવાન કોણ હતો? ગૌણ વાક્ય (વિશેષણ)

## તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન – ૧ સૂચના મુજબ કરો :**

(૧) દાદા ખાટલા પરથી ______________ થયા. (ક્રિયાપદનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો)

(૨) 'ઝરણાં સાગરમાં નદીમાં ને નદી ભળે છે. ( શબ્દોને ગોઠવી વાક્ય લખો)

(૩) ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ હતા. (પ્રશ્નાર્થવાક્ય બનાવો)

(૪) 'વિદ્યાર્થી' (શબ્દ પરથી આજ્ઞાર્થવાક્ય બનાવો)

(૫) 'ગીતા સરસ ગીત ગાય છે?' (ઉદ્ગારવાક્ય બનાવો)

(૬) 'નેહાથી હવે ચલાતું નથી' (કર્તરિવાક્ય રચો)

(૭) 'હું બે જ ભાખરી ખાઇશ' (કર્મણિવાક્યમાં લખો)

(૮) 'રમેશ લખે છે' (ભાવેવાક્યમાં ફેરવો)

(૯) 'શિક્ષકે વાર્તા કહી' (પ્રેરક વાક્યમાં ફેરવો)

(૧૦) 'અમે ગાંધીનગર ગયા હતાં' વરસાદ પડ્યો હતો (સંયુક્ત વાક્યમાં ફેરવો)

**પ્રશ્ન – ૨ નીચેનાં વાક્યો સુધારીને અર્થપૂર્ણ વાક્ય બનાવો.**

(૧) 'મંદિરમાં નવો પ્રવેશ માટેનો રસ્તો'

(૨) 'ચોમાસા પછી ગીરનું હરિયાળું જંગલ બની જાય છે'.

(૩) 'મારું બિલકુલ ઘર મંદિરની સામે છે'.

(૪) 'જંગલના એકદમ રસ્તા કાચા છે'.

## તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન – ૧ સૂચના મુજબ કરો :**

(૧) દાદા ખાટલા પરથી __________ થયા. (ક્રિયાપદનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો)

(૨) 'ઝરણાં સાગરમાં નદીમાં ને નદી ભળે છે. ( શબ્દોને ગોઠવી વાક્ય લખો)

(૩) ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ હતા. (પ્રશ્નાર્થવાક્ય બનાવો)

(૪) 'વિદ્યાર્થી' (શબ્દ પરથી આજ્ઞાર્થવાક્ય બનાવો)

(૫) 'ગીતા સરસ ગીત ગાય છે?' (ઉદ્દગારવાક્ય બનાવો)

(૬) 'નેહાથી હવે ચલાતું નથી' (કર્તરિવાક્ય રચો)

(૭) 'હું બે જ ભાખરી ખાઇશ' (કર્મણિવાક્યમાં લખો)

(૮) 'રમેશ લખે છે' (ભાવેવાક્યમાં ફેરવો)

(૯) 'શિક્ષકે વાર્તા કહી' (પ્રેરક વાક્યમાં ફેરવો)

(૧૦) 'અમે ગાંધીનગર ગયા હતાં' વરસાદ પડ્યો હતો (સંયુક્ત વાક્યમાં ફેરવો

**પ્રશ્ન – ૨ નીચેનાં વાક્યો સુધારીને અર્થપૂર્ણ વાક્ય બનાવો.**

(૧) 'મંદિરમાં નવો પ્રવેશ માટેનો રસ્તો'

(૨) 'ચોમાસા પછી ગીરનું હરિયાળું જંગલ બની જાય છે'.

(૩) 'મારું બિલકુલ ઘર મંદિરની સામે છે'.

(૪) 'જંગલના એકદમ રસ્તા કાચા છે'.

**૪.૩.૩જોડણી – જોડણીના સર્વ સામાન્ય નિયમો :**

'જોડણી' શબ્દમાં જ એની પ્રક્રિયાનો અર્થ સમાઇ જાય છે. 'કાપવું તે કાપણી','માપવું તે માપણી','માંડવું તે માંડણી' એમ 'જોડવું તે જોડણી'

આમ, અક્ષરોને લખવાની અને શબ્દો બનાવવા માટે એમને જોડવાની એક સર્વસામાન્ય પદ્ધતિને જોડણી કહે છે. શિષ્ટ અને ચોકસાઈપૂર્ણ વ્યવહાર અને યોગ્ય અર્થઘટન માટે લેખનમાં જોડણી ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે. પરિણામે ભાષામાં જોડણી પણ એક મહત્વનું અંગ મનાય છે.

ગુજરાતીમાં આપણે સ્વર–વ્યંજન જેવા ધ્વનિઓ ઉચ્ચારીએ છીએ, ઉચ્ચારણનાં આવાં એકમોને લિપિમાં દર્શાવવા આપણે વર્ણો બનાવીએ છીએ અને અક્ષરોને જોડી શબ્દો બનાવીએ છીએ.

દરેક ભાષામાં જે તે શબ્દની જોડણી નિયત હોય છે. એ જોડણી યાદ રાખવી જોઈએ. ગુજરાતી ભાષાના ઘણા શબ્દ સંસ્કૃત ભાષામાંથી આવેલા છે ને તેમાંના ઘણા શબ્દ તત્સમરૂપે અર્થાત મૂળ ભાષામાં હોય તે જ રીતે લખાય છે. આથી એવા તત્સમ શબ્દોની જોડણીને લગતી કેટલીક ચાવીઓ યાદ રાખીએ તો તેવા ઘણા શબ્દોની સાચી જોડણી કરવી સરળ પડે.

‘અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતાં આપણને શરમ લાગે છે. તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઈએ.’ – ગાંધીજી

કોઈપણ ભાષાની વિવિધ બોલીઓ હોય છે. એક જ શબ્દના બોલીગત ઉચ્ચારણો અલગ અલગ હોઈ શકે છે. તેમજ ભાષાનું બોલાતું સ્વરૂપ બદલાય પણ લખાતું સ્વરૂપ બદલાતું નથી એટલે લેખનમાં ભૂલો થવાની શક્યતા વધુ હોય છે. જેમકે બોલાય ‘કૂત્રો’, અને લખાય ‘કૂતરો’ જો બોલાય તેમ લખવા જઈએ તો એટલી બધી વિવિધતા આવે કે અરાજકતા ફેલાય એથી માન્ય જોડણી જરૂરી બને છે. એને કારણે એકરૂપતા સધાય છે.

(૧) સંસ્કૃત ઉપસર્ગોમાં બધે જ ઇ – ઉ હ્રસ્વ છે.

અતિ – અતિશય, અતિજ્ઞાન, અતિવૃષ્ટિ

અધિ – અધિકારી, અધિસૂચના, અધિનિયમ

અભિ – અભિમાન, અભિનેત્રી, અભિમુખ, અભિનવ

નિ – નિખિલ, નિગમ, નિબંધ, નિમેષ, નિયમ, નિયંત્રણ

પરિ – પરિગ્રહ, પરિચય, પરિચિત, પરિણામ, પરિમલ

પ્રતિ – પ્રતિકાર, પ્રતિકૂળ, પ્રતિક્ષણ, પ્રતિદિન, પ્રતિનિધિ, પ્રતિબંધ

વિ – વિકલ્પ, વિજ્ઞાન, વિજય, વિપ્લવ, વિભક્ત્, વિયોગ, વિરોધ

અનુ – અનુકરણ, અનુભવ, અનુરૂપ, અનુકંપા, અનુશીલન

ઉપ – ઉપસર્ગ, ઉપવાસ, ઉપગ્રહ, ઉપદેશ, ઉપનિષદ, ઉપાધ્યાય

સુ – સુવિચાર, સુપુત્ર, સુલેખન, સુગંધ

(૨) ગુજરાતી પ્રત્યય લેતા વ્યંજનાંત શબ્દો નીચે મુજબનાં જ હલન્ત લખવા.

અર્થાત્, પશ્ચાત્, સાક્ષાત્, યથાવત્, કદાચિત્, કિંચિત્

(૩) શબ્દના અંતે ઇન, ઇય આવે ત્યાં દીર્ઘ ‘ઈ(ી)’ થાય છે.

વંદનીય, કમનીય, નવીન, આત્મીય, રમણીય, ભારતીય ,અપવાદ – મલિન, પુલિન

(૪) ‘અધીન’માં દીર્ઘ ‘ઈ(ી)’આવે છે.

આજ્ઞાધીન, પરાધીન, સ્નેહાધીન, સ્વાધીન

(૫) ઈન્દ્ર અને ઈશમાં દીર્ઘ 'ઈ(ી)' આવે છે.

અવનીન્દ્ર, રવીન્દ્ર, હરીન્દ્ર, રજનીશ, જગદીશ, ન્યાયાધીશ

અપવાદ – અહર્નિશ

(૬) ઈક્ષ – ઈક્ષામાં દીર્ઘ 'ઈ(ી)' હોય છે.

પરીક્ષક, પરીક્ષણ, પરીક્ષા, સમીક્ષા, સમીક્ષક

(૭) 'વતી' કે 'મતી' લાગે ત્યારે દીર્ઘ 'ઈ(ી)' થાય છે.

સરસ્વતી, ભગવતી, કલાવતી, ચારુમતી, રૂપમતી

(૮) અતીત – બે 'ઈ' જોડવાને લીધે દીર્ઘ 'ઈ(ી)' બને છે.

કાલાતીત, કલ્પનાતીત

(૯) 'ઇક' તેમજ 'ઇકા' પ્રત્યય હંમેશા 'હ્રસ્વ' 'ઇ' વાળાં હોય છે.

માનસિક, સામાજિક, ધાર્મિક, વાસ્તવિક, અનુક્રમણિકા, શિક્ષિકા, પુસ્તિકા

(૧૦) શ્રેષ્ઠતાદર્શક 'ઇષ્ઠ' આવે ત્યારે 'ઇ' 'હ્રસ્વ' હોય છે.

'ઇષ્ટ' પણ ગર્વિષ્ઠ, કનિષ્ઠ, ધર્મિષ્ઠ, અનિષ્ટ, વિશિષ્ટ, શિષ્ટ

(૧૧) 'ય' ની પહેલાં આવતો 'ઇ' 'હ્રસ્વ' હોય છે.

કડિયો, કાઠિયાવાડ, નડિયાદ, ફરજિયાત, જરૂરિયાત, રેંટિયો, બિયારણ

(૧૨) 'ઇલ' કે 'ઇન' પ્રત્યય આવતો હોય ત્યારે 'ઇ' 'હ્રસ્વ' હોય છે.

અનિલ, સલિલ, ઊર્મિલ, કથિત, નિર્વાસિત, અર્ચિત, ખંડિત

અપવાદ – નીલ અને શીલ –સુશીલ અને નીલકમલ

(૧૩) 'તા' કે 'ત્વ' પ્રત્યયથી વિશેષણ પરથી બનતાં નામોને અંતે દીર્ઘ'ઈ(ી)' 'હ્રસ્વ' થાય છે.

ઉપયોગી – ઉપયોગિતા, સ્વામી – સ્વામિત્વ, તેજસ્વી – તેજસ્વિતા

(૧૪) નામોમાં છેડેનો 'ઉ' પણ 'હ્રસ્વ' હોય છે.

ધેનુ, રઘુ, વિષ્ણુ,અપવાદ – વધૂ

(૧૫) શબ્દમાં જોડાક્ષર પહેલાંના ઇ,ઉ 'હ્રસ્વ' હોય છે.

શિષ્ય, દિવ્યા, ઉત્સાહ, રુદ્ર, પરિશિષ્ટ, હુલ્લડ, સમુદ્ર

(૧૬) એકાક્ષરી શબ્દોમાં દીર્ઘ 'ઈ''ઊ' આવે છે.

ફી, ઘી, જી, બી, પી, લૂ, ભૂ, જૂ, છૂ, સ્ક્રૂ

(૧૭) બે અક્ષરવાળા શબ્દમાં પહેલા અક્ષરમાં 'ઈ' કે 'ઉ' દીર્ઘ આવે છે.

બીક, ભીલ, ઢીલ, ભીખ, ચીજ, ખીર, ગીધ, ગીચ, ભૂખ, ભૂત, કૂખ, ભૂકી, જૂથ, દૂધ, ભૂરું, સૂકું

(૧૮) ત્રણ અક્ષરના શબ્દોમાં ગુરુ અક્ષર પહેલાં 'હ્રસ્વ' 'ઇ''ઉ' હોય છે.

જ્યારે લઘુ અક્ષર પહેલાંના 'ઈ''ઉ' દીર્ઘ હોય છે.

કિનારો, મિનારો, સુથાર, ખેડૂત, મજૂર, ખજૂર, તડબૂચ, બિલાડી, ભીલડી, કૂતરું, ધુતારો,

નીલમ, દીકરો, કીચડ, કીટલી, ચીભડું, સૂપડું, કૂકડી

(૧૯) ચાર કે વધુ અક્ષરવાળા શબ્દમાં પ્રથમ 'ઇ''ઉ' 'હ્રસ્વ' હોય છે.

હિલચાલ, ખિસકોલી, વિલાયત, ઉત્તરાયણ, શિફારસ, કિલકિલાટ, હુલામણું

(૨૦) વિશેષણ પરથી બનતા નામમાં પહેલો અક્ષર દીર્ઘ હોય ત્યાં બીજો અક્ષર પણ દીર્ઘ રહે છે.

ઢીલું – ઢીલાશ, ચીકણું – ચીકાશ, ફીકું – ફીકાશ, જૂઠું – જૂઠાંણુ, મીઠું – મીઠાઇ

(૨૧) 'ઈ' કે 'ઉ' પછી જોડાક્ષર આવ્યો હોય તો 'ઈ' કે 'ઉ' '**હ્રસ્વ**' કરવા

ઈસ્પિતાલ, કિસ્સો, ચિઠ્ઠી, જિલ્લો, શિસ્ત, પાકિસ્તાન, ખુલ્લું

(૨૨) અનુનાસિક ઉચ્ચારણ હોય તો ઇ – ઉ '**હ્રસ્વ**' હોય છે. જેમ કે,

ચિંતા, કુંતા, કુંભ, કુંજ, હિંદ, ચુંબક, કુંડલા, રિંકુ, ઇંદુ, સુંદર

(૨૩) નાસિક્ય સ્વર હોય તો ઈ – ઊ  દીર્ઘ હોય છે. જેમ કે,

ઇંટ, વીંટ, વીંટી, વીંછી, ભીંસ, ભીંત, ઢીંકો, ઊંઘ, ઊંટ, ઊંચાઇ, મૂંછ, પૂંછ

(૨૪) મૂળ શબ્દમાં રેફ પહેલાં ઈ – ઊ દીર્ઘ હોય છે. જેમ કે,

તીર્થ, શીર્ષક, આશીર્વાદ, ઈર્ષા, ઉત્તીર્ણ, પૂર્ણ, પૂર્વ, સૂર્ય, મૂર્ખ, ઊર્જા

(૨૫) શબ્દને છેડે રહેલી  ઇ દીર્ઘ હોય છે. જેમ કે,

પહેલી, માનવી, બાજરી, વાદળી, પાતળી

(૨૬) શબ્દને છેડેના 'ઓ' પહેલાનાં ઈ – ઊ દીર્ઘ હોય છે. જેમ કે,

ચીલો, ખીલો, ચૂલો, ચૂનો, કદરૂપો, ધૂડો, સૂડો, ડૂમો, કૂવો

(૨૭) એક કરતાં વધુ રીતે લખાતી એકના એક શબ્દની જોડણી

જેમકે – ઉમર – ઉંમર, ઓશીકું – ઓસીકું, કંકોતરી– કંકોત્રી, ખનિજ – ખનીજ,

ખરચ – ખર્ચ, ગુજરાન – ગૂજરાન, જગા – જગ્યા, તરવાર – તલવાર, દુઆ – દુવા,

નિકાશ – નિકાસ, પેનસિલ –પેન્સિલ, પ્રમાણિક – પ્રામાણિક, બિના – બીના,

બરાબર – બરોબર, બાલટી – બાલદી, બટાકા – બટાટા, રાષ્ટ્રીય – રાષ્ટ્રિય,

લિપિ – લિપી, લીમડી – લીંબડી, વસતી – વસતિ, વિગત – વીગત, વિશે – વિષે,

**નોંધ:**

ગુજરાતી જોડણી વિશેની આ ચાવીઓ જોડણી અંગેનું દિશાસૂચન કરે છે, પરંતુ જોડણી એ મહાવરાનો વિષય હોવાથી અને મહાવરાથી જ આંખ / મગજ ટેવાતાં હોય છે તે કારણે મહાવરો જ વધુ ઉપયોગી ગણાય. ઘણીવાર ચાવીઓની સામે અપવાદો વધુ છે તે જોતાં અધ્યાપક મિત્રોએ વિદ્યાર્થીઓને આ ચાવીઓ સમજાવવી પરંતુ ગોખાવવી નહીં.

**જોડાક્ષરોની જોડણી માટે આટલું યાદ રાખો.**

| | |
|---|---|
| પ+ર= પ્ર | પ્રણવ, પ્રકાશ, પ્રદક્ષિણા, પ્રયોગ, પ્રત્યુત્તર |
| શ+ર= શ્ર | શ્રવણ, આશ્રમ, પરિશ્રમ, આશ્રય |
| દ+ર= દ્ર | દ્રાક્ષ, દ્રવ્ય, દ્રૌપદી, દ્રૌણ, દ્રુપદ, દ્રાવણ |
| દ+વ= દ્વ | દ્વાર, દ્વારિકા, દ્વારપાળ, વિદ્વાન, દ્વિતીય, દ્વાદશ |
| ર+ય= ર્ય | કાર્ય, મર્યાદા, ભાર્યા, માર્યા, ફર્યા |
| ર+મ=ર્મ | ધર્મ, કર્મ, મર્મ, ચર્મ, માર્મિક, ધાર્મિક |
| દ+ધ= દ્ધ | શુદ્ધ, વૃદ્ધ, યુદ્ધ, સિદ્ધાર્થ, પદ્ધતિ, સિદ્ધરાજ, શુદ્ધોધન |

| | |
|---|---|
| દ+ઘ= દ્ઘ | ઉદ્‌ઘોશ, ઉદ્‌ઘાટક, ઉદ્ધત, ઉદ્ધાર, ઉદ્ભવ |
| દ+ય= દ્ય | પદ્ય, વિદ્યાર્થી, વિદ્યાર્થિની, ગદ્ય, સમાજવિદ્યા |
| દ+મ= દ્મ | પદ્મ, પદ્માસન, પદ્મિની, પદ્માવતી |
| પ+ઋ= પૃ | પૃથ્વી, પૃષ્ઠ, પૃથ્વીરાજ |
| વ+ઋ= વૃ | વૃક્ષ, વૃષ્ટિ, વૃંદાવન, પ્રવૃત્તિ, નિવૃત્તિ, વૃથા |
| ત+ર= ત્ર | ત્રણ, ત્રાડ, ત્રાસ, ત્રિરંગી, સ્ત્રી, પત્ર |
| શ+વ= શ્વ | શ્વાસ, વિશ્વાસ, ઈશ્વર, પરમેશ્વર, શ્વસન, શ્વેત, અશ્વિન |
| વ+ય= વ્ય | વ્યાકરણ, વ્યસ્ત, વ્યાયામ, કાવ્ય, વ્યય, વ્યાધિ |
| હ+ઋ= હૃ | હૃદય, હૃદ્ય, હૃષ્ટપુષ્ટ |

- શાળામાં ભીંતપત્રો પર આ જોડણીનું લેખન મૂકવું, જેથી વિદ્યાર્થીઓની વારંવાર નજર પડવાથી તેનું વાંચન થાય અને સાચી જોડણીવાળા શબ્દોની સામે દ્રઢીકરણ થાય.
- શાળામાં ભીંતપત્રોમાં ખોટી જોડણીવાળા શબ્દોની સામે સાચી જોડણીવાળા શબ્દો લખવાં.
- વિદ્યાર્થીઓને શબ્દ લેખન કરાવવું, ચકાસવું અને ભૂલો કરનારને યોગ્ય માર્ગદર્શન આપવું.
- વિવિધ અંગ સાધક પ્રત્યય પરથી બનતા શબ્દો માટે પણ ભીંતપત્રોનો ઉપયોગ થાય.

દા.ત. સમાજને લગતા પ્રશ્નો – સામાજિક પ્રશ્નો

વાસ્તવમાં બનતી ઘટના – .........................

**જોડણીકોશ :** શબ્દકોશ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સાચો મિત્ર છે. ભાષાશિક્ષણમાં આનો અવારનવાર ઉપયોગ થાય તે ખૂબ જરૂરી છે. શબ્દકોશ એ શબ્દનો ખજાનો છે. તેનાથી જોડણીની ખરાઇ કરી શકાય છે.

**શબ્દકોશના ઉપયોગની રીત :**

શબ્દકોશનો ઉપયોગ કરવો એ પણ એક કલા છે, આવડત છે. શબ્દકોશના ઉપયોગ માટેની ચોક્કસ રીત છે. તે જાણવી ખૂબ જ જરૂરી છે. શબ્દકોશમાં શબ્દોની યાદી નક્કી કરેલા ક્રમમાં આપેલી હોય છે.

સ્વર :અ, અં, આ, આં, ઇ,ઇં, ઈ, ઈં, ઉ, ઉં, ઊ, ઊં, ઋ, એ, એં, ઐ, ઓ, ઓં, ઔ, ઔં

વ્યંજન : ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કે, કેં, કૈ, કૈં, કો, કોં, કૌ, કૌં, કય, કયા,કયાં, ક્ર, ક્રા, ક્રાં, ક્રિ,ક્રી, ક્રુ,ક્રૂ, ક્રો, ક્રં, કલ, કલા, ક્ષ

સૌથી પહેલાં સ્વરથી શરૂ થતા શબ્દો આવે ત્યારબાદ વ્યંજનથી શરૂ થતા શબ્દોનો સમાવેશ થયેલો હોય છે. આ ક્રમ મુજબ શબ્દકોશમાં જોવાનો વારંવાર મહાવરો કરવાથી ઝડપથી શબ્દ શોધવાનું કૌશલ્ય કેળવી શકાય છે.

**શબ્દકોશના ઉપયોગ માટેની પ્રવૃત્તિઓ :**

- વિદ્યાર્થીઓને એક શબ્દ આપી તેનો સમાનાર્થી શબ્દ શોધવાનું કહેવું.
- જુદા જુદા શબ્દો આપીને કક્કાવારી પ્રમાણે ક્રમમાં ગોઠવવા.
- કહેવતો અને રૂઢિપ્રયોગોના અર્થ શોધવા.
- શબ્દરમત રમાડી શબ્દ લખાવવાનો મહાવરો આપવો.
- શીઘ્ર શબ્દશોધ સ્પર્ધાનું આયોજન કરવું.

## તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન – ૧ નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

૧. 'ઇય' પ્રત્યય લાગતો હોય તેવી જોડણી દર્શાવો.

(અ) સ્વાધીન (બ) મલીન (ક) ભારતીય (ડ) સલિલ

૨. સાચી જોડણી કહો.

(અ) પરિસ્થિતિ (બ) પરીસ્થિતિ (ક) પરિસ્થિતી (ડ) પરિસ્થીતિ

૩. સાચી જોડણી ઓળખો.

(અ) ખિચડિ (બ) ખિચડી (ક) ખીચડિ (ડ) ખીચડી

**પ્રશ્ન – ૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

૧. 'ઇક' પ્રત્યય લાગતો હોય તેવા દસ શબ્દો લખો.

૨. 'બે' અક્ષરવાળી જોડણીનો નિયમ ઉદા. આપી લખો.

૩. 'એકાક્ષરી' શબ્દોમાં 'ઈ' કે 'ઉ' હ્રસ્વ કે દીર્ઘ હોય? તેવા દસ ઉદાહરણો લખો.

**પ્રશ્ન – ૩. નીચેના શબ્દો શબ્દકોશ મુજબ ગોઠવો**

વરસાદ, વાવાઝોડું, વાદળ, વારી, વાંદરું, વખત, વઘાર, વહેંચણી, વ્યવહાર, વેપારી, વ્યસન.

કાપડ, કાપણી, કાપો, કાપલી, કાપવું, કાપાલી, કાતર, કાવેરી, કાજલ, કામધેનુ, કદાવર, કચરો, કરિયાવર.

**પ્રશ્ન– ૪. ફકરામાંથી ખોટી જોડણી શોધી સાચી લખો.**

એમ વીચારી રાજાએ તે દીવસથી માંદગીનો ખાટલો છોડી દીધો ને રાજકાજમા મન પરોવ્યુ તથા સાચા દિલથી સેવા કરવા માંડી. હવે તેઓ દૂનીયા જાણવા લાગ્યા.રાજકિય રીતે તેઓ મહાન છે. લોકોની પરીસ્થિતીથી વાકેફ થવા લાગ્યા છે. ત્યાર પછી પોતે દુઃખી કે માંદો છે, એવું એને કદી પણ લાગ્યું નહિ.

### ૪.૩.૪ વિરામચિહ્નો :

ભાષામાં વિરામચિહ્નો ખૂબ અગત્યનાં કહી શકાય. વાક્યમાં જ્યાં અટકવાનું હોય, આરોહ–અવરોહ હોય અથવા શબ્દ પર ભાર મૂકવાનો હોય ત્યાં વિરામચિહ્નોનો ઉપયોગ થાય છે. લખાણમાં રહેલાં અર્થ અને ભાવને સ્પષ્ટ કરવામાં વિરામચિહ્નો અગત્યનો ભાગ ભજવે છે. વિરામચિહ્નો અભિવ્યક્તિને વાચક સુધી પહોંચાડવા વપરાતાં હોય છે.

**મુખ્ય વિરામચિહ્નો નીચે પ્રમાણે છે.**

૧. પ્રશ્નાર્થચિહ્ન (?)

૨. પૂર્ણવિરામ (.)

૩. અલ્પવિરામ (,)

૪. અર્ધવિરામ (;)

૫. ગુરુવિરામ (:)

૬. ઉદ્‌ગારચિહ્ન (!)

૭. લઘુરેખા (–)

૮. ગુરુરેખા (–)

૯. અવતરણચિહ્ન ( ‘ ’ )

૧૦. લોપચિહ્ન ( ` )

## (૧) પ્રશ્નાર્થચિહ્ન (?)

વાક્યમાં પ્રશ્નનો ભાવ હોય ત્યાં છેડે આ ચિહ્ન મૂકાય છે; જેમ કે – ‘તમે ક્યાં રહો છો?’

મિશ્રવાક્ય હોય અને મુખ્ય વાક્યમાં પ્રશ્ન હોય તો પણ છેક છેડે પ્રશ્નાર્થચિહ્ન મૂકાય છે; જેમ કે – ‘મને શી ખબર કે તમે નહીં આવો?’

## (૨) પૂર્ણવિરામ (.)

વાક્યમાં એક કથન કે વિચાર પૂર્ણ થાય ત્યાં પૂર્ણવિરામ મૂકાય છે. એટલે કે, એક વાક્ય પૂરું થાય ત્યાં પૂર્ણવિરામ મૂકવું જોઇએ; જેમકે –

આજે રજા છે.

હું આખી ફાઇલ વાંચી ગયો છું.

આજે સ્વાતંત્ર્યદિનનો રાષ્ટ્રીય તહેવાર છે.

કોઇપણ શીર્ષક, શબ્દ કે વાક્યની શરૂઆતમાં ક્રમસૂચક 1,2,3 વગેરે આંકડા કે ક,ખ,ગ વગેરે અક્ષરો મૂકીએ ત્યારે(જો એ કૌંસ કરીને એમાં મૂકવાના ન હોય ત્યારે) એમની પછી પૂર્ણવિરામ અવશ્ય મૂકવું જોઇએ; જેમ કે –

૧. ન્યાયાલય ક. ન્યાયાલય

૨. ઉદ્યોગભવનખ. ઉદ્યોગભવન

૩. સચિવાલય ગ. સચિવાલય

પરંતુ પુસ્તક, પ્રકરણ અને લખાણમાં અંદર આવતા વિષયના શીર્ષક પછી પૂર્ણવિરામ મૂકવું નહિ.

વ્યક્તિ કે સંસ્થાનું નામ, હોદ્દો, પદવી વગેરેનું સંક્ષિપ્તરૂપ મૂકતી વખતે નીચે પ્રમાણે પૂર્ણવિરામ મૂકવું જોઇએ; જેમ કે –

મો.ક.ગાંધી (મોહનદાસ કરમચંદ ગાંધી), શ્રી. (શ્રીમાન), કુ. (કુમારી), ચિ. (ચિરંજીવી), ડૉ. (ડૉક્ટર) વગેરે સંક્ષિપ્તરૂપમાં પ્રથમ અક્ષર પછી પૂર્ણવિરામ મૂકાય છે.

## (૩) અલ્પવિરામ (,) :

એક સાથે એક વર્ગના શબ્દો આવે અને એમની વચ્ચે સમુચ્ચય (‘અને’નો) સંબંધ હોય ‘અને’થી જોડાય ત્યારે અલ્પવિરામથી દર્શાવાય છે. ‘અને’ છેલ્લા શબ્દ પૂર્વે જ લખાય.

જેમ કે –

- સાદાઇ, પ્રામાણિકતા, ધૈર્ય અને ખંત વિદ્યાર્થીનાં સાચાં લક્ષણો છે.
- સંબોધનાર્થે વપરાયેલા પદ પછી અલ્પવિરામ આવે છે.શીલા, બારણું ખોલ.
- અલબત, ટૂંકમાં, જેમ કે, એટલે કે, ખરેખર વગેરેમાં અલ્પવિરામ મૂકાય છે.
- 'કારણ કે' અને 'કેમ કે' ની પહેલાં અલ્પવિરામ મૂકાય છે; જેમ કે – ઠંડી વધવા માંડી છે, કારણ કે આ સાલ વરસાદ વધુ થયો છે.
- હા, ના, જી, કાં, કેમ, વગેરે કેવળ પ્રયોગીઓ જો વાક્યની શરુઆતમાં હોય તો તે દરેકની પછી અલ્પવિરામ મૂકાય છે; જેમ કે – હા, એ લખાણ મેં જ લખ્યું છે.
- અવતરણચિહ્ન પહેલા અલ્પવિરામ દા.ત. તેણે કહ્યું, "સંપ ત્યાં જંપ"
- જે વાક્યો પણ, પરંતુ, માટે, તો, જ્યારે, વગેરેથી જોડાય છે તે ગૌણ – મુખ્ય અલ્પવિરામથી જુદા પડાય છે; જેમ કે – મેં તનતોડ મહેનત કરી, માટે જ મને સફળતા મળી.

## (૪) અર્ધવિરામ (;)

સંયુક્ત વાક્યમાં 'પરંતુ','અને','વગેરે' જેવા ઉભયાન્વયી અવ્યયો વાપર્યા વિના વિધાનોને અલગ પાડવા માટે તે વપરાય છે.

- વિવેચક ભલે નાટકને ઉંચી ગુણવત્તાવાળું ગણતા ન હોય; પ્રેક્ષકો તો એને મન ભરીને માણે છે.
- સૂચન કરી શકાય; નિયમ ટાંકી શકાય; અભિપ્રાય ન અપાય.
- 'હજી તો કચેરી શરૂ થયાને કલાક થયો નથી ત્યાં કર્મચારીઓ ચા પીવા ગયા, પટ્ટાવાળા જમવા ગયા; મહેમાનો આવ્યા હતા; બેલ રણક્યા જ કર્યો; તે સાંભળનાર કોઇ ન હતું ; બિચારા સાહેબે જાતે ઉઠીને મહેમાનોને પાણી આપ્યું.'

## (૫) ગુરુવિરામ (:)

વાક્યમાં કોઈપણ એક વિધાન થઇ ગયા પછી તેનાં સમર્થન રૂપે બીજું વિધાન કરવાનું હોય ત્યારે બંને વચ્ચે ગુરુવિરામ મુકાય છે; જેમ કે – 'આપણે સત્ય બોલીએ છીએ : સત્ય એટલે મન, વાણી કે વચનથી પણ અસત્ય ન થવું જોઇએ'

## (૬) ઉદ્‌ગારચિહ્ન (!) (આશ્ચર્ય ચિહ્ન)

ક્રોધ, આશ્ચર્ય, ધિક્કાર કે પ્રશંસાની લાગણી બતાવવી હોય ત્યારે સામાન્ય રીતે ઉદ્‌ગારવાચક શબ્દ અને શબ્દપ્રયોગ પછી તથા વાક્ય પૂરું થાય ત્યારે આશ્ચર્યચિહ્ન કે ઉદ્‌ગારચિહ્ન મૂકાય છે; જેમ કે – 'અહા ! શું સંધ્યા ખીલી છે.','વાહ ! ધન્ય છે તારી ટેકને','ખબરદાર ! ત્યાં જ થોભી જા'

## (૭) લઘુરેખા (–)

લઘુરેખા (–) તદ્દન નાની આડી રેખાનો ઉપયોગ મુખ્યત્વે બે હેતુથી કરવામાં આવે છે. લખતી વખતે લીટી પૂરી થતાં કોઇ શબ્દ અધૂરો રહી જતો હોય તો ત્યાં લઘુરેખા (–) મૂકીને, બીજી લીટીમાં તે શબ્દના બાકીના અક્ષર લખવામાં આવે છે;

જેમ કે → આ વર્ષે અતિશય વરસાદ થતાં, તાપી નદી છલકાઇ અને પૂરથી **'તારા–જી'** થઇ.સામાસિક શબ્દો દર્શાવવા માટે, શબ્દોના ઘટકોને અલગ પાડીને દર્શાવવા માટે તેનો ઉપયોગ થાય છે; જેમ કે →'કુટુંબ–કબીલો, ધાંધલ–ધમાલ, સામાજિક–આર્થિક સ્થિતિ, કારકુન–ટાઇપિસ્ટ, સભ્ય–સચિવ, વગેરે'

## (૮) ગુરુરેખા (–)

ગુરુરેખા(–) લઘુરેખાથી થોડી મોટી આડી રેખાનો ઉપયોગ નીચેના હેતુથી કરવામાં આવે છે.

- જુદા–જુદા શબ્દો કે વિચાર એક સાથે વ્યક્ત કરવા / બનાવવા ઘણીવાર વાક્યમાં ગુરુરેખા મૂકવામાં આવે છે. દા.ત. અન્ન, જળ અને વાયુ –આ ત્રણ આવશ્યક છે.
- સંવાદ, વગેરેમાં રજૂ થતો વિચાર ઇરાદાપૂર્વક અધવચ્ચે પડતો મૂકાય ત્યારે ગુરુરેખા મૂકવામાં આવે છે; જેમ કે– 'જો આજે તું તોફાન કરીશ તો પછી – '
- વિચારમાં ફેરફાર દર્શાવવાનો હોય કે કહેતાં કહેતાં વચ્ચે કંઇ ઉમેરવાનું બને તો આવા ફેરફાર કે ઉમેરણની પહેલાં અને પછી એમ બે ગુરુરેખા મૂકવામાં આવે છે.
- જેમ કે →'ડિગ્રી પ્રાપ્ત કરે એ જ્ઞાની થઇ જાય છે એમ નથી – સમાજે એવું માની પણ લેવું જોઇએ નહિ – મારો એ સ્પષ્ટ અભિપ્રાય છે.'

## (૯) અવતરણચિહ્ન (' ' અને " ")

કોઇના બોલેલા શબ્દો કે કોઇની કહેલી વાત જો તેના જ શબ્દોમાં રજૂ કરવી હોય તો અવતરણ ચિહ્નોથી બતાવાય છે; જેમ કે – ગાંધીજી કહે છે, ""માનવી નહિ, પણ એનું ખરાબ આચરણ જ નિંદ્ય ગણાવું જોઇએ".

ગ્રંથ, સામાયિક કે કૃતિનું નામ, તખલ્લુસ, ઘર, ગાડી કે વિમાનનું નામ અથવા મહત્વના કોઇ શબ્દ કે ઉક્તિ વાક્યમાં વપરાયેલ હોય ત્યારે અવતરણ ચિહ્નોમાં મૂકાય છે; જેમ કે – 'સરસ્વતીચંદ્ર' નો પહેલો ભાગ 1887માં પ્રગટ થયો હતો.

## (૧૦) લોપચિહ્ન ( ')

શબ્દમાં કોઇ અક્ષરનો લોપ થયો હોય ત્યારે આ ચિહ્ન વપરાય છે. મોટાભાગે કાવ્યોમાં તે વપરાય છે. તે ઉપરાંત, વાતચીત દર્શાવતાં વાક્યોમાં પણ તે વપરાય છે; જેમ કે–

અમદાવાદ–અ'વાદ , સુરેન્દ્રનગર – સુ'નગર, અમે ત્યાં ગયા હતા. – અમે ત્યાં ગયા'તા.

મેં નહોતું કહ્યું – મેં નો'તુ કહ્યું.

### તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન – ૧ સૂચના મુજબ લખો**

(૧) આજે બુધવાર છે? (પૂર્ણવિરામ ઉપયોગ કરી વાક્ય લખો)

(૨) અલ્પવિરામનો ઉપયોગ થતો હોય તેવું એક વાક્ય લખો.

(૩) અવતરણચિહ્નનો ઉપયોગ કરી કોઇ એક વાક્ય લખો.

(૪) લોપચિહ્નવાળું એક વાક્ય લખો.

(૫) અર્ધવિરામના ઉપયોગવાળું એક વાક્ય લખો.

(૬) કેમ હું ખોટું કહેતો હતો. (યોગ્ય વિરામચિહ્નો મૂકો)

**પ્રશ્ન – ૨ નીચેના ફકરામાં યોગ્ય જગ્યાએ વિરામચિહ્નો મૂકો.**

એક ગાઢ જંગલ હતું તેમાં એક મોટી નદી હતી નદીના કિનારે જાંબુનાં ઘણાં મોટાં ઝાડ હતાં તમે તો જાંબુ ખાધાં જ હશે બહુ જ મીઠાં હોય છે ખરું ને

એક દિવસ એક વાંદરો કિનારો બેસીને જાંબુ ખાતો હતો એ જ વખતે ઝાડ ઉપરથી એક જાંબુ નદીમાં પડ્યું નદીમાં એક મગર રહેતો હતો જાંબુ જોઇને તેના મોઢામાં પાણી આવી ગયું તે જાંબુ ખાઇ ગયો જાંબુ મીઠું હતું એ ખાઇને મગર તો ગીત ગાવા લાગ્યો.

**પ્રશ્ન : ૩ નીચેના વિષયો પર પ્રોજેક્ટ કાર્ય તૈયાર કરો :**

(૧) ધોરણ ૩ થી ૫ ના પાઠ્યપુસ્તકમાં આવતાં વિશેષણ અને ક્રિયાવિશેષણની યાદી બનાવો.

(૨) ઈન્ટરનેટના માધ્યમથી ભગવદ્ગોમંડળ નો ઉપયોગ કરો.

(૩) જોડણીસુધાર માટેની ભાષા પ્રવૃત્તિ : દા.ત.

- પાઠ્યપુસ્તકમાંથી કોઇ એક શબ્દ પસંદ કરી તે 'શબ્દ', સંબંધિત પુસ્તકમાં કેટલી વખત વપરાયો છે તે સંખ્યા લખો.
- જોડણીની દ્રષ્ટિએ બંને રીતે લખાતા શબ્દો પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરી તારવો. દા.ત. રાષ્ટ્રીય – રાષ્ટ્રિય...વગેરે.

(૪)ધોરણ ૩ થી ૫ ના પાઠ્યપુસ્તકમાં આવતા જોડાક્ષરોની યાદી બનાવો.

**પ્રશ્ન : ૪ નીચેના વિષયો પર અસાઇનમેન્ટ તૈયાર કરો :**

(૧) કોઇ એક એકમમાંથી પાંચ વાક્યો લખીને તેનું વિશ્લેષણ કરો.
(કર્તા, કર્મ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ)

(૨) 'Gujarati language teaching' માટેની માહિતી મેળવી નોંધ કરો.

**પ્રશ્ન : ૫ ક્ષેત્રકાર્ય:**

ઈન્ટર્નશીપ કાર્યક્રમમાં જોડણી / જોડાક્ષર નિદાન તથા ઉપચારાત્મક કાર્ય કરો.

**ઈન્ટરનેટના માધ્યમથી તમે શું મેળવશો ?**

૧. ગુજરાતી વ્યાકરણ પરિચય
૨. ભગવદ્ગોમંડળનો ઉપયોગ
૩. વિવિધ શબ્દોનાઅર્થ

**૪.૪ સારાંશ :**

પ્રશિક્ષણાર્થીઓ વ્યાવહારિક વ્યાકરણના અભ્યાસ દ્વારા ભાષા પ્રભુત્વ મેળવી શકે તેવો હેતુ રહેલો છે. માતૃભાષામાં નામ/સંજ્ઞાના પ્રકાર, વિશેષણ અને તેના પ્રકાર, ક્રિયાપદ અને કાળ વિશે જ્ઞાન પ્રાપ્ત કરી

શકે. વાક્યરચના અને તેના પ્રકાર તથા તેનો વ્યવહારમાં કુશળતા પૂર્વક ઉપયોગ કરી શકે. પ્રશિક્ષણાર્થીઓ શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ, લેખનતેમજ વાક્યમાં પ્રયોગ કરી શકે તો જ ખરા અર્થમાં માતૃભાષામાં પ્રાવીણ્ય મેળવી શકશે. માતૃભાષામાં વિરામચિહ્નોની પણ અગત્યની ભૂમિકા છે.

## સંદર્ભ સૂચિ


(૧) ભાંડારી અરવિંદભાઇ, ગુજરાતી વ્યાવહારિક વ્યાકરણ– અરુણોદય પ્રકાશન (૨૦૧૦)

(૨) વ્યાસ યોગેન્દ્રભાઇ, દેસાઇ પારુલ, પંડ્યા પિંકી, માતૃભાષા લેખન કૌશલ્ય અને શિક્ષણ – ગુજરાતી સાહિત્ય પરિષદ (૨૦૧૧)

(૩) રાવળ અનંતરાય, ગુજરાતી સાહિત્ય – મધ્યકાલીન –ગુર્જર પ્રકાશન (૨૦૦૫)

(૪) ત્રિવેદી રમેશ, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ– આદર્શ પ્રકાશન (૨૦૧૩)

(૫) વ્યાસ યોગેન્દ્ર, ગુજરાતી ભાષાનું વ્યાકરણ –નવસર્જન પબ્લિકેશન (૨૦૧૩)

(૬) ઠાકર ધીરુભાઇ, અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા. આધુનિક અને આધુનિક પ્રવાહો– ગુર્જર પ્રકાશન (૨૦૦૬)

(૭) ઠાકર ધીરુભાઇ,ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ગાંધીયુગ અને અનુગાંધીયુગ.–ગુર્જર પ્રકાશન (૨૦૦૬)

(૮) વ્યાસ યોગેન્દ્ર, ભંડારી અરવિંદ, પંડ્યા પિંકી ગુજરાતી શબ્દાર્થકોશ.–અરુણોદય પ્રકાશન (૨૦૧૩)

(૯) રાવળ અનંતરાય ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન – એસ.જી.વાસનલ (૧૯૭૬)

(૧૦) કોઠારી જયંત, ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ.
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ (૧૯૭૩): અમદાવાદ.

(૧૧) ત્રિવેદી રમેશ, અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ. આદર્શ પ્રકાશન (૨૦૧૩)

(૧૨) ઠાકર ધીરૂભાઇ, ગુજરાતી સાહિત્યની વિકાસરેખા મધ્યકાળ, ગુર્જર પ્રકાશન (૨૦૦૫)

(૧૩) પટેલ મોતીભાઇ, દવે જયેન્દ્ર, ડાભી દયાળભાઇ અને પટેલ રમેશ, ગુજરાતી વિષયવસ્તુનું
અધ્યયન– બી. એસ. શાહ પ્રકાશન (૨૦૦૬–૦૭)

(૧૪) પરિખ રામલાલ (પ્રકાશક) સાર્થ ગુજરાતી જોડણીકોશ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪ (૧૯૬૭).

(૧૫) ભાષા શુદ્ધિલેખન કૌશલ્ય, ડૉ. ચંપકભાઇ મોદી, ડૉ. બેલાબેન શાહ. – નવસર્જન પ્રકાશન (૨૦૦૮).

(૧૬) વ્યાવહારિક વ્યાકરણ, ડૉ. બેલાબેન શાહ.– ગુર્જર પ્રકાશન (૨૦૧૦).

(૧૭) સુબોધ ગુજરાતી ભાષા શુદ્ધિલેખન, ડૉ. ચંપક મોદી, ડો. બેલાબેન શાહ. –વસુંધરા પ્રકાશન (૨૦૦૮).

**પ્રથમવર્ષ**

**કોર્સ 4–અ  ગુજરાતીમાં પ્રાવીણ્ય (સજજતા)**

**<u>વિચાર પ્રેરક પ્રશ્નો ...</u>**

1. ભાષાશિક્ષણની પ્રથમ શરૂઆત કાન દ્વારા થાય છે. પરંતુ તમારાં વર્ગખંડમાં ઘણાં અસરકારક સાંભળી શકતા નથી. તો તમે શું કરશો ?
2. વાણીમાં અદભૂત શક્તિ રહેલી છે. મધુર અને પ્રિય વાણી ચારેય તરફ સુખ શાંતિ લાવે છે. તેમાં તમારું યોગદાન જણાવો.
3. રામપુરા પ્રાથમિક શાળાના બાળકો ખૂબજ સુંદર સુલેખન કરે છે. તમે તમારી શાળાના બાળકોમાં સુલેખન માટે કેવી રીત અજમાવશો ?
4. 'ટોપી વેચતો ફેરિયો' વાર્તાના ચિત્રની કલ્પના કરી વાર્તા લખો.
5. તમે જોયેલું અકસ્માતનું દ્રશ્યનું વર્ણન કરો.
6. મીરાંબાઈએ મધ્યકાલીન સાહિત્યના પદોમાં કૃષ્ણ વિષે શું શું વર્ણવ્યું છે તેનું ચિંતન જણાવો.
7. માતૃભાષા ગૌરવદિનની ઉજવણી કરવા એક શિક્ષક તરીકે તમે કેવા કેવા કાર્યક્રમો કરશો ?
8. વર્ગખંડના વિદ્યાર્થીઓના નામને આધારે વ્યક્તિ, જાતિ, સમૂહ, ભાવ અને ક્રીયાવાચક નામની સમજ મેળવવા માટે તમે કેવી કેવી ક્રિયા કરાવશો ?
9. બાળકોની વાતચીતના આધારે ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની સમજ આપવા તમે કેવા પ્રયત્નો કરશો ?

10.વાક્યના પ્રકારો સમજાવવા તમે કેવી કેવી ક્રિયાઓ કરાવશો ? તેની દરેક વિદ્યાર્થી પાસેથી યાદી કરાવો.

11.કા.પા.માં વિરામચિહ્ન લખી દરેક વિરામચિહ્નનો ઉપયોગ કેવી રીતે વાક્યમાં થાય તે વિદ્યાર્થીઓ પાસે કરાવી તમે કેવું ઉદાહરણ આપશો તે જણાવો.

**નોંધઃ મોડ્યુલ આધારિત આ વિચારપ્રેરક પ્રશ્નો ઉદાહરણ પૂરતાં આપેલાં છે.**
**અધ્યાપકશ્રીઓએ આ પ્રશ્નોનો આધાર લઈ બીજા પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓને મહાવરો કરાવવો.**